વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૦મું
ફેબ્રુઆરી - ૨૦૧૫
અંક : ૪૪૧



શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર




તંત્રી મંડળ :
અશોક મહેતા મુખ્ય તંત્રી
મનુભાઈ શાહ
દિનેશચંદ્ર મહેતા

મુખ્ય કાર્યાલય :-
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kutchi_jainamd@hotmail.com • Website : www.kutchijainahd.org

# ઔષધીય વનસ્પતિઓ દ્વારા સ્વાસ્થ્ય જાળવવા માટે અમારાં શ્રેષ્ઠ આરોગ્યલક્ષી પ્રકાશનો




આપના શહેરના બધા બુકસેલર્સને ત્યાં મળે જ છે અથવા મંગાવી આપશે.

NAVNEET®

Knowledge is wealth

**NAVNEET EDUCATION LIMITED**

**Correspondence Address :** Navneet House, Gurukul Road, Memnagar, **Ahmedabad – 380 052**. India
**Phone :** (079) 6630 5000, 6630 5001, 2745 1000 ● **Fax :** (079) 6630 5011, 2748 8000
**email :** navneet.ahd@navneet.com • **Website :** www.navneet.com

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

**Deep Industries Limited**

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

**Deep Industries Limited**

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

Certified ISO 9001 2000 by BVQi UKAS QUALITY MANAGEMENT

AN ISO 9001 - 2000 COMPANY

IADC



kalash kuber
a week-end villa plotting scheme
Site Address : at Panva Village
Viramgam-Shankheshwar Highway, Shankheshwar
NA-NOC
TITLE CLEAR
kalash
KALARAV
WEEKEND HOMES
Site Address : at Malanpur Village
Viramgam-Shankheshwar Highway, Mandal
Club House
Actual Image
Club House & Bungalows
શ્રી ૐકાર પાર્શ્વનાથ પુરમ તીર્થ
Entrance Gate
Actual Image
શ્રી યંત્ર લક્ષ્મી તીર્થ
karma
INFRASTRUCTURE
Office : 310, Nalanda Enclave, Opp. Sudama Resort, Nr. V.S. Hospital, Pritam Nagar, Ahmedabad-380007,
Ph.:+91-79-2657 4467/68 M.:+91-98790 48757, 93770 63000
Email : info@karmainfrastructure.com Web : www.karmainfrastructure.com


BHARAT B. GALA
NAVINCHANDRA D. DEDHIA
Raju
ENTERPRISE
RE - ROLLING / S. S. PATTA - PATTI
179 & 323, Unit-2, G.V.M.M., Odhav, Ahmedabad - 382 415.
Telefax : 2290 0896, 2290 0300 Mob. : 93270 05460, 98257 33710











# વૅલેન્ટાઈન્સ-ડે પ્રસંગે પ્રેમનો પમરાટ
## તમારા પ્રિય પાત્રને ભેટ આપવા જેવાં પુસ્તકો


| | | |
|---|---|---|
| ગુજરાતનાં પ્રણયોર્મિ કાવ્યો | કવિ ડાહ્યાભાઈ પટેલ | 350 |
| હૈયાનો હસ્તમેળાપ | દિનેશ પાંચાલ | 250 |
| કોઈ પ્રેમ કરે, કોઈ પૂજા | ડૉ. શરદ ઠાકર | 150 |
| એની સુગંધનો દરિયો | ડૉ. શરદ ઠાકર | 150 |
| શ્વેત કાગળ, લીલી લાગણી | ડૉ. શરદ ઠાકર | 150 |
| તન તુલસી, મન મોગરો | ડૉ. શરદ ઠાકર | 180 |
| સ્પંદનનાં પ્રતિબિંબ | ચંદ્રકાન્ત મહેતા | 120 |
| પ્રેમનું સરનામું | જયવદન પટેલ | 150 |
| પ્રેમતીર્થ | જયવદન પટેલ | 110 |
| પ્રેમપંથ | યશવન્ત મહેતા | 100 |
| દિલનો દસ્તાવેજ | પરાજિત પટેલ | 160 |
| પ્રેમપચીસી (વિશ્વનાથ જાની) | સંપા. મહેન્દ્ર દવે | 50 |
| ગીત ગાવું તો પ્રીતનું ગાવું | સંપા. રમેશ સંઘવી, સત્ય મુનિ | 150 |
| પારસી સંસારી પ્રેમકથાઓ | ડૉ. રતન રુ. માર્શલ | 100 |
| કેન્ડલ લાઈટ ડિનર | રોહિત શાહ | 100 |
| ઘૂઘવતી ક્ષિતિજો | રોહિત શાહ | 100 |
| પાંપણ મલકે, ભીતર છલકે | રોહિત શાહ | 90 |
| સજના સાથ નિભાના | રોહિત શાહ | 100 |
| દો કદમ તુમ ભી ચલો | રોહિત શાહ | 100 |





















**ગુજરાતી સાહિત્યરસિકો માટે અમદાવાદમાં**
**ગ્રંથતીર્થ સમા અમારા ત્રણ શો-રૂમ**

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ – 380 001
ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.com

**સંસ્કાર સાહિત્યમંદિર**
5, N.B.C.C. હાઉસ,
સહજાનંદ કૉલેજ પાસે,
આંબાવાડી, અમદાવાદ-15
ફોન : 079-26304259

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઈટેનિયમ સિટીસૅન્ટર પાસે,
સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર,
અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759
ઇમેલ : gurjarprakashan@gmail.com



નવું વર્ષ કચ્છ અને બૃહદ્ કચ્છની જનતાને
મંગલમયી બની રહે એ જ અભ્યર્થના....



# જીવદયાપ્રેમીઓ
# દાનવીર દાતાઓ

## આપના અમૂલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

- આપનો કે આપના પરિવારજનોનો, બાળકોનો જન્મદિવસ.
- લગ્નદિવસ, લગ્નતિથીની ઉજવણી, લગ્નના ૨૫ કે ૫૦ વર્ષની ઉજવણી.
- આપની જીંદગીના ૫૦/૭૫ વર્ષની ઉજવણી.
- આપના સ્વજનની પૂણ્યતિથી, દેવ-દેવીના પહેડી પ્રસાદનો દિવસ વગેરે પ્રસંગોને નિરાધાર-મૂંગા જીવો માટે અભયદાનનો અવસર બનાવો.
- વર્તમાનકાળે પાંજરાપોળોને મુશ્કેલ પરિસ્થિતિ ઉદ્ભવી છે.
- વધુ વરસાદના કારણે લીલા દુકાળની પરિસ્થિતિ ઉદ્ભવી છે.
- ઘાસ-ચારા-દાણખાણના ભાવ વધતા જાય છે. ખુબ તંગી વર્તાય છે.
- હાલમાં પરિસ્થિતિ વિકટ છે તો ઉનાળામાં શું થશે ? પરિસ્થિતિ વધુ બગડશે.
- વધતા જતા વહિવટી ખર્ચ-મોંઘવારી અને ઘટતા જતા વ્યાજદરથી બે પાસા ભેગા કરવા મુશ્કેલ બન્યા છે.
- દરેક પાંજરાપોળોના બજેટખર્ચ દોઢાથી બમણા થઈ જવાની શક્યતા છે.
- વર્તમાનકાળમાં નવા નવા ક્તલખાના ખોલાતા પાંજરાપોળોની જરૂરિયાત વધી છે.
- યાંત્રિકરણ, શહેરીકરણ, વાહન વ્યવહાર વધવાથી પશુઓનો વપરાશ ઘટતો જાય છે.
- ચરિયાણ ગૌચરની જમીનો ઉદ્યોગોને અપાતા મોંઘી થતી જાય છે.
- ખેતીની પેદાશમાં રોકડીયા પાક તરફ ખેડૂતોનું વલણ વધી ગયુ છે. ચરિયાણ ગૌચર જમીનો પર દબાણ થતા જાય છે.
- ખેડૂતો તરફથી ભેટમાં મળતું ઘાસ ઓછું થવા લાગ્યું છે.
- આપણો વસવાટ શહેરોમાં થતા પશુઓ પ્રત્યે દયા-ભાવના લાગણી ઘટી છે.
- માંસાહારનો પ્રચાર વધતા, માંસની નિકાસ વધતા પશુઓની બેફામક્તલ વધી છે.
- પશુ બચશે તો દેશ બચશે, ખેતી બચશે, પર્યાવરણ બચશે, ગરીબી, ભૂખમરો ઘટશે.

**કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકશો,
લિસ્ટ મંગાવી શકશો અથવા પ્રતિનિધીને રૂબરૂ બોલાવી લેશો.**

## શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

**માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)**

**કાર્યાલય : શ્રી આશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલા માળે, ઓફિસ નં. ૧૨૭/૧૩૦. ભુજ-કચ્છ (ગુજરાત) ૩૭૦ ૦૦૧.**

**ભજ ઓફિસ : ૦૨૮૩૨-૨૨૭૩૦૪. મો. ૦૯૯૦૪૮ ૩૧૫૧૪ (શ્રી ભરતભાઈ સેંઘરવા)**

## સૌજન્ય દાતા : દીપક તથા ગીરીશ ધારશી માલશી ભેદા - મોખા (થાણા)

**: મુંબઈ ઓફિસ :**

**માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)**

૩૦૭/૩૧૧, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેન્શન, ગોકુલધામ હોટલની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ટે. નં. ૨૩૮૧૩૭૩૩ / ૬૬૩૮૦૫૦૦. મો. ૯૯૨૦૨ ૯૮૭૨૬ / ૯૯૧૩૯ ૫૩૮૫૬

છેલ્લા ૩૯ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર
**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**
અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**
દિનેશ આર. મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**સાર સમાચાર**
શાંતિલાલ સંઘવી

**બાલુડેં જયું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**જાણવા જેવું, સુડોકુ અને શબ્દ રમત**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ www.kutchijainahd.org ઉપરાંત 'અસાંજો કચ્છ'ની વેબસાઈટ www.asanjokutch.com પર વાંચી શકાય છે.**

# અનુક્રમણિકા

*લેખક પાના નં.*


**તંત્રી લેખ :**

● પરિસ્થિતિ અનુસાર આચરણોમાં ફેરફાર જરૂરી ........ **અશોક મહેતા** ...... ૯
● આગામી કાર્યક્રમોની એક ઝલક ........ ૧૦
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ ........ **અશોક મહેતા** .... ૧૧

**લેખ વિભાગ**

### વિચાર મંથન
● ખૂણા ખાંચરાની ત્રૂટક માહિતી એ જ્ઞાન નથી ........ **ડૉ. યાસીન દલાલ** .... ૧૪

### વિચાર વિમર્શ
● ગુરુત્વાકર્ષણ ........ **મુરજી ગડા** .... ૧૬
● દિલનું દર્પણ – રોજનીશીની સાખે : (૧) ........ **માવજી કે. સાવલા** .... ૧૮
● વિજ્ઞાને દોટ મૂકી છે
મંગળ ઉપર પહોંચ્યા પછી સંઘર્ષ વધવાનો કે ઘટવાનો? ........ **ચંદ્રહાસ ત્રિવેદી** .... ૨૦

### સમાજની ક્ષિતિજો
● નર-નારીના સંબંધો અને લગ્ન સંસ્થા : પ્રકરણ-૧૨
વૃધ્ધોના લગ્નના પ્રશ્નો ........ **સ્વામી શ્રી સચ્ચિદાનંદજી** .... ૨૧
● મહાન બનતાં પહેલાં સાહસિક બનવું પડે ........ **રાજદીપ સરદેસાઈ** .... ૨૩

### કસબ
● એક કરામત – દિવસ અને રાત ........ **મિતેષ એમ. સોલંકી** .... ૨૫

### સંસાર ચક્ર
● મોંઘવારી, ગરીબી, બેકારીનો એકમાત્ર સચોટ (૧૦૦ ટકા) ઉકેલ :
જન નિયંત્રણ ........ **વિનોદ બી. વામજા** .... ૨૬

### રાષ્ટ્રીય સંપત્તિ
● જળ સંરક્ષણ ........ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** .... ૩૧

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી મણિલાલ કુંવરજી ગોસર
ઘર : ૦૭૯-૨૬૭૫ ૨૧૨૨ મો. ૯૪૨૭૫ ૫૧૮૭૭

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## ઇતિહાસ

● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ .......... **સંકલન : પ્રતાપ નારાણજી દંડ** .... ૩૨
પ્રકરણ-૩૬

## વાર્તા

● હજી પણ કોઈવાર રામ, જાનકીને તરછોડે છે, પણ ...................... **બલવીરસિંહ જાડેજા** .... ૩૪

## જીવન ચરિત્ર

● સેવા મગ્ન મંગલમૂર્તિ : મગનલાલ વેલજી દેઢિયા ........................... **સુરેશ પ્રા. ભટ્ટ** .... ૩૯

## સંસ્થા / વ્યક્તિ વિશેષ

● આદિવાસીઓના જીવન ઉત્કર્ષ માટે કાર્યરત : કોકિલાબેન વ્યાસ ....... **કિરણ ચાંપાનેરી 'સેતુ'** .... ૪૧
ફ્રીલાન્સ પત્રકાર

## માહિતી

● એક વિલુપ્ત પ્રાચીન સભ્યતા ........................................................ **દિનકર મહેતા** .... ૪૩

## કચ્છ

● ઓગણીસ દાયકા પૂર્વેનો માંડવીનો વેપાર ................................. **નરેશ પી. અંતાણી** .... ૪૫

## હળવાશની ક્ષણોમાં

● એક બીજો બળાત્કાર! ................................................................ **હરેશ ધોળકિયા** .... ૪૮
● સાહિત્યચર્યા નહીં, જીવનચર્યા (ભોજનચર્યા) ..................................... **શિરીષ પંચાલ** .... ૫૦
● બાલુડેં જયું ગાલિયું ................................... **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા** .... ૫૩

## નિયમિત વિભાગો

● આંજો કાગર ........................................................................................ ૫૪
● અન્ય સંસ્થાઓના સમાચાર ................................................................... ૫૫
● સાર સમાચાર ......................................................... **સંકલન : શાંતિલાલ સંઘવી** .... ૫૯
● *Nano Nine* શબ્દ રમત-૧૦૨ ................................ **સંકલન : રજનીકાંત પારેખ** .... ૬૧
● 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ .................................................... ૬૨
● *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૦૫૮) ................. **સંકલન : રજનીકાંત પારેખ** .... ૬૩
● જાણવા જેવું .......................................................... **સંકલન : રજનીકાંત પારેખ** .... ૬૪
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકોની યાદી ........... ૬૫
● વલોવતન ......................................................... **સંકલન : દિનેશ આર. મહેતા** .... ૬૮
● સમાજ દર્પણ ........................................................................................ ૭૧
● સંસ્થા સમાચાર .................................................................................... ૭૨
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ........................................ ૭૭
● ઊડતી નજરે ........................................................................................ ૭૮

Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## પરિસ્થિતિ અનુસાર આચરણોમાં ફેરફાર જરૂરી

*– અશોક મહેતા*

વર્ષાઋતુના ચાર માસ સિવાય જૈન સાધુ - સાધ્વીજી મહારાજો કોઈ એક સ્થળે લાંબા સમય સુધી નિવાસ કરતા નથી. પ્રજામાં જૈન ધર્મનો પ્રચાર કરવા તેઓએ એક ગામથી બીજે ગામ સતતપણે પગપાળા ચાલીને વિહાર કરવાનો રહે છે. ૨૫૦૦ વર્ષ કે તેનાથી પણ જૂની આ પ્રથા આજ પણ બરકરાર રહેવા પામેલ છે.

વધુમાં વધુ સાદાઈથી રહેવું, અપરિગ્રહ પાળવો અને પોતાનાથી કોઈ પણ પરિસ્થિતિમાં જીવહિંસા ન થાય તે પરિસ્થિતિને નજર સમક્ષ રાખીને જૈન સાધુ - સાધ્વીજી મહારાજો એક સ્થળેથી અન્ય સ્થળે, કોઈ પણ પ્રકારના વાહન વગર આજે પણ પગપાળા મુસાફરી કરે છે.

સમય - સંજોગો અનુસાર પરિસ્થિતિવશ સમાજ પોતાના આચરણો બદલતો રહે છે. બળદગાડા દ્વારા મુસાફરી કરવાના બદલે તે કાર, બસ, ટ્રેઈન કે વિમાન દ્વારા મુસાફરી કરે છે. આજે બળદગાડા મ્યુઝિયમમાં મૂકવા લાયક બની ગયેલ છે. અગાઉ સંદેશાઓ એક સ્થળેથી અન્ય સ્થળે પત્ર કે ટેલિગ્રામ દ્વારા મોકલવામાં આવતા, જ્યારે આજે મોબાઈલ, ફેસબુક કે વૉટ્સ ઍપ વગેરેએ તે જગ્યા મેળવી લીધેલ છે. અગાઉ પાયજામો, ચોરણો કે ધોતિયાનો પહેરવેશ હતો. આજે તેનું સ્થાન પેન્ટ - શર્ટે લઈ લીધેલ છે. અગાઉ સાધુ - સાધ્વીજી કુદરતી ક્રિયાઓ ખુલ્લામાં કરતા જ્યારે આજે મોટા શહેરોમાં બાથરૂમનો વપરાશ ફરજિયાત બની ગયેલ છે. આ બધા વ્યાવહારિક આચરણો છે. તેમાં કોઇ સિધ્ધાંતનો ભંગ થતો નથી, કે અધર્મનું આચરણ થઈ જતું નથી. આજે કોઈ અમદાવાદથી મુંબઈ બળદગાડા દ્વારા પ્રવાસે નીકળે તો એવું જરૂરથી કહેવાશે કે વ્યક્તિએ જૂના મૂલ્યો જાળવી રાખ્યા છે પરંતુ એ સમગ્ર હકીકત અત્યારની પરિસ્થિતિમાં અવ્યવહારુ જ ગણાશે. કોઈ પણ વ્યક્તિ આ હકીકત સ્વીકારી શકશે નહીં.

અગાઉ ગાડાવાટ હતી. મોટર જેવા ઝડપી સાધન ન હતા. રસ્તા પર બહુ ટ્રાફિક રહેતો ન હતો. એ સમયે પગપાળા વિહાર / મુસાફરી કરવી એ સમય - સંજોગો અનુસાર યોગ્ય ઠરાવી શકાતું હતું. પરંતુ છેલ્લા ૨૫૦૦ વર્ષના ઇતિહાસે (ખરેખર તો છેલ્લા ૨૦૦ વર્ષના ઇતિહાસે) કલ્પનાતીત કરવટ બદલેલ છે, ત્યારે જૈન સમુદાયની જાળવણી માટે - **જૈન સિધ્ધાંતોની રક્ષા માટે જૈન શ્રેષ્ઠીઓએ વ્યવહારોના મૂલ્યાંકનોનો વિચાર ફરીથી કરવો જોઈએ.** શેઠશ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈ તથા શેઠશ્રી દીપચંદભાઈ ગાર્ડી જેવા શ્રેષ્ઠીઓની અનુપસ્થિતિમાં "જીતો" અને "જીવો" જેવી આધુનિક અને માતબર જૈન સંસ્થાઓ તથા તેમની પાછળ રહેલા જૈન ધર્મગુરૂઓએ જરૂરથી આ વિષયે ગહનતાપૂર્વક વિચારી, અત્યારના સમાજ જીવનની પરિસ્થિતિ અનુસારના નિર્ણયો લેવા જોઈએ.

પગપાળા મુસાફરી એ જૈન ધર્મના મૂળભૂત સિધ્ધાંતોમાં ન આવે. તેની ગણના આચરણમાં મૂકી શકાય. કીડી - મંકોડીની પણ જીવહિંસા ન થાય એ કદાચ પગપાળા મુસાફરીનું કારણ હશે પરંતુ સાથે સાથે કાચા ધૂળિયા કે ઘાસિયા રસ્તા પર જે કીડી - મંકોડીની સંખ્યા રહેતી તે સંખ્યા ડામરના રસ્તા પર ખૂબ અલ્પ માત્રામાં હોઈ શકે. તેથી પરિસ્થિતિ અનુસાર તથા સંજોગો અનુસાર ડામરના રસ્તા પર વાહનો દ્વારા મુસાફરી કરવામાં આવે તો તેમાં સિધ્ધાંતોનો ભંગ થતો નથી પરંતુ પરિસ્થિતિ અનુસાર આચરણોમાં બદલાવ આવેલ છે તેવી ગણના કરી શકાય. હા, તેના અન્ય પાસાંઓ પણ જરૂરથી વિચારણામાં લેવા જોઈએ.

છેલ્લા સમાચાર આવ્યા અનુસાર શનિવાર, તા. ૧૭-૧-૨૦૧૫ના રોજ મળસ્કે ૫ વાગે નવસારી નજીકના હાઈવે નંબર-૮ પર આવેલ વેસ્મા ગામથી ખડસુપા પાંજરાપોળ એટલે કે મુંબઈ તરફ વિહાર કરી જતાં પાંચ જૈન સાધ્વીજીના સમુદાય તથા તેમની સાથેના બે બહેનોને પરથાણ ગામના પાટિયા પાસે મુંબઈ તરફથી પૂરઝડપે આવી રહેલ ટ્રકે અકસ્માત

*સફળ વ્યક્તિના હોઠ પર હંમેશાં બે વસ્તુ હોય છે – મૌન અને સ્મિત.*

સર્જાયો. એક સાધ્વીજી મહારાજ તે સ્થળે જ કાળધર્મ પામ્યા. જ્યારે અન્ય એક સાધ્વીજી મહારાજ સુરતની હોસ્પિટલમાં ગંભીર પરિસ્થિતિમાંથી પસાર થઈ રહેલ છે. ચાલુ વર્ષે ચાતુર્માસ પૂર્ણ થયે અનેક સાધુ - સાધ્વીજી મહારાજોના વિહાર એક ગામથી અન્ય ગામ ચાલુ થયે હજુ બે મહિનાનો સમય જ પસાર થયેલ છે પરંતુ તે દરમ્યાન અત્યાર સુધી રાજમાર્ગો પરનો આવા પ્રકારનો આ નવમો અકસ્માત છે. આ હિસાબે વાર્ષિક સરેરાશ ૫૦ ગંભીર પ્રકારના અકસ્માતની શક્યતા રહે.

હાઈવે પરના અકસ્માતો તો અવારનવાર થતા રહે છે. દર મહિને સેંકડો વ્યક્તિઓના આ માર્ગ અકસ્માતમાં મૃત્યુ થતા હોય છે. પરંતુ જ્યારે કોઈ સેલિબ્રિટી કે ધર્મગુરૂના મૃત્યુ આ પ્રકારના અકસ્માત દરમ્યાન થાય તો તેનાથી સમગ્ર સમાજ ખળભળી ઊઠે છે. સમગ્ર સમાજમાં તે ચર્ચાનો વિષય બની જાય છે.

અત્યાર સુધીના ઈતિહાસમાં સમયે સમયે જૈન શ્રેષ્ઠીઓએ જૈન ધર્મની જાળવણી માટે યોગ્ય નિર્ણયો લીધેલ છે અને જરૂરત જણાય ત્યારે જૈન ધર્મગુરૂઓને પણ વિશ્વાસમાં લઈ આ નિર્ણયોમાં સહમત કરેલ છે. હાલની પરિસ્થિતિમાં સમગ્ર જૈન સમાજના શ્રેષ્ઠીઓએ કેટલાક જરૂરી નિર્ણયોમાં બદલાવ લાવવા હોય તો તે લાવીને પણ મૂલ્યાંકનોનું પુનઃગઠન કરવું જરૂરી જણાય છે.

પરિસ્થિતિ અનુસારના કેટલાક નવા નિર્ણયોનો વિચાર નીચે પ્રમાણે કરી શકાય :

★ અગર પગપાળા વિહાર કરવાનો હોય તો સૂર્યોદય પહેલા કે સૂર્યાસ્ત બાદ કોઈ પણ પરિસ્થિતિમાં ટ્રાફિકાવાળા પાકા રસ્તા પર વિહાર ન કરાય તેવા નિર્ણય પર આવવું જોઈએ.

★ ડામરવાળા પાકા રસ્તા પર વાહન દ્વારા વિહાર કરવામાં આવે તો તે અયોગ્ય ન ગણાવું જોઈએ. જે રીતે ડોલીને આપણે જરૂરિયાતનું સાધન માનીએ છીએ એ રીતે વાહનને પણ જરૂરિયાતનું સાધન સમજવું જોઈએ.

★ કોઈપણ રાજમાર્ગ પર ડામરના પાકા રસ્તા પછી બે ફૂટથી પાંચ ફૂટ સુધીના ધૂળિયા રસ્તા હોય છે. મુખ્ય રસ્તાથી બે ઇંચ નીચે આ ધૂળિયા રસ્તા પર પાર્કિંગ / પૅવર ટાઈલ્સ જડીને તે રસ્તાને પાકા રસ્તા બનાવી દેવામાં આવે તો ખૂબ જ ઓછા ખર્ચે તૈયાર થયેલ આ પાકા રસ્તા પર પદયાત્રીઓ સારી રીતે પસાર થઈ શકશે અને ડામરના રાજમાર્ગ પરની મુસાફરી ટાળી શકાશે. (જે રીતે અનેક સેલિબ્રિટીઓ ભારતની મુલાકાતે આવે ત્યારે તે સેલિબ્રિટીઓ ભારતની સારી છાપ લઈને જાય તે માટે જરૂરી રસ્તાઓ પર અનહદ ખર્ચ કરવામાં આવે છે તે રીતે હાઈવે કે સ્ટેટ હાઈવે પરના આ ધૂળિયા રસ્તાને પૅવર રોડ પ્રકારના પાકા રસ્તામાં ફેરવવાના ખર્ચને વધુ પડતા ખર્ચની ગણનામાં ના લેવો જોઈએ.)

ઉપરોક્ત સુધારા બાદ પરિસ્થિતિ અનુસાર અન્ય નિર્ણયો લેવાની જરૂરત રહે તો તે માટે ફરીથી વિચારણા થઈ શકે. પરંતુ ઉપરોક્ત નિર્ણયોનો જો યોગ્ય રીતે અમલ કરવામાં આવે, તો હાલની પરિસ્થિતિમાં કદાચ અન્ય વધારે નિર્ણયો લેવાની જરૂરત ન પણ પડે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • શુક્રવાર - શનિવાર તા. ૨૭/૨૮-૨-૨૦૧૫ સવારે ૬.૦૦ કલાકે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી પ્રસ્થાન | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ વયસ્ક સમિતિ | દક્ષિણ ગુજરાત - પિકનિક |
| • તા. ૧થી ૧૦-૪-૨૦૧૫ દરમ્યાન ૭ દિવસ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ | ધોરણ-૧૦ના પરીક્ષા આપનાર છાત્રો માટે કરિયર ગાઈડન્સ વર્કશોપ |

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ

*— અશોક મહેતા*

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ''શિક્ષણ અને ઈતર ડેવલપમેન્ટ સમિતિ''એ તાજેતરમાં જ પોતાનું નામ બદલીને ''શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ'' રાખવાનું સૂચન એટલા માટે કરેલ છે કે, એક તો તે માત્ર ઉચ્ચ શિક્ષણના વિદ્યાર્થીઓ પર ધ્યાન નથી આપતી. તેનું કાર્યક્ષેત્ર, વિદ્યાર્થી જ્યારે ૯મા કે ૧૦મા ધોરણમાં હોય એ સમયે જ તેના એપ્ટિટ્યૂડ ટેસ્ટ લઈ તેની સાથેની કાર્યવાહી તે ત્યારથી જ શરૂ કરી દે છે અને બીજું, તે માત્ર વિદ્યાર્થીઓની ઈતર પ્રવૃત્તિમાં ધ્યાન નથી આપતી પરંતુ સમાજના વિદ્યાર્થીના સર્વાંગી વિકાસમાં ધ્યાન આપતી સમિતિ સ્થાપિત થઈ ચૂકેલ છે.

આ સમિતિ અવારનવાર કેરિયર ગાઈડન્સના કે અન્ય જાણકારીના નિષ્ણાતોને બોલાવીને સમાજના વિદ્યાર્થીઓ / વાલીઓ સમક્ષ તેમના સેમિનારો કે વર્કશોપ યોજે છે. સમાજના કેટલાક બાળકો અને તેના વાલીઓ એ સેમિનારોથી જે - તે સમયે પ્રભાવિત પણ થયેલ છે અને એ પ્રકારના પોતાના અવલોકનો તેઓએ વ્યક્ત પણ કરેલ છે.

પરંતુ આ સમિતિનો મુખ્ય ધ્યેય સમાજનો એકે એક બાળક ઉચ્ચ શિક્ષણ પામે અને તેના દ્વારા તે પોતાના જીવનમાં ઉચ્ચ મૂલ્યાંકનો તો પ્રાપ્ત કરે, પરંતુ સાથે સાથે તે પોતાના આર્થિક ઉપાર્જનમાં પણ સારી એવી પ્રગતિ સાધે કે જેથી તે પોતે, તેનો પરિવાર અને સરવાળે સમાજ દિવસો-દિવસ સધ્ધરતા પ્રાપ્ત કરતા રહે - સધ્ધર બનતા રહે.

તેના અનુસંધાને આ સમિતિએ સમાજનું વસતિ પત્રક ૨૦૧૨ હાથમાં લઈ દરેક પરિવારની વ્યક્તિઓનું વિશ્લેષણ કરી, વિવિધ પ્રકારના નીચે મુજબના ત્રણ સ્ટેટમેન્ટ તૈયાર કરેલ છે :

૧. સમાજની શિક્ષિત કે અલ્પ શિક્ષિત અંદાજિત ૬૦૦ વ્યવસાયિક વ્યક્તિઓનું લિસ્ટ. સામાન્યપણે ૨૦થી ૫૦ વર્ષની વયજૂથની વ્યક્તિની આ વિભાગમાં વિશેષ ગણના કરવામાં આવેલ છે.

૨. ૨૦થી ૫૦ વર્ષની વયજૂથની સામાન્યપણે ગ્રેજ્યુએશન કે તેનાથી ઉપરની કક્ષાનું શિક્ષણ પામેલ વ્યક્તિઓની હાલની પ્રવૃત્તિઓ સાથેની વિગત.

૩. અતિ ઉચ્ચ શિક્ષણ પામેલ ૨૦થી ૫૦ વર્ષની વયજૂથની વ્યક્તિઓની હાલની પરિસ્થિતિ સાથેની વિગત.

અગર ઉપરોક્ત સ્ટેટમેન્ટોનું કોઈ નિષ્ણાત દ્વારા યોગ્ય રીતે વિશ્લેષણ કરાવવામાં આવે તો સમાજ હાલે કઈ દિશા તરફ જઈ રહેલ છે અને આવતા દસ વર્ષ પછી તે કઈ પરિસ્થિતિએ પહોંચશે તેનો અંદાજ બાંધી શકાશે.

જ્યારે ઉપરોક્ત સમિતિ દર અઠવાડિયે નિયમિતપણે મળી, સમાજ ઉર્ધ્વગતિ તરફ પ્રયાણ કરે તેવી વિચારણા સાથે ચર્ચા વિચારણા કરી અને તે અંગે સમાજમાં જાગૃતતા લાવવા પ્રયાસ કરી રહેલ છે ત્યારે સમાજના એકે એક વિદ્યાર્થી તથા વાલીઓએ આ સમિતિને પૂરેપૂરો સહકાર આપવો જોઈએ — તેમણે યોજેલ કાર્યક્રમમાં ૧૦૦ ટકા હાજરી પુરાવી પોતાના સહકારની નોંધ લેવડાવવી જોઈએ. સમાજના અધિકારીશ્રીઓએ પણ સમાજની આ પ્રકારની દરેક સમિતિને પૂરેપૂરી સાનુકૂળતા કરી આપવી જોઈએ.

---

**• વાંચન અભિયાન •**

## પુસ્તક લાઈબ્રેરીનો અચૂક લાભ લેશો

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત શ્રી કચ્છી જૈન ભવન - પાલડી સ્થિત પુસ્તક લાઈબ્રેરીમાં હાલે ૭૦૦થી વધુ નવાં પુસ્તકોનો ઉમેરો કરતાં પુસ્તકોની કુલ્લ સંખ્યા ૨૫૬૦ જેવી થઈ છે અને તે કારણે પુસ્તક વાંચન કરનાર ગ્રાહકોની સંખ્યામાં પણ વધારો થતાં હાલે ૨૬૦ વ્યક્તિઓ તેનો નિયમિત રીતે લાભ લઈ રહ્યા છે. આપશ્રી આ વાંચન - અભિયાનમાં જોડાવ તેવો ખાસ આગ્રહ છે. અન્ય વિગત માટે લાઈબ્રેરિયનનો ફોન નંબર : (૦૭૯) ૨૬૫૭ ૮૮૯૨ અને ૨૬૫૮ ૧૫૦૧ પર સંપર્ક કરશો.

★ કુલ ૨૫૬૦માંથી બાળ વિભાગના પુસ્તકો સાથે અંગ્રેજી ભાષાના પુસ્તકો .......................... ૧૬૦

★ બાળ વિભાગના ગુજરાતી પુસ્તકો ............................................................... ૧૫૦

★ અન્ય ગુજરાતી વિવિધ પ્રકારના પુસ્તકો ......................................................... ૨૨૫૦

***આ સિવાય, સંખ્યાબંધ મેગેઝિન અને વર્તમાનપત્રો સાથે ઉપરના જ સ્થળે વાંચનાલયની સગવડ છે જેનો પણ કોઈપણ વ્યક્તિ લાભ લઈ શકે છે.***

# પુસ્તકો અને લેખકો સંબંધી એક નજર....

| | |
|---|---|
| ૧. કયા પુસ્તકનું સૌથી વધુ વેચાણ થયું છે? | • બાઈબલને બાદ કરતાં બેન્જામિન સ્પોકના પુસ્તક 'પોકેટ બુક ઑફ બેબી એન્ડ ચાઈલ્ડ કેર'નું સૌથી વધું વેચાણ થયું છે. |
| ૨. તે પુસ્તકની કેટલી નકલો વેચાઈ છે? | • તેની અત્યાર સુધીમાં ૨ કરોડ ૩૨ લાખ અને ૮૫ હજાર નકલો વેચાઈ છે. |
| ૩. ત્યાર પછી કયા પુસ્તક - બુકનો નંબર આવે છે? તેની નકલો કેટલી? | • ત્યારબાદ 'ધી ગીનેસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ'નો નંબર આવે છે. તેની ૧ કરોડ ૬૪ લાખ અને ૫૭ હજાર નકલો વેચાઈ છે. |
| ૪. હેરોલ્ડ રોબિન્સની નવલકથા કેટલી વેચાઈ છે? | • હેરોલ્ડ રોબિન્સની વાર્તાની કુલ ૨૦ કરોડ નકલો વેચાઈ છે. |
| ૫. એલિસ્ટર મેકલિનની બુક્સનું વેચાણ કેટલું? | • એલિસ્ટર મેકલિનની કુલ ૧૫ કરોડ નકલો વેચાઈ છે. |
| ૬. વિશ્વનો સૌથી મહેનતુ લેખક કોણ? | • સોળમી સદીનો સ્પેનિશ લેખક લોપ દે વેગા. તેમણે ૨૨૦૦ પુસ્તકો લખ્યા છે. |
| ૭. એલેકઝાન્ડર ડુમાસે કેટલા પુસ્તકો લખ્યા છે? | • એલેકઝાન્ડર ડુમાસે ૧૫૦૦ ગ્રંથો લખ્યા છે. |
| ૮. કઈ એક જ નવલકથાની સૌથી વધુ નકલોનું વેચાણ થયું છે? | • મેરિઓ પુઝોની 'ધી ગોડફાધર'ની ૧ કરોડ ૨૧ લાખ ૪૦ હજાર નકલો વેચાઈ છે. |
| ૯. વિશ્વમાં સૌથી વધુ અનુવાદો કયા લેખકના પુસ્તકોના થયા છે? | • લેનિનના પુસ્તકોના ૪૬૮, વોલ્ડ ડિઝનીના ૨૮૫, અગાથા ક્રિસ્ટીની વાર્તા ૧૮૫, જુલે વર્નના પુસ્તકોના ૧૭૨, કાર્લ માર્કસના પુસ્તકોના ૧૩૬ અને બાર્બરા કાર્ટલેન્ડની વાર્તાના ૧૩૫ ભાષામાં અનુવાદ થયા છે. |

## ૮૫,૦૦૦ પુસ્તકોની અંગત લાઈબ્રેરી - જ્ઞાનાલય

૭૨ વર્ષના શ્રી બી. કૃષ્ણમૂર્તિ પાસે ઘરની લાઈબ્રેરીમાં ૮૫,૦૦૦ પુસ્તકો છે. જેમાંથી ૧૫,૦૦૦ અંગ્રેજીમાં અને ૭૦,૦૦૦ તમિલ ભાષામાં છે. કિશોરાવસ્થામાં કૃષ્ણમૂર્તિના પિતાશ્રીએ તેમને એક પુસ્તક આપ્યું, જેમાં એક મેગેઝિનના સંપાદકની સાઈન કરેલી હતી. આ પુસ્તક બીજે ક્યાંય જોવા મળતું ન હતું. ક્રિષ્ણમૂર્તિને આવા દુર્લભ પુસ્તકો મેળવવાનો ચસકો પાછળથી લાગ્યો. પુસ્તકની પહેલી એડિશન - આવૃત્તિ તેઓ ભેગી કરવા લાગ્યા. શિક્ષકની નોકરી કરતા. વેકેશનમાં દૂર દૂર વિસ્તારોમાં ઘરે ઘરે ફરે. એક ગામડામાં જવા એક જગ્યાએ સાઈકલ ભાડે લેવા ગયા. દુકાનદાર વણઓળખ્યા માણસ પર કેમ ભરોસો કરે! ભાઈએ પોતાની મોંઘી ઘડિયાળ સાઈકલવાળાને જમાનતમાં આપી. આવા કામ માટે જરૂર પડે પહેરેલું પહેરણ પણ ઉતારીને આપી દેવાની તેમની તૈયારી હતી. કૃષ્ણમૂર્તિનું માનવું છે કે ઘણાં પ્રકાશકો મૂળ આવૃત્તિમાંથી કેટલીક સામગ્રી પાછળની આવૃત્તિમાં દૂર કરી નાખતા હોય છે. તેમને મન આ અયોગ્ય હતું.

શિક્ષકની નોકરીમાં પાંચ જિલ્લાઓમાં જ્યાં બદલી થાય ત્યાં ટ્રક ભરીને પુસ્તકો લઈ જતા હતા. છેલ્લે ૧૯૯૯માં પુડુકોટ્ટાઈમાં પોતાના રહેવા તેમજ પુસ્તકો માટે મકાન બનાવ્યું.

અત્યારે પ્રતિવર્ષ ૨ લાખ રૂપિયા પુસ્તકોની જાળવણી પાછળ ખર્ચે છે. આ પૈસા તેમની અને તેમની પત્ની ડોરોથી (Dorothy)ની પેન્શનની આવકમાંથી વાપરે છે. આ પુસ્તકો ડિજીટલાઈઝ કરવાની ઈચ્છા પણ તેઓ ધરાવે છે. લાઈબ્રેરી માટે સરકારની સહાય માટે પ્રયત્ન કરી જોયો પરંતુ કોઈ પ્રતિસાદ મળ્યો નહીં.

લાઈબ્રેરીનું નામ 'જ્ઞાનાલય' રાખ્યું છે જેની મદદથી ૧૦૦ અને ૧૫૦ એમ.ફિલ.ના વિદ્યાર્થીઓ તૈયાર થયા છે.

દેશ-વિદેશના લોકો આ વ્યક્તિગત માલિકીની ખાનગી લાઈબ્રેરી જોવા આવે છે. આ પુસ્તકપ્રેમીને કેટલાક 'ગાંડો માણસ' કહે છે.

શ્રી કૃષ્ણમૂર્તિ અને ડોરોથીને ધન્યવાદ.

*પોતાને જવાબદાર રહેવાનો દ્રઢ નિર્ધાર તેનું નામ સ્વતંત્રતા.*

# આપશ્રી આ આપીલ જરૂર વાંચશો...

★ **કચ્છથી તબીબી સારવાર માટે અમદાવાદ ખાતે આવતા દર્દીઓ માટે શ્રી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગ ખાતે "જલારામ અન્નક્ષેત્ર" યોજના હેઠળ જરૂરિયાતવાળા દર્દીઓને દિવસના ત્રણે સમય ચા - નાસ્તો - જમણ નિઃશુલ્ક આપવામાં આવે છે.**

★ **ભંડોળના અભાવે આ સેવાકીય યોજના અટકી પડે નહીં તે માટે આપ આપનો આર્થિક સહયોગ અત્યારે જ મોકલાવશો.**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે શ્રી જલારામ ચેરિટેબલ ટ્રસ્ટ (શ્રી એલ.ડી. શાહ)ના સૌજન્યથી તા. ૧-૧૨-૨૦૧૦થી "શ્રી જલારામ અન્નક્ષેત્ર" યોજના અમલમાં છે. આ યોજના હેઠળ તબીબી સારવાર માટે કચ્છથી અમદાવાદ પધારતા જરૂરિયાતવાળા દર્દીઓ કે જેઓ શાહીબાગ ખાતેના ગૃહમાં રોકાણ કરે તે દરમ્યાન દિવસમાં ત્રણ સમય ચા - નાસ્તો તથા જમવાનું વિના મૂલ્યે અપાય છે. આ રીતે દરરોજ ૫૦થી ૬૦ કૂપનો અપાતાં પ્રતિદિન અંદાજે રૂા. ૩,૦૦૦/- અને પ્રતિમાસ રૂા. ૮૦,૦૦૦/- જેવો ખર્ચ આ યોજના હેઠળ થાય છે.

ઉપર જણાવ્યા મુજબ શ્રી જલારામ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી આ યોજનાના આરંભ અર્થે રૂા. ૧૦.૦૦ લાખનું અનુદાન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ સમાજના પ્રયત્નો તથા દાતાશ્રીઓના આર્થિક સાથ - સહકારથી તે યોજના અંતર્ગત અન્ય ફંડ જમા થયેલ. તે માટે સમાજના અગ્રણીઓ શ્રી બંસીલાલ મગનલાલ ગડા અને શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ તરફથી પણ પ્રયત્નો થયા હતા. **પરંતુ પ્રતિદિન લાભાર્થીઓની સંખ્યા જોતાં તે યોજના હેઠળના ફંડની રકમ વપરાઈ ગઈ છે. આ કારણે તે યોજના ચાલુ રાખવા અંગે સમસ્યા ઊભી થઈ છે.**

અત્રે નોંધનીય છે કે, ખાસ કરીને હૃદય, કિડની તેમજ કેન્સર જેવા દર્દના દર્દીઓ કચ્છથી અમદાવાદમાં તબીબી સારવાર માટે શ્રી કચ્છી વિશ્રામગૃહ ખાતે રોકાણ કરે છે. જેમાં મોટાભાગના દર્દીઓની આર્થિક સ્થિતિ નબળી હોય છે અથવા તો બી.પી.એલ. સ્તરના હોય છે. આ રીતે તેમની પરિસ્થિતિ અસહ્ય હોય છે. આ સંજોગોમાં તેઓને મદદરૂપ થવા ઉપરોક્ત યોજનામાં સતત મોટી રકમની આવશ્યક્તા રહે છે.

ઉપરોક્ત પ્રવૃત્તિનો હેતુ અને વ્યાપ જોતાં, કોઈપણ વ્યક્તિનું હૃદય દ્રવી ઊઠે તે સ્વાભાવિક છે. તા. ૨૭-૧૨-૨૦૧૪ના રોજ વિવિધ ઘટક સમાજના અગ્રણીઓ શ્રી અશોક મહેતા, શ્રી જગદીશભાઈ આર. ઠક્કર, શ્રી ઘનશ્યામભાઈ પી. ઠક્કર વગેરે એકત્ર થયા હતા. તે સમયે અન્ય વિષયો ઉપરાંત જલારામ અન્નક્ષેત્ર યોજના વિશે પણ ચર્ચા કરવામાં આવી હતી. પ્રતિમાસ રૂા. ૨૦૦૦/- ડોનેશન આપે તેવા ૨૫ દાતાશ્રીઓ તૈયાર કરવાનું સૂચન થયું હતું. આ કામગીરીમાં પોતાનો સંપૂર્ણ સાથ-સહકાર આપવા શ્રી જગદીશભાઈ ઠક્કર અને શ્રી ઘનશ્યામભાઈ ઠક્કરે સ્વીકાર્યું હતું. યોજના હાલ પૂરતી ચાલુ રહે તે માટે તેઓશ્રી પ્રયત્ન કરશે. તેઓએ જાતે જ આ યોજનામાં રકમ નોંધાવીને કામગીરીની શુભ શરૂઆત કરી હતી અને અન્યને તેનું અનુકરણ કરવા પ્રેરણા આપી હતી.

**હમ અકેલે હી ચલે થે, જાની બે મંઝિલ મગર**
**લોગ સાથ આતે ગયે ઔર કારવાં બનતા ગયા.**

ઉપરોક્ત બંને મહાનુભાવો પોતાના અનેરા પ્રયાસમાં સફળતા હાંસલ કરે તેવી શુભેચ્છા.

**અમદાવાદ સ્થિત દરેક સમાજના હોદ્દેદારશ્રીઓના સંપૂર્ણ સાથ-સહકાર તથા દાતાશ્રીઓના દાન ઉપર ઉપરોક્ત સેવાકીય યોજના નિર્ભર છે. આપ સૌ આગળ આવશો અને શક્ય આર્થિક સહયોગ આપશો.** 'બિંદુઓ ભેગા મળ્યાં, સરિતાના આકારમાં, ભવ્યતાનું રૂપ છે, જોઈ લો સહકારમાં'ના અર્થને આપણે સૌ સાકાર કરીએ.

'ફૂલ નહીં તો ફૂલની પાંખડી' સ્વરૂપે પોતાનાથી શક્ય દાનની રકમ સૌ મોકલાવી આપે, જેથી ભંડોળના અભાવે આ સેવાકીય પ્રવૃત્તિ અટકી જાય નહીં.

**'વહેતું ધન માનવ ધર્મ સમાન છે.'**

'મંગલ મંદિર'ની ભાવના સાથે અપેક્ષા છે કે એક શુભ ઈરાદાથી શરૂ કરવામાં આવેલ આ પ્રવૃત્તિ સૌ કોઈના સહકારથી નિરંતરપણે ચાલતી રહે.

*— દિનેશ આર. મહેતા*

*દરેક એવું ઈચ્છે છે કે અન્યો તેમની લાગણી સમજે, પરંતુ પોતે અન્યો તેના માટે શું માને છે તે સમજવા તૈયાર નથી.*

વિચાર મંથન

# ખૂણા ખાંચરાની ત્રૂટક માહિતી એ જ્ઞાન નથી

• ડૉ. યાસીન દલાલ •

ટી.વી. ઉપર ''કૌન બનેગા કરોડપતિ''ની નવી શ્રેણી શરૂ થઈ ગઈ છે. હવે 'કરોડપતિ'ની જગ્યાએ 'મહા કરોડપતિ' શબ્દ આવી ગયો છે અને પહેલું ઈનામ વધતું વધતું સાત કરોડે પહોંચ્યું છે. પૂરા દોઢ કલાક ચાલતા કાર્યક્રમને લોકો પૂરી ગંભીરતાથી નિહાળે છે અને એમાં તરબોળ થઈ જાય છે. જેવો કોમ્પ્યુટર સ્ક્રીન પર પ્રશ્ન આવે કે તરત 'હોટ સીટ' પર બેઠેલા સ્પર્ધક ઉપરાંત કરોડો પ્રેક્ષકો પણ ચારમાંથી કયો વિકલ્પ સાચો છે, એનું અનુમાન લગાવવા માંડે છે. આમ, સામાન્ય જ્ઞાનમાં કોણ ચડે એની એક હરીફાઈ કુટુંબોમાં શરૂ થઈ ગઈ છે. ઘણાં લોકોનું માનવું છે કે આવા કાર્યક્રમોનું આ જમા પાસું છે કે એનાથી લોકોમાં સામાન્ય જ્ઞાન વધારવાની ભૂખ જાગી છે, અને એનાં પુસ્તકો પણ વેચાવા માંડ્યાં છે. બીજો એક વર્ગ એમ માને છે કે આ તો એક પ્રકારનો જુગાર છે અને કરોડપતિ બનવા માટે લોકો આવા સામાન્ય પ્રશ્નોના જવાબ શોધવાની મથામણ કરે છે. તામિલમાં બનેલી ફિલ્મ 'નાયકન' ના નિર્દેશક કોણ હતા, એ જાણવાથી સામાન્ય જ્ઞાન કઈ રીતે વધી જાય? એવો પ્રશ્ન પણ કેટલાક લોકો ઉઠાવે છે. એક ભાઈને પખવાડિયામાં કેટલા અઠવાડિયા હોય એની ખબર નહોતી. આ તો તદ્દન મામૂલી જાણકારી થઈ. એની મોટાભાગના લોકોને ખબર હોય જ. પણ, દિવસમાં કેટલા કલાક હોય કે કલાકમાં કેટલી મિનિટ હોય એ બધી રોજિંદા જીવન સાથે વણાઈ ગયેલી તદ્દન સાધારણ જાણકારીને સામાન્ય જ્ઞાન સાથે જોડી શકાય નહિ. બનવાજોગ છે કે આવા પ્રશ્નોના જવાબ આવડતા હોવા છતાં 'નર્વસ' બની જઈને એના જવાબ ન આપી શકતા હોય.

એક નવયુવકને એ ખબર નહોતી કે ભારતને નોબલ ઈનામ અપાવનાર 'ગીતાંજલિ' બંકીમચંદ્ર ચેટર્જીએ લખી નહોતી, પણ રવીન્દ્રનાથ ટાગોરે લખી હતી. એક શિક્ષિત યુવતીને ખબર નહોતી કે શરીરમાં ફેફસું એક હોય છે કે બે? પરિણામે એણે તરત આ પ્રશ્નનો જવાબ જાણવા માટે પોતાની માને ફોન કર્યો હતો! ભારતમાં સૌથી જૂની કાર્ટૂન પટ્ટી કઈ છે, એ મુદ્દો પત્રકારત્વનો ગણાય. સામાન્ય નાગરિકને એની ખબર કઈ રીતે હોય? ઓલિમ્પિક રમતમાં મહિલા દોડ કેટલા ફૂટની હોય છે એ અત્યંત ખૂણા ખાંચરાનો એક ટેકનિકલ પ્રશ્ન ગણાય. બાસ્કેટબોલમાં બાસ્કેટ કેટલા ફૂટ ઊંચી હોય છે એ પ્રશ્ન પણ એના જેવો જ થયો. ક્રિકેટમાં ૧૫ વર્ષ પહેલાં રમાયેલા વર્લ્ડ કપની મેચમાં કોણે કયો વિક્રમ સર્જેલો એ પ્રશ્નનો જવાબ કદાચ ક્રિકેટ પ્રેમીઓ પાસે હોય. જેને ક્રિકેટમાં રસ નથી, એની પાસે ક્રિકેટની સામાન્ય જાણકારી હોય, પણ આટલા અંદરના પ્રશ્નનો જવાબ ન જ હોય. **દરેક માણસ દરેક વિષયમાં ઊંડો રસ ધરાવતો હોતો નથી અને એ જરૂરી પણ નથી. પણ એ અગત્યના વિષયોની સામાન્ય જાણકારી જરૂર રાખી શકે.** ક્રિકેટમાં રસ ન હોય એ માણસ પણ હાલ ક્યાં ક્યાં કઈ મેચ રમાઈ રહી છે, એની માહિતી મેળવી શકે. સિનેમામાં રસ ન હોય એણે પણ આ વર્ષે દાદાસાહેબ ફાળકે ઍવોર્ડ કોને મળ્યો, એ જાણવું જ જોઈએ, સાહિત્યમાં રસ ન હોય એણે પણ 'ગીતાંજલિ' શું છે, અને એનું શું મહત્ત્વ છે એ જાણવું જ જોઈએ. પણ ૧૯૪૮માં સાહિત્ય અકાદમીએ ઉડિયાભાષામાં કોને ઈનામ આપેલું એ માહિતી મોઢે રાખવાની શી જરૂર?

એ હકીકત છે કે આપણા સરેરાશ નાગરિકનું સામાન્ય જ્ઞાન પણ ઘણું ઓછું છે. **એમાંયે ગ્રેજ્યુએટ થયેલી નવી પેઢીનું સામાન્ય જ્ઞાનનું સ્તર તો દયાજનક હદે ઘટી ગયું છે.** આપણા વિશાળ દેશની સંસ્કૃતિ, ભાષા, ઈતિહાસ અને એનાં રાજ્યોનાં રાજકારણ કે ભૂગોળ વિશે આપણે બહુ જ ઓછું જાણીએ છીએ. કાશ્મીરથી સામે છેડે દક્ષિણમાં કન્યાકુમારી આપણી સરહદનો અંતિમ છેડો છે એમ આપણે માનતા હતા. પણ આ કાર્યક્રમમાં પૂછાયેલા પ્રશ્નના જવાબ પરથી જાણ્યું કે **એ વાસ્તવમાં 'ઇન્દિરા પોઈન્ટ' નામની જગ્યા છે.** આપણામાંથી ઘણાને તો પૂર્વોત્તર ભારતમાં આવેલા મિઝોરમ, અરૂણાચલ, મણિપુર કે ત્રિપુરા જેવાં રાજ્યોના પાટનગરના નામ પણ નહીં આવડતા હોય. આ રાજ્યોમાં મુખ્યમંત્રી કોણ છે એનો કેટલાને ખ્યાલ હશે? ઘણીવાર સ્નાતક થયેલા યુવક-યુવતીઓને ગુજરાતના કેટલા જિલ્લા છે, એવો સાદો પ્રશ્ન પૂછીએ ત્યારે પણ નિરાશા સાંપડે છે. ક્રિકેટ કે સિનેમા વિશેના પ્રશ્નોના જવાબ ફટાફટ મળે, પણ ઇતિહાસ કે ભૂગોળનું જ્ઞાન તદ્દન કાચું હોય. દેશના સાંપ્રત પ્રવાહો વિશેની જાણકારી એકદમ જ અપૂરતી હોય. ગુજરાતના પ્રધાનમંડળમાં કયું ખાતું કોની પાસે છે કે પછી કેન્દ્ર સરકારમાં ઉદ્યોગપ્રધાન કોણ છે, એની માહિતી ઘણીવાર એમ.કોમ. થયેલા વિદ્યાર્થી પાસે પણ હોતી નથી. એકવાર એક સ્નાતક યુવતીને પૂછેલું કે, સરદાર પટેલ કોણ હતા? જવાબમાં એ યુવતીએ બે મિનિટ વિચાર્યા બાદ કહેલું, 'લગભગ તો મોહનદાસ ગાંધીના ફ્રેન્ડ હતા...' આવા જવાબ સાંભળીએ ત્યારે ભારે નિરાશા જ થાય. વિશ્વસુંદરી પ્રિયંકા ચોપરાને ખબર નહોતી

*પોતાના કરતાં બીજાના હિતનો ખ્યાલ રાખતાં શીખો.*

કે મધર ટેરેસા હવે જીવતાં નથી. ક્યારેક તો દેશના રાષ્ટ્રપતિ કોણ છે એની ખબર પણ શિક્ષિત યુવકને હોતી નથી.

આ સમગ્ર ચર્ચામાં મુખ્ય મુદ્દો એ છે કે સામાન્યજ્ઞાન કોને ગણવું, **માહિતી કોને કહેવી અને જ્ઞાન કોને કહેવું? આજની દુનિયા માહિતીની છે.** ઈન્ટરનેટ જેવાં સાધનો આવ્યાં, એટલે અવનવી માહિતી ખૂબ સરળતાથી મળવા માંડી છે. વિશ્વના કોઈ પણ ભાગને લગતી ગમે તેવી માહિતી ઈન્ટરનેટ પર બેસો એટલે મળી શકે છે. પણ, આમાં જબરદસ્ત ભયસ્થાન છે કે આપણે નકામી અને અર્થહીન માહિતીના ટુકડાને 'જ્ઞાન' સમજી લઈએ છીએ. આ વિશ્વમાં એટલું બધું જાણવાનું છે કે એ બધું જ જાણી લેવાનું કોઈને માટે શક્ય નથી, તેમ જરૂરી પણ નથી. "કૌન બનેગા કરોડપતિ"ના પ્રશ્નો તૈયાર કરનાર સિદ્ધાર્થ બસુ પોતે આ પ્રશ્નો ચોપડીઓ વાંચી વાંચીને તૈયાર કરે છે. એમને પોતાને આ પ્રશ્નોના જવાબ મોઢે નહીં જ આવડતા હોય. અમિતાભ બચ્ચનને 'હોટ સીટ' ઉપર બેસાડે તો એ પોતે બે-ચાર પ્રશ્નોમાં જ ગેમ છોડી દે એવું બનવાની પૂરી સંભાવના છે. દરરોજ સંખ્યાબંધ પ્રશ્નો એમણે તૈયાર કરવાના હોય, એટલે એમણે ખૂણે ખાંચરેથી તદ્દન અટપટા પ્રશ્નો કાઢવા પડે છે. આ પ્રશ્નોના જવાબ ન આવડે તો કોઈએ એવી હતાશામાં પડવાની જરૂર નથી કે, હું કંઈ જ જાણતો નથી. ઠેરઠેરથી ઉપાડેલા કોઈ જાતના સંદર્ભ વિનાના માહિતીનાં ટુકડાઓની ફેંકાફેંકીથી જ્ઞાન વધી જતું નથી. જ્ઞાન તો બહુ ઊંચી ચીજ છે, જેમાંથી માણસ ડહાપણ અને શાણપણ શીખે છે. **માહિતી, જ્ઞાન અને ડહાપણ એ સારા નાગરિક બનાવતી સીડીના ત્રણ પગથિયાં છે. પણ, માહિતીને જ્ઞાન માની બેસવાથી તો ઊલટું માણસને નુકસાન થવાની પૂરી સંભાવના છે.** સામાન્ય જ્ઞાન એક ચીજ છે, સાંપ્રત પ્રવાહોની જાણકારી બીજી ચીજ છે અને જ્ઞાન એ તો સાવ જ અનોખી ચીજ છે.

સામાન્ય જ્ઞાન એવી વસ્તુ છે, જે અચાનક એકાદ ચોપડી વાંચી નાખવાથી આવી જતું નથી. રશિયામાં અત્યારે કોણ પ્રમુખ છે, એનો જવાબ હમણાં છપાયેલી કોઈ ચોપડીમાંથી મળી જાય, પણ પુતિને કયા સંજોગોમાં યેલ્તસીન પાસેથી સત્તા સંભાળી અને એ પહેલાં ગોર્બાચોવે કઈ રીતે હોદ્દો છોડવો પડ્યો, કે ખુશ્વેવ અને માર્શલ બુલ્ગાનીનથી માંડીને બ્રેઝનેવ સુધી રશિયામાં કેવા ઉતારચડાવ આવ્યા, એ બધું તો રશિયાની ઘટનાઓ ઉપર સતત નજર રાખતા હોઈએ તો જ ખ્યાલ આવે. એને માટે સતત છાપાં વાંચતાં રહેવાં પડે. વચ્ચેથી માહિતી કે સામાન્ય જ્ઞાનનો ટુકડો ઊખાડી લઈએ એનાથી ઘટનાના સમગ્ર ક્રમનો ખ્યાલ આવી જ ન શકે. અમેરિકામાં હમણા બુશ સત્તાસ્થાને આવ્યા, પણ ક્લિન્ટનની બે ટર્મની મુદત અને એ દરમિયાન તેમણે ત્યાંના અર્થતંત્રથી માંડીને વિદેશ સંબંધ ઉપર જે વ્યાપક પ્રભાવ પાડ્યો, એની જાણકારી કોઈ સામાન્ય જ્ઞાનની પુસ્તિકા નહીં જ આપી શકે. ઘટનાક્રમ ઉપર સતત નજર રાખવાની એકમાત્ર ચાવી અખબારો અને સામયિકોના વાંચનની છે. અને, આપણે ત્યાં બીજી બધી ચીજો ભલે મોંઘી હોય પણ અખબારો હજી એકદમ સસ્તાં છે. સાડાત્રણ-ચાર રૂપિયામાં દુનિયાભરના સમાચાર ઉપરાંત ઊંડાણભર્યા લેખો ઉપરાંત મનોરંજનની સામગ્રી પણ અખબાર આપી જાય છે. પણ, આપણે દરરોજ એક-બે કલાકનો સમય અખબાર કે સામયિકના વાંચન પાછળ ન આપી શકીએ તો કોઈને દોષ દેવાનો કોઈ જ અર્થ નથી. અલબત્ત, હવે તો જાતજાતના વિશ્વકોશ એટલે કે એન્સાઈક્લોપિડિયા બજારમાં મળે છે. ગુજરાતીમાં વિશ્વકોશ નહોતો, એ ખોટ પણ હવે પૂરાઈ ગઈ છે અને ગુજરાતી વિશ્વકોશના અનેક ભાગ બહાર પડી ચૂક્યા છે.

પોપટની જેમ સામાન્ય જ્ઞાનના જવાબ ગોખી લેનાર માણસ આપોઆપ સારો નાગરિક બની જતો નથી. જીવન આવા ઉપલક પ્રશ્નોના જવાબો કરતાં પણ ક્યાંય અટપટી વસ્તુ છે. જીવનમાં ડગલે ને પગલે ઊભી થતી સમસ્યાઓ ઉકેલવા માટે માણસ પાસે ડહાપણ અને શાણપણ તેમ જ પરિપક્વતા જોઈએ. આવી પરિપકવતા આપોઆપ આવા સામાન્ય જ્ઞાનના પ્રશ્નોના જવાબો જાણવાથી આવી જતી નથી. **આજે એકવીસમી સદી ચાલે છે એમાં જાણકારી અને સામાન્ય જ્ઞાન ખૂબ જ જરૂરી છે. અગાઉ જેમ સમાજમાં ગરીબ અને અમીરના વર્ગો હતા, તેમ હવેની દુનિયામાં માહિતી સમૃદ્ધ અને માહિતી વંચિત એમ બે નવા વર્ગો ઊભા થઈ રહ્યા છે.** માહિતી નહીં ધરાવનાર માણસ હવે ફેંકાઈ જાય એવી પૂરી શક્યતા છે. આમ, માહિતી કે જાણકારી તો અનિવાર્ય જ છે, પણ એ માહિતી કે જાણકારીનો જીવન જીવવામાં કુશળતાથી વિનિયોગ કરી શકે એ માણસ જ જીવનને સાર્થક કરી શકશે. માણસ જ્યારે જીવનમાં પ્રવેશે છે અને વ્યવહારમાં પડે છે ત્યારે જ એના જ્ઞાન અને માહિતીની કસોટી શરૂ થાય છે. માહિતીનો ભંડાર ધરાવનાર માણસ પણ જીવનમાં સફળ ન થઈ શકે એમ બને અને ખૂબ ઓછી જાણકારી ધરાવનાર માણસ ખૂબ આગળ આવે એમ પણ બને. **મૂળ વાત ઘટનાઓની જાણકારીથી પોતાની જાતને માહિતગાર રાખવાનો અને પોતે મેળવેલા જ્ઞાનમાંથી ઉપયોગી જીવન જીવી જવાનો છે.**

*સૌજન્ય પબ્લિકેશન્સ*
*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,*
*રાજકોટ-૩૬૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭*

**પ્રમીલા કુરૂવા ફાઉન્ડેશન**
**ડોનેશન 80G હેઠળ કરમાફ સુવિધા**
સંપર્ક : 9913012120 ■ pramilakfoundation@gmail.com ■ Visit us : http://pramilakuruwafoundation.org

વિચાર વિમર્શ

# ગુરુત્વાકર્ષણ

• મુરજી ગડા •

વિજ્ઞાનના હિમાયતીઓ અને વિજ્ઞાનથી અજાણ્યા એવા એના વિરોધીઓ વચ્ચે જ્યારે પણ ચર્ચા થાય છે, ત્યારે બે વૈજ્ઞાનિકોનાં નામ અવશ્ય લેવાય છે. એ છે ન્યૂટન અને આઈન્સ્ટાઈન. ન્યૂટનના નામ સાથે ગુરુત્વાકર્ષણ પણ અવશ્ય જોડાય છે. જોકે, ગુરુત્વાકર્ષણ સાચે જ શું છે, એની સાથે આપણો સંબંધ શું છે વગેરે વિશે ખરેખર કેટલા લોકો જાણતા હશે તે કહી ન શકાય. ન્યૂટને ગુરુત્વાકર્ષણ ઉપરાંત વિજ્ઞાનના અન્ય વિષયોમાં પણ ઘણું યોગદાન આપ્યું છે, પરંતુ અત્યારે આપણે માત્ર ગુરુત્વાકર્ષણની વાત કરવી છે.

ગુરુત્વાકર્ષણ હવામાં છે, પાણીમાં છે, સજીવ અને નિર્જીવ બધામાં છે. એ પૃથ્વીમાં છે, સૂર્ય, ચંદ્ર અને તારાઓમાં પણ છે. એ અણુ અને પરમાણુમાં છે અને બ્રહ્માંડના શૂન્યાવકાશમાં પણ મોજૂદ છે. એ સર્વત્ર, સર્વવ્યાપી, રૂપરંગ રહિત, નિરાકાર છે. એ બ્રહ્માંડની શરૂઆતથી છે અને અંત સુધી રહેવાનું છે. એ બધા સાથે સમાનતાથી વર્તે છે, એના પ્રતાપથી કોઈ બચી શકતું નથી. એની વિરુદ્ધ જવું ઘણું અઘરું છે. એ દેખાતું નથી છતાં હરપળે એ અનુભવાય છે. એના વગર કોઈનું પણ અસ્તિત્વ શક્ય નથી.

જી ના; આપણે અહીં ઈશ્વરની સ્તુતિ શરૂ નથી કરી, આ બધું જ ગુરુત્વાકર્ષણને લાગુ પડે છે. **ગુરુત્વાકર્ષણ પદાર્થનો એક ગુણધર્મ છે.** જેવી રીતે, દરેક પદાર્થને કદ અને વજન હોય છે, એવી જ રીતે, દરેક પદાર્થની આસપાસ એક 'બળ-ક્ષેત્ર' (Force Field) રચાય છે, જેને લીધે તે આસપાસના પદાર્થોને આકર્ષે છે. વાસ્તવમાં, દરેક પદાર્થનું પૃથ્વી પરનું વજન પૃથ્વીના ગુરુત્વાકર્ષણને આભારી છે.

આજ સુધી આપણે કુદરતનાં ચાર મૂળભૂત બળો જાણી શક્યા છીએ, એમાંથી એક ગુરુત્વાકર્ષણ છે. બીજાં ત્રણ બળ છે : વીજ ચુંબકીય બળ (Electro-magnatic force) અને પરમાણુ સ્તરે કામ કરતાં સ્ટ્રૉંગ ફોર્સ (Strong force) અને વીક ફોર્સ (Weak force). ગુરુત્વાકર્ષણની વિશિષ્ટતા એ છે કે આ બળ બ્રહ્માંડમાં સર્વત્ર છે. શૂન્યાવકાશમાં પણ એની હાજરી છે. આપણે સતત એની અસર નીચે હોવાથી આપણા માટે તે સૌથી અગત્યનું પણ છે.

પદાર્થ એકબીજાને આકર્ષતા હોવા છતાં આપણી ચારેકોર આવી અથડામણો દેખાતી નથી, કારણ કે દરેક પદાર્થનું ગુરુત્વબળ એમાં રહેલા દ્રવ્ય પર આધાર રાખે છે. પૃથ્વીની સપાટી પરના પદાર્થોનું ગુરુત્વબળ પૃથ્વીના ગુરુત્વબળની સરખામણીએ નગણ્ય છે, એટલે એકબીજાથી આકર્ષાવાને બદલે પૃથ્વીથી આકર્ષાઈને સપાટી પર ત્યાં સુધી પડ્યા રહે છે, જ્યાં સુધી બીજું બળ એમને ખસેડે નહીં.

પૃથ્વીની સપાટી પર હોવાથી આપણે સતત એનું ગુરુત્વાબળ અનુભવીએ છીએ. સમતળ સપાટી પર ચાલવા કરતાં દાદર ચડવો કે ડુંગર ચઢવો અઘરો લાગે છે, તેનું કારણ આ ગુરુત્વબળ છે. **એ ઉપરાંત, સૂર્ય અને ચંદ્રના ગુરુત્વબળની અસર આપણે દરિયામાં આવતી ભરતી/ઓટમાં જોઈ શકીએ છીએ.** અન્ય બધા અવકાશી પદાર્થોનું ગુરુત્વાકર્ષણ આપણા માટે ગણનાપાત્ર નથી. જો કે, અવકાશી પિંડોની એકબીજા પર થતી અસર ગુરુત્વાકર્ષણના નિયમ પ્રમાણે થાય છે. ગુરુત્વબળ પદાર્થના દળના પ્રમાણમાં હોય છે અને એની અસર અંતરના વર્ગના દરે ઘટતી જાય છે. બે પદાર્થો વચ્ચેના ગુરુત્વાકર્ષણનું સમીકરણ છે :

F = G*M1*M2/D (Square)

પૃથ્વી કરતાં સૂર્ય અનેકગણો મોટો હોવાથી એનું ગુરુત્વબળ પણ ઘણું વધારે છે. એટલે જ તો એ ગ્રહોને પોતાની ફરતે 'ઝાલી' રાખે છે. આપણે સૂર્યનું ગુરુત્વબળ અનુભવી શકતા નથી. **કારણ કે આપણા સ્થાન પર સૂર્ય કરતાં પૃથ્વીનું ગુરુત્વબળ વધુ છે.**

અવકાશયાન પૃથ્વીથી દૂર જાય તેમ પૃથ્વીના ગુરુત્વબળનો પ્રભાવ ઓછો થવા લાગે છે. અવકાશમાં એક એવી જગ્યા આવે, જ્યાં પૃથ્વી અને સૂર્યનું ગુરુત્વબળ સરખું હોય. ત્યાર પછી અવકાશયાન સૂર્યના ગુરુત્વબળની અસર હેઠળ આવે છે. જો એ ચંદ્ર તરફ જતું હોય તો ચંદ્રના ગુરુત્વક્ષેત્રમાં પ્રવેશી જાય. અવકાશયાનમાં એન્જિન અને બીજા યાંત્રિક સાધનો હોય છે, જે એને જરૂરી બળ અને દિશાસંચાલન પૂરાં પાડે છે. એટલે જ, માનવસર્જિત અવકાશયાન બધાંનાં ગુરુત્વબળોને વટાવીને પોતાના લક્ષ્ય તરફ જઈ શકે છે.

અવકાશયાનની સરખામણીએ ઉલ્કા કે ધૂમકેતુ માત્ર પોતાની ગતિ અને સૂર્યના ગુરુત્વબળની અસર હેઠળ જ અબજ કરતાં પણ વધારે વર્ષોથી અવકાશમાં ફર્યે રાખે છે. એમના ભ્રમણ દરમિયાન ક્યારેક તે કોઈ ગ્રહ કે ઉપગ્રહના ગુરુત્વક્ષેત્રમાં પ્રવેશી જાય, તો મોટા ભાગે તો એ ખેંચાઈને ગ્રહ/ઉપગ્રહ સાથે ટકરાય છે. ચંદ્રની સપાટી પર દેખાતા સેંકડો ખાડા આવી ટકરામણની નિશાનીઓ છે. જૂજ કિસ્સાઓમાં તે ગ્રહની પ્રદક્ષિણા પણ કરવા લાગી જતો હોય છે. આનો આધાર એની ગતિ અને ગુરુત્વક્ષેત્રમાં પ્રવેશ વખતની દિશા પર હોય છે.

પૃથ્વીના કે અન્ય કોઈ ગ્રહ/તારાના ગુરુત્વક્ષેત્રની બહાર નીકળવાની એક માત્ર રીત છે. જરૂરી ગતિથી "ભાગી" છૂટવાની!

*સમયને નષ્ટ ન કરો – બહુ જ કિંમતી છે.*

આ જરૂરી ગતિને એસ્કેપ વેલોસિટી (Escape Velocity - EV) કહે છે, જે દરેક તારા કે ગ્રહ માટે અલગ અલગ હોય છે. પૃથ્વીની સપાટી પર આ EV કલાકના ૪૦,૦૦૦ કિલોમિટરની છે અને ચંદ્રની સપાટી પર કલાકના ૮૬૪૦ કિલોમિટરની છે, જ્યારે સૂર્યની સપાટી પર ૨૨,૨૩,૦૦૦ કિલોમિટરની પ્રતિ કલાકે છે. એનો સીધો સંબંધ જે તે અવકાશી ગોળાના ગુરુત્વબળ અને એના કદ સાથે છે.

આ આંકડાઓનું મહત્ત્વ સમજવા થોડી સરખામણીઓ જોઈએ. પૃથ્વી પર સૂકી હવામાં અવાજની ગતિ કલાકના ૧૨૩૬ કિલોમીટર હોય છે. જેને ૧ મેક (Mach) કહે છે. પેસેન્જર વિમાનની ઝડપ કલાકે ૧૦૦૦ કિલોમીટર હોય છે, જ્યારે યુદ્ધવિમાનની ઝડપ ૨૦૦૦-૩૦૦૦ કિલોમીટરની હોય છે. રાઈફલમાંથી છૂટતી ગોળીની ઝડપ કલાકના ૬૦૦૦ કિલોમીટર હોય છે. આપણે જાણીએ છીએ કે બંદૂકની ગોળી પાછી પૃથ્વી પર જ પડે છે. કોઈ વિમાન અવકાશમાં જઈ નથી શકતાં, માત્ર રોકેટ જ જઈ શકે છે, કારણ કે એની ગતિ કલાકના ૪૦,૦૦૦ કિલોમીટર કરતાં વધારે હોય છે.

એમ કહી શકાય કે ગુરુત્વબળ દરેક અવકાશી પિંડની "સામ્રાજ્ય રેખા" નક્કી કરે છે. સૂર્યમંડળની વાત કરીએ તો સૂર્યનું સામ્રાજ્ય બે પ્રકાશવર્ષની ત્રિજ્યા ધરાવતા ગોળાથી પણ વધારે વિસ્તારમાં ફેલાયેલું છે (૧ પ્રકાશવર્ષ - ૯૫૦૦ અબજ કિ.મી.) આ કાલ્પનિક અવકાશી ગોળાની અંદર દરેક ગ્રહ અને ઉપગ્રહનું પોતાનું ગુરુત્વ સામ્રાજ્ય હોય છે. એમની હદની અંદરનું ગુરુત્વબળ સૂર્યના તે સ્થાનના ગુરુત્વબળ કરતાં વધુ હોય છે.

**ચંદ્ર પૃથ્વી ફરતે પ્રદક્ષિણા કરે છે, એનો અર્થ એ થયો કે પૃથ્વીનું ગુરુત્વબળ ચંદ્ર કરતાં પણ વધુ દૂર સુધી વિસ્તરેલું છે અને ચંદ્ર પર સૂર્યના ગુરુત્વબળ કરતાં પૃથ્વીના ગુરુત્વબળની અસર વધારે છે.** જો ચંદ્ર પૃથ્વીથી વધારે દૂર જવા લાગે, તો એક ચોક્કસ સીમાની બહાર એ પૃથ્વીનો ઉપગ્રહ મટીને ગ્રહ બની જાય અને સૂર્યની પ્રદક્ષિણા કરવા લાગે. એક સમયે નવમા ગ્રહનું સ્થાન ધરાવતો પ્લુટો દૂરના ભૂતકાળમાં નેપ્ચ્યુનનો ઉપગ્રહ હોવાનું કેટલાક ખગોળશાસ્ત્રીઓનું માનવું છે.

એક રીતે જોઈએ તો, દરેક તારાનું ગુરુત્વબળ અનંત સુધી વિસ્તરે છે. આપણી આકાશગંગાની ત્રિજ્યા ૫૦,૦૦૦ પ્રકાશવર્ષ જેટલી છે. વર્તુળાકાર તારાવૃંદો (Globular clusters) તો એનાથી પણ વધુ દૂર છે. છતાં આ બધા તારા આકાશગંગાના કેન્દ્રની ફરતે ફરે છે. કારણ કે બધા તારા એકબીજા સાથે ગુરુત્વબળથી સંકળાયેલા છે. આકાશગંગા પોતે સુધ્ધાં "લોકલ ગ્રુપ" તરીકે ઓળખાતા નિહારિકાઓના ઝુંડ સાથે ચકરાવા લે છે. આનો અંત નથી. બ્રહ્માંડમાં કશું જ સ્થિર નથી.

**બધા જ તારાઓની જેમ આપણો સૂર્ય પણ પ્રકાશ/ગરમી અને સૌર પવનો (Solar winds) રૂપે સતત પોતાનું દળ ગુમાવી રહ્યો છે.** એ સાથે એનું ગુરુત્વબળ સતત ઓછું થતું જાય છે. પરિણામે, બધા ગ્રહોની ગતિ અને સૂર્યથી એમનું અંતર પણ જરૂર પ્રમાણે આપોઆપ બદલાય છે. આવું ન થાય તો ગ્રહ સૂર્યમંડળમાંથી ફંટાઈને અવકાશમાં જતો રહે. જો કે, આ ફેરફારો એટલા સૂક્ષ્મ છે કે બે-ચાર સદીઓમાં એમાં ગણનાપાત્ર ફરક પડતો નથી. છતાં દસ-વીસ હજાર વર્ષ પહેલાં પૃથ્વીની પ્રદક્ષિણાની ઝડપ થોડી વધુ હશે અને સૌર વર્ષ ૩૬૫ દિવસ અને ૬ કલાક કરતાં થોડી મિનિટો કે થોડા કલાક જેટલું ટૂંકું હશે. ગુરુત્વાકર્ષણ વિશે ઘણું વધારે લખી શકાય, પણ અત્યાર માટે આટલું પૂરતું છે.

*૧, શ્યામવાટિકા સોસાયટી,*
*વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.*
*મો. ૯૭૨૬૭૯૯૦૦૯*

## મદનમોહન માલવિયાજીની સાદાઈ

બનારસ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર શ્રી મદનમોહન માલવિયાજી પાસે કોઈ ગાડી ન હતી. તેઓ પગે ચાલીને અથવા ટપ્પામાં યુનિ. કાર્યાલયમાં આવતા. વિદ્યાર્થીઓને આ વાત ગમતી ન હતી. વાઈસ ચાન્સેલર જેવી વ્યક્તિ પગે ચાલીને આવે?

આથી બધા વિદ્યાર્થીઓએ ભેગા મળીને નક્કી કર્યું કે આપણે બધા ફંડફાળો કરીને માલવિયા સાહેબને બ્યુક ગાડી અર્પણ કરીએ. બ્યુક ગાડીની ગણના તે સમયે ઉત્તમ ગાડીઓમાં થતી. બ્યુક ગાડીની કિંમત રૂા. ૬,૦૦૦/- હતી. વિદ્યાર્થીઓએ ભેગા મળીને નક્કી કર્યું કે જ્યાં સુધી રૂા. ૬,૦૦૦/- ભેગા ન થાય ત્યાં સુધી આપણે બધા ઉપવાસ કરીશું.

આઠ-દસ દિવસ સુધી અન્નનો એક દાણો પણ મોઢામાં નાખ્યા વિના વિદ્યાર્થીઓએ રૂા. ૩,૦૦૦/- ભેગા કર્યા. પણ આ વાતની ખબર માલવિયાજીને પડી ગઈ. તેમણે બધા વિદ્યાર્થીઓને બોલાવ્યા અને કહ્યું કે, 'તમે મારી ગાડી માટે પૈસા ભેગા કરો છો? મારે ગાડી નથી જોઈતી. જાઓ, અને જેની જેની પાસેથી પૈસા ઉઘરાવ્યા હોય તેને પાછા આપી આવો. ત્યાં સુધી હું ઉપવાસ કરીશ. મને ખબર પડી કે તમે પણ આઠ દિવસથી ઉપવાસ ઉપર છો. આપણે સૌ સાથે જ પારણા કરીશું. મા સરસ્વતીને લક્ઝરી ન હોય. એ તો શુભ્રવસ્ત્રાવૃતા છે.

***કવિશ્રી અનિલ જોશી***

***મિત્રો, આ વાતની સાથે આપણા બધા વર્તમાન કુલપતિશ્રીઓની સરખામણી કરી શકો છો. યુનિવર્સિટી એટલે આજે ડિગ્રી વેચાણ કેન્દ્ર?*** ■

*ભૂમિમાં એક દાણો વાવશો તો કુદરત તમને હજારગણા દાણા આપશે. વડલાના એક નાના બી માંથી જાજરમાન વડલો પ્રગટ થાય છે.*

*પોતાની ઉપર વિશ્વાસ રાખો, તમે ઘણું બધું કરી શકો છો.*

# દિલનું દર્પણ – રોજનીશીની સાખે : (૧)

• માવજી કે. સાવલા •

*ગાંધીધામ સ્થિત જાણીતા લેખક શ્રી માવજી કે. સાવલાની ખૂબજ રસપ્રદ નવી લેખમાળા ''દિલનું દર્પણ - રોજનીશીની સાખે'' આ અંકથી શરૂ થઈ રહી છે. આરંભથી વાંચવાનું ચૂકશો નહીં.*

*– તંત્રી મંડળ*

**બુધવાર, તા. ૨૬-૫-૯૩**

આજે પ્રતિમાને બે-ત્રણ પત્રો લખાવ્યા. 'અમે બધા લગ્નપ્રસંગે કાલે પંદરેક દિવસ માટે ગામ જઈએ છીએ' એમ કહીને એણે એના પપ્પાએ આ મતલબનો મારા પર લખેલ પત્ર મને સોંપ્યો. શશીકાંતભાઈ ખરાડી (પ્રતિમાના પપ્પા) ના અક્ષરો સુંદર તેમજ ગુજરાતી ભાષા જોડણી શુદ્ધ અને ઢબસરની. હવે પ્રતિમા ૧૪/૧૫ જૂનના આવશે. એનું SSC નું પરિણામ પણ ૧૪/૧૫ જૂનના જ આવશે. મેં એનો નંબર નોંધી લીધો. પરિણામ અંગે એ સ્વાભાવિક રીતે થોડી ચિંતિત પણ છે. ખ્રિસ્તી હોવા છતાં એની બીજી બહેનપણીઓને અનુસરીને એ સંતોષીમાનો શુક્રવાર પણ રાખે. મેં એને હિંમત આપીને કહ્યું, ''મારી પુત્રી પણ ભણતી હતી ત્યારે આવો શુક્રવાર રાખતી.''

આજે નિર્મલને ત્યાં નાનાલાલે મને એક પ્રશ્ન ગંભીરપણે કર્યો : Do you enjoy life or you just distribute joy? મેં પળના પણ વિલંબ વગર એમને જવાબ આપ્યો, "Yes, I enjoy fully and through the overflow of my joy I distribute the joy." આવા પ્રશ્ન માટે મેં એમનો દિલથી આભાર માન્યો અને વધુમાં કહ્યું, એ બધું મને મળેલ અનુકૂળ ધંધો અને કૌટુંબિક અનુકૂળતા થકી છે.

દુકાને પહોંચીને દુકાનના કામકાજ અંગેના બે-ત્રણ પોસ્ટકાર્ડ પ્રતિમા પાસે લખાવ્યા. આવા પોસ્ટકાર્ડ જાતે લખવામાં ૧/૩ સમય લાગે પણ એને તાલીમ આપી તૈયાર કરવાની પણ ઈચ્છા હતી. હમણાં તો વિચાર એમ છે કે એનો સ્કૂલનો અભ્યાસ ન બગડે માટે બે વરસ વેકેશનમાં- રજાઓમાં મારે ત્યાં આવતી રહે. મેં મહિનાના એના ઑનરેરિયમ જેવા પગારના રૂ. ૧૦૦/- એના હાથમાં મેં મૂક્યા. ખૂબ જ ઉત્સાહ અને આત્મવિશ્વાસના ભાવથી એણે ઉદ્‌ગાર કાઢ્યા, ''મારા જીવનની આ સૌપ્રથમ કમાણી.'' મને પણ એનો ભાવ જોઈને ખૂબ સંતોષ થયો. હજી તો એ માત્ર ૧૫ વર્ષનું બાળક, પણ પોતાના પરિશ્રમની કમાણીનો સંતોષ અને આનંદ કેવો તીવ્ર અને કેટલો પ્રોત્સાહક હોય છે એ હું જાણું છું. દરેક વેપારીઓ - ઓફિસોએ વેકેશનમાં આવા ઉત્સાહી વિદ્યાર્થીઓને અનુભવ મળે એ દૃષ્ટિએ આવી તક આપવી જોઈએ.

આજે 'ન્યુ સુરત ટાઈમ્સ' માટે યક્ષપ્રશ્નનો હપ્તો લખી મોકલવાનો હતો એટલે જમીને એ કામ જ પૂરું કર્યું. અર્થાત્ આરામ ન થયો અને ત્રણ-સવા ત્રણ વાગ્યે દુકાને પહોંચ્યો. રમણિકભાઈ ૩.૩૦ વાગે આવી પહોચ્યાં. 'મુંબઈ સમાચાર' માંથી મને જડેલ નિદા ફાઝલીની કાવ્યપંક્તિ રમણિકભાઈને બતાવી અને એમણે ઉતારી લીધી :

*''દિલ મેં ન હો જુર્રત તો*
*મુહબ્બત નહીં મિલતી,*
*ખૈરાત મેં ઈતની બડી*
*દૌલત નહીં મિલતી.''*

*- નિદા ફાઝલી*

રમણિક સોમેશ્વર સાથે લઘુનવલના સ્વરૂપ અંગે ચર્ચા થઈ. સ્વામી શ્રી બ્રહ્મવેદાંત ગઈકાલની ચર્ચાઓ અંગે પણ વાત નીકળી. 'લઘુકથા'ના સ્વરૂપ અંગે પણ વાત થઈ. બ્રહ્મવેદાંતજીના સંદર્ભમાં રમણિકભાઈએ કહ્યું કે ભારતમાં ગુરુ પરંપરા મજબૂતપણે ટકી રહેશે એ તો ચોક્કસ. મેં કહ્યું કે રજનીશજી પણ આ વાત પાછળથી સમજી શક્યા હતા જે મુંબઈમાં એમના 'સુમિલા' ખાતેના ઉપનિષદો પરના પ્રવચનો પરથી જોઈ શકાય છે.

સાંજે રામજીભાઈ ઠક્કર આવ્યા. આર્થિક - સામાજિક વિષમતાનો મુદ્દો હંમેશાં કોઈપણ આધ્યાત્મિક ચર્ચામાં એમના તરફથી ખૂબ જ તીવ્રતાથી ઉઠાવવામાં આવતો. એક વાત તો દેખાઈ જ આવે છે કે ઘણાખરા આધુનિક ઉપદેશકો, ચિંતકો અને કથાકારોએ અકારણ આ મુદ્દાની ઉપેક્ષા જ કરી છે. એ તો દેખીતું જ છે કે શોષણ આ વિષમતાના મૂળમાં છે અને શોષક અને શોષિત એવા બે વર્ગમાં શોષક વર્ગના ધનપ્રવાહ ઉપર જ

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥
રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી
''ધુલ્લા વિલા'', બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

આ બધા ઉપદેશકો, ચિંતકો કે કથાકારોના કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ આધારિત છે. આપણા ધર્મશાસ્ત્રોએ દાનને ખૂબ જ મહત્ત્વ આપ્યું છે. દાતા અને યાચક એવા બે વર્ગો સમાંતર ફૂલતા- ફાલતા રહે એ રોગીષ્ઠ સમાજની નિશાની છે એ મેં મારી પુસ્તિકા 'ફિલસૂફી એક ઘોષણાપત્ર' માં નોંધ્યું જ છે.

મોડેથી આસનભાઈ આવ્યા અને કલ્યાણસિંહજી રાઠોડ પણ આવ્યા. રામજીભાઈએ મારી પાસેથી 'ટોલ્સ્ટોયનું જીવનચરિત્ર' વાંચવા માગ્યું અને ટોલ્સ્ટોય હવે obsolete થઈ ગયો - relevence નથી વગેરે ખંડન રાઠોડ તરફથી શરૂ થયું. એના સમર્થનમાં એમણે શિવ-પાર્વતી અને કાર્તિકેય તથા ગણેશનું દૃષ્ટાંત આપ્યું, એટલે મેં પ્રહાર કર્યો કે "હજી આજની સદીનો Tolstoy અપ્રસ્તુત અને ૫ - ૧૦ હજાર વર્ષ પહેલાના શિવ-પાર્વતી પ્રસ્તુત?!" 'મઠ ભલી!' એક કાર્ડ પર નોંધી રાખેલ મારા પોતાના માટેના જ આદેશાત્મક સૂત્રોમાનું એક સૂત્ર છે "વ્યર્થ ચર્ચાઓ કરવાનું બંધ કર." આ સાવ નાનકડી વાત કેટલી બધી મૂલ્યવાન છે? આવી ચર્ચાઓનો અંત જ ક્યાં છે અને એથી નીપજવાનું પણ શું છે?

નોંધપોથી લખતાં લખતાં રાતના બાર થવા આવ્યા પણ ઊંઘ ત્રણ વાગ્યા સુધી ન આવી. ત્રણ વાગ્યે ઊઠીને 'રીડર્સ ડાઈજેસ્ટ'નો એક જૂનો અંક હાથમાં લીધો અને માંડ ૩.૩૦ વાગે ઊંઘ આવી.

★

**ગુરુવાર, તા. ૨૭-૫-૯૩**

સવારના નવ વાગે નિર્મલને ત્યાં પહોંચ્યો. નાનાલાલે માહિતી આપી કે શરદબાબુના જીવન પર - 'આવારા મસીહા' પર ટી.વી. સિરિયલ કલકત્તામાં તૈયાર થઈ રહી છે. નાનાલાલને મેં કહ્યું, "એમાં શરદબાબુના પાત્ર તરીકે મારી પસંદગી થવી જોઈતી હતી!" શરદબાબુના જીવનનો અને સાહિત્યનો મારા પર ખૂબ ખૂબ પ્રભાવ છે અને લગભગ ૧૪ વર્ષની ઉંમરથી શરદ સાહિત્ય વાંચતો આવ્યો છું એ વાત મેં નાનાલાલને કહી.

રજનીશના પુસ્તક 'અર્થયાત્રા' વિશે વાત નીકળી. મને એ પુસ્તકની ખાસ ભલામણ એક રેલવે એન્જિનિયર અને ઓશોપ્રેમી શ્રી પ્રવીણ ખોખાણીએ કરી હતી અને યોગાનુયોગે ત્યાર પછી અઠવાડિયામાં જ મુંબઈના મિત્ર રતિલાલ છેડાએ એ પુસ્તક મને હાથોહાથ ભેટ આપ્યું. મેં કહ્યું Will of Existence હોય ત્યારે આપોઆપ આવું બનતું હોય છે. નાનાલાલે કહ્યું કે 'Luck of Existenceની રાહ ન જોવી. આપણા પક્ષે પણ પ્રયત્ન હોવો જ જોઈએ.' રમણિક સોમેશ્વરના પુસ્તક સંગ્રહ અને એમની રૂચિ પસંદગીને નાનાલાલે વખાણી. સંદર્ભ 'રવીન્દ્ર મર્મર' પુસ્તકનો હતો.

શરદ ગ્રંથાવલીના પાંચ ભાગ રૂ. ૭૫/- માં મળતા હતા ત્યારે વસાવી ન શક્યો એનો વસવસો આજ સુધી રહી ગયો છે! કોલેજ લાઈબ્રેરીમાંથી એમાંના ૩-૪ ભાગ વાંચ્યા હતા. પ્રા. હરીશ વાસવાણીની ભલામણથી 'ચરિત્રહીન' નવલકથા પણ એ અરસામાં (૧૯૭૪ - ૭૭) વાંચી. પ્રમથેશ બરૂઆની 'દેવદાસ' ફિલ્મ એક જમાનામાં (૧૯૪૮ આસપાસ) જોઈ હતી. શરદબાબુની નવલકથા 'શેષપ્રશ્ન' અને એ નવલકથાની નાયિકા કમલા વિશે મંજુ ઝવેરીએ ફાર્બસ ત્રૈમાસિકના સંપાદકીયમાં વિસ્તારથી લખ્યું હતું એટલે એ નવલકથા મેળવીને વાંચી. વાંચ્યા બાદ મંજુ ઝવેરીને પત્ર લખેલો, "કમલા જેવી સ્ત્રી વાસ્તવ જગતમાં તમારા જોવામાં કદી આવી છે કે?" અલબત્ત એમનો પ્રત્યુત્તર નકારમાં હતો. શરદબાબુની ઘણીબધી નવલકથાઓ - વાર્તાઓ મારા શ્રીમતીએ પણ રસપૂર્વક વાંચી છે. મારા મામા કાનજી ધારશી સંઘોઈ પણ શરદ સાહિત્યના ખૂબ ચાહક. એમણે એકવાર મારા ઉપરના પત્રમાં મારી સરખામણી કંઈક અંશે શરદબાબુના વ્યક્તિત્વ સાથે કરેલી!

ગુરુવાર એટલે મારા માટે આળસનો અને પૂર્ણ નિરાંતનો દિવસ. ફક્ત બપોરે ૩.૩૦/૪.૦૦ વાગે વિજય પંજવાણીની દુકાને જવું. પંજવાણીને ત્યાં સરકારના ભ્રષ્ટ તંત્રની, દેશના આર્થિક દેવાળિયાપણાની વગેરે વાતો સહેજે થતી. આવી વાતો કરનારા-મારા જેવા અને પંજવાણી જેવાઓની પોતાની આર્થિક સ્થિતિ તો વધુને વધુ સધ્ધર થતી જતી હોય એનું શું?

અમારા પ્રભાતી મિલનમાં નાનાલાલે પૂછતાં ગઈકાલની રાઠોડ સાથેની ઉગ્ર ચર્ચાની મેં વાત કરી. નિર્મળ ભારે અનુભવી ઘડાયેલો માણસ છે. એટલે કહ્યું કે, "જ્યારે હું જોઉં કે વાત ઉગ્ર દલીલબાજીમાં પ્રવેશે છે ત્યારે હું ઉગ્ર થવાને બદલે વાતનો સમૂળગો વિષય જ - track બદલી નાખું." સાચી વાત તો એ છે કે મારે આવી ફાલતુ ચર્ચા - રસ બંધ કરવા જોઈએ. અલ્પભાષી થવું કેટલું બધું કઠીન તપ છે એ મને સમજાતું જાય છે.

પત્ર સંપર્કો તો ભલે ચાલતા રહે પણ વ્યક્તિગત સંપર્કો સંબંધોને સીમિત કેમ કરવા એ મારે માટે પડકારરૂપ પ્રશ્ન છે. પત્રવ્યવહારમાં પણ મારે ઓછામાં ઓછા શબ્દોથી કામ લેવુ જોઈએ.

*(ક્રમશઃ)*

☺ *પત્ની : ડાર્લિંગ, આજે આપણાં લગ્નની વર્ષગાંઠ છે. ચાલોને કાંઈક કરીએ.*

*પતિ : હા, હા, કેમ નહીં. ચાલો, ૨ મિનિટનું મૌન રાખીએ.*

"ROLEX" Brand

**Rushabh**
STEEL CENTRE
G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
**Tel. : 2242 2072, 2242 7310 • Fax : (022) 3008 0072**
MFGR. & DEALERS IN : *Rolex* SQUARE DABBA & TIFFIN

## વિજ્ઞાને દોટ મૂકી છે
# મંગળ ઉપર પહોંચ્યા પછી સંઘર્ષ વધવાનો કે ઘટવાનો?

• ચંદ્રહાસ ત્રિવેદી •

યુદ્ધના એ દિવસો હતા. ચારેય બાજુ બોમ્બવર્ષા થતી હતી. ગમે ત્યારે દુશ્મન વિમાનો આવી પહોંચતા અને અહીં તહીં બોમ્બ નાખીને ચાલ્યા જતા હતા. પ્રજા ભયથી આક્રાંત હતી છતાંય રોજિંદો વ્યવહાર ચાલુ રાખ્યા વિના છૂટકો ન હતો. નગરના માર્ગ ઉપર કેટલાય સ્ત્રી પુરુષો ફરી રહ્યા હતા. ત્યાં તો આકાશમાં વિમાનોની ઘરેરાટી સંભળાઈ અને વિમાનો ચક્કર લગાવવા લાગ્યા. રસ્તા ઉપર ચાલતા લોકો આમ-તેમ દોડીને આશ્રય સ્થાનોમાં ભરાઈ ગયા. તેમાં એક પંડિત પુરોહિત પણ હતા જે કંઈક ધર્મના કામે નીકળ્યા હતા. જેવા આશ્રય સ્થાનમાં પેસી જઈને એક ખૂણામાં ઊભા ઊભા તે ભગવાનનું સ્મરણ કરતા રહ્યા. થોડીકવાર માટે બહાર ધડાકા ભડાકા થયા કર્યા અને ગભરાયેલા પુરોહિત મોટેથી પ્રાર્થના કરતા રહ્યા. બહાર ધડાકા ભડાકા બંધ થયા એટલે પુરોહિત જરા સ્વસ્થ થયા. પછી તેમણે આસપાસ જોયું તો ગુફાના એક બીજા ખૂણામાં કોઈ એક સૈનિકને ઊભો રહેલો જોયો. તે પણ હૃદય ઉપર હાથ મૂકીને ક્રોસની નિશાની કરતો કરતો પ્રાર્થના કરતો હતો. ધડાકા બંધ થયા એટલે સૈનિકે પણ સ્વસ્થ થતા આમ-તેમ જોયું. તો તેણે પણ બીજા ખૂણામાં ઊભા રહેલા પુરોહિતને જોયો. બંને જણની નજર એક થતાં પુરોહિતે સૈનિકને પૂછ્યું, 'શું તમે પણ મારી જેમ ગભરાઈને આ ગુફામાં ભરાઈ ગયા હતા?'

સૈનિકે કહ્યું, 'હું પણ વિમાનોની ઘરેરાટી સાંભળીને દોડતો આવીને આ આશ્રય સ્થાનમાં ભરાઈ ગયો હતો. હું જરા વહેલો આવેલો અને તમે થોડા મોડા આવેલા.'

પુરોહતે પૂછ્યું, 'તમે તો સૈનિક છો. તો પણ તમે મારી જેમ ભગવાનને પ્રાર્થના કરતા હતા?'

'ત્યારે બીજું શું કરું? અને થઈ પણ શું શકે? છેવટે આપણે સૌ કુદરત સામે અસહાય છીએ.'

માણસ ગમે તેટલો આગળ વધે કે વિકાસની વાતો કરે પણ જો તેને અંતિમ સુધી લઈ જવામાં આવે તો તેમાંથી ફલિત થયા વિના રહેતું નથી કે, વિરાટની સામે માનવી બિચારો કે બાપડો છે. ભલેને તે બંકરો બનાવીને હિટલરની જેમ કે સદ્દામની જેમ પૃથ્વીના પેટાળમાં પેસી જાય તો પણ તે ત્યાં સુરક્ષિત નથી. સુરક્ષિતતાના ખ્યાલથી મનને થોડીક હૈયાધારણ રહે, પણ તેથી જ બચી શકાય તેમ ખાતરીપૂર્વક કહી શકાય નહીં. ગમે તેવી અભેદ સુરક્ષિતતા હોય પણ તે અમુક મર્યાદા સુધી જ રક્ષણ આપવા સમર્થ હોય છે. ત્યાર પછી માણસને અજ્ઞાન અસ્તિત્વને આધીન થયા વિના છૂટકો હોતો નથી. પછી આપણે આ અજ્ઞાતને ઈશ્વર કહીને ઓળખીએ કે બીજા કોઈ નામે જાણીએ.

જીવન હોય કે સંસાર હોય પણ તેનો જ્ઞાતનો વિસ્તાર ઘણો અલ્પ છે અને અજ્ઞાતનો વિસ્તાર અમર્યાદિત છે. જેમ જેમ જ્ઞાતનો વિસ્તાર વધતો જાય છે તેમ તેમ વિજ્ઞાનને લાગતું જાય કે જ્ઞાત કરતા અજ્ઞાતનો વિસ્તાર ઘણો મોટો છે અને તેનો ક્યારેય પાર પામી શકાશે નહિ. સત્ય એટલું વિશાળ છે કે તેમાં સૌ સમાઈ જાય પણ સત્યમાં કોઈ સમાય નહીં.

તત્ત્વવેત્તાઓ અને વિજ્ઞાનીઓએ સત્યને જાણવા માટે જે દિશા લીધી છે તે તદ્દન ભિન્ન છે. વિજ્ઞાનીઓ અંદરથી બહાર જાય છે અને પૃથક્કરણ કરીને અસ્તિત્વનો તાગ મેળવવા પ્રયાસ કરે છે. તત્ત્વવેત્તાઓ બહારથી અંદર તરફ જાય છે અને સંશ્લેષણ કરીને અસ્તિત્વનો અંદાજ કાઢે છે. તત્ત્વજ્ઞાનીઓના અંદાજ પ્રમાણે જે પિંડે તે બ્રહ્માંડે છે પણ વિજ્ઞાનીઓ એવું કોઈ નિશ્ચિત કથન કરી શકતા નથી.

ભલે વિજ્ઞાન આગળને આગળ દોડ્યા જ કરે પણ તેમની યાત્રાનો ક્યારેય અંત આવવાનો નથી. વિશ્વ અનંત છે અને સદાય વિસ્તરતું રહે છે. આપણે આ વિજ્ઞાન અને કહેવાતા વિકાસની આંગળી પકડીને દોડવા માંડ્યું છે. તેથી આપણે પણ જીવન પૂરું થશે ત્યાં સુધી દોડ્યા જ કરવાના છીએ અને ક્યાંય પહોંચાવાના નથી. છેવટે અધવચ્ચ જ આપણી જીવનયાત્રા પૂરી થવાની છે.

તત્ત્વવેત્તાઓએ હજારો વર્ષ પહેલાં અસ્તિત્વ વિશે કહી નાખ્યું છે કે તેની આદિ નથી, અંત નથી. અસ્તિત્વનો પાર પામી શકાય તેમજ નથી. તે જેવું છે તેવું તેને સ્વીકાર્યા સિવાય માનવી પાસે અન્ય વિકલ્પ નથી. વિજ્ઞાન ગમે તેટલું આગળ વધવાનું અભિમાન રાખ્યા કરે પણ અસ્તિત્વ પાસે શિર ઝુકાવ્યા વિના તેને છૂટકો નથી રહેતો. તેથી તત્ત્વવેત્તાઓ કહે છે કે, તમારી મર્યાદા સમજીને જીવશો અને તેમાં રહીને વર્તશો તો વધારે સુખી થશો. જે માણસ પોતાની મર્યાદા સમજ્યા વિના કેવળ દોડ્યા કરે છે તેના હાલ બૂરા થાય તેમાં કંઈ નવાઈ નથી.

આજે આપણે અસ્તિત્વ સામે બાથ ભીડી છે અને તેનાથી જે થોડીક સિદ્ધિઓ મળી છે તેનાથી રાચીએ છીએ. પણ આ કહેવાતી સિદ્ધિઓનો લાભ કોને થાય છે? થોડાંક સુખ સુવિધાના સાધનો વધી ગયા તેથી માણસો સુખી થઈ ગયા એમ ન કહેવાય.

વાસ્તવિક્તામાં તો થોડાક લોકોને અહં સંતોષવાની આ દોડ છે. મંગળ ઉપર પહોંચવાથી માનવીના પ્રશ્નોનું નિરાકરણ નહિ થાય પણ ઉલટાના સામાન્ય માનવી પાસે વધારાના પ્રશ્નો ઊભા થશે જેને આપણે વિકાસ કહીને રાચીએ છીએ તે વિનાશ વેર્યા વિના રહેશે નહિ અને તેનો ભોગ સામાન્ય માણસ જ બનવાનો. અસ્તિત્વ સાથે બહુ ચેડા કરવાથી જીવનમાં સુખ નહિ મળે.

*'સુહાસ', ૬૪, જૈન નગર,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.*

*વર્તમાનને આનંદથી જીવો અને ભવિષ્યમાં આવનાર દુઃખથી બચો.*

સમાજની ક્ષિતિજો

નર-નારીના સંબંધો અને લગ્ન સંસ્થા : પ્રકરણ-૧૨

# વૃધ્ધોના લગ્નના પ્રશ્નો

• સ્વામી શ્રી સચ્ચિદાનંદજી •

મને લાગે છે કે વિધવા વિવાહ તથા ત્યક્તાના પુનર્વિવાહનો પ્રશ્ન હવે ઉકેલાઈ ગયો છે. લગભગ બધા સમાજોમાં હવે આવાં લગ્નો થવા લાગ્યાં છે, પણ હજી પ્રૌઢ કે વૃધ્ધોના વિવાહને સમાજે માન્યતા આપી નથી. હજી આજે પણ કેટલાય પ્રૌઢો અને પ્રૌઢાઓ પાછલી જિંદગી સાથ વિના કે હૂંફ વિના દુઃખી થઈને વિતાવે છે. તેઓ પોતાનાં દુઃખોને કહી પણ નથી શકતાં કે સહી પણ નથી શકતાં. સમાજે એક એવી કાલ્પનિક પ્રતિષ્ઠા ઊભી કરી છે કે આ કાલ્પનિક પ્રતિષ્ઠાના લોખંડી કિલ્લાને તોડી શકાતો નથી.

અમે ત્રણ વૃધ્ધાશ્રમો ચલાવીએ છીએ એટલે વૃધ્ધ-વૃધ્ધાઓને નજીકથી જોવા-અનુભવવાનો મોકો મળ્યો છે. તે ઉપરથી મને સ્પષ્ટપણે સમજાયું છે કે આમના પ્રશ્નો ઉકેલાવા જોઈએ. જે લોકો પ્રૌઢ કે વૃધ્ધ હોવા છતાં સશક્ત છે, તેઓ અવશ્ય સાથીદારની ઝંખના રાખે છે. તેમને પણ કામવૃત્તિ સતાવે છે. જો સમાજ માન્ય સમાધાન નથી થતું તો પછી તેઓ અન્ય રીતે ફાંફાં મારે છે. જેમાં તે વધુ દુઃખી થાય છે. બદનામી અને કલંકનો ભય સતત રહ્યા કરે છે. ખાવા-પીવાનું સારું મળતું હોવા છતાં કામવૃત્તિ કે લાગણીઓનું સમાધાન ન થતું હોવાથી મુરઝાયેલા ફૂલ જેવા દેખાયા કરે છે. મને લાગે છે કે સમાજે હવે આવા દુખિયારા માણસોનો પણ વિચાર કરવો જોઈએ.

અમેરિકામાં એક વાર હું ડોલ્ફીન માછલીના ખેલ જોવા ગયો હતો. થિયેટર ચિક્કાર હતું. પ્રયોગો ગજબના હતા. તે પૂરા થયા પછી બધાં વિખરાવા લાગ્યાં. મારા નિયમ પ્રમાણે હું સૌથી પાછળ ઉઠ્યો. થિયેટર ખાલી થઈ ચૂક્યું હતું. મેં જોયું કે હજી પણ એક વૃધ્ધ અને એક વૃધ્ધા બેસી રહ્યાં હતાં. માત્ર બેસી જ રહ્યાં હતાં એટલું જ નહિ, તેઓ યુવાનોની માફક પરસ્પરમાં આલિંગનથી શરીરસ્પર્શ પણ માણી રહ્યાં હતાં. મને નવાઈ લાગી કે આ ઉંમરે પણ આ લોકો કામમાર્ગથી પાછાં વળતાં નથી, પણ પછી મેં મારા જ વૃધ્ધાશ્રમોમાં જોયું તો ચોખ્ખું અનુભવાયું કે કડક અવરોધના કારણે જ લોકોને રોકી શકાય છે. જો અવરોધો દૂર થઈ જાય તો આપણે ત્યાં પણ અમેરિકા જ છે. પણ ખરો પ્રશ્ન એ થાય છે કે આવા અવરોધો મૂકવાથી લોકો અવરોધાય છે ખરા?

અમારી બાજુમાં જ આવેલા એક વૃધ્ધાશ્રમના સંચાલકે મને કહ્યું કે અમારે કોઈ કોઈ વારે આવા કારણસર કેટલાક વૃધ્ધોને કાઢી મૂકવા પડે છે. કાઢી મૂકવાથી પ્રશ્નો ઉકેલાય છે? અમેરિકાના વૃધ્ધાશ્રમોમાં રાજીખુશીથી કોઈને એકસાથે એક જ રૂમમાં રહેવું હોય તો કોને કશો વાંધો આવતો નથી. સાથે રહી શકે છે. ભારતમાં તો આવી કલ્પના પણ કરી શકાય નહિ. આપણી પૂરી વ્યવસ્થા અવરોધપૂર્વકની હોય છે. ઘણા અવરોધો છીંડાં પાડે છે અને મોટી અવ્યવસ્થા ઊભી કરે છે.

પેલું ઉપર-ઉપરનું અમેરિકા સંસ્કૃતિ વિનાનું લાગે છે, જ્યારે આપણું ઊંડાણમાં ઢંકાયેલું ભારત પણ બહુ રાજી થવા જેવું નથી. પણ આપણે ઊંડાણમાં ઢંકાયેલા જગતને સમજવા ક્યાં તૈયાર છીએ? ઉપરનું જગત સુંદર હોય એટલે બસ. આ રીતે આપણે દંભી અને ઢોંગી થઈ જઈએ છીએ. પેલા જેવા છે તેવા દેખાઈને પણ જીવન જીવી શકે છે. આપણે જીવી શકતા નથી કારણકે આપણે કુદરત સહજ, માનવ વ્યવસ્થાને પ્રસ્થાપિત કરી શકતા નથી. આમ કરવાથી પ્રશ્નો ઉકેલાતા નથી અને પ્રજા દુઃખી થાય છે. ત્યારે શું કરવું જોઈએ? માનવીય પ્રશ્નોને માનવીય રીતે સમજી-સ્વીકારીને તેનો ઉકેલ લાવવો જોઈએ. માનો કે પ્રૌઢ કે વૃધ્ધ-વૃધ્ધાઓ લગ્ન કરીને પરસ્પરમાં સાથે રહે અને એકબીજાને હૂંફ આપે તો શો વાંધો છે? માનો કે પ્રૌઢ ઉંમરે કામવૃત્તિ તો હોય પણ કામશક્તિ ઓછી થઈ જાય કે ન પણ રહે તો આવાં લગ્નોનો શો અર્થ? આ વાત પૂરી સાચી નથી.

પહેલાં તો માત્ર કામોપભોગ માટે જ લગ્ન થાય છે તે વાત મનમાંથી કાઢી નાખવાની. કામોપભોગ વિના પણ પરસ્પરનો સાથ અને હૂંફ આપવા માટે તથા એકબીજાનાં પૂરક થવા માટે પણ લગ્ન કરી શકાય છે, જેથી જીવનમાં વેક્યુમ - ખાલીપણું ન રહે.

બીજી વાત કામશક્તિનો ક્ષય થઈ ગયો હોય તોપણ શરીર સ્પર્શ વગેરેના દ્વારા કામવૃત્તિનું શમન થઈ શકે છે અને તાણથી મુક્ત થઈ શકાય છે તેવું કામશાસ્ત્રીઓ કહે છે. એટલે બે અલગ અલગ રહીને ખાલીપણાથી ઝૂરતાં માણસોને ભેગાં કરીને બંનેના ખાલીપણાને અને ઝુરાપાને દૂર કરી શકાય છે. આમ કરવાથી બંનેના પ્રશ્નો

Aristo™ STAINLESS STEEL

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

ઉકેલાય છે. સમાજ વધુ શુદ્ધ બને છે. ઉપરનું અને નીચેનું એમ બે અલગ અલગ જીવનો સમાપ્ત થાય છે. વળી બધાંની જ કામશક્તિ સમાપ્ત થઈ જાય છે તેવું માની લેવું યોગ્ય નથી, જે લોકો પ્રથમથી જ કુદરત વિરોધી ખોટા માર્ગે ચઢી ગયા છે, તે બહુ જલદી નમાલા થઈ જાય છે. વળી જેમણે આહારમાં પણ સાત્ત્વિક આહારના નામે શુક્રહીન આહાર સતત ખાધો હોય છે, તેઓ પણ જલદીથી નમાલા થઈ શકે છે. આવા નમાલા પુરુષો જો પરણેલા હોય તો તેમની અસંતુષ્ટ સ્ત્રીઓ ખોટા માર્ગે ચઢી જઈ શકે છે. આમ થવામાં ખરો દોષ પેલી સ્ત્રીઓનો ન મનાય પણ પેલા નમાલા પુરુષોનો જ મનાવો જોઈએ. જે દર્શને તેમને ખોટી દિશા તરફ વાળ્યા, એ દર્શનનો દોષ ગણાવો જોઈએ. એક બહુ મોટા કથાકારે આવા ખોટા દર્શનથી પોતાની પત્નીને જીવનભર અન્યાય કરેલો. પત્ની તો ખાનદાન હતી એટલે ખોટા માર્ગે ન ચઢી, પણ કદાચ ચઢી હોત તો તેનો દોષ નહિ, તેના નમાલા પતિનો જ દોષ ગણાવો જોઈએ. પણ સમાજે તો પેલા કથાકારને પવિત્ર પુરુષ માની લીધો હતો એટલે પેલી સ્ત્રીને સહન કરવાનું થયું હોત. જ્યાં સુધી જીવનદર્શન વ્યવસ્થિત ન થાય ત્યાં સુધી દિશાભ્રમ ચાલ્યા કરવાનો.

ખરું જીવનદર્શન એ છે કે બધાં સામર્થ્યોની માફક કામસામર્થ્ય પણ જીવનની કરોડરજ્જુ છે. ઘણા લાંબાકાળ સુધી આવું સામર્થ્ય ધરાવનાર સમર્થ માણસ હોય છે. તે મર્દાનગીભર્યા કાર્યો કરી શકે છે. અકાળે જ આવું સામર્થ્ય ખોઈ બેસનાર નમાલો માણસ નમાલા સમાજની રચના કરે છે. એ મર્દાનગીનાં કાર્યો નથી કરી શકતો. હિંદુપ્રજાને કામના ક્ષેત્રમાં ખોટા દર્શનથી ખોટી દિશા તરફ વાળવામાં આવી છે, જેમાંથી પુરુષો અને સ્ત્રીઓ બંને માટે ઘણા પ્રશ્નો ઊભા થયા છે. જ્યાં સુધી તેને સાચું દર્શન અને સાચી દિશા નહિ મળે ત્યાં સુધી તે નમાલી અને માર ખાતી પ્રજા બની રહેશે. એટલે જરૂર છે કુદરતસહજ તેને સાચી દિશા તરફ વાળવાની.

પ્રૌઢોને કે વૃધ્ધોને જો લગ્ન કરવાની જરૂર જણાય તો તેમને તેમ કરવા દેવાં જોઈએ. હા, જો તેમની ઈચ્છા જ ન હોય તો કાંઈ બળજબરી કરવાની જરૂર નથી. પણ તેમની અનિચ્છામાં સામાજિક અપ્રતિષ્ઠા કે ધાર્મિક પાપભીરૂતા તો નથી ને - તે જોવાનું. ખરેખર તો સમાજે આવાં માણસોને લગ્ન કરવા પ્રોત્સાહિત કરવાં જોઈએ. તેમનો સંકોચ દૂર કરવો જોઈએ. પ્રૌઢો કે વૃધ્ધોનાં લગ્નોથી કોઈ પાપમાં પડવાનું નથી, ઊલટાનું પાપ તથા તાણભર્યા જીવનથી તેઓ બચી જવાનાં છે. પ્રત્યેક લગ્ન માત્ર સેક્સ માટે જ હોય છે, તેવું માની લેવાની જરૂર નથી. બીજાં ઘણાં કારણો છે કે નર-નારીને પતિ-પત્ની તરીકે ગાઢ સંબંધથી બાંધે છે.

જે ધાર્મિક લોકો કામને મહાપાપ માનીને બીજાને તો ઠીક પતિ-પત્નીને પણ ભાઈ-બહેન બનાવીને કામ વિનાનું જીવન જીવવાની પ્રેરણા કે વ્રત લેવડાવે છે તે લોકોને ગેરમાર્ગે દોરે છે. આવી જ રીતે જે લોકો સંયમના નામે પતિ-પત્નીને આજીવન બ્રહ્મચર્યનું વ્રત આપે છે તે પણ લોકોને ગેરમાર્ગે દોરે છે. મૂળમાં 'કામ એ મહાપાપ છે' એવી ખોટી ધારણા આવા ગેરમાર્ગો માટે જવાબદાર છે. કામ એ કુદરતી વ્યવસ્થા છે. તે મહાપાપ નથી. હા, તેનો અતિરેક અથવા વ્યભિચાર એ પાપ છે. તેનાથી બચવું જોઈએ. તેનાથી બચવાનો સીધો સાદો ઉપાય સંયમપૂર્વકનું લગ્નજીવન છે, સંયમ એટલે નિગ્રહ નહિ. જેમ અતિરેકથી બચવું જોઈએ તેમ નિગ્રહથી પણ બચવું જોઈએ.

*ભક્તિ નિકેતન આશ્રમ,*
*પો.બો. નં.-૧૯, પેટલાદ (દંતાલી),*
*જિલ્લો : આણંદ-૩૮૮ ૪૫૦.*

## એક કરામત – દિવસ અને રાત

**(અનુસંધાન : પાના નં.-૨૫ ઉપરથી ચાલુ)**

સુખ, ચર્ચા, વાદ-વિવાદ, વાંધા-વચકા, દલીલ, ઝઘડાને રાત પોતાના અંધકારમાં ઓગાળી નાખે છે. રાત માત્ર એક જ રંગને ઓળખે છે – કાળા રંગને. તમારી દિવસની રંગીન દુનિયા રાતે એકરંગી બની જાય છે – કાળા રંગની. ચંદ્રની શીતળતા અને તમારી નિષ્ક્રિયતા તમને ઠંડક આપે છે, તમે શાંત થઈ જાઓ છો. રાત એટલે ઘસઘસાટ ઊંઘ. રાત એટલે જાણે આપણું અલ્પ મૃત્યુ. રાતે આપણે લગભગ નિશ્ચેતન બની જઈએ છીએ. **રાત ખૂબ જરૂરી છે. રાત આપણને બીજા દિવસ માટે તૈયાર કરી દે છે.** દિવસે તમે તમારી જાતને અસ્તવ્યસ્ત કરવામાં મસ્ત રહો છો, તેને રાત વ્યવસ્થિત કરી દે છે. રાત પૂરી અને વાત પૂરી તેમ કહેવા કરતા રાત પૂરી અને વાત શરૂ એમ વધારે યોગ્ય લાગે છે.

દિવસનું આથમવું અને રાત પૂરી થવાનો સમય ખૂબ જ આહ્લાદક અને રંગીન હોય છે – એક છે સંધ્યા અને બીજું છે પરોઢ – બને તો બંનેને માણજો.

- **મિનીકટ :**

દિવસ-રાત આપણી સાથે દિવસ-રાત રહે છે.

*ઈ-૧, ગોયલ પ્લાઝા,*
*જજીસ બંગલો રોડ, વસ્ત્રાપુર,*
*અમદાવાદ-૧૫. મો. ૯૭૧૨૯ ૨૪૨૦૧*
**E-mail : grasshopper4201@gmail.com**

☺ *બીમાર રેશમાને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા તો ડૉક્ટરે તેના પતિને કહ્યું, "તમે તેને કોઈ હિલ સ્ટેશન પર ફરવા લઈ જાઓ."*

*ઘરે આવીને રેશમાએ અધીરાઈથી પતિને પૂછ્યું, "કોઈ હિલ સ્ટેશનની તપાસ કરી તમે?"*

*પતિએ જવાબ આપ્યો, "ના, હું બીજા ડૉક્ટરની તપાસ કરી રહ્યો છું."* ☺

neelam
STEEL CENTRE
G-75, Sarvoday Nagar,
1st Panjrapole Lane, C.P. Tank,
Mumbai-400 004.
**Tel. : 022-2242 0227 / 7128, 32428386**
**E-mail : neelamsteel@yahoo.com**

# મહાન બનતાં પહેલાં સાહસિક બનવું પડે

• રાજદીપ સરદેસાઈ •

*નરેન્દ્ર મોદી અને મહેન્દ્રસિંહ ધોની બંને પોતપોતાના ક્ષેત્રના મહારથી છે. આ બંને અત્યંત સામાન્ય પરિવારમાંથી આવ્યા હોવા છતાં આજે તેમણે ઈતિહાસમાં પોતાનું નામ સુવર્ણાક્ષરે કંડાર્યું છે. નાના શહેરોમાંથી આવતા અને મોટી હસ્તી બની જતા લોકોની આ યાત્રા અને તેમનામાં રહેલાં કશુંક કરી દેખાડવાનાં ઝનૂન વિશે લેખકે અહીં વાત કરી છે....*

એક નાના શહેરના છોકરાએ લંડનના ભદ્ર વિસ્તારમાં નિવાસની સાથોસાથ હાઈડ પાર્કમાં ઑફિસ લીધી અને ૭૭,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ આવક ધરાવતી કંપનીનું સુકાન સંભાળ્યું. અહીં વાત થઈ રહી છે ભંગાર વેચનારામાંથી વેદાંત રિસોર્સીસના અબજોપતિ વડા અનિલ અગ્રવાલની. તમારી સફળતાનો મંત્ર શું છે? આ પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું, **તમે નાના નગરમાં વસતા હો ત્યારે તમારામાં આપોઆપ કંઈ કરી દેખાડવાનું ઝનુન આવી જાય છે.**

અહીં તેમની જેમ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેનારા ટીમ ઇન્ડિયાના સુકાની મહેન્દ્રસિંહ ધોનીની વાત મારે માંડવી છે. ધોનીની કારકીર્દિનું મૂલ્યાંકન કરવાના અનેક માર્ગો છે. જેમાંથી સરળ રસ્તો તેની આંકડાકીય સિદ્ધિ તરફ નજર માંડવાનો છે. ભારતીય વિકેટકીપર તરીકે સૌથી વધુ કેચીસ, ભારતીય ટેસ્ટ ટીમના સુકાની તરીકે સૌથી વધારે રન, ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતને વિજયી બનાવાનારો સુકાની, વન-ડે (૫૦ ઓવરની) વર્લ્ડ કપમાં પણ ભારતને વિજેતા બનાવનારો સુકાની – આવી તો અનેક સિદ્ધિઓ ધોનીના નામે ઇતિહાસમાં અંકિત થઈ ગઈ છે. જોકે, ધોનીને ફક્ત આંકડાકીય રીતે મૂલવવો એ તેના પર અન્યાય ગણાશે. અનિલ અગ્રવાલની જેમ જ ધોનીની કહાણી પણ નોખી છે, અનોખી છે.

હા, ધોની પૂર્વે કપીલદેવની બોલબાલા હતી. 'હરિયાણા હરિકેન' તરીકે ઓળખાતા આ ઓલરાઉન્ડરે ૧૯૮૩માં ભારતને સૌપ્રથમ વખત વન-ડેની વિશ્વકપ સ્પર્ધાનું વિજેતાપદ અપાવ્યું હતું. તેનું વ્યક્તિત્વ પણ ચુંબકીય હતું. આવા ખેલાડીઓએ કરેલા પ્રયાસને કારણે જ હવે ટીમ ઈન્ડિયાને મેરઠથી માંડી રાજકોટ જેવાં નાનાં શહેરોમાંથી પ્રતિભાશાળી, ઊગતા અને આશાસ્પદ ક્રિકેટરો મળી રહ્યા છે.

- **રાજકારણમાં જેવું સ્થાન નરેન્દ્ર મોદીનું છે તેવું ક્રિકેટમાં ધોનીનું :**

એક રીતે જોઈએ તો રાજકારણમાં જેવું સ્થાન નરેન્દ્ર મોદીનું છે, તેવું ક્રિકેટમાં ધોનીનું છે. 'ખરેખરા ગેમચેન્જર' તરીકેનું મોદીનું વતન વડનગર તો રાંચી કરતાં પણ ઘણું નાનું નગર છે. રાંચી તો ઝારખંડની રાજધાની હોવાથી ત્યાં નીઓન લાઈટની ઝાકઝમાળ છે, પરંતુ વડનગર તો ધૂળિયું અને સૂમસામ એવું એક નાનકડું નગર છે. **આવા નાના કસબામાં સખત પરિશ્રમ કરી આ બંને મહાનુભાવોએ ઇતિહાસમાં પોતાનું નામ સુવર્ણાક્ષરે કંડાર્યું છે.**

ધોનીની સફળતાનું રહસ્ય એ છે કે તેણે **વિપરીત સંજોગોમાં સુધ્ધાં કદી પણ હિંમત હારી નથી.** તેને લગભગ તમામ મહાન ક્રિકેટરોએ 'કેપ્ટન કુલ'ની ઉપમા આપી છે, કેમ કે તેની વ્યૂહનીતિ અન્યોથી અલગ હોય છે. આવા આ ટીમ ઈન્ડિયાના સૌથી સફળ સુકાની - વિકેટકીપરને એક વખત જ્યારે એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો કે ભારતના અસલ વિકેટકીપર - બેટ્સમેન ફારોખ એન્જિનિયર વિશે તમારું શું માનવું છે, ત્યારે તેણે નિખાલસપણે જવાબ આપ્યો હતો કે મેં તેના વિશે કંઈ સાંભળ્યું નથી. દેખીતી રીતે તેને માટે ભૂતકાળ મહત્ત્વનો નહોતો અને આ કારણથી જ કદાચ તે એક નિર્ભય ક્રિકેટર બની શક્યો.

- **મોદી પાસે છે 'થ્રી-ડી બ્રહ્માસ્ત્ર':**

એ રીતે જોઈએ તો ધોની અમુક રીતે આપણા વડાપ્રધાન જેવો છે. મોદી પર એક સમયે કોંગ્રેસી નેતા જયરામ રમેશે એવો આક્ષેપ કર્યો હતો કે તેઓ બોડીલાઈન પોલિટિક્સ ખેલે છે. ગયા વર્ષની લોકસભા ચૂંટણીઓમાં મોદીએ ચૂંટણી પ્રચારના નિયમોને જ લગભગ બદલી નાખ્યા હતા. તેમના મંત્રમુગ્ધ કરનારાં ભાષણોને કારણે ભાજપે એકલા હાથે બહુમતી મેળવી અને સત્તા કબજે કરી. આવું જ કંઈક ધોનીનું છે. **ધોની 'હેલિકોપ્ટર શોટ' વડે ફટકાબાજી કરે છે, તો મોદી પાસે તેમનું 'થ્રી-ડી બ્રહ્માસ્ત્ર' છે.**

DEEP JYOT
DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

ધોની ક્રિકેટની તમામ પ્રકારની કે સ્વરૂપની એટલે કે વન-ડે અને ટી-૨૦ જેવી રમતોમાં કુશળ છે, **તો મોદી પણ વહીવટી તંત્રને લગતી નાની નાની બાબતો પર ધ્યાન આપી તેનો પોતાનાં ભાષણોમાં કુશળતાપૂર્વક ઉલ્લેખ કરે છે** અને તેમની આવી વાતો જ ઉચ્ચ કક્ષાથી માંડી નાનામાં નાના માણસને સ્પર્શી લેતી હોય છે.

- **ધોનીને જાહેરમાં વધુ બોલવાનું ફાવતું નથી :**

અલબત્ત, આ બંને ખેલંદાઓની કામ કરવાની પોતપોતાની આગવી પદ્ધતિ છે. ધોની કંઈ વડાપ્રધાન નરેન્દ્ર મોદી જેવો કુશળ વક્તા નથી. તે અંગ્રેજીના એક મહાવરા મુજબ 'એ મૅન ઑફ ફ્યુ વર્ડ્ઝ' છે. મોદી કેમેરાની સામે બરાબરના ખીલી ઊઠે છે, જ્યારે તેનાથી વિપરીત ધોનીને કેમેરાનો સામનો કરવાનો વખત આવે ત્યારે તે થોડો શરમાળ અથવા નર્વસ થયેલો જણાતો હોય છે. ધોનીને જાહેરમાં વધુ બોલવાનું ફાવતું નથી. હકીકતમાં તેને પ્રાઈવસી વધુ ગમે છે.

જોકે, ધોનીમાં ટીમનું નેતૃત્વ કરવાની ગજબની કુનેહ અને શક્તિ છે. તે પોતાની ટીમના સિનિયર અને વયમાં પોતાનાથી નાના સાથી ખેલાડીઓનો પ્રેરણાસ્રોત છે. **આ બંને પોતપોતાના ક્ષેત્રના કુશળ મહારથીઓ ગમે તેવા સંજોગો હોય તો પણ હિંમત હારતા નથી** અને ઘણી વખત તો પ્રતિકૂળ સંજોગોને પણ પોતાની આવડત અને બુદ્ધિ દ્વારા અનુકૂળતામાં ફેરવી નાખે છે.

ધોનીએ અનેક ટેસ્ટ મેચો, વન-ડે અને ટી-૨૦ રમતોમાં ટીમ જ્યારે મુશ્કેલીમાં મુકાઈ ગઈ હોય ત્યારે એકલે હાથે તેને સંકટમાંથી બહાર કાઢી છે. કંઈક આવું જ નરેન્દ્ર મોદીનું પણ છે, જેમણે લોકસભાની ચૂંટણીમાં પોતાના પક્ષ માટે ઝળહળતી સફળતા મેળવ્યા બાદ ઝારખંડ, મહારાષ્ટ્ર, હરિયાણા અને જમ્મુ-કાશ્મીર વિધાનસભાની ચૂંટણીઓમાં પણ પોતાના બાહોશ નેતૃત્વ દ્વારા લગભગ એકલે હાથે યશ મેળવ્યો છે.

ધોનીના નિખાલસપણાને કારણે જ તેમના સમર્થકો ચેન્નાઈ સુપરકિંગ્સ કેસમાં સોગંદ ખાઈને ખોટી જુબાની આપવાના તેમજ હિતોના ટકરાવના તેમના પર કરાયેલા આક્ષેપો છતાં ધોનીને સમર્થન આપતા આવ્યા છે. બીજી બાજુ ગુજરાતનાં ૨૦૦૨નાં રમખાણો દરમ્યાન પોતાની કામગીરીમાં નિષ્ફળ જવા બદલ પશ્ચાતાપ દર્શાવનારા મોદીને પણ તેમના ચાહકો અને પ્રશંસકોએ ખુલ્લા હૃદયે માફ કરી દીધા છે.

મેં એક વખત મારા સ્વર્ગસ્થ પિતાજી દિલીપ સરદેસાઈનો સાઠના દાયકામાં 'તેમની પેઢીના ધોની' તરીકે ઉલ્લેખ કર્યો હતો. મારગાંવ (ગોવા)માં જન્મેલા દિલીપ સરદેસાઈ ભારત વતી રમનારા ગોવાના આજ સુધીના એકમાત્ર ક્રિકેટર છે. મેં એક વખત તેમની ક્રિકેટમાં સફળતા વિશે સવાલ કર્યો, તો તેમણે જવાબ આપ્યો કે તમારામાં ધગશ હોય તો સફળતા આપોઆપ આવે છે.

***સૌજન્ય : 'કચ્છમિત્ર'***

*રંગરાજન (ડૉક્ટરને) : શું લાંબી જિંદગીનો કોઈ નુસખો છે?*
*ડૉક્ટર : લગ્ન કરી લો.*
*રંગરાજન : શું લગ્ન કરવાથી ઉંમર લાંબી થાય છે?*
*ડૉક્ટર : ના, પણ લાંબી જિંદગીનો વિચાર મનમાં નથી આવતો.*




*હિંમત રાખો... કંઈ નહીં થાય... તમે કાંઈ એવા લોકપ્રિય લાડીલા નથી કે તમને ભગવાન વહેલા બોલાવી લે... તમે તો બધે અળખામણા છો!! એટલે વાંધો નથી...*



*તમારી વાત જુદી છે... સોના ચાંદીના કિંમતી દાગીના ખરીદવા તમને પોસાય... અમારા જેવાને તો હવે તાંબા-પિત્તળ કે સ્ટેનલેસ સ્ટીલના દાગીના મળતા હોય તો લઈ શકાય તેમ નથી... અમારે તો પંદર રૂપિયે ડઝનવાળી કાચની બંગડી... કે દસ રૂપિયાવાળી મોતીની માળા લેવી સારી પડે!!!*



*હવે આ પોલીસ ડિપાર્ટમેન્ટ જાગૃત થાય અને ચોરીના બનાવો ઘટાડવા કઈ ચાંપતાં પગલાં લે તો સારું.... આપણે અહીં ધાડ પાડવા આવ્યાં તે પહેલાં જ કોઈ ઘરફોડુ ચોરી કરી... બધું જ સાફ કરી ગયા છે!!!*

*સુખી તે નથી જેની પાસે અધિક ધન હોય, સુખી તો તે છે જેની જરૂરિયાત સીમિત હોય.*

કસબ

# એક કરામત – દિવસ અને રાત

● મિતેષ એમ. સોલંકી ●

જીવનપર્યંત સાથ આપે તેવી વસ્તુઓ ખૂબ ઓછી હોય છે. તમે જાતે જ એક લિસ્ટ બનાવશો તો ખ્યાલ આવશે. મારા ધ્યાનમાં આવતી કેટલીક બાબતો, ઘટના કે વસ્તુઓ લઈએ તો આપણા શ્વાસ, આપણું શરીર, આપણું નામ, આપણો મૂળ સ્વભાવ જીવનપર્યંત આપણી સાથે રહે છે. આ દરેકનો અંત એક જ ઝાટકે, એક જ ક્ષણમાં આપણા મૃત્યુ સાથે આવે છે. આમાંથી એક પણ તમારો સાથ કોઈ રીતે છોડશે નહિ. આ દરેક બાબત તમારા અસ્તિત્વના પુરાવા સમાન છે અને તમારા વ્યક્તિત્વના ઓળખાણ આપતાં પરિબળો છે. આ ઉપરાંત એક બાબત એવી છે જે આપણી સાથે આજીવન સાથ નિભાવે છે – દિવસ અને રાત.

દિવસ અને રાત અનાદિકાળથી ચાલતું રહેતું એક ચક્ર છે જે આપણી પહેલા પણ હતું. આપણી સાથે પણ છે અને આપણા જતા રહ્યાં પછી પણ હશે. આપણે અલ્પજીવી છીએ તેથી દિવસ અને રાતનો સાથ આપણા જન્મથી મરણ સુધી રહે છે. જીવનમાં આપણે હંમેશાં બે વિકલ્પોમાંથી એકની પસંદગી સાથે જીવવા માટે ટેવાયેલા છીએ જેમકે સુખ અથવા દુઃખ, ચડતી અથવા પડતી, સફળતા અથવા નિષ્ફળતા, વિકાસ અથવા વિનાશ, શાંત અથવા ઉગ્ર, સારું અથવા ખરાબ, કાળું અથવા ધોળું, ચાલશે અથવા બિલકુલ નહિ ચાલે, પસંદ અથવા નાપસંદ, મિત્ર અથવા શત્રુ વગેરે. **તમે ધ્યાનથી આ જોડીઓને જોશો તો ખ્યાલ આવશે કે બંને વિકલ્પો તમારા માટે સમાન તક પૂરી પાડે છે.** બંને વિકલ્પો તમારા હાથમાં છે, તમારા નિયંત્રણમાં છે પરંતુ દિવસ અને રાત આપણા હાથમાં નથી, આપણા નિયંત્રણમાં નથી. તેમ છતાં બંનેની અગત્યતા આપણા જીવનમાં એક સમાન છે.

દિવસ એટલે શું? સૂર્યની હાજરી એટલે દિવસ. પ્રકાશ, ઊજાસ અને અજવાળાનો સમાનાર્થી એટલે દિવસ. દિવસ પ્રત્યે આપણે થોડો સકારાત્મક પક્ષપાત રાખીએ છીએ. દિવસ એટલે ઉષ્મા અને ઊર્જાનો જાણે પર્યાય. દિવસ એટલે જાણે આપણો નવો જન્મ થયો. જાગ્યા પહેલાની એક ક્ષણ પહેલા તમે હતા કે ન હતા તેનો ખ્યાલ પણ તમને નથી હોતો. પરંતુ સૂર્યનો પ્રકાશ જેવો તમારી આંખ પર પડે છે, આંખ અંજાઈ જાય છે અને તમે જાગી જાઓ છો. આ ક્ષણ એટલે આપણા દિવસની શરૂઆત - આપણો તાજો જન્મ. આંખ ખુલતાં જ બધું પ્રકાશમય થઈ જાય છે. વાહ! શું દિવસ છે!

**દિવસ એટલે મહેનત કરવાનો મોકો. સવારની આળસ ખંખેરીને મહેનતના મોજા પહેરવાની તક એટલે દિવસ.** રાત્રે જોયેલા સ્વપ્નો એટલે ધ્યેયનું સ્વરૂપ ધારણ કરી લે છે. મન, બુધ્ધિ અને શરીર એમ ત્રણેય માત્ર એક જ દિશામાં તાલમેલ સાથે દોડે એટલે દિવસ. દિવસ એટલે જાણે રાજા. જે પોતાના અજવાળામાં દરેકની ચમકને ઢાંકી દે. જેવી રીતે રાજા સામે કોઈના પ્રભાવની ચમક ટકતી નથી તેમ દિવસના અજવાળામાં કોઈની ચમક દેખાતી નથી. સૂર્યની ગરમી અને માણસની મહેનત જાણે સાથે મળીને ઊર્જા અને ઉષ્મા ઉત્પન્ન કરતા હોય છે. કદાચ એટલે જ જ્યારે આપણું કોઈ કામ થતું નથી ત્યારે આપણું મગજ તપી જાય છે. દિવસ એટલે ધમધમાટ.

દિવસની સામેના પલડામાં જોશો તો મળશે રાત. રાત એટલે શું? સૂર્યની ગેરહાજરી એટલે રાત. અહીં ચંદ્રની હાજરી એટલે રાત એમ ન કહી શકાય કારણકે ચંદ્ર સ્વયં પ્રકાશિત નથી અને વળી તેનો પ્રકાશ પણ ચંદ્રની કળા પ્રમાણે વધઘટ થાય છે. રાત એટલે જાણે અંધકારનો સમાનાર્થી. રાત પ્રત્યે આપણે કદાચ થોડા નકારાત્મક ભાવ ધરાવીએ છીએ. રાત એટલે જાણે સુસ્તીનો પર્યાય. રાત એટલે જાણે નિર્જીવતા. રાત એટલે કદાચ આપણું દૈનિક મૃત્યુ. રાતે સૂઈ ગયા પછી આપણે આપણા અસ્તિત્વથી પણ અજાણ બની જઈએ છીએ. **વિજ્ઞાને ગમે તેટલો વિકાસ કર્યો પરંતુ આજ સુધી આપણે ક્યારેય નથી જાણી શક્યા કે ઊંઘ ક્યારે આવી ગઈ.** સજાગ અને નિંદ્રાધીન વચ્ચેની આ ક્ષણ કોઈ હજુ સુધી નોંધી શક્યું નથી. લોકો જાગતા ઊંઘી શકે છે પરંતુ ઊંઘતા જાગી નથી શકતા. રાતનો અંધકાર તમારી આંખમાં ભરાય છે. આંખ ઘેરાય છે અને તમે સૂઈ જાઓ છો. આ ક્ષણ એટલે આપણી ઊંઘ, આપણી નિંદ્રા. આંખો બંધ થતાં બધું જ અંધકારમય અને ચારેબાજુ અંધારું છવાઈ જાય છે. વાહ! કેટલી સરસ રાત છે!

રાત એટલે આરામ. આખા દિવસનો થાક તમને મીઠી નિંદ્રા આપે છે. આપણે આરામની ઓઢણીમાં આથમી જઈએ છીએ. દિવસના વિચારેલા ધ્યેય રાતે ફરી સપના બનીને આવે છે, તમને આનંદ આપે છે, સફળતા તરફ વધારે અને વધારે જવાની તાલાવેલી આપે છે. રાત – મન અને શરીરની વચ્ચે જરૂરી હોય તેટલા જ સંબંધોને જાળવીને તમને સુવડાવી દે છે. તમારું શરીર "ઓટો પાઈલોટ"ની અવસ્થામાં કામ કરવા લાગે છે. દિવસની બધી જ તકલીફો, દુઃખ,

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૨ ઉપર)**

સંસાર ચક્ર

## મોંઘવારી, ગરીબી, બેકારીનો એકમાત્ર સચોટ (૧૦૦%) ઉકેલ :

# જન નિયંત્રણ

• લેખન સંક્ષેપન : વિનોદ બી. વામજા •

દુનિયામાં આપણો દેશ ક્ષેત્રફળની દૃષ્ટિએ સાતમા નંબરે છે અને વસતિમાં બીજા નંબરે. દુનિયાની કુલ જમીનનો ૨.૫% વિસ્તાર ભારત દેશ ધરાવે છે, પણ વસતિ ૧૮%. ૨૦૧૧ના વર્ષ પ્રમાણે આપણી વસતિ ૧૨૫ કરોડ છે અને ચીનની વસતિ ૧૩૦ કરોડ છે. પણ ચીન ભારત કરતાં ત્રણ ગણું મોટું છે. ઑસ્ટ્રેલિયા, કેનેડા, રશિયા જેવા મોટા દેશોની વસતિ ગીચતા ૩ થી ૮ વ્યક્તિ / ચો.કિ.મી. છે. (ભારતની વસતિ ગીચતા આ દેશો કરતાં ૪૦ ગણી વધુ છે.) અમેરિકા, બ્રાઝીલ, આર્જેન્ટીના, સુદાન, સ્વીડન જેવા સમૃધ્ધ દેશોની વસતિ ગીચતા ૧૫થી ૩૦ વ્યક્તિ પ્રતિ ચો.કિ.મી. છે. અમેરિકા જેવા સુપરપાવર દેશની વસતિ ૩૦ કરોડ છે, જ્યારે તેનો વિસ્તાર ભારત કરતાં ત્રણ ગણો મોટો છે. અમેરિકાની વસતિ ગીચતા આપણા કરતાં ૧૫માં ભાગની હોવા છતાં શક્તિશાળી છે. વસતિ વધારો ગર્વનો નહીં, શરમનો વિષય છે. યુરોપના દેશો જેવા કે ઇંગ્લેન્ડ, ફ્રાન્સ, જર્મની, ઇટાલી વગેરે સમૃધ્ધ દેશોની વસતિ ૫૦થી ૧૦૦ લોકો / ચો.કિ.મી. છે. ભારતની વસતિ ગીચતા ૩૭૦ વ્યક્તિ / ચો.કિ.મી. છે જ્યારે ચીનની ૧૩૦ વ્યક્તિ / ચો.કિ.મી. છે. એટલે કે સમૃધ્ધ દેશો કરતાં આપણા દેશની વસતિ ગીચતા ૧૦થી ૧૫ ગણી વધુ છે. (ખાસ નોંધ : ઉપરની માહિતી માટે કોઈપણ ઈન્ટરનેટ / જનરલ નોલેજના પુસ્તકમાં જોઈ શકો છો.)

હવે જરા વિચાર કરો કે આપણા ગામ કે શહેરની વસતિ જો અડધી થઈ જાય તો કોઈ ગરીબ હોય ખરા? **પણ જો વસતિ ૧૦માં ભાગની જ હોય તો ગરીબી કેવી ને વાત કેવી?** ઉલટાનું દરેક કુટુંબને બંગલા જેવા મકાનો, મોટર, સો - સો એકર જમીન બધું જ હોય! હા, આજે પણ ૧૦%ને તો આ બધું છે જ. પણ આપણે પહેલેથી સમૃધ્ધ દેશોની જેમ ધ્યાન રાખ્યું હોત અને ૯૦% વધારાની વસતિ જ ના હોત તો તેની પાછળ અબજો - ખર્વોનો ખર્ચ, કલ્યાણ યોજનાઓ, સબસીડી, મકાનો બનાવવા, રસ્તા, ગટરો, પાણી, વીજળી વગેરેનો વર્ષોથી થતો ખર્ચ, સમય, શક્તિ વગેરે કેટલું બચી જાત? ૯૦% વસતિને જીવાડવા પાછળનો બોજ સમય, શક્તિ, પૈસા, ઊર્જા વર્ષોથી વેડફાયા ન હોત **અને વાસ્તવવાદી - વૈજ્ઞાનિક અભિગમ અપનાવ્યો હોત તો ભારત આજે અમેરિકા કરતાંયે વધુ સમૃધ્ધ અને શક્તિશાળી હોત.**

આપણા દેશનો સૌથી વધુ ખર્ચ પેટ્રોલિયમ આયાતમાં થાય છે. આપણી જરૂરિયાતના ૭૦% થી ૭૫% ક્રુડ પેટ્રોલ - ડીઝલ મુસ્લિમ દેશોમાંથી મંગાવીએ છીએ. ભારતમાં ૨૫% થી ૩૦% જેટલા પેટ્રોલિયમનું ઉત્પાદન થાય છે. જરા વિચાર કરો કે, આપણી વસતિ બીજાની જેમ ૧૦માં ભાગની જ હોત તો બહારથી એક રૂપિયાનું પણ પેટ્રોલિયમ મંગાવવું ન પડત. એટલું જ નહિ, પણ માથાદીઠ વપરાશ બે ગણો વધુ મળત. મોંઘવારી વધવાનું એક મોટું કારણ પેટ્રોલિયમના ભાવ વધારાનું છે, જે વસતિને કારણે છે. દર વર્ષે અબજો ડોલરનો ખર્ચ થાય છે. આ ઉપરાંત વર્ષોથી આપણે ઈમારતી લાકડા, ખાદ્યતેલો (પામોલીન વગેરે), દવાઓ, શસ્ત્રો અને અનેક પ્રકારના સાધનો આયાત કરીએ છીએ. પણ વસતિ જો ૧૦%માં જ સીમિત હોત તો આ બધો ખર્ચ બચી જાત. એટલી વસતિને તો મગફળીનું તેલ પણ વધી પડત અને ફર્નીચરમાં આપણા લાકડા પણ પૂરતા થઈ પડત.

યુરોપ - અમેરિકાની જેમ વસતિ વર્ષોથી સીમિત હોત તો ૯૦% વસતિ પાછળ વેડફાતા નાણાં, સમય અને શક્તિને વિકાસ અને વિજ્ઞાનની શોધખોળ પાછળ વાપર્યા હોય તો આજે ભારત દુનિયાનો સૌથી સમૃધ્ધ દેશ હોત. પણ આજે ભારત માનવસૂચક આંક એટલે કે જીવન ધોરણમાં ખૂબ પાછળ છે. ભારતની માથાદીઠ આવક, પ્રાથમિક જરૂરિયાતો (મકાન, સંડાસ વગેરે), આરોગ્ય, શિક્ષણ, બૌધ્ધિકતા, વૈચારિકતામાં ૨૦૦ દેશોમાંથી ભારત ૧૪૦મા નંબર પર છે. જો કે આજે સૈન્ય, મિસાઈલ, મોબાઈલ, ઉપગ્રહ, ટેકનોલોજી, અનાજ ઉત્પાદન વગેરેમાં તો ટોપ ટેનમાં જ છે પણ અનેક ક્ષેત્રોમાં તે ૧૫૦માં ક્રમે છે. આજે સ્કૂલ, કોલેજ, હોસ્પિટલ, ડૉક્ટરો વગેરેની ઘટ રહે છે, તે ના હોત. આજે જેટલી છે તેનાથી અડધીયે શાળા, કોલેજ, હોસ્પિટલ વધી પડત. **છતાં શિક્ષણ અને આરોગ્ય ઊંચું હોત. તો સાચા અર્થમાં આપણે વિશ્વમાં ગૌરવથી માથું ઊંચું કરી શક્યા હોત.** આજે પણ દંભથી કરીએ છીએ ત્યારે દુનિયા હસે છે. કારણકે તે આપણી વાસ્તવિક્તા જાણે છે.

યુરોપ, અમેરિકા જેવા સમૃધ્ધ દેશોમાં ૨૪ કલાક શુધ્ધ પાણી મળે છે. સારામાં સારા રસ્તાઓ, હોસ્પિટલો, સ્કૂલ - કોલેજો તથા ફરવાલાયક સ્થળો છે. શિક્ષણનો દર ૯૮% થી ૧૦૦% છે. ઘર જેવી ચોખ્ખાઈ જાહેરમાં છે. શુધ્ધ અને ઊંચી જાતના ખોરાક - ફળો મળે છે. તેઓ સારું આરોગ્ય, ઊંચું જીવનધોરણ અને વધુ આયુષ્ય ધરાવે છે. ત્યાં અકસ્માત અને ક્રાઈમ રેટ શૂન્ય જેવો

*જીવનમાં સંઘર્ષનું પરિણામ જરૂર મળે છે.*

છે. મારી વાત પર વિશ્વાસ ન આવતો હોય તો આ સમૃધ્ધ દેશોનો પ્રવાસ કરો. વિદેશમાં રહેતા સગા-સંબંધીઓ પાસેથી જાણો અથવા સચ્ચિદાનંદજીના વિદેશ પ્રવાસના પુસ્તકો વાંચો. હવે ભારતની વાત કરીએ તો નળમાં અડધાથી એક કલાક પાણી મળે છે, તે પણ શુધ્ધ નહિ. ઉનાળામાં તો ૧૦થી ૧૫ દિવસે એક વખત પાણી મળે. આ વાત વિદેશીઓને ખબર પડે તો તેઓને થાય કે, આમાં લોકો કેવી રીતે જીવી શકે? જોકે ઘણાંને ખબર છે, તેથી આપણે મોટા ફડાકા મારીએ, **પ્રાથમિક સુવિધાઓને બદલે કરોડોના ખર્ચે મંદિર બાંધીએ ત્યારે વિદેશીઓ હસે છે,** પણ મનમાં, જેથી આપણને ખોટું ના લાગે. આ સૌમ્ય પ્રજા છે. ૩૦% લોકોને પાકા મકાનો નથી, ઝુંપડાઓ છે. ૪૦% લોકોને સંડાસ નથી. દેશના ૪૦% ગામડામાં હજુ વીજળી પહોંચી નથી (આમાં ગુજરાત અપવાદ છે), શિક્ષણ ૪૦% નથી. શાળાઓ, સરકારી હોસ્પિટલોમાં પૂરતી સુવિધાઓ નથી, ગંદકીનો પાર નથી. ગુનાખોરી, અકસ્માતો, ટ્રાફિક, પ્રદૂષણ, ભેળસેળ, પાણીની તંગી, કુપોષણ, ભૂખમરામાં આપણે આગળ છીએ. **"હમ મહાન હૈ, હમારી સંસ્કૃતિ મહાન હૈ, હમ ૨૧મી સદીમેં જગત કા નેતૃત્વ કરેંગે" વગેરે કહેનારા આપણા દુશ્મનો છે, આપણે ગેરમાર્ગે દોરનારા છે.**

એવું નથી કે સંતતિ નિયમનથી દેશને જ ફાયદો થાય છે. પરંતુ પહેલો જ ફાયદો સંતતિ નિયમન કરનારને થાય છે. બે બાળક ધરાવનાર અને પાંચ-છ બાળકો ધરાવનારના ઘર જોશો તો જણાશે કે કોણ વધુ સુખી છે? એક બાળકના ઉછેરનો દૈનિક ખર્ચ માત્ર રૂા. ૫૦/- ગણો તો દરરોજ રૂા. ૫૦/- બેંકમાં જમા કરતા જાવ તો વ્યાજ સાથે ૨૦ વર્ષે રૂા. દસ લાખ થાય. વળી તે ખર્ચ મોંઘવારી વધતા વધતો રહે છે તે જુદો. ઓછા સંતાન - ઓછો સંતાપ. બાળકો ઓછા હોય તે કુટુંબને આર્થિક ભીંસ ઓછી હોય અને કુટુંબ કલેશ પણ ના હોય. જેથી સ્વાભાવિક જ તેનો વિકાસ અને પ્રગતિ થાય છે.

આપણો દેશ લોકશાહીવાળો દેશ છે. લોકોની સ્વતંત્રતા પર તરાપ ન મારી શકીએ. આપણે ફરજિયાત વસતિ નિયંત્રણનો કાયદો ન કરી શકીએ, આવી વાતો ખોખલી જ નહિ ખોટી પણ છે. આપણે ત્યાં દારૂબંધી છે, જુગારબંધી છે, ગૌહત્યા પ્રતિબંધ છે, સ્ત્રીભ્રૂણ હત્યા વિરોધી કાયદો છે. તો શું આ કાયદાઓથી આપણી લોકશાહી, સ્વતંત્રતા નથી જોખમાતી? ઉપરના કાયદાઓ તો માત્ર અમુક ટકા લોકોને જ અસર કરે છે. પણ સમગ્ર દેશના જનજીવન અને જરૂરિયાતો, સમસ્યા અને યાતનાઓ સાથે જોડાયેલા વસતિ વિસ્ફોટને અટકાવવા શા માટે કાયદો નહિ? આ કાયદાનો સંપૂર્ણ ફાયદો લોકો માટે છે. લોકો અજ્ઞાન હોય, ધર્મચુસ્ત હોય, સંકુચિત હોય, નારાજ થશે, મત નહિ આપે, તેવા કારણોથી કાયદો ન કરવો એ મહાઅનર્થ ગણાશે. વસતિ ગણી વધી ચૂકી છે અને વધતી રહેશે તો સમસ્યા અતિ વિકરાળ બનતી જશે.

આપણા દેશમાં દર વર્ષે ઑસ્ટ્રેલિયા દેશ જેટલી વસતિ ઉમેરાય છે. જે દેશ પણ આપણા કરતાં ત્રણ ગણો મોટો છે. માટે દેશમાં દર વર્ષે લાખો એકર જમીનો મકાનો, ગટરો, વીજળી, શાળાઓ, બેંકો, હોસ્પિટલો માટે વપરાશમાં લેવી પડે છે. પછી નવી વૈજ્ઞાનિક શોધો, નવા શસ્ત્રો, ઊંચા બાંધકામો, બુલેટ ટ્રેનો, ઍરોડ્રામો માટે જરૂરી નાણાં શક્તિ રહેતી નથી. જે કાંઈ પ્રગતિ કરવામાં આવે છે તે લોકોની પ્રાથમિક જરૂરિયાતને અવગણીને થાય છે. એટલે જ આજે દેશમાં ૩૦થી ૪૦ કરોડ લોકો ગરીબી રેખા નીચે જીવે છે. દુનિયામાં સૌથી મોટી અને વધુ ઝુંપડપટ્ટીઓ ભારતમાં છે. દેશના ૪૦ ટકા લોકોને સંડાસની વ્યવસ્થા ન હોય તો તેઓને બીજી કઈ સુવિધા હશે? આજે દેશમાં વર્ષે લાખો બાળકો - લોકો કુપોષણ અને ભૂખમરાને કારણે મૃત્યુ પામે છે. "દાંત આપ્યા તેને ચાવવાનું આપશે, ભગવાન કોઈને ભૂખ્યો સુવાડતો નથી." એ બધી વાતો લોકોને મૂર્ખ બનાવવાની વાતો છે. દેશના દૂરદરાજના ગામડાઓમાં જાઓ તો ખબર પડે કે લોકો કેવી રીતે જીવે છે? વાસ્તવિક્તા એ છે કે, કેટલાક મોટા લોકનાયકો દેશના પ્રાણપ્રશ્નોની ઉપેક્ષા કરાવે છે અને માત્ર પોતાનો ટૂંકો સ્વાર્થ સાધવા પ્રજાનું ભવિષ્ય સુધારવાને બદલે પ્રજાને ગેરમાર્ગે દોરતાં રહે છે.

મારા પરદાદા પાસે ૩૦૦ વીઘા જમીન અને ૩૦૦ વારમાં મકાન હતા. આજે મારી પાસે ૩ વીઘા જમીન અને ભાડે રહું છું. મારી સાથેના મારા મોટા ભાગના કઝીન ભાઈઓની સ્થિતિ આવી જ છે. અપવાદ બાદ કરતાં આવી કેફિયત ઘણાંની છે. આપણે જાણીએ છીએ કે વસતિ વધે છે, જમીન વધતી નથી એ નક્કર સત્ય છે. હા, વસતિ વધતા ખેતીલાયક જમીન ઘટતી જાય છે. નવી નવી સોસાયટીઓ બાંધવા, રસ્તાઓ કરવા ઘણી વખત ફળદ્રુપ જમીનનો પણ ભોગ લેવાય છે. ૧૦૦ વર્ષ પહેલા અમદાવાદની વસતિ ૧.૫ લાખ અને વિસ્તાર સીમિત હતો. આજે તેની આસપાસના ૩૦ ગામો અને તેની વચ્ચેની જમીનોને અમદાવાદમાં સમાવી લેવામાં આવી છે. જે જમીનમાં પહેલા ખેતી થતી હતી, આજે ત્યાં વસતિ વિસ્ફોટને સમાવવા સિમેન્ટ કોંક્રીટના જંગલો ઊભા છે.

**આપણા દેશમાં વર્ષોથી વિદેશીઓની ઘૂસણખોરી થઈ રહી છે. લાખોની**

AMBA
SHIPPING AGENCIES
CLEARING FORWARDING & SHIPPING AGENTS
HIRALAL DAGHA
401, Rajgor Chambers, 99, Masjid Siding Road, Near Masjid Station (E), Mumbai-400 009. E-mail : ambashipage@rediffmail.com
Cell : 98210 69299 Tel. : 23772744 Telefax : 23710875 Resi. : 24097776

**સંખ્યામાં બાંગ્લાદેશીઓ અને હજારોમાં પાકિસ્તાનીઓ ભારતમાં ગેરકાયદેસર રહેતા આવ્યા છે.** આપણા પેટનું પાણીયે હલતું નથી. બધા વિચારે છે કે, આપણે શું? આપણે ક્યાં ખાવાનું આપવું છે? પણ જયારે લોકો જાણશે કે વસતિ વધારાથી દેશને ભયંકર નુકસાન થઈ રહ્યું છે, પ્રત્યેક નાગરિકને તેની માઠી અસર સીધી કે આડકતરી રીતે થઈ રહી છે, ત્યારે માત્ર પેટ નહિ પણ પૂરો પોતે હલબલી જશે. પછી જ તેને પહોંચી વળવાના પ્રયત્નો થશે. **પણ આપણે ત્યાં સરકાર તો ઠીક, પ્રચાર માધ્યમો, સામાજિક સંસ્થાઓ (NGO) આ મુદ્દો હળવાશથી પણ લેતા નથી,** કોઈ ચર્ચા જ થતી નથી. ખરેખર તો આ રાષ્ટ્રનો પ્રાણપ્રશ્ન હોવો જોઈએ અને તેની ચર્ચા, લોકજાગૃતિ માટે હંમેશાં થતી રહેવી જોઈએ. સરકાર ઊંઘતી હોય તો પણ જગાડવી જોઈએ. કારણકે બીજાનો વસતિ વધારો પોતાને પણ અસર કરતો જ હોય છે. દા.ત. ટ્રાફિક, મોંઘવારી, ગંદકી, રોગચાળો, ભેળસેળ વગેરે.

ઈસુ ખ્રિસ્તના જન્મ સમયે વિશ્વની વસતિ ૧૦ કરોડ હતી. તેના પહેલાં પણ હજારો વર્ષ સુધી માનવ વસતિ સ્થિર હતી. કારણકે જન નિયંત્રણ કુદરતી રીતે થતું હતું. પ્લેગ, શીતળા, મેલેરિયા જેવા આજે સામાન્ય લાગતા રોગોથી ગામના ગામ સાફ થઈ જતા હતાં. જળ પ્રલય, વાવાઝોડા, ધરતીકંપ, યુધ્ધો, દુષ્કાળમાં માણસો ભૂખે મરી જતાં. સગી જનેતાની સામે બાળકો અનાજ - પાણી માટે ટળવળતાં. પણ બીજા નજીકના પ્રદેશમાં અનાજ વધારે હોવા છતાં લાવી શકાતું નહિ કારણકે બળદ-ગાડાથી કેટલું અંતર કાપી શકાય અને પરત ક્યારે આવી શકાય? બધું કામ માણસોથી થતું. આજે રેલવે, સ્ટીમરો દ્વારા વિદેશથી પણ અનાજ લાવી શકાય છે, પાણી સંગ્રહી શકાય છે. ત્યારે યંત્રો - વાહનો ન હતાં. તે સમયમાં યુદ્ધમાં પણ માણસોની ખૂબ જરૂર પડતી, એટલે તે સમયના ધર્મો વસતિ વધારા માટે પ્રોત્સાહન આપતા રહેતાં. તે આધારે આજે ઘણાં એમ કહે છે કે, કુટુંબ નિયોજન કરાવવાનું અમારા ધર્મમાં નથી. પણ ક્યાંથી હોય? ત્યારે જરૂર જ ન હતી, માટે ધર્મમાં ન જ હોયને. ધર્મમાં મોટર, ગાડી, બાઈક, યંત્રો, કોમ્પ્યુટર, મોબાઈલ પણ ક્યાં છે? છતાં આજે બધાં કેમ સ્વીકારે છે? જે લોકો એમ કહે, કે વસતિ નિયંત્રણ અમારા ધર્મમાં નથી, તેમણે કોઈપણ પ્રકારના રોગોમાં દવાઓ લેવી જોઈએ નહિ, સિમેન્ટ કોંક્રીટના પાકા મકાનમાં રહેવું જોઈએ નહિ, દુષ્કાળમાં ભૂખે મરવું જોઈએ. હૃદયરોગ, કેન્સર, સારણગાંઠ જેવા કોઈપણ ઑપરેશનો કરાવવા જોઈએ નહિ. કારણકે તે ધર્મમાં નથી માટે વસતિનું નિયંત્રણ પણ કુદરતી રીતે થવા દેવું જોઈએ.

ભારતમાં વસતિ વધારાનો દર આ પ્રમાણે છે. ઉતરતા ક્રમે : મુસ્લિમ, ખ્રિસ્તી, હિંદુ, જૈન, શીખ, પારસી. આમ સૌથી વધુ વસતિ વધારો મુસ્લિમોમાં છે અને સૌથી ઓછો શીખમાં છે. પણ પારસીઓની વસતિ ઘટી રહી છે. આપણો દેશ ગરમ પ્રદેશ હોવાથી વસતિ તો વધે જ, એ બચાવ ખોટો છે. એક જ દેશમાં રહેનારા જુદા જુદા ધર્મના લોકોની વસતિ વૃધ્ધિ જુદી જુદી છે, પારસીઓ ઘટી રહ્યાં છે. હિંદુઓમાં શિક્ષણ - સમજણ વધારે છે અને ધાર્મિકતા ઓછી છે તેથી વગર કાયદાએ તેઓ સંતતિ નિયંત્રણ કરે જ છે. તે સમજદારી મુસ્લિમો કેળવતા નથી. કાયદો ન થાય તો વસતિ સમતુલા જોખમાશે. તે તો પછીની વાત છે પણ પછાત વર્ગ અને મુસ્લિમોની ગરીબી, બેકારીની સમસ્યા માટે જવાબદાર કોણ? અલબત્ત આગળની સરકારો જ. તેઓએ વસતિ નિયંત્રણના કાયદા કર્યા નહિ, માત્ર સત્તા અને મત માટે જ. એક માત્ર સંજય ગાંધી દૂરદૃષ્ટા હતા. જનરલ નોલેજની બુકમાં જોશો તો ખ્યાલ આવશે કે દુનિયાના ૫૦ મુસ્લિમ દેશોની વસતિ ગીચતા (પ્રતિ ચો.કિ.મી.) ભારત કરતાં ક્યાંય ઓછી છે (અપવાદ બાંગ્લાદેશ). બાંગ્લાદેશ (૧૦૫૦), ભારત (૩૭૦), પાકિસ્તાન (૨૩૫), ઈન્ડોનેશિયા (૧૩૨), ઈરાન (૪૨), અફઘાનિસ્તાન (૪૬), સાઉદી અરેબિયા (૧૨), તુર્કી (૯૫), ઈજિપ્ત (૭૪), સુદાન (૧૪), અલ્જીરિયા (૧૭), લિબિયા (૫). દુનિયાની સરેરાશ ૫૦ છે.

લોકશાહી માળખામાં પણ વસતિ નિયંત્રણ શક્ય છે. જેમ કે ૧ બાળક પછી કુટુંબ નિયોજન કરાવનાર દંપતિને ૬૦ વર્ષ પછી રૂા. ૮,૦૦૦/- પેન્શન, બે બાળકવાળા દંપતિને રૂા. ૫,૦૦૦/- પેન્શન, ૩થી વધુ બાળક કરનાર દંપતિને રેશનિંગ, ગેસના બાટલાની સબસીડી, અન્ય સરકારી સહાય બંધ કરી શકાય. તો જ વસતિ ઝડપથી કંટ્રોલમાં આવે. પણ માણસ દીઠ રેશનિંગ અનાજ - ખાંડ આપવું તે વસતિ વધારાને સીધું પ્રોત્સાહન જ ગણાય. જે કુટુંબદીઠ હોવું જોઈએ. મેં ઘણાં મુસ્લિમો અને પછાત વર્ગના ગરીબ લોકોને એમ કહેતાં સાંભળ્યા છે કે, સરકાર અમારા માટે કાંઈ કરતી નથી, અનાજ - મકાન આપતી નથી. પણ જો તેઓ પાંચ - પાંચ કે દસ દસ બાળકો પેદા કર્યે રાખશે તો સરકારની ગમે તેટલી મદદ હોય તો પણ ગરીબી દૂર નહિ થાય. ઉપરથી અલ્લાહ - ઈશ્વર આવે તો પણ તેમની સમસ્યા દૂર થાય નહિ કારણકે પોતાની રીતે અથવા કુદરતી રીતે વસતિ નિયંત્રણ કરવું જ પડે. આજે પરિણામ પણ એ જ છે કે સરકાર ઘણી મદદ કરે છે છતાં તેઓ

MILAN® MASALA

**K. K. MASALAWALA**
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

ગરીબીમાં જ સબડે છે. જે તત્ત્વો વસતિ વધારાને પ્રોત્સાહન આપે છે, તેને આવનાર બાળકોના પોષણ, શિક્ષણ, રોજીરોટીની તો કંઈ પડી જ નથી.

આઝાદી વખતે ૩૩ કરોડ જનતા માટે અનાજ પૂરતું ન હતું. આજે ૧૨૫ કરોડ જનતાને અનાજ મળે છે. તે કોઈ યોગીઓના ચમત્કારને કારણે નહિ, કોઈ ધર્મગુરૂ કે મહાત્માના આશીર્વાદના કારણે પણ નહિ પણ ખેતી ક્ષેત્રે થતી સિંચાઈ, ડેમ, ચેકડેમો, સુધારેલા બિયારણો, દવાઓ, એન્જિનો, વીજળી મોટરો વગેરે દ્વારા વૈજ્ઞાનિક ઢબે થતી ખેતીના કારણે અનાજ ઉત્પાદન વધ્યું છે. પણ હવે વધુ વધી શકે તેમ નથી. તેની પણ એક લિમિટ હોય છે. પહેલાં કૂવાના પાણી પૂરતા હતા, અત્યારે સેંકડો ફૂટ ઊંડે પણ પાણી મળતા નથી અને મળે તો તે ક્ષારવાળા હોય છે, જે જમીનને બગાડી નાંખે છે. આટલી ઊર્જા અને ખેડૂતો - મજૂરોની કારમી મહેનતથી ઉત્પન્ન થતું અનાજ સરકારી ગોડાઉનમાં સડી જાય તે માત્ર પૈસાથી ભરપાઈ થઈ શકે નહિ. તેની સાથે કિંમતી ઉર્જા અને કરોડો લોકોની મહેનત પણ પાણીમાં જાય છે અને અનાજ મોંઘું થાય છે, તે જુદુ! મોંઘવારીનું મુખ્ય કારણ અનાજ - શાકભાજીના ઉત્પાદન કરતાં ખાવાવાળા વધારે હોય, તે છે. પુરવઠા કરતાં માંગ વધે એટલે ભાવ વધે એ સીધો નિયમ છે.

દુનિયાના દેશોમાં નજર કરીએ તો સરેરાશ આટલું તારણ થઈ શકે કે, ધાર્મિક દેશોમાં વસતિ ગીચતા ખૂબ જ વધારે છે અને તેને કારણે ગરીબી, બેકારી, મોંઘવારી, ગંદકી, ટ્રાફિક જેવી અનેક જટીલ સમસ્યાઓ છે. આ દેશો ભગવાનને ખૂબ યાદ કરતા હોવા છતાં તેના પર કૃપા થતી નથી, પણ અવકૃપા ઘણી થાય છે. અર્થાત્ કુદરતને વસતિ વિસ્ફોટ પસંદ નથી. આપણે વાસ્તવવાદી નથી. આપણે આપણી તમામ સમસ્યાઓનું સમાધાન ધર્મમાંથી શોધવાનો પ્રયત્ન કરીએ છીએ અને વાસ્તવિક્તાની સદંતર ઉપેક્ષા જ કરીએ છીએ. આજે પણ આપણા નેતાઓ, ધર્મગુરૂઓ, ટી.વી. ચેનલો, અખબારો, મેગેઝિનો વસતિ નિયંત્રણની વાત કરતાં નથી. વસતિ વિસ્ફોટ મહાભયંકર સમસ્યા હોવા છતાં નજરઅંદાજ કરતા રહીએ છીએ.

એક અંદાજ પ્રમાણે આજથી ૨૦૦૦ વર્ષ પહેલાં (ઇ.સ. ૦૦) દુનિયાની કુલ વસતિ ૧૦ કરોડ હતી. ૨૦૦ વર્ષ પહેલા (ઇ.સ. ૧૮૦૦)માં ૧ અબજ થઈ. ઇ.સ. ૧૯૭૫માં ૫ અબજ થઈ, આજે ઇ.સ. ૨૦૧૧માં ૭ અબજ થઈ ગઈ. (૧ અબજ = ૧૦૦ કરોડ). આમાં શું કરે માંગ અને પુરવઠો? મોંઘવારી ન વધે તો જ નવાઈ. વસતિ પૂરા વિશ્વની વધી રહી છે. પર્યાવરણ જેવી સમસ્યાઓ પણ વૈશ્વિક છે. માટે જો પૃથ્વી બચાવવી હોય તો યુનો, અમેરિકા, રશિયા, ચીન અને યુરોપિયન રાષ્ટ્રોએ ગરીબ રાષ્ટ્રો પર વસતિ નિયંત્રણ માટે દબાણ કરવું જોઈએ. પણ તેવું કેમ નથી થતું, તે સમજી શકાતું નથી. વર્લ્ડ વાઈલ્ડ લાઈફ ફંડ (ઓક્ટોબર-૨૦૧૪)નો અભ્યાસ છે કે જગતમાં છેલ્લા ૪૦ વર્ષોમાં ૫૨% (અડધા) વન્ય જીવો નાશ પામ્યા છે અને અત્યાર સુધી લગભગ ૩૦% જેટલી પ્રજાતિ નાશ પામી છે. અલબત્ત માનવ વસતિ વધારાના પાપે જ.

ચીને ૧૯૮૦-૯૦ના દસકાથી એક સંતાન (શહેરી વિસ્તાર), બે સંતાન (ગ્રામ્ય વિસ્તાર)નો સખત કાયદો કર્યો. કોઈપણ યુગલને બીજા કે ત્રીજા બાળકને જન્મ આપવા માટે સરકારી પરવાનગી લેવી પડે. મોટેભાગે ખાસ કારણો વગર વધારાના બાળક માટે ચીન સરકાર અનુમતિ આપતી નથી. તેમ છતાં વગર પરવાનગીએ કોઈ વધારાનું બાળક જન્માવે તો આકરો દંડ થાય. તમામ સરકારી સુવિધાઓ બંધ થાય. તે બાદ મકાનને વીજળી, પાણી કનેક્શન કાપી નાખવામાં આવે છે અને જેલ પણ થાય છે. આવા આકરા કાયદાઓ છે. જ્યારે આપણે તેના કરતાં ત્રણ ગણી વસતિ ગીચતા હોવા છતાં કોઈ સામાન્ય કાયદો પણ નથી! તેની કોઈ ચર્ચા પણ થતી નથી! તેમ છતાં ચીનમાં વસતિ ઝડપથી ઘટતી નથી કારણકે તેઓના સુખી જીવનને કારણે આયુષ્ય ખૂબ જ વધ્યું છે. આપણા દેશમાં પણ આયુષ્ય ઘણું વધ્યું છે માટે વસતિ નિયંત્રણ ખૂબ જ જરૂરી છે. બે બાળક સુધીનો કાયદો કરાય તો પણ વસતિ સ્થિર રહેશે. સમસ્યાઓ ઘટાડવી હોય તો એક બાળકનો કાયદો કરવો પડે. લોકશાહી છે તો પણ "ત્રણ/ચાર બાળકોથી વધુ નહિ" કાયદો તત્કાળ કરવો જ પડે તેમ છે. નહિતર લોકોની સમસ્યાઓ ભયંકર થઈ જશે. તેમાં પણ જો દુષ્કાળ પડે તો હારાકીરી થઈ જશે. આજે આવો કાયદો થાય તો ૮૦% લોકો આવકારશે. માત્ર ૨૦% ગરીબ, પછાત અને અજ્ઞાની - સ્વાર્થી લોકો જ વિરોધ કરશે. મારા માનવા પ્રમાણે આ કાયદો જે સરકાર કરશે તે ભવિષ્યની સૌથી લોકપ્રિય સરકાર હશે. વિરોધ કરનારા વિપક્ષો કે પ્રજાનું હિત અવગણનારા ખુલ્લા પડી જશે. શરત એટલી જ કે, આ કાયદાનો સૌથી વધુ ફાયદો લોકોને જ છે, તે વાત સરકારે, અખબારોએ અને ટી.વી. મીડિયાએ લોકોને સમજાવવી પડશે.

પૂર્વે કહ્યું તેમ શિક્ષિત લોકોને એક-બે સંતાનો છે પણ જે ગરીબ છે, અજ્ઞાની અને પછાત છે, જેને રહેવા મકાન નથી, આવક નથી, તેઓ કાંઈ વિચારતા નથી અને વધુ સંતાનો પેદા કર્યે જાય છે. તેઓની ટૂંકી સમજણ એ હોય છે કે, વધુ સંતાન હશે

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ
હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા
લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી
એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨
E-mail : kaykay_industries@yahoo.com

તો વધુ મજૂરી મળશે, વધુ રાશન આવશે. જે લોકો પોતાના બાળકોને વેઠ કરાવી કમાણીનું સાધન બનાવતા હોય તેના માટે સરકારી કાયદો હોવો જ જોઈએ. ૧૪ વર્ષ નીચેના બાળકો મજૂરી ન કરી શકે તેવો વૈશ્વિક કાયદાનો સખત અમલ કરવો જોઈએ. બાકી તો બધા શિક્ષિત થશે અને સમજશે ત્યારે દેશની વસતિ ૨૦૦-૨૫૦ કરોડ થઈ જશે. પછી આ બધી સમસ્યાઓ બેકાબૂ બની જશે. કેટલાક દલીલ કરે છે કે ગરીબોનું આ મનોરંજનનું સાધન છે. વસતિ વધારે એ દેશદ્રોહી, કાયદાનો બચાવ કરે તે ત્રાસવાદી છે. પણ ભાઈ, કુટુંબ નિયોજનના ઑપરેશન પછી સેક્સનો આનંદ અને તંદુરસ્તી ઘટતી નથી પણ વધે છે. સરકારે તો ભિખારીઓ, ઝુંપડપટ્ટીના રહીશો, માનસિક વિકલાંગ, અંધજનો અને વિદેશીઓ (ઘૂસણખોરી કરેલ બાંગ્લાદેશીઓ) વગેરેના એક બાળક પછી ફરજિયાત ઑપરેશન કરી નાખવા જોઈએ. જો કે આપણા દેશમાં કેટલાક સ્વાર્થી - લેભાગુ તત્ત્વો માનવ અધિકારને નામે વિરોધ કરશે પણ તેઓ કોઈ બાળકોના અધિકારોનું કદી વિચારી શકતા નથી. ગરીબી, બેકારી, મોંઘવારીની તેઓને કાંઈ પડી હોતી નથી.

એક અંદાજ પ્રમાણે બે બાળકો માટે ૨૫ વર્ષ દરમ્યાન જેટલો ખર્ચ થાય છે તેટલો ખર્ચ એક દંપતીને ઘડપણમાં થતો નથી. વળી છોકરાઓ મોટા થઈને લગ્ન કરીને સાચવે તેની કોઈ ગેરંટી નથી. બાળકો પેદા કરવા સહેલા છે, ઉછેરવા અઘરા છે. કહેવાય છે કે, પાણા પકાવવા જેટલું અઘરું કામ છે, છતાં આપણે વધુ બાળકો જન્માવીને હાથે કરીને જાતે લીધેલી ઉપાધિ છે. કોઈ આપણને દબાણ કરતા નથી કે સમ દેતા નથી. એક મધ્યમ વર્ગ કુટુંબને આટલી મોંઘવારીના જમાનામાં ૪-૫ બાળકો હોય તો ભણાવવામાં દમ નીકળી જાય. એક તબક્કે એક પછી એક લગ્ન આવતા રહે અને ભેગી થયેલ બચત સફાચટ થઈ જાય. સગા-સંબંધીઓ વધી જાય, તેના લગ્ન-મરણના વહેવાર સાચવવામાં નવરા ન પડે. એટલે સમજુ માણસો સરકારના પ્રચાર / પ્રસાર / પ્રલોભન વગર પણ સંતતિ નિયમન અપનાવે છે. ઘણા યુરોપિયન દેશોમાં વસતિ ઘટતી જાય છે કારણકે તેમાંના ૧૦%થી ૨૦% દંપતિઓ સ્વેચ્છાએ એક પણ બાળક પેદા કરતા નથી. હાથે કરીને ઉપાધિ શા માટે લેવી? વળી તેના ઉછેરમાં સ્વતંત્રતા છીનવાઈ જાય છે. કારકીર્દિમાં અડચણરૂપ થાય છે. પણ તે દેશોની સરકાર વસતિ વધારવા પ્રોત્સાહન આપે, ખર્ચ આપે, છતાં જો તેની સધ્ધર અને શિક્ષિત પ્રજા બાળકો ન ઈચ્છતી હોય તો આપણે શું કાંદો કાઢવો છે?

*મો. ૯૭૩૨૯ ૫૯૭૨૦, ૯૪૨૭૨ ૧૪૯૧૫*

***http://site.google.com/site/vivekpanthi/books***
***Follow on facebook : bhumi sanskar by Vinod Vamja***

**ભૂલી હુઈ યાદોં.... મુજે ઇતના ના સતાઓ...**

## વિનાશક ભૂકંપ

### વિસરાયેલી ભયાવહતાના ૧૪ વર્ષ

- ★ ગુજરાતના ઇતિહાસમાં કચ્છના ચોબારી ગામ અને ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ની સવારનો ૮.૪૩નો ઉલ્લેખ ક્યારેય ભૂલાઈ શકે તેમ નથી. ભૂકંપના રૂપમાં કુદરતે વેરેલા કોપથી હજારો માનવ જિંદગી નંદવાઈ ગઈ, હજારોની સંખ્યામાં પશુધન બલીએ ચડી ગયો. લાખો કરોડોની માલ-મતા તહસનહસ થઈ ગઈ. કોણ કોને દિલાસો આપે? તેવી દયાજનક સ્થિતિ થઈ હતી.
- ★ કુદરતની લીલા અલબત્ત અકળ છે. **વિસર્જનની સાથે જ નવસર્જનની પ્રક્રિયા પણ આપોઆપ જ આરંભાતી હોય છે. કુદરતના આ સઘળા ઘા કચ્છ - ગુજરાત જીરવી ગયું છે. કારણમાં તેની ખુમારી છે.**
- ★ હાલ કચ્છની કાયાપલટ થઈ ગઈ છે અને રણનો કેટલોક વિસ્તાર પણ હવે હરિયાળો બની ગયો છે. કચ્છમાં ટૂરિઝમની માત્રામાં વધારો થયો છે. ઈન્ડસ્ટ્રી વિસ્તાર વધી રહ્યો છે.

**ધન્ય! દશેંજી નાત....**

જિત્ત વસ્યા વિદેશમેં, કઢ્યાં વડેરો નાં,
ડંકો વજાયાં ધર્મજો, બેજી જલ્યાં બાં (૮)
વિદેશમેં થ્યા વેપારી, થ્યા સચ્ચા શાહ સોદાગર
શાખ વધાર્યાં પિંઢજી, ખેડ્યાં દેશ-દેશાવર (૯)
અલ્પ વસ્તીવારી પણ, આય ધૈર્યશાળી નાત
શૂન્ય મીંજાથી સર્જન ક્યાં, ધન્ય! દશેંજી નાત (૧૦)
ઈન જ્ઞાતિમેં કૈ પક્યા, કઈ પકધાં સચ્ચા રત્ન
બહુ રત્ના વસુંધરા, નાતજે વિકાસલા કંઈધા યત્ન (૧૧)
ઈન નાતજા વખણાજે, રસ્મો રીત રીવાજ
દહેજજી પ્રથા નાંય, સુખ આય વડો વિયાંજે કાજ (૧૨)
સત્કર્મીને સેવાભાવી, જેજાં મન અંઈ ઉદાર
વિકાસજો સચ્ચો માપ, ઈનજી સુશીલ ગુણીયલ નાર (૧૩)
અન્નાપજિજ્જી સાથે ઉન્નતિને પ્રગતિ, રખો એબી આશ
'રશ્મિન' વારંવાર વંદે જ્ઞાતિ મૈયાકે, જેંજો અસીમ આય અવકાશ. (૧૪)

*રશ્મિન ખોનાનો કાવ્ય સંગ્રહ 'ધન્ય! દશેંજી નાત'માંથી સાભાર*

શુભેચ્છા સહ : **સૌ. લીનાબેન હંસકુમાર શાહ**

**મે. હેમંત સર્જીકલ ઈ. લી.**

૧૪૦૩, શોભા સુમન, ચૌદમે માળે, ડૉ. મદનમોહન માલવિયા રોડ, ટેલીફોન એક્ષચેન્જની સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. ફોન : ૨૫૬૮૬૧૦૬

*અજ્ઞાન છે ત્યાં દુઃખ આવશે જ.*

રાષ્ટ્રીય સંપતિ

# જળ સંરક્ષણ

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

જળને આ પૃથ્વીનું અમૃત માનવામાં આવે છે. જળ એટલે પાણી, અંગ્રેજીમાં વોટર, સંસ્કૃતમાં વારિ. ગુજરાતી ભાષામાં જળ માટે નીર શબ્દ ઉપયોગમાં લેવાય છે. માનવ શરીરમાં પાણીનું પ્રમાણ ૬૫ ટકા જેટલું છે. ખોરાક વિના થોડા દિવસ ચલાવી લેવાય પરંતુ પાણી વિના જીવવું મુશ્કેલ છે.

## • જીવનમાં જળનું મહત્ત્વ :-

પૃથ્વીમાં ૭૧ ટકા ભાગમાં પાણી છે, જ્યારે ૨૯ ટકા જમીન છે. એ જમીનમાંથી ભારત પાસે માત્ર ૨.૩ ટકા જમીન છે. જે જમીન પર વિશ્વની ૨૬ ટકા વસતી વસેલી છે. પુખ્તવયની વ્યક્તિમાં ૫૫ ટકાથી ૭૮ ટકા જેટલો પાણીનો હિસ્સો હોય છે. શરીરમાંથી ૨૦ થી ૨૨ ટકા જેટલું પાણી ઘટે તો મૃત્યુ થાય. બરફ એ પાણીનું ઘન સ્વરૂપ છે, તો વરાળ એ વાયુ સ્વરૂપ છે.

## • જળ વપરાશ અને વેડફાટ :

દિન પ્રતિદિન જળનો વપરાશ વધી રહ્યો છે. વિશ્વમાં અમેરિકાના લોકો દિવસના હજાર લીટર પાણી વાપરે છે. યુરોપના લોકો ૫૭૨ લીટર, એક અંદાજ મુજબ પાંચ વ્યક્તિના પરિવારને અંદાજે સો લીટર જેટલું પાણી જોઈએ. લંડન-પેરીસ કરતાં ઉત્તર કેન્યાના લોકોને વધુ પાણી જોઈએ છે. પાણી અને પાણીને સાવધાનીપૂર્વક ઉપયોગમાં લેવા જોઈએ. પાણીનો વેડફાટ લોકો નળ ખુલ્લા રાખીને કરતા હોય છે. વપરાશ પર કોઈ અંકુશ રાખતા નથી. પાણીની અછતવાળા દેશોમાં ખાસ તો ઘાના, બાંગ્લાદેશ, નાઈજીરિયા, યુગાન્ડા, મોઝામ્બિક આદિ છે.

## • ભૂ-આવરણ :

વાયુ, વનસ્પતિ, જળ, સ્થળ, ભૂમિ, પ્રાણીઓ અને માનવી ભૂમિ પરના તત્ત્વો છે. જેને સંયુક્ત રીતે ભૂ-આવરણ કહે છે, ભૂ-આવરણીય પરિસ્થિતિને કુદરતી કે નૈસર્ગિક કે ભૌગોલિક પરિસ્થિતિ કહે છે. ભૂમિ, જળ, વનસ્પતિ અને ખનીજોના સ્વરૂપે મળેલી કુદરતી ભેટને કુદરતી સંશાધનો કહેવાય છે. ભારતમાં વર્ષાઋતુ દરમ્યાન જળ પ્રાપ્તિ વધુ થાય છે. પરંતુ વરસાદ ભારતના પ્રત્યેક રાજ્યમાં એકસરખો પડતો નથી.

## • અનિયમિત પુરવઠો વધતી માંગઃ

પાણીનો પુરવઠો સાચી રીતે ત્યારે જ જળવાય કે જ્યારે વરસાદ સમયસર અને પ્રમાણસર આવે. ગુજરાતના જ વિસ્તારમાં દક્ષિણ ગુજરાતમાં વધુ વરસાદ પડે છે જ્યારે કચ્છ અને બનાસકાંઠામાં ઓછો વરસાદ પડે છે. દા.ત. ઈ.સ. ૨૦૧૨માં વલસાડ જિલ્લામાં ૧૭૯૪ મિ.મિ. વરસાદ થયો. જ્યારે ક્ચ્છમાં ૨૪૪ મિલી થયો. ઉત્તર ગુજરાતમાં પણ પાણીની સમસ્યા વકરી રહી છે. ઉત્તર ગુજરાતમાં ૯૦ ટકા સિંચાઈ ટ્યુબવેલો દ્વારા થાય છે. પરિણામે ભૂર્ગભના જળ ખૂબજ નીચા સ્તરે ગયા છે. સિંચાઈ ક્ષેત્રે પાણી પુરવઠા માટે સુજલામ સુફલામ યોજના, સરદાર સરોવર યોજના, ધરોઈ યોજના દાંતીવાડા યોજના અમલી બનાવાઈ છે.

## • કૃષિ ક્ષેત્રે જળ સંશાધન :

કૃષિ એ ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ છે. ૬૧ ટકા લોકો આ ક્ષેત્રે રોજગારી મેળવે છે. સૌથી વધુ જળ સંસાધનનો ઉપયોગ ભારતનું કૃષિક્ષેત્ર કરી રહ્યું છે. ભારતનું કુલ ક્ષેત્રફળ ૩૨.૮ લાખ ચો.કિમી. છે. જેમાંની કુલ ભૂમિના ૯૩ ટકાનો ઉપયોગ થાય છે. ૪૬ ટકા ભૂમિમાં વાવેતર થાય છે. ૨૨ ટકામાં જંગલો છે. ૧૪ ટકા ભૂમિ કૃષિ માટે ઉપયોગી નથી.

## • ૧૨મી યોજના અને સિંચાઈ :

સિંચાઈમાં વૃદ્ધિ થવાથી વાવેતર વિસ્તાર વધશે - રોજગારી પણ વધશે. પાક ઉત્પાદન વધતાં ખેડૂતોની આવકો વધવા પામે. ૧૨મી યોજના અંતર્ગત ભૂગર્ભ જળ રિચાર્જની બાબત વણી લેવામાં આવી છે. સમજણ આધારીત સહભાગી ભૂગર્ભજળના વ્યવસ્થાપનની વ્યાપક યોજના અમલી બનાવવામાં આવી છે. નાના ચેક ડેમોની સંખ્યા વધારવા પર ભાર મૂકાયો છે. પાણીનું રીચાર્જિંગ, રીસાઈકલિંગ કરવું. ટપક પધ્ધતિ અને ફુવારા પધ્ધતિથી જળ બચત કરવી.

## • જળ વ્યવસ્થાપન :

ઈન્ટરનેશનલ વોટર મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ તથા ઈન્સ્ટિટ્યૂટ ઑફ રૂરલ મેનેજમેન્ટ જળ વ્યવસ્થાપક જળ આયોજન હાથ ધરાયા છે. પાણીનો કરકસરભર્યો ઉપયોગ, પાણીના વધુ કાર્યદક્ષ ઉત્પાદન, જળ વિતરણ, જળ નિયમન, જળ સંશોધન, જળ મૂલ્યાંકન જેવા અમૂલ્ય કાર્યો હાથ ધરાયા છે.

## • કૂવા રિચાર્જ યોજના અને કચ્છ :

કચ્છનું ભૂતળ પ્રચંડ ભૂકંપો સર્જી શકે તેવી ઉર્જાઓથી ભરેલું છે. અત્રેનો વોટર બેલ્ટ ખૂબ નાનો છે. ભૂતળમાં પાણી ટકી શકતું નથી. લખપત જેવા વિસ્તારને 'નોસોર્સ' વોટર એરિયા તરીકેનું કલંક લાગેલુ છે. બંદર વિસ્તારના ઔદ્યોગિક એકમોમાંના કેટલાકે દરિયાના પાણીને ઉપયોગમાં લેવા માટે ડી-સેલિનેશન પ્લાન્ટ શરૂ કર્યા છે.

નાના તળાવોના બાંધકામ ડુંગરાળ

(અનુસંધાન : જુઓ પાના નં.-૩૭ ઉપર)

*મુશ્કેલીમાં હોય એની મદદ કરવી એ પણ ખરી સાધુતા છે.*

ઇતિહાસ

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ

## પ્રકરણ-૩૬

• સંકલન : પ્રતાપ નારાણજી દંડ •

★ **કચ્છના સર્વાંગી ઇતિહાસનું સર્જન કરવા તા. ૮-૩-૨૦૦૯ તથા તા. ૧૯-૪-૨૦૦૯ના રોજ ભુજ ખાતે વિચાર વિમર્શ સભાનું આયોજન થયું હતું અને સર્વાંગી ઇતિહાસનું લેખન કામ કરવા તબક્કાવાર કાર્યવાહી કરવામાં આવી હતી.**

★ **તા. ૯-૫-૨૦૦૯ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી સ્થિત મેડિકલ સેન્ટરના ડોક્ટર સાથે વાર્ષિક સ્નેહ મિલનનો કાર્યક્રમ યોજાયો હતો.**

★ **યુવાવર્ગ માટે તા. ૧૬-૫-૨૦૦૯ના રોજ એપ્ટિટ્યૂડ ટેસ્ટનું આયોજન થયું હતું.**

કચ્છમાં ઈતિહાસનાં જાણકાર અનેક તજજ્ઞો થઈ ગયા છે. ગુજરાતનાં અનેક લેખકોને પણ કચ્છ વિશે પૂરેપૂરી જાણકારી છે. કચ્છમાં કચ્છ ઈતિહાસ પરિષદ પણ અનેક વર્ષોથી કાર્યરત છે. કચ્છમાં અનેક સામાજિક સંસ્થાઓ પણ કાર્યરત છે. તેમ છતાં કચ્છની એ કમનસીબી છે કે કચ્છના ઈતિહાસનું સર્વાંગીપણે આલેખન થયું નહીં.

અનેક તજજ્ઞોએ કચ્છનાં ઈતિહાસ વિશે અભ્યાસપ્રદ લખાણ કરી તેને પુસ્તક સ્વરૂપે પ્રગટ કરેલ છે. અનેક વર્તમાનપત્રોમાં કચ્છનો ઈતિહાસ કટાર સ્વરૂપે રજૂ કરવામાં આવેલ છે. પણ આ બધા લેખો ઈતિહાસનાં અમુક સમયને નજર સમક્ષ રાખી લખવામાં આવ્યા છે. કચ્છનો સર્વાંગીપણે ઈતિહાસ અત્યાર સુધી લખાયું નહીં.

કચ્છનાં ઈતિહાસનું સર્વાંગીપણે આલેખન કરવું કોઈ એકલદોકલ વ્યક્તિ કે ઈતિહાસકારનું કામ નથી. કચ્છનાં આ પ્રકારનાં ઈતિહાસનું આલેખન તો જ શક્ય બને કે જ્યારે આ વિષયનાં તજજ્ઞો એકત્રિત થઈ ઈતિહાસની રચના કરે.

આ ભગીરથ કાર્ય કોઈ સામાજિક સંસ્થાએ ઉપાડવું જોઈએ તેવું જણાતા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ભગીની સંસ્થા કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલે આ જવાબદારી સ્વીકારેલ હતી. આ બાબતને મૂર્ત સ્વરૂપ આપવા માટે કચ્છનાં ઈતિહાસપ્રેમી લેખકોની ઉપસ્થિતિમાં તા. ૮-૩-૨૦૦૯ના દિવસે ભુજમાં ચાણક્ય ઍકેડેમિ ખાતે વિચાર વિમર્શ સભાનું આયોજન ગોઠવવામાં આવ્યું હતું. આ સભામાં કચ્છ ડેવ. કાઉન્સિલનાં મુખ્ય હોદ્દેદારો, જાણીતા ઉદ્યોગપતિ તથા દાનવીર શ્રી દામજીભાઈ એન્કરવાલા, કચ્છ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર શ્રી કાંતિભાઈ ગોર, કચ્છી ઈતિહાસનાં તજજ્ઞો શ્રી ઉમિયાશંકર અજાણી, શ્રી પ્રવીણચંદ્ર શાહ, શ્રી નરેશ અંતાણી, શ્રીમતી નીતા ઠાકર, પ્રા. જિતેન્દ્ર અંતાણી વગેરે તથા કચ્છ ઈતિહાસ પરિષદનાં હોદ્દેદારો તથા અન્ય આમંત્રિત મહાનુભાવો હાજર રહ્યા હતા.

ઉપસ્થિત સજ્જનોએ પોતાનાં વિચારો તથા મંતવ્યો રજૂ કરેલ હતા અને ચર્ચા વિચારણાને અંતે કચ્છનાં સર્વાંગીપણે ઈતિહાસનું આલેખન કરાવવું તેમ નક્કી કરવામાં આવ્યું હતું. આ ઈતિહાસનાં આલેખન કાર્ય દરમ્યાન લેખકો સાથે સંકલન કરવા માટે તથા લેખનનો તમામ ખર્ચ વગેરે બાબતે કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલે જવાબદારી સ્વીકારેલ હતી.

ઉપરોક્ત મીટિંગ બાદ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલનાં નેજા હેઠળ ફરી કેટલાક તજજ્ઞોની એક મીટિંગ કરવામાં આવી હતી. જેમાં આ કાર્યને આગળ ધપાવવા માટે 'પ્રારંભિક સમિતિ'ની રચના કરવામાં આવી. આ સમિતિનાં કન્વીનરપદે કચ્છ યુનિ.ના વાઈસ ચાન્સેલર શ્રી કાંતિભાઈ ગોરની નિમણૂક કરવામાં આવી. સમિતિનાં અન્ય સભ્યો તરીકે સર્વશ્રી ઉમિયાશંકર અજાણી, નરેશ અંતાણી, હંસરાજભાઈ કંસારા તથા કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના ઉપાધ્યક્ષ શ્રી શશીકાંતભાઈ ઠક્કરની નિમણૂક કરવામાં આવી હતી. ઉપરોક્ત સમિતિને 'કચ્છના સર્વાંગીપણે ઈતિહાસ' અંગે આગળની કાર્યવાહી કરવા માટે એક રિપોર્ટ તૈયાર કરીને કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ સમક્ષ રજૂ કરવાની ભલામણ કરવામાં આવી હતી. રિપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહી કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ ફરીથી તા. ૧૯-૪-૨૦૦૯નાં રોજ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલનાં સભ્યો તથા વિવિધ વિષયનાં તજજ્ઞોની એક મીટિંગ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી - ભુજ ખાતે મળી હતી. આ મીટિંગમાં કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલનાં પદાધિકારીઓ તેમજ અન્ય સભ્યો સિવાય ઉદ્યોગપતિ શ્રી દામજીભાઈ એન્કરવાલા, ડૉ. કાંતિભાઈ ગોર, સર્વશ્રી ઉમિયાશંકર અજાણી, હરેશ ધોળકિયા, નરેશ અંતાણી તથા હંસરાજ કંસારા વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ મીટિંગમાં કચ્છનો સર્વાંગીપણે ઈતિહાસ લખવા માટે સમય ખંડના તબક્કાઓ નક્કી કરવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ ઈ.સ. ૫૦૦૦ વર્ષ પૂર્વેનો ઈતિહાસ માહિતીનાં આધારે લખવાનો

*ઈશ્વર બધા લોકોમાં હોય છે પરંતુ બધા લોકો ઈશ્વરમય નથી હોતા.*

અને તે પછી જુદા જુદા પાંચ સમય ખંડ નક્કી કરી ૨૦૦૮ સુધીનો ઇતિહાસ તબક્કાવાર લખાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

ઉપરોક્ત કાર્ય કરવા માટે લગભગ ૩૦ જેટલા વિષયો નક્કી કરવામાં આવ્યા હતા અને દરેક વિષયોનાં અલગ અલગ લગભગ ૪૦ જેટલા તજજ્ઞો નક્કી કરવામાં આવ્યા હતા. જેને આ લેખન કાર્ય સોંપવામાં આવેલ હતું. સંપૂર્ણ કાર્યવાહી માટે જુદી જુદી સમિતિઓની નિમણૂક કરવામાં આવી હતી. જેમાં (૧) પરામર્શ સમિતિ, (૨) સમન્વય સમિતિ, (૩) સંપાદક મંડળ.

આ રીતે શ્રી કચ્છી જૈન સેવા સમાજની ભગીની સંસ્થા કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના નેજા હેઠળ 'કચ્છનો સર્વાંગીપણે ઇતિહાસ' લખાવવા માટેની શુભ શરૂઆત કરી દેવામાં આવી અને તે માટે ૩૧-૧૨-૨૦૧૦ની સમય મર્યાદા નક્કી કરવામાં આવી હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઓ નિયમિત રીતે ચાલ્યા જ કરે છે. વિવિધ સમિતિઓ પોતાની જવાબદારીઓ નિષ્ઠાપૂર્વક નિભાવે છે અને વિવિધ સમિતિઓના નેજા હેઠળ નાના મોટા પ્રોગ્રામો દર મહિને થતા હોય છે. પણ જે મહત્ત્વનાં પ્રોગ્રામો હોય છે તેની જ નોંધ આ કોલમમાં લેવામાં આવે છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં શ્રી કચ્છી જૈન ભવન ઉપર એક મેડિકલ સેન્ટર કાર્યરત છે. જેમાં એમ.ડી. અને એમ.એસ. કક્ષાનાં જુદા જુદા રોગોનાં નિષ્ણાત એવા લગભગ ૬૦ ડૉક્ટરો સેવાઓ આપી રહ્યા છે. અલગ અલગ રોગોની લગભગ ૨૦થી ૨૨ બ્રાંચો ચલાવવામાં આવે છે. તે ઉપરાંત એક્સ-રે, સોનોગ્રાફી લેબોરેટરી તથા ફીઝિયોથેરાપીના વિભાગો છે. ઉપરોક્ત સેન્ટરમાં કાર્યરત ડૉક્ટરો સાથે સંપર્ક તેમજ સલાહ - સૂચનો માટે વર્ષમાં એકવાર ડૉક્ટરો સાથે સ્નેહ મિલનનો કાર્યક્રમ યોજવામાં આવે છે.

આવો જ એક કાર્યક્રમ તા. ૯-૫-૨૦૦૯ના રોજ રાત્રે ૯ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં સંસ્થાના હોદ્દેદારો તથા મેડિકલ સમિતિનાં સભ્યો તથા મેડિકલ સેન્ટરમાં કાર્યરત ડૉક્ટર્સ હાજર રહેલ હતા. સ્નેહ મિલનના આ કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ સૌને આવકાર આપેલ હતો. ત્યારબાદ મેડિકલ સમિતિનાં કન્વીનર શ્રી ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયાએ આ મેડિકલ સેન્ટર હજુ પણ વધારે સારી રીતે જનતાને સેવા આપી શકે તે માટે ઉપસ્થિત ડૉક્ટર્સ પાસેથી સૂચનો માંગેલ હતા. હાજર રહેલા ઘણા બધા ડૉક્ટર્સે વિવિધ સૂચનો કરેલ હતા. વિસ્તૃત ચર્ચા વિચારણાને અંતે સ્વીકાર શકાય તેવા સૂચનોનું અમલ કરવાની મેડિકલ સમિતિ વતી તેનાં કન્વીનરશ્રીએ ખાતરી આપી હતી. કાર્યક્રમના અંતે સમિતિનાં સભ્ય શ્રી અશ્વિનભાઈ સાવલાએ આભારવિધિ કરી હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રતિભા શોધ સમિતિ તથા યુવા વિકાસ સમિતિ સમાજનાં મેધાવી વિદ્યાર્થીઓ અને યુવાનોની શોધ કરીને તેઓને બિરદાવવાનું કામ કરે છે. આ યુવાવર્ગ જીવનમાં વધારે સારી રીતે આગળ વધે તે માટે માર્ગદર્શન પૂરું પાડે છે. આ સમિતિએ તા. ૧૬-૫-૨૦૦૯નાં રોજ સાંજે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સમાજનાં ધોરણ-૯થી ૧૨ સુધીનાં વિદ્યાર્થીઓ માટે એપ્ટિટ્યૂડ ટેસ્ટ અંગેના માર્ગદર્શનનો એક કાર્યક્રમ યોજેલ હતો. આ કાર્યક્રમ અંતર્ગત 'ટેન્ગ્રામ' સંસ્થાનાં ડાયરેક્ટર શ્રી પરવિંદર સિંહે ખૂબજ દિલચસ્પ રીતે બાળકોનાં એપ્ટિટ્યૂડ ટેસ્ટની જરૂરિયાત અંગે ઉપસ્થિત વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓને સરસ માર્ગદર્શન પૂરું પાડેલ હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત દરેક વિદ્યાર્થીએ પોતાના એપ્ટિટ્યૂડ ટેસ્ટની જરૂરિયાત સમજાતાં પોતાના નામો આ ટેસ્ટ માટે નોંધાવેલ હતા. ઉપરોક્ત દિવસે કોઈ કારણસર અનુકૂળતા ન હોતાં, ગેરહાજર રહેલ સમાજનાં વિદ્યાર્થીઓ માટે ફરીથી માર્ગદર્શન માટેનો કાર્યક્રમ તા. ૨૧મી જૂને ગોઠવવાની જાહેરાત પણ કરવામાં આવી હતી.

ઋતંભરા વિશ્વ વિદ્યાપીઠ સંસ્થાપિકા પદ્મભૂષણ શ્રીમતી પૂર્ણિમા પગવાસા ઘણા લાંબા સમયથી બાળક / બાલિકાઓ માટે ગ્રીષ્મ શિબિર કેમ્પ યોજે છે. આ કેમ્પમાં બાળક બાલિકાઓને પરેડ, રાઈફલ શુટીંગ, લાઠીદાવ, કરાટે, યોગાસન, સંગીત વગેરે વિષયોનાં તજજ્ઞો દ્વારા સરસ રીતે શીખવવામાં આવે છે. આ કેમ્પ તા. ૩-૫-૨૦૦૯થી તા. ૧૭-૫-૨૦૦૯ સુધીનો યોજવામાં આવેલ હતો. ૧૫ દિવસના આ કેમ્પમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ૨ દીકરીઓ તથા ૩ બાળકોએ ભાગ લીધો હતો. કુલ ૫ બાળકોમાંથી ૪ બાળકોએ ઈનામ મેળવ્યા હતા. તા. ૧૬-૫-૨૦૦૯ના રાત્રે કેમ્પ ફાયરનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં બાળકોએ ખૂબ જ આનંદપૂર્વક ભાગ લીધો હતો. કેમ્પનાં ચેરમેને શ્રી કચ્છી જૈન સેવા સમાજનાં ટ્રસ્ટીગણનો ખાસ આભાર માનેલ હતો કારણકે સમાજનાં બાળકોને આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે પ્રેરિત કર્યા હતા.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં ટ્રસ્ટ મંડળે, કચ્છથી અમદાવાદ ભણવા માટે આવતી વિદ્યાર્થિનીઓને પૂરતી સગવડતા કિફાયત ભાવે આપવા માટે 'ગર્લ્સ હોસ્ટેલ' શરૂ કરવા નિર્ણય લીધેલ હતો. જેના અનુસંધાને 'સમસ્ત ઝાલાવાડી સઈ સુથાર પરિષદ અમદાવાદ જિલ્લા શાખા'ના એસ.જી. હાઈવે નજીક આવેલ ભવનમમાં ચાલતી વિદ્યાર્થિની હોસ્ટેલમાં ચોથો માળ સંપાદિત કરેલ હતો. ઝાલાવાડી ભવનનાં બીજા, ત્રીજા અને ચોથા માળે હોસ્ટેલને અનુરૂપ ૨૭ સેલ્ફ કન્ટેઈન્ડ રૂમ ૧૦૮ વિદ્યાર્થિનીઓ માટે તૈયાર કરેલ છે. એક રૂમમાં ૪ વિદ્યાર્થિનીઓ રહી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. ચોથા માળે ૧૧ રૂમમાં ૪૪ વિદ્યાર્થિનીઓ માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. હોસ્ટેલમાં વિદ્યાર્થિનીઓને આપણા અનુરૂપ ચા-નાસ્તો તથા જમવાનું મળે તેમજ હોસ્ટેલથી કોઈપણ કોલેજમાં જવા માટે વાહનની વ્યવસ્થા પણ વિચારવામાં આવી હતી.

*(ક્રમશઃ)*

*વિચાર એ અવકાશનું પંખી છે, જે શબ્દોના પિંજરમાં પાંખો તો પ્રસારે છે પણ ઊડી શકતું નથી.*

# વાર્તા હજી પણ કોઈવાર રામ, જાનકીને તરછોડે છે, પણ....

• બલવીરસિંહ જાડેજા •

અષાઢ બેસતાં જ સમયસર પૂરતો વરસાદ વરસે ને જેવો આનંદ ખેડૂતને થાય, એવો જ આનંદ, પહેલીવાર નેહલને, નર્સિંગની પરીક્ષા પાસ થવાથી થયો. વાવેતર કર્યા પછી, ખેતરમાં મૉલ ઉગી નીકળે અને જેવો આનંદ, ધરતીના છોરૂને થાય, તેવો જ આનંદ જાનકી આન્ટી દ્વારા "ઋગ્વેદ હેલ્થ કેર" હોસ્પિટલમાં એમની સાથે જ, એમની નીચે, નર્સની જગ્યાએ નોકરી મળી ત્યારે નેહલે અનુભવ્યો.

"હવે તો બસ ચિંતા ગઈ." નેહલ વિચારતી હતી કે, "પપ્પાએ મીલ બંધ થયા પછી રીક્ષા ચલાવીને નેહલને ભણાવી અને બાજુની પોળવાળા, જાનકી આન્ટીએ, નર્સિંગનું ભણવા લોન આપી. એ હવે ધીમે ધીમે પગારમાંથી ભરપાઈ થશે. સાથે સાથે નાના ભાઈને ભણાવવાના ખર્ચને પહોંચી વળાશે અને પપ્પાને ૧૦-૧૨ કલાકથી વધુ રીક્ષા નહીં ચલાવવી પડે. તેનો આનંદ અવર્ણનીય હતો. તેમાં પણ જાનકી આન્ટીની સાથે, ઋગ્વેદમાં તેમના હાથ નીચે કામ કરવાનો, શીખવાનો અને અનુભવ લેવાનો લહાવો તો બોનસમાં. નેહલ તો - રાત દિવસ જોયા વિના, બસ મચી પડી કામ કરવા.

પણ મોં એ આવેલો કોળિયો, જગતના તાતના મોઢેથી કુદરત છીનવી લે અને આશા અને અરમાનોના પાયા ઉપર ચણેલી ઈમારત તૂટી પડે એ રીતે તૈયાર થયેલો પાક, ધરતીપુત્રના હાથમાંથી, કુદરતી કોપ, જેવા કે, માવઠું, રોગચાળો, તીડ આક્રમણ વગેરેની જેમ, છીનવાઈ જાય, તેમ નેહલની આશા ઉપર જાનકી આન્ટીની "ના" એ પાણી ફેરવી દીધું. શેની "ના" હતી જાનકી આન્ટીની?

હજી તો માંડ છ-સાત મહિના વિત્યા હતા નેહલને ઋગ્વેદની નોકરીમાં, નેહલ નર્સિંગની કામગીરીમાં ધીમે ધીમે અનુભવી થઈ રહી હતી. તેમજ દાખલ થતા દર્દીઓ, તેમના સગાવહાલા, સહકાર્યકરો, ડૉક્ટર્સ બધાને પોતાના કામથી વાણી, વર્તન, સૌને ઉપયોગી થવાની ભાવનાથી લોકપ્રિયતા મેળવી, "નેહલ સીસ્ટર - નેહલ સીસ્ટર"ના નાદથી ઋગ્વેદ હોસ્પિટલને ગજાવી રહી હતી ત્યારે જ જાનકી આન્ટીના આદેશ કે સલાહથી "રૂક જાવ" સાંભળી હતાશ થઈ ગઈ.

બન્યું એવું કે, દર્દી તરીકે ઋગ્વેદમાં દાખલ થયેલા, યુ.એસ.એ.થી અમદાવાદમાં દૂરના મામાને ઘરે ફરવા આવેલા, સમીર પટેલને કિડનીની પથરી માટેની સારવાર કરાવવા ઋગ્વેદ આવવાનું થયું. મામા પોતાના ધંધાને લઈને બહુ સમય આપી શકે તેમ નહીં હોવાથી સમીરને સ્પે. રૂમમાં, જાનકી સીસ્ટરની દેખરેખમાં વિનંતી કરેલી કે, "મારા ભાણા સમીરને તમારે સાચવવાનો છે." અને જાનકી સીસ્ટરે, સમીરની સારસંભાળ માટે સમીરની સમવયસ્ક નેહલને જવાબદારી સોંપી.

પહેલાં તો નેહલ, સમીરને એક દર્દી તરીકે, શક્ય એટલી, વધુમાં વધુ, મદદરૂપ અને દેખરેખ રાખવામાં કોઈ કસર છોડતી નહીં, પણ પથરીના ઑપરેશન પછી પણ, નબળાઈ અને મામાના ઘરે યોગ્ય સારવારના અભાવે, સમીરને ધાર્યા કરતાં વધારે સમય ઈન્ડોર પેશન્ટ તરીકે રહેવાનું બન્યું. નેહલની સારસંભાળ, દર્દીને માંદગીમાંથી જલ્દી સાજા થવાની અને દર્દનું દુઃખ ભૂલાવીને વયસ્ત રાખવાની તેમજ હિંમત આપવાની જન્મજાત તેમની જાનકી આન્ટી પાસેથી શીખેલા નેહલના અનુભવથી સમીર એટલો, પ્રભાવિત થયો કે, નેહલ પ્રત્યે લાગણીસભર વ્યવહારથી દિલથી આકર્ષણ અનુભવવા લાગ્યો હતો.

સારવાર પૂરી થયે, ઋગ્વેદમાંથી, રજા લેતી વખતે, મોબાઈલ ફોનની આપલે અને પછી નેહલના રજાના દિવસે મળવાનું, ફરવાનું બનતું રહ્યું. નેહલ પણ અમેરિકન હોવા છતાં, દંભી અને આડંબર રહિત સમીરના વ્યવહારથી સમીર તરફ ખેંચાણ અનુભવી રહી હતી.

સમીરે જયારે આ દરમ્યાન યોગાનુયોગ આપેલા વેલેન્ટાઈન ડે નિમિત્તે "Will you be my Velentine?" ના સમીરના પ્રસ્તાવમાં, નેહલ YES સિવાય બીજું કાંઈ બોલી શકી નહીં. પછી સમીરે અમેરિકા પાછા જવાના સમયને વધુ લંબાવી, એકબીજાને નજીકથી જાણતાં, જાણતાં બન્નેને લાગ્યું કે તેઓ, Made for each other. જાણે બંને એકબીજાના જીવનસાથી બનવા જ સર્જાયા છે. નેહલના કુટુંબ વિષે જાણ્યા છતાં કોઈપણ ભોગે નેહલ સાથે જોડાવા અને પોતાની સાથે અમેરિકા લઈ જવા, સમીર તૈયાર થયો ત્યારે નેહલ પણ તૈયાર થઈ. પણ ઘરમાં વાત કેવી રીતે કરવી? છેવટે જાનકી આન્ટીને વડીલ, માર્ગદર્શક બનાવવાની ઈચ્છાને સમીરે પણ સંમતિ આપી.

એક દિવસ જાનકી આન્ટીના ખુશમિજાજ વર્તણૂકનો અભ્યાસ કરી, નેહલે, એકાંતમાં જાનકી આન્ટીને પોતાના અને સમીરના પ્રેમ સંબંધનો એકરાર કરી, મદદરૂપ થવા વિનંતી કરી.

પૂરી વાત સાંભળ્યા પછી જાનકી સીસ્ટરે, નેહલને "રૂક જાવ" નો આદેશ આપ્યો. પણ કેમ? કોઈ કારણ તો આપ્યું નહીં ફક્ત એટલું જ કહ્યું કે, "બેટા નેહલ! આપણા જેવા માટે આ માર્ગ નથી. મારા

*ખરાબ સોબતનું ફળ હંમેશાં ખરાબ જ આવે.*

અનુભવે અને તારા હિતેચ્છુ તરીકે મારે તને અમેરિકાના છોકરા સાથે આગળ વધવાથી રોકવી એ મારી ફરજ છે બસ એટલું જ. માટે સમીરને ભૂલી જા.''

નેહલને તો પોતાના અરમાનોના બારે વહાણ ડૂબી ગયાની લાગણી થઈ. એટલે ઉદાસ રહેવા લાગી અને સમીર તરફ અતડાપણું બતાવવા લાગી. સમીરે મહાપ્રયત્ને જાણ્યું કે, જાનકી આન્ટીની ''ના'' એ કારણ છે. છેવટે સમીરે હિંમત કરી, જાનકી આન્ટીને મળીને, પોતાના પ્રેમની ખાતરી આપી અને કોઈપણ શંકાનું સમાધાન બતાવી, જાનકી આન્ટીની ''ના'' નું કારણ જાણવાનું નક્કી કર્યું.

માર્ચ એપ્રિલના હોળી - ધુળેટીના તહેવારના દિવસોમાં ઋગ્વેદમાં દર્દીઓની ભીડ ઓછી હતી ત્યારે જ સમીર જાનકી આન્ટીને નવરાશે મળ્યો અને તેમની ''રૂક જાવ'' કે ''ના'' નું કારણ જણાવવા વિનંતી કરી. જાનકી આન્ટીએ નેહલને પણ બોલાવી, બંનેને બેસાડીને પછી વાત શરૂ કરી.

''હું જ્યારે નર્સિંગનો કોર્સ કરીને, અમદાવાદમાં કોઈ સારી હોસ્પિટલમાં નોકરી શોધતી હતી ત્યારે જ ડૉ. દેસાઈ સાહેબે આ ઋગ્વેદ હોસ્પિટલની શરૂઆત કરેલી. લંડનમાં યુરોલોજીનું ભણી, અનુભવ લઈ, અમદાવાદની સિવિલ, વાડીલાલ જેવી મોટી હોસ્પિટલોમાં માનદ્ સેવા આપવાની સાથે ડૉ. દેસાઈ સાહેબે આ ઋગ્વેદ હેલ્થકેરના નામે, અધ્યતન હોસ્પિટલ શરૂ કરી. મને સીસ્ટર તરીકે તેમની નીચે નોકરી આપી. ડૉ. દેસાઈ સાહેબનું નામ ધીમે ધીમે પ્રખ્યાત થવા લાગ્યું. પછી તો ઘણા ડૉક્ટરો અને નર્સિંગ તેમજ અન્ય સ્ટાફ, સાહેબ સાથે જોડાયા પણ હું સૌપ્રથમ સીસ્ટર તરીકે જોડાયેલ. ઉપરાંત ડૉ. સાહેબ સાથે જવાબદારી અને રાત દિવસની મહેનતને લઈને હું પ્રિય પાત્ર તેમજ ઉપયોગી, સીસ્ટર તરીકે સ્થાન પામી હતી.

આજે પચાસ પંચાવનની ઉંમરે પહોંચેલા જાનકી સીસ્ટર, નેહલ અને સમીરને પચીસ કે ત્રીસ વરસ પહેલાની વાત સંભળાવી રહ્યા હતા.

ડૉ. દેસાઈ સાહેબની આવડતની સુગંધ પૂરા ગુજરાતમાં અને મુંબઈ સુધી ગુજરાતીઓમાં ફેલાવા લાગી હતી. ડૉ. સાહેબ બધા જ સ્ટાફને પોતાના કુટુંબના સભ્યો તરીકે જ ગણીને રાખતા. એમના અંગત પ્રશ્નોનું નિવારણ કરતા. જેથી અમે સૌ પણ ઋગ્વેદને પોતાનું ઘર સમજી, સાહેબ સાથે તનતોડ મહેનત કરી ઋગ્વેદની સુવાસ ફેલાવતાં રહેલા. ત્યારે જ...

ત્યારે જ... ખેડા જિલ્લાના ચરોતરના એક મારી જ ઉંમરના પટેલ, ઋગ્વેદમાં દાખલ થયા. (જેનું નામ અને ગામનું નામ, જણાવવાનું જાનકી આન્ટીએ ટાળ્યું એ સમીર અને નેહલને સમજાયું.) નડિયાદ, વડોદરા, મુંબઈ વગેરે જગ્યાએ આધુનિક, યુરોલોજીની હોસ્પિટલો હોવા છતાં, ડૉ. દેસાઈ સાહેબની પ્રખ્યાતિ અને ઋગ્વેદની લોકપ્રિયતા આ પટેલને અહીં ખેંચી લાવી. તપાસ દ્વારા જાણવા મળ્યું કે એમની બંને કિડની નકામી થઈ ગઈ છે અને વારંવાર ડાયાલિસિસ કરવું પડશે તેમજ કોઈની કિડની મળે તો, આ પટેલને જીવતદાન મળે. ગર્ભ શ્રીમંત હોવાના નાતે, કોઈ પણ કિંમતે, પટેલને અનુરૂપ કિડનીની શોધખોળ ચાલુ થઈ. પણ સગા-સંબંધી કે અન્ય દાતાઓ પણ આગળ આવવા આનાકાની કરતા હતા. એ વખતે કિડની બદલવાની પ્રક્રિયા ભારતમાં પણ નવી નવી જ હતી. દરમ્યાન આ પટેલને વારંવાર ઋગ્વેદમાં ડાયાલિસિસ માટે આવવાનું થતું હતું. પટેલ તરફ મારો કરૂણામિશ્રિત લાગણીનો અને લાચારીરૂપે શક્ય એ રીતે તેમજ હતોત્સાહ ન થાય અને કિડની મળવાની આશા જીવંત રહે તેવો ભાવ અને વ્યવહાર હતો. એમની સારવાર દરમ્યાન મને એમના તરફ એવી લાગણી થતી કે હું પણ સમજી શકતી નહોતી અને મને ઊંઘ પણ આવતી નહોતી કે, આ પટેલ દર્દીને કઈ રીતે ઉપયોગી થઈ શકાય. મારા કુટુંબમાં મારી માતા સિવાય કોઈ નહોતું. પિતાજી ઋગ્વેદમાં મારા જોડાયા પછી, સંતોષ પામીને દેવ થયા હતા. માતા મારી ઉંમર વધતાં લગ્ન માટે દબાણ કરતી પણ માને મૂકીને બીજાના ઘરે જવાની મારી તૈયારી નહોતી. પટેલ દર્દી સાથે આત્મીય સંબંધોના વિકાસ થતાં એકાએક મને થયું કે, મારી કિડની મેચ (Match) થાય તો એક કિડની પટેલને આપું તો?

વિચાર આવ્યો અને અમલમાં મૂકવાનું નક્કી કર્યું. ડૉ. દેસાઈ સાહેબે મારી તપાસ કરી અને અમારી લેણદેણ જે ગણો તે મારી કિડની, પટેલ સાથે બરોબર મેચ (Match) થઈ. મેં પટેલને મારી કિડની આપવાની વાત કરી ત્યારે મારા પગમાં પડીને રડી પડ્યા અને પોતાની જિંદગી આપી મારા જીવનભર ગુલામ બની જવા તૈયાર થયા ત્યારે મેં મારા દિલની વાત કરી, જીવન સાથી તરીકે સ્વીકારવા વિનંતી કરી. સોનામાં સુગંધ ભળી હોય તેમ પટેલે મારી વાત સહર્ષ સ્વીકારી લીધી. ડૉ. દેસાઈ સાહેબે પણ મારા સ્વજન તરીકે, મારી લાગણીને, અનુમોદન આપ્યુ.

મારી કિડની પટેલને આપ્યા પછી, પટેલ ધીરે - ધીરે સ્વસ્થ થવા લાગ્યા અને વારંવાર ચેક-અપ માટે આવતા જતા રહેલા અને અમે બંને એકબીજાને વધુ જાણતા થયા અને લાગણીના મજબૂત તાંતણે બંધાતા ગયા. પછી એકાએક, પટેલ આવતા બંધ થઈ ગયા. મેં ઘણી રાહ જોઈ. મોબાઈલ નહોતા પણ એમના ઘરના ફોન ઉપર ખૂબ કોશિષ કરી પણ એ ફોન બંધ હતો. ત્યારે એક દિવસ એમણે આપેલા ગામના સરનામે હું ગઈ ત્યારે જાણવા મળ્યું કે એ તો

Gala Agencies
EXCLUSIVE SAREES
Contact Person : CHAITALI K. GALA (M. : 98333 26660)
EXCLUSIVE FANCY KOTA
EXCLUSIVELY
(RETAIL ONLY ON SATURDAY)
11/A, Ground Floor,
Old Hanuman 2nd Cross Lane,
Kalbadevi, MUMBAI-02.
Tel. : 22401195 Fax : 40221195

તાત્કાલિક લગ્ન કરી અમેરિકા જતા રહ્યા છે. બીજા કોઈ પણ મને મળ્યા નહીં. હું તો ભાંગી પડી. મારું જીવન બરબાદ થઈ ગયું જાણી, ડિપ્રેશનની શિકાર બની. મારી મા આ આઘાત જીરવી નહીં શકતા પ્રભુના ધામમાં પહોંચી ગઈ. ડૉ. દેસાઈ સાહેબે મને ખૂબ સમજાવી. થવાનું હતું તે થઈ ગયું અને એક નાની બહેન તરીકે મને સ્વીકારી, સમજાવી, લાગણી બતાવી મને સાજી કરી ત્યારથી હું આ ઋગ્વેદ અને ડૉ. દેસાઈ સાહેબના અંગત સ્વજન તરીકે આ જ સુધી રહેતી આવી છું. પરંતુ અચાનક જ એક દિવસ દેસાઈ સાહેબ ઉપર, એમના નામથી સંબોધીને એક પત્ર અને રૂપિયા બે લાખનો, "જાનકી પરસોત્તમ મોદી" ના નામે બેન્ક ડ્રાફ્ટ આવ્યો અને પત્રમાં બે લાઈન લખી હતી કે, "ડૉ. દેસાઈ સાહેબ, મારા ભત્રીજા.....ને કિડની દેનાર સીસ્ટર જાનકીને એની કિડનીની કિંમત મોકલી રહ્યો છું તેને પહોંચાડજો. લી. કનુભાઈ પટેલ."

ડૉ. દેસાઈ સાહેબે મને બોલાવીને જાણ કરી. ત્યારે હું ધ્રુસકે - ધ્રુસકે રડી પડી. મેં કિડની પૈસાના બદલામાં ક્યાં આપી હતી? દેસાઈ સાહેબે શાંત કરી મને સમજાવી અને આ પૈસા સ્વીકારી આપણે ત્યાં આવતા, જરૂરતમંદ ગરીબ દર્દીઓને સહાય થવા અને ખરેખર નર્સ બની સેવા કરવા તૈયાર હોય એવી સુયોગ્ય છોકરીઓને વગર વ્યાજે લોન આપી, નર્સિંગનું ભણવામાં મદદ કરવા ઉપયોગ કરવા સૂચન કર્યું. દર્દીઓની સેવા થશે અને આપણને નર્સિંગ સ્ટાફ મળી રહેશે. લોન પરત થતા ફંડ પણ એમ જ રહેશે. મને પણ આ સૂચન ગમી ગયું. મેં મન મનાવી નેહલ જેવી છોકરીઓને લોન આપી ભણાવું છું. પણ મને અમેરિકા જતા રહેતા યુવકોનો ભરોસો નથી. પણ તું અમેરિકા જઈ તારા-માતા-પિતા સાથે આવી નેહલ સાથે લગ્ન કરીને તારી સાથે જ તેને અમેરિકા લઈ જવા તૈયાર થાય તો જ હું તારા નેહલ પ્રત્યેના પ્રેમ અને લાગણીને સ્વીકારું અને હું વચ્ચે રહીને જ તારા લગ્ન નેહલ સાથે કરાવી આપું.

બોલ છે તારી તૈયારી?"

સમીર અને નેહલ જાનકી આન્ટીની વાત સાંભળી સ્તબ્ધ થઈ ગયા અને ક્યાંય સુધી ચૂપ રહ્યા. પછી સમીરે પહેલ કરી, "હા આન્ટી, હું તૈયાર છું. મને અમેરિકા જવા અને મારા ડેડીને લઈ આવી, મારી માતા તો નથી, નેહલ સાથે લગ્ન કરીને, સાથે જ લઈ જઈ, જીવનભર સાથ નિભાવવા તૈયાર છું" "મને બે-ચાર કે છ મહિનાનો, વધુમાં વધુ સમય આપો. હું આપનો અને નેહલનો ફોનથી સંપર્ક કરતો રહીશ."

સમીરની વાત સાંભળી, નેહલ અને જાનકી આન્ટીને પણ હાશકારો અને સંતોષ થયો. જાનકી આન્ટીને પગે લાગી સમીરે વિદાય લીધી. નેહલની આંખમાં આવેલા આંસુને લૂછીને સમીરે જાનકી આન્ટીની હાજરીમાં જ, પોતાના સાચા પ્રેમની ખાતરી આપી.

વારંવાર અમેરિકાથી સમીરના આવતા ફોન કોલ્સથી નેહલની આશા જીવંત તો હતી જ. વચ્ચે-વચ્ચે જાનકી આંટીને પણ સમીર, ફોનથી જણાવતો રહેતો કે, "મેં મારા ડેડીને બધી હકીકતથી વાકેફ કરેલ છે અને તેમણે પણ સહર્ષ, ઇન્ડિયા આવી, મારી સાથે નેહલના લગ્ન કરવાની અને સાથે જ અહીં નેહલને લઈને આવવાની તૈયારી બતાવી છે." અમારી મોટેલ, જે બે ત્રણ અમેરિકાના રાજ્યોમાં આવેલી છે તેની સારસંભાળ અને સાચવવાની વ્યવસ્થાની તજવીજ થયે અમે તાત્કાલિક ઈન્ડિયા આવી જઈશું.

અને પછી એકાએક એક દિવસ ઋગ્વેદના રીસેપ્શન ઉપર ફોન આવ્યો અને ડૉ. દેસાઈ સાહેબ સાથે વાત કરાવવા વિનંતી કરી. ડૉ. દેસાઈ સાથે, અમેરીકન છાંટની ગુજરાતીમાં વાત કરતા આર.આર. પટેલ નવરાશના સમયે મળવા આવવાની અને મુલાકાત માટે સમય આપવા વિનંતી કરી. શનિવારની બપોર પછી કામકાજથી પરવારી રહેલા ડૉ. દેસાઈને મળવા માટે, આપેલા સમયે, આર. આર. પટેલ પહોંચી ગયા.

ડૉ. દેસાઈ કનસ્લટીંગ રૂમમાં આર. આર. પટેલને જોતાં જ, ડોક્ટર સાહેબને ચહેરો જાણીતો લાગ્યો. પણ ફ્રેન્ચ દાઢીમાં સામે ઉભેલા, રામકૃષ્ણ આર. પટેલને ઓળખી શક્યા નહીં.

"દેસાઈ સાહેબ, હું રામકૃષ્ણ આર. પટેલ તમારો કિડની બદલનાર સૌ પ્રથમ દર્દી. ડૉ. દેસાઈને આખી વાત અને ત્યારપછીથી બનેલી બધી જ ઘટનાઓ તાત્કાલિક યાદ આવતાં જ એમના ચહેરા ઉપર તિરસ્કારના ભાવથી રામકૃષ્ણને જોઈ રહ્યા. રામકૃષ્ણ પટેલને ડૉ. દેસાઈના ગુસ્સાયુક્ત, તિરસ્કારની લાગણીને, સમજીને હાથ જોડીને બોલ્યા, "ડૉ. સાહેબ હું આપનો ગુનેગાર છું અને મારા વર્તન તરફ આપનો તિરસ્કાર સમજી શકું છું. પરંતુ મારી આપને વિનંતી છે કે મને પાંચ મિનિટ મારી વાત કહેવાનો સમય આપવા હું હાથ જોડું છું. મારી વાત સાંભળી આપ મને કાઢી મૂકશો તો હું તુરંત જતો રહીશ." કહીને રામકૃષ્ણ પટેલ રડી પડ્યા.

રડી રહેલા રામકૃષ્ણ પટેલને પાણી મંગાવી શાંત પાડ્યા પછી જે વાત રામકૃષ્ણ પટેલે કહી કે, "જાનકીએ મને કિડની આપી અને હજી બરોબર સાજો થઈ અમારા લગ્ન માટે તૈયારી કરું તે પહેલા મારા કાકા કનુભાઈ પટેલ, જે અમારા સંયુક્ત કુટુંબના મોભી હતા તેમણે અમારા ચરોતરની જ છોકરી જેનું કુટુંબ અમેરિકામાં હતું અને ત્યાંથી આવેલ સમીરની મમ્મી ગીતા સાથે મને કોઈપણ વાત કરવાનો મોકો કે વાત કરવાની તક આપ્યા વિના ઘરના વડીલ અને

Prakash®

**PRAKASH METAL CRAFT PVT. LTD.**

E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com

MFG. ST. STEEL UTENSILS

કુટુંબના મોભી તરીકે ચૂપચાપ સગપણ અને લગ્ન કરવાનો આદેશ આપ્યો. મન મારીને મારે લગ્ન કરવા પડ્યા અને તુરંત જ મારો પાસપોર્ટ, વિઝાની કાર્યવાહી કરી સમીરની મમ્મી ગીતા સાથે અમેરિકા જવું પડ્યું. ત્યારથી અત્યાર સુધી હું એક ગુનેગાર તરીકે જીવન વિતાવી રહ્યો છું. સમીરના જન્મ પછી, એની મમ્મી ત્રણ વરસ પછી લોહીના કેન્સરના દર્દથી સ્વર્ગે સિધાવી. દરમ્યાન મારા કાકાએ આપને જાનકી માટે બે લાખ રૂપિયા મોકલ્યા હતા. એ બાબતે મને વધુ શરમજનક પરિસ્થિતિમાં મૂકી દીધો. એટલે હું જાનકીને મોં બતાવવા લાયક નથી રહ્યો. સમીર અહીં ફરવા આવ્યો અને યોગાનુયોગ આપની હોસ્પિટલમાં દાખલ થયો. પાછા આવી તેણે પૂરી હકીકત મને જણાવી અને મને જાનકી સુધી પહોંચાડવા નિમિત્ત બન્યો.

રામાયણમાં રામે જાનકીને ધોબીની વાત સાંભળી, જંગલમાં તરછોડી દીધા હતા પણ ... પણ હું કળીયુગનો રામકૃષ્ણ, મારા કાકાના કહેવાથી જાનકીને તરછોડીને ચાલ્યો ગયો હતો પરંતુ હવે મારા મનની શાંતિ માટે, હું મારા દીકરા સમીરને નેહલ સાથે પરણાવી લઈ જવાની સાથે જાનકી મને માફ કરી દે તો તેની સાથે પ્રાયશ્ચિત રૂપે તેને પણ સમીરની માતા તરીકે લગ્ન કરી લઈ જવા આવ્યો છું. હવે જે આપને યોગ્ય લાગે તેમ કરો.'' કહીને ફરી રામકૃષ્ણ પટેલ રડી પડ્યા.

ડૉ દેસાઈ રામકૃષ્ણ પટેલનો હાથ પકડી ભેટી પડ્યા અને તેમને બાજુના રૂમ બેસવાનું કહી રીસેપ્શનને જાનકી અને નેહલ સીસ્ટરને તાત્કાલિક બોલાવી મોકલવાનો આદેશ આપ્યો અને સ્ટાફ પાસે તાત્કાલિક મીઠાઈ મંગાવી.

રામકૃષ્ણ પટેલના આગમનથી અજાણ, જાનકી અને નેહલ સીસ્ટર્સ, ડૉ. સાહેબની રૂમમાં દાખલ થયા ત્યારે, ''એકાએક કેમ બોલાવ્યા હશે?'' ના ભાવ સાથે સામે બેઠા એટલે ડૉક્ટર સાહેબે કહ્યું ''સિસ્ટર્સ, તમે ઋગ્વેદમાં સિસ્ટર્સ તરીકે ઘણું કામ કર્યું હવે તમને મેં પ્રમોશન આપવાનું નક્કી કર્યું છે અને હવે તમારે ઋગ્વેદથી પણ વધુ જવાબદારીવાળું કામ સ્વીકારવાનું હોવાથી તમારે બન્નેને ઋગ્વેદમાંથી રાજીનામું આપવું પડશે.'' સાંભળીને જાનકી તથા નેહલ બન્નેને બોલવાના હોશ ન રહ્યા ત્યારે ડૉ. સાહેબે, ચોખવટ કરતા પહેલાં બન્નેના મોં માં પોતાના હાથે મીઠાઈ ખવડાવીને પૂરી હકીકતથી વાકેફ કર્યા ત્યારે બંનેની આંખો હર્ષના આંસુથી છલકાઈ ગઈ. રામકૃષ્ણ અને સમીર બંનેને બોલાવીને ડૉક્ટર સાહેબે તેમનું મોં પણ મીઠું કરાવ્યું. અત્યાર સુધી પોતાના ડેડીની હકીકતથી અજાણ સમીરને જ્યારે આ વાત જાણવા મળી ત્યારે એ તો, જાનકી આન્ટીને, 'માય મોમ' કહીને ભેટી પડ્યો.

તાત્કાલિક અનુકૂળ દિવસે, ઋગ્વેદના કંપાઉન્ડમાં જ લગ્નનું આયોજન કરી નેહલને તેના માતા-પિતાએ અને જાનકી સીસ્ટરને પોતાની નાની બહેન તરીકે ડૉ. દેસાઈ સાહેબે કન્યાદાન કર્યું.

વિધિ પૂરી થતાં સૌને ભેગા કરી ડૉ. દેસાઈએ સહર્ષ જાહેર કર્યું કે, ''મેં મારી જાતે જ મારા પગ ઉપર કુહાડી મારી છે. મારા જમણા-ડાબા હાથ જેવા જાનકી અને નેહલ સીસ્ટર્સને એમના ઘરે મોકલી રહ્યો છું અને ઋગ્વેદ માટે ખોટનો ધંધો કર્યો કહેવાય. બોલો કોઈ હોય મારા જેવો શાણો!''

અને ઋગ્વેદનું બિલ્ડિંગ સૌના હાસ્યથી ગાજી ઉઠ્યું.

*૧૨, ઘર આંગણ એપાર્ટ.*
*પ્રોફેસર્સ કોલોની સામે, "ચાઈલ્ડ કેર" પાછળ,*
*વિજય ચાર રસ્તા પાસે, નવરંગપુરા,*
*અમદાવાદ-૯. મો. : ૯૮૨૫૭૦૦૦૯૬*

## જળ સંરક્ષણ

**(અનુસંધાન : પાના નં.-૩૧ ઉપરથી ચાલુ)**

વિસ્તારોમાં કચ્છમાં શરૂ કરાયા જે ફળીભૂત થવા પામ્યા છે. અનેક ચેક ડેમો પણ વિસ્તરી રહ્યા છે. ઈઝરાયલ ખેત પદ્ધતિથી વાવેતરો શરૂ કરાયા છે. તાજેતરમાં સિંચાઈતંત્ર દ્વારા ફેબ્રુઆરી ૨૦૧૪થી કચ્છના સાત તાલુકાઓમાં ૮.૪૭ કરોડની નવતર કૂવા રિચાર્જ યોજનાનો પ્રારંભ કરાયો છે. આ યોજના અન્વયે એક એક લાખના ખર્ચે ૮૪૭ રિચાર્જ કૂવા બનશે. લખપતમાં ૧૪૨, ભચાઉમાં ૧૪૦, અબડાસામાં ૧૩૮, માંડવીમાં ૧૨૫, અંજારમાં ૧૧૪, મુંદ્રામાં ૧૫૮ અને રાપરમાં ૩૦ — આમ યોજના પૂર્ણ થયે સફળતાનો ખ્યાલ મળશે.

- **જળ સંરક્ષણ અને ઉદ્યોગ :**

ઈ.સ. ૨૦૫૦ સુધીમાં ભારતની વસ્તી ૧.૮ અબજના આંકડાને આંબી જશે. તે માટે ૩૦૬૦ અબજ ઘન મેટ્રિક તાજા પાણીની આવશ્યકતા છે. ભારતમાં પ્રતિવર્ષ ૧૮૬ ઘન મેટ્રીક પાણી જમીનની સપાટી પર વહે છે. વિવિધ પ્રકારે થતી રિચાર્જની પ્રક્રિયાને કારણે ભૂતળમાં ૪૩૩૨ અબજ ઘન મેટ્રિક જળનો જથ્થો ઉપલબ્ધ રહે છે. ઈમારતોની છત પર પડતા વરસાદના પાણીનો સંગ્રહ ઘરમાં ટાંકા બનાવીને તેમાં કરી શકાય.

જળ સંચય માટે અને જળ સંરક્ષણ માટે વોટર ઑડિટ જરૂરી છે. વપરાશકારોને મીટર લગાડી પાણી જોડાણ આપવા. પ્રિ-ટ્રીટમેન્ટ પ્લાન્ટ દ્વારા જળ સંરક્ષણ, એન્ફ્લ્યુએન્ટ ટ્રીટમેન્ટ, કુલીંગ વોટર ટ્રીટમેન્ટ આદિ જળસંરક્ષણ પૂરું પાડશે.

*૬/એ, લીમડા લાઈન,*
*સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૫૨૫૨૩૪૩૪૬*

**ફાર ઈસ્ટ**
**સીંગાપોર • મલેશિયા • થાઈલેન્ડ**
All Inclusive Rs. 39,999/- + $ 999
11 Days – 11 Nights • નિયમિત પ્રસ્થાન
**દુબઈ • આબુધાબી**
All Inclusive Rs. 24,444/- + $ 499
4 Nights – 5 Days • નિયમિત પ્રસ્થાન

**યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા**
**મુલુંડ**
✆ : 93233 60708 / 25903514 • 5 • 6

# પંડિત જવાહરલાલ નહેરુ

*મુલાકાત લેનાર : રામનારાયણ ચૌધરી*

*ગુજરાતી અનુવાદ : કરીમભાઈ વોરા*

***ચૌધરી*** : બાળકો પ્રત્યે તમને આટલો બધો પ્રેમ છે તેનું શું કારણ?

***નહેરુ*** : સામાન્ય રીતે જોઈએ તો હિંદુસ્તાનમાં બાળકોને વધારે લાડથી નુકસાન થાય છે. ખોટી ટેવો પડે એટલી હદ સુધી પ્રેમને લઈ જવો એ સારું નથી.

***ચૌધરી*** : ધર્મ અને ઈશ્વર વિશે તમે શું માનો છો?

***નહેરુ*** : આ બાબતે તમને ડૉ. રાધાકૃષ્ણનની વાત કરું. ડૉ. રાધાકૃષ્ણન એકવાર લેનીનગ્રાડ યુનિવર્સિટીમાં ગયા. ત્યારે તેમણે પૂછ્યું કે તમે લોકો કહો છો કે તમે ઈશ્વરમાં નથી માનતા. પણ તમે સત્યમાં માનો છો?

જવાબ મળ્યો : 'હા'.

રાધાકૃષ્ણને ફરી પૂછ્યું કે તમે માનવ કલ્યાણમાં માનો છો?

જવાબ મળ્યો : 'હા.'

ફરી પૂછ્યું કે તમે સૌંદર્યમાં માનો છો?

ફરી જવાબ મળ્યો : 'હા.'

ડૉ. રાધાકૃષ્ણને તરત કહ્યું કે અરે! એ જ તો ઈશ્વર છે! (સત્યમ્ - શિવમ્ - સુન્દરમ્)

પેલા લોકોએ કહ્યું કે તમે એને જ ઈશ્વર કહેતા હો તો અમે બધા પણ એમાં માનીએ છીએ."

મારી પણ ઈશ્વર વિશે આ જ માન્યતા છે.

(એમ નહેરુનો જવાબ હતો.)

***ચૌધરી*** : વિદ્યાર્થી હતા ત્યારે તમે કેવા સ્વપ્ના જોયા હતા?

***નહેરુ*** : હિંદુસ્તાનની આઝાદીનું.

***ચૌધરી*** : તમારું લગ્નજીવન સુખી હતું? કદી આપસમાં અણબનાવ થયેલો?

***નહેરુ*** : અરે, આ તો ખરો સવાલ છે! ભાઈ, **થોડો ઘણો અણબનાવ તો થાય જ.** પણ સુખી કે દુ:ખી થવાનો સવાલ અમારા જીવનમાં સામાન્ય રીતે ઊભો થયો ન હતો કારણકે ઘણા વરસ મારે જેલમાં રહેવાનું થયેલું. કમલા પણ મોટેભાગે બીમાર રહી, હોસ્પિટલમાં રહી, પણ અમારી વચ્ચે લાગણી ઘણી હતી.

***ચૌધરી*** : તમે તેમની તબિયત વિશે પતિ તરીકે કાળજી રાખેલી કે નહીં? લોકોનો એવો ખ્યાલ છે કે તમે બરાબર કાળજી રાખી ન હતી.

***નહેરુ*** : બંને વાત સાચી છે. કોઈવાર કાળજી રાખી, કોઈવાર ન રાખી. તે વખતે મારા મનમાં કેટલાયે સવાલો રમતા હતા. હું દેશભરમાં દોડાદોડી કરતો હતો. ઘરનો ખ્યાલ રહ્યો ન હતો.

***ચૌધરી*** : કમલાજીના મૃત્યુ પછી તમે ફરી પરણતાં શાથી રોકાયા? સંયમ? દેશસેવાની લગની? નાહકની ઉપાધિની બીક? ઇંદિરાબેનનો ખ્યાલ? કઈ વાતથી રોકાયા?

***નહેરુ*** : બીજી વખત લગ્ન કરવાનો સવાલ તો મારી સામે કદી આવ્યો જ નથી. **આજકાલ લગ્નોમાં પૈસા ખૂબ વેડફાય છે. ગામડાંના લોકો ન્યાતના દબાણથી કે દેખાદેખીથી ઘસડાઈ જાય છે અને પાયમાલ થાય છે.** પૈસાવાળા કરે છે તે તદ્દન કઢંગુ અને બેહુદૂ હોય છે. આ બધું જોઈને મને ખૂબ ગભરામણ થાય છે.

***ચૌધરી*** : તમારો કોઈ ખાસ મિત્ર....

***નહેરુ*** : દુનિયામાં મારે કોઈ નિકટનો મિત્ર નથી. જાનપહેચાન વાળા તો ઘણા છે, પણ જેમની સાથે હું દિલ ખોલીને વાત કરી શકું તેવા ખરેખર ઓછા જ છે.

***ચૌધરી*** : અંગ્રેજોના રાજયથી ભારતને કોઈ લાભ થયો?

***નહેરુ*** : મારી સમજ પ્રમાણે મોટો ફાયદો એ થયો કે હિંદને એક મોટો ધક્કો લાગ્યો, વિચારનો ધક્કો, આચારનો ધક્કો. આપણે રૂઢિ અને ચીલાથી બહાર નીકળતા ન હતા. જો કે અંગ્રેજોના આવવાથી આપણને આર્થિક અને અન્ય ક્ષેત્રોએ ઘણું નુકસાન થયું પણ નવી દુનિયાની ખબર પડતી ગઈ. ઉદાર વિચારોનો અને પુસ્તકોનો ફેલાવો વધ્યો, હિંદુસ્તાનની એકતા થઈ, જે અંગ્રેજોની વિરુધ્ધમાં કેળવાઈ.

***ચૌધરી*** : ભાવિ પેઢીઓ તમને કયા રૂપે યાદ કરે તો તમને ગમે?

***નહેરુ*** : મને કોઈ યાદ કરે એની મને ફિકર નથી. છતાં જો કોઈ યાદ કરે તો એ રીતે કરે કે : આ એક એવો માણસ હતો કે જે ભારતને અને ભારતના લોકોને ખૂબ ચાહતો હતો અને ભારતના લોકોએ પણ તેને ઘણો પ્રેમ અર્પણ કર્યો હતો.

***ચૌધરી*** : હવે છેલ્લો સવાલ. તમે કદી હોદ્દો છોડો તો તમે રાજકારણ સિવાયનું કયું કામ પસંદ કરશો?

***નહેરુ*** : મારા મનમાં સોએ સો ટકા રાજકારણની વાત છે. **એનાથી અલગ રહીને હું કામ ન કરી શકું. એ રીતે તો હું તદ્દન નકામો થઈ જાઉં. હું રાજકારણનો જીવ છું.** હું એક ગુફામાં કે કુટીરમાં ભરાઈને માળા જપવા નથી માગતો.

***'પંડિતજી પોતાને વિશે' પુસ્તકમાંથી***

***પ્રસ્તુતિ : શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

*જ્યાં લગી તમે નિરાશ થઈ શકો છો ત્યાં લગી સમજો કે તમે હજી પણ યુવાન છો.*

જીવન ચરિત્ર

# સેવામગ્ન મંગલમૂર્તિ : મગનલાલ વેલજી દેઢિયા

• સુરેશ પ્રા. ભટ્ટ •

જો તમારામાં કોઈને સુખ સરિતામાં સ્નાન કરાવવાની શક્તિ ન હોય તો કોઈને દુઃખના દરિયામાં તો ન જ ડુબાડશો. જેનામાં સેવાનો ગુણ હોય એવા માનવીને પ્રભુ સદા સહાય કરે જ છે.


માનવીનો મૂક કર્મયોગ એ ઈશ્વરની પ્રાર્થના જ છે અને પ્રાર્થનાનું ફળ શ્રધ્ધા છે અને શ્રધ્ધાનું ફળ સર્વ પ્રત્યે પ્રેમભાવ છે અને એનું ફળ છે, સેવા. આવા સેવાભાવી - સેવક ભુજપુર (તા. મુંદ્રા, કચ્છ)ના અદના સેવક, જે સેવાભાવી સરપંચથી તાલુકા પંચાયતના પ્રમુખપદ સુધી પહોંચ્યાં. છતાં નિરાભિમાની અદના કાર્યકર જ રહ્યા.

આ નિરાભિમાની, ગાંધીવાદી સમાજસેવકનો જન્મ તા. ૨૦-૬-૧૯૨૨ અને જીવન દીપક શાંત થવાની તા. ૦૧-૦૩-૧૯૮૪. માત્ર ચાર ધોરણના અભ્યાસી આ વિદ્વાને ગ્રામસેવાની વિદ્યાપીઠમાંથી કર્મયોગની મોટી ડિગ્રી પ્રાપ્ત કરી.

પાન-બીડીની દુકાનથી પ્રારંભ જીવન કાર્યમાં સત્તર વર્ષની વયે જાહેર જીવનની શરૂઆત કરી અને ભુજપુર જૂથ ગ્રામ પંચાયતના સરપંચ થયા અને સેવાભાવની સરિતાનો અસ્ખલિત પ્રવાહ શરૂ થયો.

ભુજપુરમાં કાર્યરત આજની કેટલીય સંસ્થાના પાયામાં એમનો જ પ્રાણ શ્વસે છે. લગભગ ચોવીસથી પચ્ચીસ સંસ્થાઓ શરૂ કરી તેને પગભર બનાવવાનો સંપૂર્ણ શ્રેય શ્રી મગનલાલ વેલજીને જ આપવું પડે.

રૂા. ૨૮.૫૦ની ઉધારથી સંભાળેલ ભુજપુર ગ્રામ પંચાયતનું પ્રમુખપદ પંચાણું હજારની પુરાંત સાથે છોડ્યું અને એનાથી




વિશેષ ગૌરવવંતા - મુંદ્રા તાલુકા પંચાયતના પ્રમુખપદે ગયા. આજીવન "ખાદી ધારી." ખાદીનો ઝભ્ભો - બંડી - પાયજામો અને ટોપી, એ એમનો કાયમી પહેરવેશ.

ધાર્મિક વૃત્તિના ચુસ્ત પાલક. ધર્મપ્રેમી મગનભાઈએ જૈન ધર્મની કેટલીય સંસ્થાની સ્થાપનામાં પણ જીવંત રસ લીધો. ધર્મશ્રધ્ધાળુ, નાનપણથી જ ચૌવિહારનું ચુસ્ત પાલન કરતા. તાલુકા પંચાયત પ્રમુખ થયા પછી પણ મુંદ્રાથી એસ.ટી. બસમાં જ સાંજે ભુજપુર આવે. સાડાચારની બસમાં મુંદ્રા તાલુકા પંચાયત કચેરીથી ઉતાવળે પગે બસ સ્ટેશન આવે... બસ સાડા પાંચે ભુજપુર આવે. આમ છતાં તંત્ર મહિનામાં દસ-પંદર દિવસ તો ભૂખ્યા જ રાખે... એટલે કે બસ સૂર્યાસ્ત પછી જ ભુજપુર પહોંચે.

મારું ઘર નવા નંબરમાં એસ.ટી.ની તદન નજીક. અમારું રાત્રિ ભોજન પણ ગામ પ્રમાણે. દેશ તેવો વેશ.... સાંજે છ વાગે જમી લેતા. પૂ. મગનભાઈને તેની જાણ... એક દિવસ બસ સૂર્યાસ્તની માત્ર પંદર મિનિટ પહેલાં ભુજપુર પહોંચી. ઘરે પહોંચીને જમવા જેટલો સમય નો'તો. શ્રી મગનભાઈ ઉતાવળે મારે ત્યાં આવ્યા. કહ્યું, "માસ્તર, જે જમવાનું હોય તે (જૈન) થાળી પીરસો. ચૌવિહારનો સમય થઈ ગયો છે." શ્રી મગનભાઈએ અમારા આંગણાના ઓટલે બેસીને ખીચડી - દૂધ ખાધા...!

આજના રાજકારણી નેતાના ચિત્ર સાથે આવી સાદગી અને સ્વભાવ ધરાવતા મગનભાઈ જેવા ગાંધીવાદી સેવકના ચિત્રનો મેળ ક્યાં પડે?

મગનભાઈ સાચા સેવક હતા. ત્યારે મોબાઈલ ફોન ન હતા. તેઓ ખિસ્સામાં એક ડાયરી રાખતા. જેમાં નામ - હોદ્દો છપાયેલ હોય અને છેલ્લા તાલુકા પંચાયત પ્રમુખનો રબ્બર સ્ટેમ્પ હોય. રસ્તામાં કોઈપણ ખેડૂત - અરજદાર - વડીલ મળે અને કહે, "મગન, ભુજ ખેતીવાડી ખાતે મેં મુંજો હી કમ અટક્યો આય" — ને રસ્તામાં જ એક ઓટલે બેસી ભલામણ ચીઠ્ઠી લખાઈ જાય...! આવી અનેક ભલામણો ભુજની કલેક્ટર ઓફિસમાંની અનેક કચેરીઓમાં આજે પણ સાક્ષીરૂપ પડી છે. કોઈ ખાતું એવું નહીં હોય જ્યાં મગનભાઈની અરજદાર માટે "ભલામણ ચીઠ્ઠી" ન હોય...! મુંદ્રા જવાની બસની રાહ જોતાં, એ જ એમનું "સેવા કેન્દ્ર" બની જતું કારણકે બધાને ખબર જ હોય કે મગનભાઈ સાડા દસની બસમાં મુંદ્રા જશે.

*માનવજાત પર મોટામાં મોટો શાપ તે સ્વાર્થ.*

મગનભાઈ સમજતા કે સેવા પરાયણ હોવું એ પ્રભુ પરાયણનો પર્યાય છે. ભુજપુરમાં ઇંદિરા ગાંધી, હિતેન્દ્ર દેસાઈ જેવા મહાનુભાવોનાં ચરણ પડ્યા હોય ત્યાં તેનું તમામ શ્રેય મગનભાઈને જ જાય છે કારણકે જગતમાં સૌથી મોટો અધિકાર સેવા અને ત્યાગથી જ પ્રાપ્ત થાય છે.

મગનભાઈ ખેડૂત હતા પણ વાડીની દેખભાળ એમના માતુશ્રી અને પત્નીએ જ ઉપાડી લીધી હતી. ઉચ્ચ હોદ્દા પર હતા તેથી ખેતીવાડીમાં કે અન્ય લાભો મેળવી લેવાની સુવિધા સરળ હતી. પણ ગાંધીવાદી સેવક અને ભક્તિમાં વિશ્વાસ રાખનાર મગનભાઈએ કદી પણ કોઈ લાભ લેવાની ઈચ્છા જ રાખી ન હતી. આવી સેવાનિષ્ઠા અને કર્તવ્યનિષ્ઠાને કારણે તેમનાં ત્રણ પુત્રો અને ચાર પુત્રી મુંબઈમાં ખૂબ સારી રીતે, ધર્મનિષ્ઠા સાથે સુખી છે અને તે બધા પણ ભુજપુરવાસીની થઈ શકે તેટલી સેવા આજે પણ કરે છે. મોટા પુત્ર તુષાર દેઢિયા મોટા ગજાના ઉદ્યોગપતિ છે અને "આશાપુરા ફાઉન્ડેશન"માં સક્રિય છે, કેન્દ્રીય સ્થાન ધરાવે છે.

ઓછામાં ઓછી જરૂરિયાત સાથે જીવનનો નિભાવ કરવો એ જ સાદગી છે. સાદગી અને નમ્રતા એમની રગમાં હતાં. સેવાનો આધાર પૈસા નથી, હૃદય અને ઈચ્છા છે.

ભુજપુરમાં આવનાર કોઈપણ નાનો - મોટો કર્મચારી, તલાટીથી ડૉક્ટર કે શિક્ષક ભુજપુરમાં પગ મૂકે ત્યારે તેના હાથમાં મગનભાઈ ઉપર લખાયેલી ભલામણ ચિઠ્ઠી હોય. મગનભાઈ તેને મકાન ભાડે અપાવવાથી લઈને તે કર્મચારી વ્યવસ્થિત થઈ જાય ત્યાં સુધીની જવાબદારી ઉપાડી લે. એટલું જ નહીં, અવારનવાર તેની સારસંભાળ પણ પૂછે...! હું પણ તેમાંનો એક હતો.

શ્રી મગનભાઈને સત્તા - હોદ્દાનું કોઈ જ અભિમાન નહીં. કોઈ કામ નાનું કે મોટું નહીં. ચોમાસામાં મારા ખાળકૂવાનો ઢાંકણ પથ્થર બેસી ગયો. હું એકલો એ પથ્થર ઉંચકવા મથતો હતો, ત્યાં તાલુકા પંચાયતના પ્રમુખ મુંદ્રા જવા મારા ઘર પાસેથી પસાર થયા. મારા પ્રયત્નમાં હાથ દીધો...! પથ્થર મોટો અને વજનદાર હતો. ઉંચકાયો નહીં. શ્રી મગનભાઈએ કહ્યું, 'માસ્તર, તમે ચિંતા ન કરો. હું બસ સ્ટેશનેથી માણસો મોકલું છું.' — અને થોડીવારમાં જ બે માણસો આવ્યા અને મારી ચિંતા પર મોટું ઢાંકણ ઢંકાઈ ગયું. શ્રી મગનભાઈએ મજૂરોને પૈસા લેવાની પણ ના પાડી હતી.

સેવા, ભગવાનથી ભિન્ન નથી — એવું સમજનાર મગનભાઈ આત્મભાવથી જ સેવામાં વ્યસ્ત રહેતા. સરકારી કે કોઈપણ કાર્યક્રમમાં આવનાર મુખ્ય મહેમાન કે અતિથિનો સત્કાર મગનભાઈને ત્યાં જ થાય. અને મહેમાનની સાથે ડૉક્ટર, આચાર્ય, પોસ્ટ માસ્તર અને કાર્યકરોનો 'ભંડારો' પણ એમને ત્યાં જ હોય.

સેવા હાથથી, પ્રેમ દિલથી, વિચાર દિમાગથી થાય છે. પ્રેમ અને વિચાર અત્યંત વ્યાપક હોઈ શકે પણ સેવા તો પોતાના હાથે, હૃદય અને પ્રેમના સહકારથી સરળ રીતે થઈ શકે છે. શ્રી મગનભાઈ આ જાણતા હતા અને એ એમના જીવનમાં અવતરિત કર્યું હતું.

આવા સંન્નિષ્ઠ, સેવાભાવી, સાચા નિરાભિમાની, મૂક કાર્યકર, ધર્મિષ્ઠ શ્રી મગનલાલ વેલજી દેઢિયાને હૃદયપૂર્વકના વંદન સહ અંજલિ...

*રામચરિત, પ્લોટ નં. ૧૫૧/૧,*
*સેક્ટર-૧/બી, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૬૨૫૧*

☺ *નવપરિણીત જોડી જ્યારે હનીમૂન મનાવવા માટે હિલ સ્ટેશનની એક હોટલમાં પહોંચી તો મેનેજરે વરરાજાને જોતાં જ તેનું નામ રજિસ્ટરમાં લખી લીધું.*

*નવવધૂ ખુશ થઈને મેનેજરને : શું મારા પતિ એટલા પ્રસિધ્ધ છે કે તમારે તેમનું નામ, સરનામું પૂછવાની જરૂર જ ન પડી?*

*મેનેજર : હકીકતમાં વાત એવી છે કે, તમારા પતિ અમારી હોટલમાં દર વર્ષે હનીમૂન મનાવવા આવે છે.* ☺

**આ જગમાં થોડા મલે!**

**જાણે ભાષાને ભાવ, અંતરના ઊંડાણથી**
**પ્રગટાવે પુણ્ય પ્રકાશ, આ જગમાં થોડા મલે!**
**લખે લહિયા અનેક, ટેવના પરિણામથી**
**મર્મ માણી જે લખે, આ જગમાં થોડા મલે!**

*— રશ્મિનનો રણકાર, ભાગ-૨માંથી સાભાર*

**Viketa Electronics**
An ISO 9001-2000 COMPANY
**MANUFACTURERS OF ELECTRICAL PANEL BOARDS**
4759, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch.
**Phone : 02646-226257 Fax : +91-2646-252759**
**Mobile : 9824101111, 9824762141**
**E-mail : viketa53@rediffmail.com**

**JAYANT STEELS**
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
**Ph. : (022) 2242 2463 • 2242 7263**

**જયંત સ્ટીલ્સ**
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
**સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન**

સંસ્થા/વ્યક્તિ વિશેષ

# આદિવાસીઓના જીવન ઉત્કર્ષ માટે કાર્યરત : કોકિલાબેન વ્યાસ

● કિરણ ચાંપાનેરી 'સેતુ' - ફ્રીલાન્સ પત્રકાર ●

દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લાના માંડવી, વ્યારા, વાલોડ, ઉમરપાડા, સોનગઢ, મહુવા તાલુકાઓમાં મુખ્ય વસતિ આદિવાસીઓની. ઉમરપાડા ડુંગરાળ, તો સોનગઢ ટેકરીઓવાળો પથરાળ પ્રદેશ. માંડવી અને વ્યારા - વાલોડ સપાટ અને ફળદ્રુપ જમીનવાળો વિસ્તાર. તો મહુવામાં સપાટ અને ડુંગરાળ પ્રદેશ બંને જોવા મળે. વાલોડ વિસ્તારના આદિવાસીઓના જીવન ઉત્કર્ષ માટે ગાંધીજીના અંતેવાસી જુગતરામ દવેએ વેડછીમાં શિક્ષણ અને રચનાત્મક કાર્યની જ્યોત પ્રગટાવેલ. તેમણે વેડછી પ્રદેશ સેવા સમિતિની રચના કરેલી. જુગતરામ કાકાએ શરૂ કરેલ શિક્ષણના સેવા યજ્ઞમાં ગાંધી રંગે રંગાયેલ ઘણાં યુવક - યુવતીઓ, દંપતીઓ સામેલ થયેલા. તરલાબેન બાબુભાઈ શાહ અને કોકિલાબેન ભીખુભાઈ વ્યાસની જોડી - દંપતી આજે પણ આદિવાસીઓના કલ્યાણ માટે મથી રહ્યા છે. જો કે, બાબુભાઈ શાહે તો આ દુનિયામાંથી વિદાય લીધી છે.

વેડછી પ્રદેશ સેવા સમિતિનું કાર્ય માત્ર વાલોડા કે વેડછી વિસ્તાર પૂરતું જ સીમિત ન રહ્યું. **આદિવાસી વિસ્તારમાં જ્યાં જરૂર વરતાઈ ત્યાં આ સેવા સમિતિની વડવાઈરૂપી શાખાઓ વિસ્તરી છે.** જેમાં વ્યારા તાલુકાના બોરખડીમાં અને છેક વલસાડ જિલ્લાનાં ધરમપુર - કપરાડાનાં ડુંગરાળ પ્રદેશમાં વડવાઈઓ ફેલાઈ છે અને કાર્યરૂપી મૂળિયા નાખી જમાવટ કરી છે. આમ તો કોકિલાબેન - ભીખુભાઈ વ્યાસ શિક્ષણના જીવ. કોકિલાબેન બોરખડી સ્ત્રી અધ્યાપન મંદિર (પી.ટી.સી.)માં આચાર્યા તરીકે સેવા - ફરજ બજાવતા હતા. તેમાં સર્વોદય પરિવાર ટ્રસ્ટ પીંડવળ તરફથી કહેણ - આમંત્રણ મળ્યું કે તમે ધરમપુર - કપરાડા ડુંગરામાં વસતા આદિવાસીઓ માટે શિક્ષણનું કામ કરો. એમાં ૧૯૮૫-૮૬માં કોકિબેનને ઑફ કેમ્પસ પ્રસંગે ગ્રામ અનુભવ માટે ચારેક વર્ષ પિંડવળ - તામછડી વિસ્તારમાં ફરવાનું થયું. **અહીંની શાળાઓ અને શિક્ષણની દશા જોઈ. શાળાઓ માત્ર નામની જ. સરકારી શિક્ષકો આંટો મારીને જતા રહે.** ગામડામાંથી સાતેક ધોરણ ભણેલ માંડ એકાદ વ્યક્તિ મળે. આદિવાસી વિસ્તારની આ સ્થિતિ જોઈને કોકિલાબેને અહીં શિક્ષણનું કામ કરવાની મનમાં ગાંઠ વાળી.

સને ૧૯૮૮માં બીજી ઓક્ટોબરે ગાંધીજીના જન્મદિનથી વેડછી પ્રદેશ સેવા સમિતિના ધરમપુર પ્રોજેક્ટના ખાંડા ગામની આશ્રમશાળાથી શ્રીગણેશ થયા. વેડછી પ્રદેશ સેવા સમિતિના નેજા હેઠળ કોકિબેન - ભીખુભાઈએ (૯૪૨૯૮ ७१०७०) ધરમપુર - કપરાડાના ડુંગરોમાં પ્રારંભ કર્યો શિક્ષણ કાર્યથી. ૧૯૮૯માં બીજી ઓક્ટોબરે આ વિસ્તારમાં રાત્રિશાળા, અવૈધિક શિક્ષણ, બાલસેના અને પ્રાથમિક આરોગ્યની કામગીરીની શરૂઆત કરેલી. જેમાં વેડછી - વાલોડ પ્રદેશની આદિવાસી સેવિકાઓ દ્વારા જ પ્રારંભે શિક્ષણ કામ હાથ ધરેલું. ત્યાર પછી આ વિસ્તારના આદિવાસી યુવાનોને જ શિક્ષણ કાર્યમાં પરોવ્યા - સામેલ કર્યા. ધોરણ ૮-૯ ભણેલા યુવાનો તૈયાર થતા ગયા. રાત્રિવર્ગો, બાલવાડીઓ અને યુવા તાલીમનાં ૫૦ કેન્દ્રો શરૂ થયાં. આજે છવીસેક વર્ષ બાદ ૧૦૦થી વધુ ગામડાં - ફળિયાઓમાં કામ વિસ્તર્યું છે.

કોકિબેન - ભીખુભાઈએ શિક્ષણના કામથી શરૂઆત કરેલી. તે પછી અહીંના આદિવાસી જનજીવનને સ્પર્શતા પ્રશ્નોને એક પછી એક હાથમાં લીધા. સ્થાનિક લોકો મારફત જ ઉકેલવાના સફળ પ્રયાસ કર્યા - કરી રહ્યા છે. સરકારની કોઈ સહાય વગર જ લોકોના શ્રમદાન - સહકાર, સ્વીડનની ટફ સંસ્થાની આર્થિક સહાય અને અન્ય દાતાઓના અનુદાનથી વિવિધ પ્રકારે પ્રવૃત્તિ પાંગરી છે. લોકોએ જમીન આપી, કાચા મકાનો બાંધી આપ્યા અને છાત્રશાળાઓ શરૂ થઈ. રાત્રિવર્ગો અને બાલવાડીથી શરૂ કરેલ શિક્ષણ કાર્ય આજે ધોરણ ૧૧-૧૨ સુધી પહોંચ્યું છે. આજે ૬ છાત્રશાળાઓમાં ૯૦૦ બાળકો શિક્ષણ લઈ રહ્યાં છે. તામછડીમાં માધ્યમિક વિદ્યાલય શરૂ કર્યું છે. જેમાં ૧૦૩ બાળકો ભણે છે. વાઘવળ વિસ્તારમાં ૨૫ ગામડાંઓમાં એકપણ માધ્યમિક શાળા ન હતી, ત્યાં માધ્યમિક શાળાની શરૂઆત કરવામાં આવી છે. ધોરણ-૪ થી ૮ સુધીના ૧૬૦ વિદ્યાર્થીઓવાળી વાઘવળ આદર્શ શાળાને મુંબઈના રાજ ફાઉન્ડેશને દત્તક લીધેલ છે. જેમાં કોમ્પ્યુટર લેબ, સાયન્સ લેબ, કર્મચારી નિવાસ, પાણીની સંગ્રહની સુવિધા અને અદ્યતન સેનેટરી સુવિધાથી સજ્જ છે. શિક્ષણ સાથે સંસ્કાર, સમાજસેવા, સ્વાવલંબનના પાઠ બાળકોને શીખવાડાય છે. એ માટે ખેતી, અળસિયા ખાતર, આંબાવાડી, સોલર લાઈટ અને અન્ય ઈતર પ્રવૃત્તિઓ ચાલે છે.

અહીંના આદિવાસી વિસ્તારમાં કન્યા કેળવણી પ્રત્યે ઓછી જાગૃતિ, બાળલગ્નનું પ્રમાણ પણ ઘણું. **એટલે કન્યા કેળવણી વધે તો જ જાગૃતિ આવે.** વળી કન્યાઓને શિક્ષણ મેળવવા માટે ધરમપુર - કપરાડા જવું પડે અને રહેવું પડે. છાત્રાલયની સુવિધા હોય તો આગળ ભણી શકે. બીલપુડી ગામના આદિવાસી સજ્જને ૧ એકર જમીન દાનમાં આપી. પ્રકૃતિની ગોદમાં ટેકરી પર ધોરણ ૧૧-૧૨ની કન્યાઓ માટે છાત્રાલય શરૂ થયું. એ જ રીતે બીલપુડીમાં અને કપરાડામાં ૧૧-૧૨ના વિદ્યાર્થીઓ માટે કુમાર છાત્રાલય શરૂ કર્યું. આ રીતે ૧૨મા ધોરણ સુધી નિરાંતે

*સાચી મજાક મગજમાંથી નથી, પણ હૃદયમાંથી પ્રગટે છે.*

ભણી શકે તેવી સુવિધા સગવડ થઈ છે. એમાં ઉમેરાઈ મોબાઈલ વાનની શિક્ષણ પધ્ધતિ. મોબાઈલ વાનમાં ફરતું પુસ્તકાલય, પૂરક શિક્ષણ, કોમ્પ્યુટર પરિચય, ટી.વી. મારફત શિક્ષણ તાલીમબધ્ધ શિક્ષકો દ્વારા અપાય છે.

જૂન-૨૦૧૦માં બોરખડી કન્યા છાત્રાલયની ૨૫ વિદ્યાર્થિનીઓએ ધોરણ-૧૨ સુધીનું શિક્ષણ પૂરું કરીને યુનિવર્સિટી કક્ષાએ તથા અન્ય ઉચ્ચ અભ્યાસ ક્ષેત્રે આગળ વધનાર આ વિસ્તારની એ પહેલી પેઢી! આમાં જેઓ તેજસ્વી છે તે વિજ્ઞાન પ્રવાહમાં, અન્ય નર્સિંગ ડિપ્લોમા અને પી.ટી.સી.માં પ્રવેશ મેળવે છે. નર્સિંગ ડિપ્લોમા માટે ગોરજ - વાઘોડિયામાં અહીંની વિદ્યાર્થિનીઓને પ્રવેશ આપવાની વ્યવસ્થા ગોઠવાઈ છે.

કોકિબેન - ભીખુભાઈએ જોયું કે આ વિસ્તારમાં હવે માત્ર શિક્ષણથી કામ નહીં ચાલે, રોજગારી આપે તેવી વ્યાવસાયિક તાલીમ યુવાનોને આપવામાં આવે તો પરિવારને આર્થિક રીતે મદદરૂપ થઈ શકે. આ માટે અમદાવાદ જિલ્લાના બાવળા પાસેના નાની દેવતી ગામે ચાલતા ‘દલિત શક્તિ કેન્દ્ર’માં અહીંના યુવક - યુવતીઓ માટે તાલીમની વ્યવસ્થા કરવામાં આવી. જ્યાંથી સીલાઈકામ, સુથારીકામ, મોબાઈલ રિપેરીંગ, ડ્રાઈવિંગ જેવા વ્યવસાય શીખે છે. **આ રીતે શિક્ષણ અને શાળા માત્ર વિદ્યાધામ પૂરતા નથી રહ્યાં. આ વિસ્તારના લોકો માટે સમાજસેવાના અને સમાજ પરિવર્તનના માધ્યમ બની રહ્યાં છે.** શાળાઓમાં યોજાતા વાલી સંમેલન, બાળમેળામાં જળ, જમીન, જંગલના જતનની, તેના બચાવની વાતો કરવામાં આવે છે.

ગુજરાતમાં ડાંગ - ધરમપુરમાં સૌથી વધુ વરસાદ પડે. તોય ઉનાળે પીવાના પાણીની તંગી જ વરતાય. પાણી માટે બહેનોને ડુંગરા ચઢઉતર કરી લાંબી ખેપો મારવી પડે. ધામણી ગામના નાના ધરા - કૂવીની ઘટનામાંથી પાણીની વિકટ સમસ્યા હલ કરવાનો પ્રારંભ થયો. ધામણી ગામના લોકોના શ્રમથી ૨૦-૨૨ દિવસમાં તો કૂવો ખોદાયો અને કૂવાનું પાકું બાંધકામ થયું. ધરમપુર - કપરાડા વિસ્તારમાં આ પ્રકારે લોકશ્રમથી ૨૨૫ કૂવા બંધાયા, ૧૦ બોરવેલ અને ૮ વરસાદી પાણી સંગ્રહના ટાંકા થયા. એમાં ચેકડેમ અને પાળાના કાર્યક્રમથી કૂવાનાં તળ ઊંચા આવ્યા અને પીવાના પાણીનો પ્રશ્ન મહદ્ અંશે ઉકેલાયો.

ધરમપુર - કપરાડાનો ડુંગરાળ પ્રદેશ. એમાં દોઢસો ઇંચ જેટલો ભારે વરસાદ પડે. ડુંગરાળાઓમાં પાણી સાથે જમીન ધોવાતી જાય. ડુંગરા ધોવાતા જાય. માટીના ધોવાણને અટકાવવા લોકશ્રમ દ્વારા પાળા બાંધવાની પ્રવૃત્તિ હાથ ધરી. પાળાથી માટીનો સંગ્રહ થાય, નવા ખેતરો તૈયાર થાય. જેમાં ડાંગરની ખેતી થાય. ખેડૂતો અન્ન પકાવતા થયા. વળી પોતાના જ ખેતરમાં પાળા કરવાના હોવાથી આ યોજના લોકોને ખૂબ ગમી અને ૨૩૦૦ હેક્ટર નવી જમીન બંધાઈને તૈયાર થઈ. પાણીના સંગ્રહ અને નવા બંધાતા ખેતરોને પાણી મળી રહે તે માટે આડબંધ - ચેકડેમનું કામ હાથ ધર્યું. માટી, પથ્થર અને લોકશ્રમ - શક્તિ દ્વારા ૫૨૬ જેટલાં ચેકડેમ બંધાયા. સરકારે જે કામ કરવું જોઈએ તે વેડછી પ્રદેશ સેવા સમિતિએ અને લોકભાગીદારીથી પાળા અને ચેકડેમની કામગીરી પાર પાડી છે. લોકોને શ્રમના બદલામાં અન્ન અપાય છે. સરકારની કશી જ સહાય વિના પાર્લે ટ્રસ્ટ, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, સ્વીડનની ટફ (TUFF) સંસ્થા, મુંબઈના રશ્મિનભાઈ, રાજ ફાઉન્ડેશન, ઠાકરશી ટ્રસ્ટ આ સૌની સહિયારી નિસ્બતને કારણે ધરમપુરના કપરાડા તાલુકાની અંદાજે એક લાખથી વધુ વસતિ સુધી પ્રવૃત્તિ વિસ્તરી - પહોંચી છે.

ધરમપુર - કપરાડા વિસ્તારના સ્થાનિક લોકોની ઈચ્છા શું છે? માંગ શું છે? આ વિસ્તારને નવી યોજના અનુકૂળ આવશે કે કેમ? એ વિચારીને, અભ્યાસ કરીને, લોકસંપર્ક અને લોકભાગીદારીથી જ ભીખુભાઈ અને કોકિબેન નવી નવી યોજના મૂકતાં રહ્યાં છે, કામ કરતા રહ્યાં છે. લોકોની માંગને ધ્યાનમાં લઈ આંબાની કલમો આપવાનું શરૂ કર્યું. ‘લોકોને અનુસરો’ — આ સૂત્રને કોકિબેન-ભીખુભાઈ અને તેમના સંયોજકો અનુસર્યા છે. પરિણામે દરેક કામમાં ઘણી સફળતા મળી છે. બાવીસેક વર્ષથી આંબાની કલમ આપવાનો કાર્યક્રમ શરૂ કરેલો. હવે તો લોકો જલ્દી ફળાઉ એવી ભેટ કલમનો આગ્રહ રાખવા માંડ્યા છે. આંબાની એક લાખથી વધુ કલમનું વિતરણ - વાવેતર થયું. આંબા ઉપરાંત કાજુ, સીતાફળ, આંબળા - સરગવો, અન્ય વન્ય વૃક્ષો અને સુધારેલા બિયારણ લોકોને રાહતદરે આપવામાં આવે છે. તો વિદ્યાર્થીઓને કલમ બાંધવાની તાલીમ અપાય છે. આ પ્રકારે વૃક્ષ જતન અને સંવર્ધનનું કામ સારા પ્રમાણમાં કરી રહ્યા છે.

ખેતરમાં સિંચાઈ માટે ખેડૂતોને અડધી કિંમતે ૨૨૫ જેટલાં ઓઈલ એન્જિન આપ્યા છે. અહીં ખેતી કામ પાડાથી થાય. એટલે માંગ ઊભી થતાં કચ્છ - કાઠિયાવાડમાંથી પાંજરાપોળોમાંથી ટ્રકો ભરાઈને પાડા અહીં લવાયા અને ખેડૂતોને આપવામાં આવ્યા. જેમાં એક વખતનું ટ્રક ભાડું ખેડૂતો લોકો આપે. આ રીતે ૪૭૦૦ જેટલા પાડા ગામેગામ પહોંચ્યા છે અને હજુ લોકોની માંગ છે. લોકો આગોતરા પૈસા પણ જમા કરાવી જાય છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૪૭ ઉપર)**

તીર્થ પટ
**હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર**
**જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર**
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
**Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761**

માહિતી

# એક વિલુપ્ત પ્રાચીન સભ્યતા

• દિનકર મહેતા •

ઈ.સ. ૧૯૫૫માં ન્યુયોર્કથી ચાર્લ્સ સ્ક્રાઈબર્સ સન્સ તરફથી એક પુસ્તક "ધી બરીડ પીપલ" પ્રકાશિત કરવામાં આવ્યું. પુસ્તકના લેખક હતા સિબલે વોન ક્લેસ રેડન. તેઓ પુરાતત્ત્વવિદ્ હતા. તેમણે જાતે એટ્રુસ્કન પ્રજા સાથે જોડાયેલા સ્થળોની મુલાકાત લઈ ઊંડો અભ્યાસ કર્યો અને આ પુસ્તક તૈયાર કર્યું. આ પુસ્તકમાં એટ્રુસ્કન સભ્યતા માટે રસપ્રદ માહિતી આપેલી છે.

ઈ.સ. પૂર્વે બે હજાર નવસો વર્ષ પહેલાં એક સભ્યતા વિલુપ્ત થઈ ગઈ જેની ચર્ચા બહુ ઓછી થઈ છે. મધ્ય ઈટાલીમાં રોમન સંસ્કૃતિનો ઉદય ઈ.સ.પૂર્વે પાંચસોમાં થયો તેની લગભગ ચારસો વર્ષ પૂર્વે આ સંસ્કૃતિનો અસ્ત થયો હતો. પુરાતત્ત્વવિદોએ આ સભ્યતાને એટ્રુસ્કન (Etruscan) નામ આપેલ છે. **રોમનોએ જ્યારે ઈટાલીનો કબજો મેળવ્યો ત્યારે આ સંસ્કૃતિનું પૃથ્વી પરથી વ્યવસ્થિત રીતે નામશેષ કરવાનું કાર્ય તેમણે કર્યું.** પરંતુ તેની સંસ્કૃતિએ રોમનો પર ઊંડી છાપ છોડી હતી જે રોમના સાંસ્કૃતિક ચિહ્નોમાં પ્રતિબિંબિત થાય છે.

આ એટ્રુસ્કન લોકો કોણ હતા? બ્રિટાનિકા એન્સાઈક્લોપીડિયા (ન્યુ દિલ્હી) તેમનું મૂળ રહસ્યમય હોવાનું જણાવે છે. પરંતુ એટલું સ્પષ્ટ કરે છે કે ઇટુરિયા ('Etruria', ancient country-central Italy)માં રહેતી કોઈ એક જાતિ એટ્રુસ્કન હોઈ શકે. એટ્રુસ્કનનું મૂળ શોધવું મુશ્કેલ છે કારણકે તે પ્રજાનું કોઇ સાહિત્ય ઉપલબ્ધ થયું નથી. ફક્ત કબરો અને કબર ઉપર ચણવામાં આવેલા (Tomb) બાંધકામના અભ્યાસ પરથી તેની માહિતી મેળવી શકાય છે. ગ્રીક અને રોમન વિદ્વાનોના લખાણ ઉપર આધાર રાખી ઈતિહાસકારો આ પ્રજા લીડિયાથી આવેલ છે તેમ તર્ક કરે છે અને તેના સમર્થનમાં લખે છે કે એટ્રુસ્કન રાજાએ તેમના પ્રદેશમાં દુષ્કાળ પડતાં અનુકૂળ અને વધારે સારી જગ્યા શોધવા તેના લોકોને મધ્ય ઈટાલીમાં મોકલ્યા. જો કે તેમનું આ સંશોધન ફક્ત અનુમાન આધારિત હોઈ, વર્તમાન ઈતિહાસકારો તેમને સમર્થન આપતા નથી. અભ્યાસને આધારે એટ્રુસ્કન લોકો ઈ.સ. પૂર્વે સાતમી સદીમાં આ પ્રદેશમાં વસ્યા હોય તેમ જણાય છે. તેઓએ અહીં અલગ અલગ જગ્યાએ ૧૨ શહેરો વસાવ્યા હતા. પ્રાચીન ભારતમાં જેમ મહાજનપદ હતા તેવી જ કંઈક વ્યવસ્થા આ શહેરોની હતી. આ મહાજનપદ લિડિયાના બે સામંતો ટારકોન અને ટીરહેનસે વસાવ્યા હતા તેમ માનવામાં આવે છે. વસાવેલા શહેરોના નામ સંભવતઃ એરેટિયમ, ચીસરા, ક્લેવસીન, કર્ટુન, પુપલુના, પેરુસ્ના, વેઈ, તર્ચના, વતલટુના, વોલટેરા, વેલઝના અને વેલ્ચ હતા. કેટલાક વિદ્વાનો તેમાં એક શહેર રુસેલાનો ઉમેરો કરે છે. ઈ.સ.પૂર્વે છઠ્ઠી સદીમાં આ શહેરોની સંસ્કૃતિ ઉચ્ચત્તમ સીમા પર હતી. આ પ્રજા સ્થાનિક ઇટાલીની પ્રજા હતી કે વિસ્થાપિત લોકો હતા? આ અંગે વિદ્વાનોમાં મતભેદ પ્રવર્તે છે. જો કે કોઈ એક મત સંપૂર્ણપણે સ્વીકૃત થતો નથી. આ રહસ્યમય પ્રજા સ્થાનિક હોય કે વિસ્થાપિત હોય પણ તેની સંસ્કૃતિએ તે પછી આવનાર રોમનો પર ઊંડી છાપ છોડી છે. સંસ્કૃતિના પ્રવાહને અવરોધી શકાતો નથી.

ક્લેસ-રેડનના મંતવ્ય મુજબ એટ્રુસ્કન પ્રજાનું સામ્રાજ્ય ઇટાલીના લીગુરીઅન આલ્પ્સ પહાડની તળેટીથી ટિબેર નદીના મુખ સુધી ફેલાયેલું હતું. આ વિસ્તારમાં પછીથી આવેલ રોમનોએ આ પ્રજાને 'એટ્રુસ્કન' નામ આપ્યું. જ્યારે ગ્રીકો તેમને 'ટીરહેરીન' (Tyrrhenians) તરીકે ઓળખતા. એટ્રુસ્કન પ્રજા ખરેખર આલ્પ્સ પહાડની તળેટીમાંથી આવી છે તે વાત પુરાતત્ત્વવિદો સ્વીકારતા નથી. તો પછી હવે બે જ વિકલ્પ રહે છે : (૧) એટ્રુસ્કન લોકોની વસાહત હાલમાં જ્યાંથી મળી છે ત્યાંના તેઓ મૂળ રહેવાસી હતા અથવા (૨) તેઓ એશિયા માઈનોરથી આવ્યા હોય. એટ્રુસ્કન પ્રજા સ્થાનિક હતી કે વિસ્થાપિત હતી તે પ્રશ્ન એક બાજુ પર મૂકી તેની સભ્યતાનું મૂલ્યાંકન કરીએ તો કહી શકાય કે તે જીવનને સુંદર રીતે જીવનારી પ્રજા હતી. તેનો સાંસ્કૃતિક ઈતિહાસ તો સુદીર્ઘ છે. તેથી સંક્ષેપમાં કેટલીક બાબતોને સ્પર્શ કરશું.

એટ્રુસ્કન લોકોએ પોતાના શહેરોનું આયોજન મોટાભાગે ટેકરીઓ ઉપર કરેલ છે. શહેરો કિલ્લેબંધ હતા. નગર આયોજન પણ વ્યવસ્થિત હતું. તેમના ધર્મ વિશે ખાસ જાણી શકાયું નથી. પણ એટલું સુનિશ્ચિત છે કે મૃત્યુ પછીના જીવનમાં તેમની શ્રધ્ધા હતી. તેથી જ તેઓ કબર ઉપર પિરામીડ જેવું બાંધકામ કરતા અને જમીનની અંદર પણ ભોંયરા બનાવી શયનગૃહ જેવા ઓરડા બનાવી મૃત વ્યક્તિની જીવન દરમ્યાન ઉપયોગમાં લીધેલી વસ્તુઓ તેની કબરની આસપાસ ગોઠવતા. પશુ પક્ષી સહિત કુદરતી તત્ત્વોને તે ઈશ્વરનું સ્વરૂપ ગણતા. તેમના મળેલા પુરાવશેષો તથા દીવાલો પરના ચિત્રો તથા અર્ધતક્ષણ શિલ્પાંકન પરથી જણાય છે કે તેમનું જીવન આનંદ અને ઉલ્લાસમય હશે.

એટ્રુસ્કન લોકોના સ્થાપત્ય તથા પુરાવશેષોનો અભ્યાસ કરતાં કેટલીક બાબતો આશ્ચર્યજનક રીતે પ્રાચીન ભારતીય બાબતો સાથે સામ્ય ધરાવે છે. રોમથી પચ્ચીસેક

*જ્યાં વિદ્યાનો લાભ ન હોય એવા સ્થળે કદી રહેવું નહિ.*

માઈલ દૂર વૃક્ષોથી ઘેરાયેલા પહાડની તળેટીથી દૂર સમુદ્ર કિનારે એટ્રુસ્કન લોકો જેને ‘ચિસરા’ કહેતા હતા તેવું એક નિંદ્રાધીન શહેર આવેલ છે. પાછળથી રોમન લોકો તેને ‘કેર’ (Caere) તરીકે ઓળખાવે છે. આ શહેરમાં એક મૃત્યુ સ્મારકના પ્રવેશદ્વારે બે લિંગાકાર પથ્થરને મૂકવામાં આવેલ છે. આ પથ્થરોને પ્રાચીન ભારતીય લિંગપૂજા સાથે કોઈ સંબંધ હોઈ શકે કે કેમ? તે સંશોધનનો વિષય છે. કલેશ રેડને તેમના પુસ્તક ‘ધી બરીડ પીપલ’ પુસ્તકમાં એવું અનુમાન કરેલ છે કે, મૃત્યુ સ્મારકમાં દાટવામાં આવેલ વ્યક્તિની પુરુષ તરીકેની ઓળખ અને સંખ્યા દર્શાવવા માટે લિંગાકાર પથ્થરોને ગોઠવવામાં આવેલ છે. (The Buried People, published by Charles Scribner's Sons, New York, 1955, Page-40) સૌરાષ્ટ્રમાં અમુક પંથના સાધુઓને સમાધિ આપી તેના પર લિંગની સ્થાપના કરવાનો રિવાજ આજપર્યંત ચાલુ છે. પરંપરાગત ચાલી આવતી આ પ્રથાનું મૂળ શોધવું જરૂરી છે.

**સાંસ્કૃતિક પ્રવાહો અને પરંપરા દીર્ઘકાલીન અસ્તિત્વ ધરાવે છે.** બંને હાથમાં સીસમના લાકડાના નાના ચોરસ ટુકડા લઈ ગીતો સાથે તાલ આપી, રેલવેમાં ભીખ માંગતા ભિક્ષુકોને આપણે જોયા છે. આવું જ બંને હાથમાં લાકડાના ટુકડા લઈ ગીત સાથે નૃત્ય કરતી સ્ત્રીનું એક ધાતુશિલ્પ એટ્રુસ્કનના મૃત્યુ સ્મારકમાંથી મળી આવ્યું છે! આ ધાતુશિલ્પ ઈ.સ. પૂર્વે પાંચ કે છઠ્ઠી સદીનો હોવાનું માનવામાં આવે છે. આ સામ્યનું રહસ્ય શું હોઈ શકે? શું આજથી પચ્ચીસસો વરસ પહેલાં પણ ઈટાલી સાથે ભારતને સંબંધ હતો? શું ત્યાંના લોકગાયકની પરંપરા આજે પણ ભારતમાં જીવિત છે?

આપણી ગ્રામ્ય સંસ્કૃતિમાં જોડિયા પાવા (Double Flute) સંગીતનું એક સાધન છે. કચ્છમાં તો જોડિયા પાવા લોકપ્રિય વાદ્ય છે. **આવા જોડિયા પાવા વગાડતા એક સંગીતકારનું ચિત્ર એટ્રુસ્કન લોકોના લીઓપાર્ડસના મૃત્યુ સ્મારક કે જેનો સમય ઇ.સ. પૂર્વે છઠ્ઠી સદીનો છે, તેની દિવાલ પરના ચિત્રો (Fresco)માં આલેખાયેલું છે. આ સામ્યનું રહસ્ય શું છે?**

એટ્રુસ્કન સંસ્કૃતિનો ઉદય અને અસ્ત રહસ્યમય છે. પરંતુ ભારતીય પરંપરા અને રિવાજો સાથેનું તેનું સામ્ય શું એક અકસ્માત છે કે સદીઓ પહેલાના તેના સંબંધો ઇટાલી સાથે હતા તેનું સૂચન છે.

*૩૦૧, “કલ્પ”,*
*કલ્પકુંજ એપાર્ટમેન્ટ,*
*ઓઝોન એપાર્ટમેન્ટ સામે,*
*હેબતપુર રોડ, થલતેજ,*
*અમદાવાદ-૩૮૦ ૦૫૪.*
*મો. ૯૮૯૮૪૦૮૧૮૧*

યાત્રા | ઈન્ટરનેશનલ ટુર્સ | પ્રવાસ

શિખરજી
સૌરાષ્ટ્ર દર્શન
રાજસ્થાન
પાલિતાણા - પંચતીર્થ
ગીરનાર - સોમનાથ
કચ્છ પંચતીર્થ
જગન્નાથપુરી
નાગેશ્વર (એમ. પી)
પુના -કાત્રજ
કાવી-ગંધાર-ઝગડીયા
કુલપાકજી - હૈદરાબાદ
ચારધામ
પંજાબ પંચતીર્થી

દુબઈ ફારઈસ્ટ ન્યુઝીલેન્ડ કેનેડા
શ્રીલંકા હોંગકોંગ ઓસ્ટ્રેલીયા ચાઈના
મોરેશીયસ માલદીવ્સ યુરોપ અલાસ્કા
PASSPORT ASSISTANCE | VISA
FOREX | OVERSEAS INSURANCE
Chetan Mota's tmt holyday Bubble gum TOURS & TRAVELS
૨૦૬, નેપ્ચ્યુન અપટાઉન, એન. એસ. રોડ, મુલુંડ (વે).
૯, હેમુ પ્લાઝા, ડી. જે. રોડ, વિલેપાર્લા (વે).
Tel. : 2593 4545 | 2610 1062 | 2612 2270
Email : info@bubblegumtours.com
Web : www.bubblegumtours.com
ભારતભરના તમામ યાત્રા તેમજ ગિરિમથકો માટે વ્યક્તિગત કે ગ્રુપમાં ટેલરમેડ કે અમારા બારે માસ ચાલતા આયોજીત ફેમિલિ / હનીમુન પ્રવાસોમાં બધી જ અત્યાધુનિક સગવડતાઓ સાથે...

કાશ્મીર-વૈષ્ણોદેવી
લેહ લડાક-કાશ્મીર
દાર્જીલીંગ-સીકકીમ
હિમાચલ
ઉતરાંચલ
દક્ષિણ ભારત
કેરલા
રાજસ્થાન
હૈદ્રાબાદ-રામોજી સીટી
કોસ્ટલ કર્ણાટક
ભૂતાન-નેપાલ
આંદામાન-નિકોબાર

*ક્ષમા કરવામાં જ આપણે ક્ષમા પામીએ છીએ.*

કચ્છ

# ઓગણીસ દાયકા પૂર્વેનો માંડવીનો વેપાર

• નરેશ પી. અંતાણી •

કચ્છના એક સમયના મહત્ત્વના બંદર કે જ્યાં એક સમયે ચોસઠ બંદરોના વાવટા ફરકાવતાં જહાજો લાંગરતા એવાં એ કચ્છના મહાબંદરે તાજેતરમાં જ પોતાનો સ્થાપના દિન ઉજવ્યો, એવાં આ બંદરની એક સમયની જાહોજલાલીની કેટલીક વિગતો મેળવી શકાઈ છે જે અહીં રજૂ કરી છે. આજથી ૧૯૦ વર્ષ પૂર્વે વસતી લગભગ ૫૦,૦૦૦ ની હતી. પશ્ચિમ હિંદના વેપારી બંદરોમાં માંડવીનું બહુ ઊંચું સ્થાન હતું. માંડવીએ ઘણા કુશળ નાવિકો અને સાહસિક વેપારીઓ ઉત્પન્ન કર્યા. હિંદના મહાસાગરમાં મુસાફરી કરતા માંડવીના વહાણો બહુજ મજબુત તેમજ સુંદર ગણાતા. તે વખતે માંડવી અને મુંદ્રાની કસ્ટમનો ઈજારો વાણિયા વેપારીઓ લેતા અને કચ્છના રાવને લગભગ અગિયારથી બાર લાખ કોરીનો ફાયદો કરાવી આપતા. એ સમયે હુંડીનો ભાવ અંદાજે ૩૭૯ કોરી હતો. વેપારની મોસમની શરૂઆત ભાદરવા સુદ ૧૫થી થતી અને જેઠ સુદ ૧૫ના બંધ થતી. જેઠ માસથી માંડવી બંદરથી વહાણ ચાલવા બંધ કરાતાં. જો કે ઘી અને રૂ ના સારા ભાવો મળે તો સાહસિક વેપારીઓ હિંમત કરી મુંબઈ સુધી જતા. શ્રાવણ માસના કોઈ વહાણ નીકળે તો મોટું સાહસ જ લેખાતું.

એ સમયે માંડવીનો વેપાર, મુંબઈ, મલબાર, સિંધ, મકરાન અરેબિયા અને જંજીબાર સાથે હતો. મોસમ ખુલતા જ વરસાદને લીધે કિનારે રહેલાં વહાણો પોતપોતાના બંદરો તરફ હંકારી જતા. સિંધ તરફના વહાણો મોટેભાગે માલ વગર જ ખાલી જતા અને કેટલાક સીસમ દુપલા, પુની અને આડકાટના લાકડાં લઈ જતા તેમજ મુંબઈ તરફના સાકર અને ગોળ લઈ જતા. કચ્છી બનાવટના વહાણો બતેલા, નાવડીઓ, અને કોટીઆ એ ત્રણ પ્રકારના હતા. માંડવી બંદરના લગભગ ૩૦૦ બતેલા હતા. અને ૫૦થી ૫૦૦ ખાડી સુધી માલ લઈ જતા. નાના બતેલા મુંબઈ, મલબાર, મસ્કત, અને મકરાન સુધી ખેપ કરતા. જ્યારે મોટા બતેલા જંગબાર અને મોખા સુધી જતા. નાવડીઓ લગભગ ૬૦ હતી અને ૫૦ થી ૨૦૦ ખાંડી લઈ જાય એવા કોટિયા પણ ૪૦૦ હતા. અરબસ્તાનના વહાણો દાવ અને બગલા કહેવાતા. સિંધના વહાણો ધંગી નામે ઓળખાતા. મકરાની વહાણો બગલા અને મલબાર તરફના વહાણો ફતેમારીઓ તરીકે ઓળખાતા. વહાણોના વિમા ઉતારવાની પ્રણાલિકા એ સમયે પણ હતી પરંતુ અત્યારની માફક વહાણો તથા માલનો વિમો ચોકસાઈથી ન ઉતરતો. મસાલો અને હાથી દાંત માટે વિમાનો દર વધુ રહેતો.

વેપારીઓ પોતાનો માલ ભાડે લીધેલા વહાણ કરતાં, પોતાની માલિકીના વહાણોમાં બહુ સસ્તા દરે મોકલી શકતા. તે વખતના માલ મોકલવાના ભાડાના દરો પણ આજની પેઢીને નવાઈ પમાડે તેવા હતા. મુંબઈનું ભાડું ખાંડીએ ૧ રૂપિયો, મલબારનું ભાડું ચોખાની એક ગુણીએ પોણીકોરી હતું. મલબારથી માંડવી આવતા લાકડાનું ભાડું ૨૦ મણની ખાંડીએ બે રૂપિયા હતું. સોનમિયાણીનું ભાડું ખાંડીની ૧૦થી ૧૨ કોરી હતું જ્યારે સોબારનું ૧૪થી ૧૫ કોરી હતું.

કચ્છમાં તે વખતે સોનારૂપાના રીયાલો, ઈબ્રામી, મોહરો, ઠઠા, હૈદરાબાદ, સુરત અને મુંબઈના રૂપિયા અને કચ્છની કોરીઓનું ચલણ હતું. ૮ કોરીનો રૂપાનો એક રીયાલ આવતો. ૧૯ રૂપાના રીયાલોનો સોનાનો એક રીયાલ ગણાતો તથા ૩ કચ્છી કોરીનો ૧ હૈદરાબાદી રૂપિયો, ૪ કોરીનો ઠઠાનો રૂપિયો, પોણાચાર કોરી અને ૧ દોકડાનો સુરતનો એક રૂપિયો ગણાતો અને ૧૮ કોરીની એક ઈબ્રામી એ પ્રમાણે ગણતરી કરવામાં આવતી.

એ સમયે કચ્છમાં કપાસ, ઊન, અનાજ, ઘી, તેલ અને ગેંડાની તેમજ હાથીના ચામડાની ઢાલોનું ઉત્પાદન કરવામાં આવતું. ઈ.સ. ૧૮૩૭માં મોરારજીશા, ગુલાબચંદશા, કચરા પ્રધાન, રણછોડ ખેતાણી, અને જાુઠાશા કપાસના મોટા વેપારીઓ હતા. ચૈત્ર, વૈશાખ અને જેઠ માસમાં કપાસને જહાજમાં ચડાવવામાં આવતું. માંડવીમાં રૂ ઉપર એક મણે પાયલો જકાત લેવાતી. માંડવી ઉપરાંત મુંદ્રા, તુણા સૌરાષ્ટ્રના જોડિયા, જામનગર અને ખંભાળિયા બંદરોથી પણ કપાસની નિકાસ કરવામાં આવતી. માંડવીમાં કપાસ અબડાસા, વાગડ અને મારવાડથી આવતું. માંડવી, મુંદ્રા અને તુણા એ ત્રણ બંદરો ઉપરથી વર્ષે ૧૫૦૦૦ ગાંસડી કપાસ ચડતું અને દરેક ગાંસડીમાં ૧૦ મણ કપાસની ગણતરી કરવામાં આવે તો નિકાસ થતા માલની જકાત ૩૭૫૦૦ કોરી થાય. ઈ.સ. ૧૮૩૬ માં વવાણિયા બંદરમાં કચ્છના રાવ અને જામનગરના જામ સાહેબને જકાતના કોઈ મુદ્દે વાંધો પડતાં ૭૦૦૦ ગાંસડી કપાસ રોકી દેવાયું હતું.

માંડવીથી મુંબઈ જતું ઊન ભુજ, વાગડ, અબડાસા, મારવાડ અને જેસલમેરથી આવતું. ઉનના વેપારીઓ માંડવીમાં રહેતા અને તેના એજન્ટો ગામડામાં રહી મણ બે મણના જથ્થામાં ઊન ભેગું કરે. ૧૦૦ ઘેંટા ઉપરથી એક વખત ઉતરેલું ઊન લગભગ એક મણ થાય. આમ વર્ષમાં બે વખત ઊન ઉતરે. એક વખત ભાદરવા મહિનામાં અને

*"મા" શબ્દનો અર્થ દુનિયાની બધી જ ભાષામાં "મા" જ થાય ચે.*

બીજી વખત ચૈત્રમાં. ભાદરવા મહિનામાં ઉતારેલ ઊન વરસાદ પડી ગયો હોવાના કારણે સારું હોય. ઊનની કિંમત તેના લંબાણના પ્રમાણમાં હોય છે. લાંબુ ઊન વર્ષમાં એક વખત મળી શકે.

અનાજના લાલ તથા સફેદ ચોખા, મઠ, મગ, ઘઉં, ચણા અને અડદ મુંબઈ ખાતે ચઢતા. કચ્છથી ચઢતું ઘી વાગડથી આવતું તલનું તેલ પણ મોટા પ્રમાણમાં ચડતું.

ગેંડાની તેમજ હાથીના ચામડાની ઢાલો, મકરાન, મસ્કત અને બસરા મોકલાતી. આ ચામડાં જંગબારથી લાવવામાં આવતા.

જંગબાર મસ્કત અને મોખા ખાતે કચ્છથી સુતરાઉ કાપડ પણ જતું જેવું કે ટૂંકા પના, ગરકુલી, જાળાવાડ, તથા મોરળી જાતનું. ગામડામાં લોહાણા વેપારીઓ વણકરો પાસે સુતર વણાવતા અને કાપડ તૈયાર કરી માંડવી મોકલાવતા.

મુંબઈના સુતરમાંથી કોલીઓ, વોરાઓ અને ખોજાઓ જુદી જુદી જાતના રેશમ તથા સુતરના મિશ્રણથી તૈયાર થતું મશરુ કાપડ જેવું કે પાંચપટા, આંબાવાડી, લાલાકા, ચીનાઈ, કતારિયા, ચાંદ અને બીરબલશાહી તરીકે ઓળખાતું તે તૈયાર કરતા. આ મશરુ કાપડ મકરાન, મસ્કત અને મોખા મોકલવામાં આવતું.

લેફ્ટેનન્ટ આર. લીચે ઇ.સ. ૧૮૩૭માં બ્રિટીશ સરકારને માંડવી બંદરના વેપાર વિશે મોકલેલા અહેવાલના આધારે માંડવી બંદરનું એ સમયે કેટલું મહત્ત્વ હતું અને કેટલું ધીકતું હતું તેનો અંદાજ મેળવી શકાય છે

- **માંડવીનો જંગબાર સાથે વેપારઃ** જંગબારથી માંડવી આયાત થતી વસ્તુઓમાં દર વર્ષે હાથીદાંત, ગેંડાના ચામડા, નાળિયેર, જુવાર, સોહિલી ચોખા, મીણ તેલ, લીંબુની છાલ, લવીંગ, ચટાઈ રીંગ અને બળદના ચામડા સહિતની વસ્તુઓ આયાત કરવામાં આવતી. છ એક વહાણો આ ધંધા અર્થે રોકવામાં આવતા. આ વહાણો વરસની એક મુસાફરી કરતાં. પોષ માસમાં રવાના થઈ વૈશાખમાં પાછા આવી જતાં. સાથે કાપડ, ખીલા, લંગરો, પાણીના ઠામો અને તાળાંવાળી પેટીઓ વગેરે પણ પોતાની જરૂરિયાત માટે રાખવામાં આવતા.

એ સમયે ગુલામોનો વેપાર પણ મોટે પાયે કરવામાં આવતો. જંગબારમાં ગુલામનો વેપાર કરનાર ઘણાય હતા. કોઈ કોઈ પાસે તો એકી વખતે ૧૦૦ બાળ ગુલામો હોય. આ ગુલામોને ફળ ઉપર જીવાડવામાં આવતા. આંતર પ્રદેશમાંથી આવાં બાળકોને ચોરી લાવવામાં આવતા. આવા ગુલામો કચ્છી વેપારીઓ ખરીદતા.

હાથીદાંત મેળવવા ત્યાંના વતનીઓ જંગલમાં ઝાડ ઉપર બેસે અને સાથે કામઠાઓ અને ઝેર પાયેલાં તીર રાખે. આવા તીરથી ઘવાયેલા હાથી ઝાડને નીચે પાડવા ખૂબ બળથી પ્રયત્ન કરે પરંતુ આ બળથી તીરના ઝેરની અસર તાત્કાલિક થઈ હાથીનું મૃત્યુ નીપજતું ત્યારબાદ નીચે ઉતરી તેના દાંત કાઢી લેવામાં આવતા. ગેંડાનું ચામડું પણ આવી જ રીતે મેળવવામાં આવતું.

જંગબારમાં મધમાખીઓ બહુ પ્રમાણમાં હોવાથી મીણની ઉત્પત્તિ સારા પ્રમાણમાં થતી. ધુંવાડીથી મધમાખોને ઉડાડી દેવામાં આવે અને મધ કાઢી મીણના ચોસલા બનાવી માંડવી મોકલવામાં આવતા.

જંગબારમાં તે વખતે રિયાલ સિવાય અન્ય કોઈ જાતના સિક્કાનું ચલણ ન હતું. નાની રકમની દેતીલેતી ચીજોથી જ થતી.

માંડવીથી અફીણ, જોડા અને ચામડાના પીયો પણ ચડતા. અફીણ મારવાડ અને કરાંચીથી આવતું. કચ્છનું મીઠું પણ જંગબાર જતું.

સોન મિયાણી, અરબુના, ટાપુ પસની, ગ્વાદર, તોબાર, ઉત્પલાના રાસ, જાસક, કોમુબરીક, અને બંદર મીનાવ વગેરે કમરાન પ્રદેશના બંદરો છે. આ બંદરોમાંથી માંડવીના વહાણો સોનમિયાણી, અરબુના, સતાડાપસની ગ્વાદર અને ચોબારના બંદરોની સફર કરતાં. અંદાજે ચાલીસથી પચાસ વહાણો આ વેપાર માટે ચાલુ હતા અને વર્ષમાં ચાર પાંચ ખેપ કરવા જતી વખતે સાગ, સીસમ અને ફણસના લાકડા, પેટીઆં, ઢાલો, મશરૂ, હળદર, જીરૂ, સુંઠ, કાળાંમરી, રંગીન કાપડ અને ધાતુઓ લઈ જતા અને વળતી સફરે મકરાનથી ઘી, સરસ, ઘઉં, મગ વગેરે લઈ લાવતા. સરસની આવક લગભગ પ્રતિવર્ષે ૨૦૦ કળશીની હતી. જુદા જુદા કાપડની ૫૦૦૦ ગાંસડીઓ માંડવી પૂરા પાડતી.

માંડવીનો વેપાર હિંદના પશ્ચિમ કિનારાના બંદરો સાથે પણ મોટા પ્રમાણમાં હતો. જો કે માંડવીથી કશી વસ્તુ મોકલવામાં ન આવતી પરંતુ ત્યાંથી લાકડું, સઢ બાસટી નામનું કપડું અને ઊંચા ચોખા આવતા. દમણથી આવો માલ લગભગ દર વર્ષે ૩૦,૦૦૦ રૂપિયાનો આવતો. કોચીનથી લગભગ ૨ લાખ રૂપિયાનું લાકડું, ૫૦ લાખ નાળિયેર, ૧૦૦૦ ખાંડી કાથો, ૨૦૦૦ બંડલ સુકેલા નાળિયેર, ૨।। કરોડ સોપારી, ૪૦૦૦ જોટા ચોખા જુદી જુદી જાતનાં ચોખાની ૨૫૦૦૦ ગુણી તેમજ કાપડ, સેલા, પટકા ચોકડીઓ તેમજ હોળીના દિવસોમાં વપરાતા ગુલાલ તથા પતંગનું લાકડું પુષ્કળ પ્રમાણમાં માંડવી આવતું.

માંડવીનો વેપાર બાબલમાંડબની સામુદ્રધુની બહાર બુરબુરાના બંદરે પણ હતો.

**Meera Marketing**
**Mfg. Exporters & Suppliers of Stainless Steel & Aluminium Utensils**
**Specialised in Manufacture of Items of Specific Requirements of Exporters & Institutions**
30/2nd Panjrapole Lane, C.P. Tank, Mumbai-400 004. INDIA
Tel. : +91-22-22425857, 22421830 Fax : 91-22-22423281
email id : meeramkt@gmail.com

ચાર પાંચ વહાણો જતા અને વળતે મુંબઈ અથવા મોખા થઈને આવતા. બુરબુરાનું શહેર નથી પરંતુ ત્યાં આંતર પ્રદેશના લોકો હરેરા નામની રાજધાનીના શહેરમાંથી ત્યાં આવતા. આ લોકો સોનાલી કહેવાતા. માંડવીથી ૫૦૦ ગાંસડી કાપડ તથા મશરૂ જતું અને ત્યાંથી ગુંદ, બાબુલ, ખેર અને એરિયો આવતા. કચ્છી વહાણો મુંબઈમાં આમ લગભગ ૧૦૦૦ મણ ગુંદ અને તેટલા જ મણ એરિયો લાવતા. હીરાબોદ તેમજ હીરા દખન પણ ૩ થી ૪ મણની ૪૦૦ ગુણી મુંબઈ આવતી ૪૦૦ પેટી કોફી પણ ચડતી તેમજ ૧૦૦૦ મણ ઘી પણ કચ્છી વહાણો લાવતાં. સોમાલી લોકોના બે કાફલા દર મોસમે આ બંદરે વેચવાને માલ લઈ આવતા.

માંડવીથી મોખા બંદરે લગભગ ૫૦૦૦ ગાંસડી રૂ, ૫૦૦૦ ગાંસડી કાપડ, ૪૦૦ ગાંસડી સુતર નિકાસ થતું. આ ઉપરાંત ૨૦૦૦ કંડિયા ભજર, ૨૦૦ ગુણી નવસાર, ૨૦૦ મણ ટંકણખાર, ૨૫૦ મણ લાખ, ૨૦ કળશી પબડી, ૧૦૦૦ લીખિયા, ૩૦૦ મણ ગાંજો, ૧૫૦ પીપ તાડી, ૩૦૦ કળશી તલ ચડતાં, મોખાથી કીસમીસ દ્રાક્ષ ૧૦૦૦ મણ, લાલ દ્રાક્ષ ૨૦૦ મણ, અંજીર ૭૦૦ મણ, ખજુર ૫૦૦ વાડીયા, મીઠી આંબલી ૫૦૦ બંડલ, ટેટા ૧૦૦૦ ખાંડી, મનજીટ ૩૦૦ થી ૪૦૦ ખાંડી, એળિયો ૧૦૦૦ મણ, કોફી ૨૦૦૦ મણ વગેરે માંડવી આવતું.

કચ્છનો સિંધ સાથેનો વેપાર એક બાજુએ લખપત, જખૌ, માંડવી, મુંદ્રા અને અંજારના માર્ગે અને સામી બાજુએ મગરાબી, સબુન્દર, ગોરબારી અને કરાંચી તેમજ અગાઉ દારાજીના માર્ગે કે જ્યાં મોટા જથ્થામાં કેસર ઉગાડવામાં આવતું ત્યાંથી થઈને ચલાવવામાં આવતો. ત્યાંના વતનીઓ ગોરબારી બંદર આગળ જઈ વસ્યા છે. સિંધથી કચ્છમાં સફેદ અને રાતા ચોખા, બાજરી, હળદર, પબડી વગેરે આવતાં. કચ્છથી લખપત માર્ગે લોખંડ સ્ટીલ, સીસું, ટીન, સાકર, જીરાસાર ચોખા, સોપારી, દોરડા, સિંદૂર, નાળિયેર, કથરોટો, ખજુર, ખારેક લાકડું, સઢ, લાંબુ મશરૂ કાપડ, લવીંગ, એલચી, દાળ ચીની, કબાબ ચીની, લોબાન, ચંદન, રેશમની દોરી, વજર, રૂ, મલબારી સેલા, પટકા, દુપટ્ટા, રૂમાલ, મદ્રાસી કાપડ તેમજ મુંબઈનું કાપડ સિંધમાં જતું. ખરવાળા ચોખા સિંધથી કચ્છ આવતા. બાજરી ૨૫૫૦ ખરવારા આવતી, પબડી પણ ૨૨૦ ખરવારા આયાત થતી જ્યારે હળદર ૫૫૦ ખરવારા લગભગ થતી. માંડવીથી લોખંડ અને સ્ટીલ ૪૦૦ ખાંડી, ટીન પતરા કોડી ૪૦૦, સાકર ૧૦૦૦ ખાંડી, સોપારી ૪૦૦ ખાંડી, સીંદરી ૨૦૦ ખાંડી, જીરાસાર ચોખા ૧૦૦૦ ગુણી, દસલાખ નાળિયેર, કથરોટ ૧૦૦૦ કોડી, ખજુર અને ખારેક ૪૫૦ ખરવાલા, બાંધકામનું લાકડું ૨૨૦ ખરવાલા અથવા સાત સો ગજ, ખોઆથી માંડવી થઈને સિંધ જતા બાંબુ ૩૦૦૦ કોડી અને બીજો મસાલો લગભગ ૪૮ ખરવારા, ચંદન ૨૦૦ મણ, લોબાન ૬૫૦ મણ, વજર ૧૦૦ મણ, રેશમની દોરી ૫૦ પેટી, મલબારી કાપડ ૪૦૦૦ રેજા અને મુંબઈથી કાપડ ૩૫૦૦ રેજા એ પ્રમાણે કચ્છ થઈને સિંધમાં માલ જતો.

માંડવીના અન્ય બંદરો સાથેના વેપારના અહીં જણાવેલા આ આંકડાઓ પરથી માંડવી બંદરની એ સમયની જાહોજલાલીનો અંદાજ કરી શકાય છે. આ વેપારથી કચ્છ પ્રદેશને કેટલો ફાયદો થતો હશે તેનો અંદાજ પણ કાઢી શકાય છે.

ઈ.સ. ૧૮૩૭માં માડવી અને સિંધમાં ચંદન અને લોબાનના એ સમયે ચાલતાં અહીં નીચે દર્શાવેલા ભાવો ઉપરથી, ખર્ચાઓ બાદ કરતાં પણ કચ્છી વેપારીને કેટલું વળતર મળતું હશે તેનો પણ અંદાજ મેળવી શકાય છે.

| | *માંડવીમાં કિંમત* | *સિંધમાં કિંમત* |
|---|---|---|
| *ચંદન* | *૧ કોરીએ શેર* | *૩૦ રૂ. મણ* |
| *લોબાન* | *૫૦ કોરીએ મણ* | *૮૦ રૂ. મણ* |

*'ભૂમા નિકેતન', ૨૨/બી, શિવમ્ પાર્ક, નાનાયક્ષ મંદિર પાસે, રીંગ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૪૩૨૪૨, ૨૦૪૩૭૨*
*મો. ૯૯૯૮૨ ૨૦૪૭૮*

## આદિવાસીઓના જીવન ઉત્કર્ષ માટે કાર્યરત : કોલિલાબેન વ્યાસ

**(અનુસંધાન : પાના નં.-૪૨ ઉપરથી ચાલુ)**

પ્રાથમિક આરોગ્યનું કામ શરૂઆતથી હાથમાં લીધેલું. આ વિસ્તારમાં કૂપોષણને કારણે રતાંધળાપણાના રોગનું પ્રમાણ વધારે છે. એટલે તે માટેની દવાઓ આપવા માંડેલી. શિક્ષકોને પણ આરોગ્ય - સ્વયંસેવકની તાલીમ અપાઈ. શાળાઓમાં જ પ્રાથમિક આરોગ્યની પેટીઓ રાખવામાં આવી. સગર્ભા બહેનો માટે પણ પોષણ શિક્ષણના કાર્યક્રમો ચાલુ કર્યા. લગ્નપ્રસંગના ખર્ચા ઘટાડવા સમૂહ લગ્નનું આયોજન પણ કરવામાં આવે છે. લોકો જ સઘળું આયોજન અને સંચાલન કરે. ભોજન ખર્ચ વેડછી પ્રદેશ સેવા સમિતિ કે દાતા દ્વારા અપાય.

આ પ્રકારે વેડછી પ્રદેશ સેવા સમિતિના નેજા હેઠળ શિક્ષક દંપતી કોકિબેન - ભીખુભાઈ વ્યાસ ધરમપુર - કપરાડાના ડુંગરોમાં વસતા આદિવાસીઓના જીવનમાં નૂતન સંચાર, જાગૃતિ લાવવાનું ભગીરથ કાર્ય કરી રહ્યા છે. શિક્ષણ અને આરોગ્ય, ખેતી અને રોજગારી સર્જન કરી માનવ જીવનને ઉન્નત બનાવવા તેઓ છેલ્લા પચ્ચીસ વર્ષથી પ્રયાસરત છે. ધરમપુર - કપરાડાના ડુંગરાઓના આદિવાસીઓના ઉત્કર્ષને ધ્યાનમાં રાખીને અહીંની ભૂમિને જ તેમની કર્મભૂમિ બનાવી. ૨૫-૨૫ વર્ષ આદિવાસીઓનાં શિક્ષણ અને જીવન વિકાસ માટે મથતા કોકિલાબેન - ભીખુભાઈ વ્યાસની અંતરની ઝંખના.... 'ફળિયે ફળિયે શાળાઓમાં અને ડુંગરની બહાર પણ હજારો બાળકો ભણવા લાગ્યા છે. વિકાસની ભૂખ ઉઘડી છે. વાલીઓ અને બાળકોમાં ભણવા - ભણાવવાની હોંશ જાગી છે... ચિંતા એટલી જ છે કે જંગલ અદશ્ય થતું જાય છે. તેને ફરી સ્થાપિત કરવું છે. લોકોમાં જે જન્મજાત સંસ્કાર છે, સંગઠન છે, પરસ્પર માટેનો પ્રેમ અને ઉદારતા છે, પ્રદેશ માટે માયા, મમતા છે, રીતરિવાજ છે તે ટકી રહેવા જોઈએ....'

*૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર, સૈજપુર બોઘા અમદાવાદ-૩૮૨ ૩૪૬. મો. : ૯૬૬૨૮ ૩૩૨૬૮*

*મારે ખરી પણ માર ખાવા ન દે તેનું નામ "મા."*

હળવાશની ક્ષણોમાં

# એક બીજો બળાત્કાર!

## (હાસ્યલેખ)

• હરેશ ધોળકિયા •

સચિવે બારણા પર ટકોરો માર્યો. અંદરથી 'કમ ઈન' જવાબ આવ્યો. તેથી હળવેથી બારણું ખોલી સચિવ અંદર આવ્યા. તેણે જોયું તો પ્રધાન માથું પકડી નીચા મોંએ બેઠા હતા. સચિવ સામે આવી ઊભા રહ્યા. પ્રધાને ઈશારો કરી બેસવા કહ્યું. સચિવ ખુરશી પર બેસી ગયા.

'સર, આપ મૂંઝવણમાં લાગો છો!' સચિવે જ વાત શરૂ કરી.

'અરે જુઓને, હમણાં જ મોકાણના સમાચાર આવ્યા છે' પ્રધાને જવાબ આપ્યો.

'શેના વળી?'

'ફરી નગરમાં એક બળાત્કાર થયો છે. છોકરીએ ફરિયાદ કરી છે.'

સચિવ તેના સામે જોઈ રહ્યા.

'ખરેખર, આ થાય છે શું? દરરોજ બળાત્કાર? યુવાનિયાઓને થયું છે શું? બળાત્કારનું કોઈ વાઈરસ તો નથી આવ્યું ને?' પ્રધાને નિરાશાથી કહ્યું. 'મને તો એવો ગુસ્સો ચડે છે કે થાય છે કે હું પણ એકાદ બળાત્કાર કરી નાખું.'

પછી અચાનક સજાગ થતાં બોલ્યા, 'સોરી.'

સચિવે કહ્યું, 'સર, આપનો વાંક નથી. વાતાવરણ જ એવું છે કે આવા જ વિચાર આવે.'

'પણ આનું કરવું શું? ફરી છાપાવાળા અને ટી.વી.વાળા માથું ખાશે. જાણે મેં બળાત્કાર કર્યો હોય તેમ મારા માથે માછલાં ધોશે. કંઈક તો કરવું પડશે.'

'સાચી વાત છે, સર.'

'મને લાગે છે કે આપણા પ્રધાન મંડળમાં બળાત્કાર ખાતું ખોલી નાખવું જોઈએ' પ્રધાન બોલ્યા.

'તો તો સર, એવું લાગશે કે બળાત્કાર બાબતે માર્ગદર્શન આપતું ખાતું છે. લોકોને એમ લાગશે કે તેમાં પણ સબસીડી મળે છે!' સચિવે કહ્યું.

'લોકો બધું ઊંધું જ જુએ છે. પણ કંઈક તો કરવું જ પડશે. તમે કંઈક સુઝાડો.'

'સર, સૌથી સારો ઉપાય એ છે કે આ બળાત્કાર પર એક કમિટી નીમી દો. તે જ ઉપાય વિચારે.'

પ્રધાન ટટ્ટાર થઈ ગયા. 'ઉત્તમ ઉપાય! મને કેમ ન સુઝ્યો?' પછી બોલ્યા, 'કમિટીમાં કોને રાખશું?'

'સર, તમારે કોઈ સગાને રાખવા છે?'

'ના, હું ફસાઈ જાઉં. મારો દીકરો છે, પણ તે એટલો ઉચ્છૃંકલ છે કે કાલે શું કરશે તેનો ભરોસો નથી. ક્યાંક ઉશ્કેરાઈ જાય અને....' પ્રધાને વાક્ય અધૂરું રાખ્યું.

'તો એક પ્રધાન રાખો, એક અધિકારી રાખો, એક મનોવિજ્ઞાની રાખો, એક સમાજશાસ્ત્રી રાખો, એક મહિલા રાખો.'

'બરાબર છે, રાખી દો. વધારે કોઈ?'

'સર,એક એવો સભ્ય રાખો જે વાતને લંબાવ્યા કરે.'

'હા, એ વાત સાચી. એમાં તો તમે જ એક્સપર્ટ છો. તમે જ રહો.'

સચિવે આનંદથી મસ્તક નમાવ્યું.

કમિટીની રચના નક્કી થઈ ગઈ.

સચિવે એક સમિતિ નીમી દીધી. તેની પ્રથમ મીટિંગ ભરવામાં આવી. આરોગ્ય પ્રધાનને કન્વીનર બનાવવામાં આવ્યા.

તેમણે પૂછ્યું, 'શું છે એજન્ડા?'

સચિવે જવાબ આપ્યો, 'સર એક બળાત્કાર થયો છે, તેની ચર્ચા કરવાની છે. સાથે તેનાં પગલાં વિચારવાનાં છે.'

'કઈ રીતે વિચારશું?'

શિક્ષણ વિભાગના અધિકારી બોલ્યા, 'સર, આપણે મુદ્દા નક્કી કરીએ.'

'બોલો.'

'સર, આ રીતે મુદ્દા નક્કી કરી શકાય. એક, બળાત્કારની વ્યાખ્યા નક્કી કરવી. પછી તેનાં કારણો નક્કી કરવાં. પછી તેની જુદી જુદી પધ્ધતિઓ જાણવી. બળાત્કારીને ત્યારે શું વિચારો આવે છે તે જાણવું. સાથે જેના પર બળાત્કાર થાય છે તેની પણ મનોદશા જાણવી. ત્યારબાદ બળાત્કારનાં શારીરિક, માનસિક, સામાજિક, સાંસ્કૃતિક, આંતરરાષ્ટ્રીય શું પરિણામો આવે તેનો પણ અભ્યાસ થવો જોઈએ. સમાંતરે આપણી સંસ્કૃતિમાં બળાત્કાર બાબતે કોઈ લખાણો છે, શાસ્ત્રો છે? તો તેઓ શું કહે છે તેની પણ જાણકારી મેળવવી જોઈએ. બળાત્કારની આર્થિક અસરો છે? જી.ડી.પી. પર તેનો કોઈ પ્રભાવ પડે છે? આ મુદ્દાને શિક્ષણમાં - અભ્યાસક્રમમાં લાવવામાં આવે તો કોઈ પરિણામ આવે ખરું? અને હા, મુખ્ય

*માનવે ઈશ્વરને પૃથ્વી પર અવતરવાની પ્રાર્થના કરી ને ઈશ્વરે મા ને મોકલી આપી.*

મુદ્દો એ કે બળાત્કાર એ કેન્દ્રનો મુદ્દો છે કે રાજ્યનો મુદ્દો છે? કે સંયુક્ત યાદીમાં છે?

પ્રધાન તો શિક્ષણ અધિકારીથી પ્રભાવિત થઈ ગયા. 'શાબાશ!' તે બોલ્યા. 'ઉત્તમ મુદ્દા છે. પણ આટલા બધા મુદ્દાને કેમ જાણવા?'

'સર,' સચિવ બોલ્યા 'આ મુદ્દા પર ચર્ચા કરવા પેટા કમિટી બનાવીએ. સાથે દરેક મુદ્દા પર એક સબ કમિટી બનાવીએ. તેમને અભ્યાસ કરવા માટે પૂરતો સમય આપીએ.'

'પણ ત્યાં સુધી તો અનેક બળાત્કારો થઈ જશે' સમાજશાસ્ત્રી બરાડ્યા.

'દરેક બળાત્કાર પર આવી રીતે જ સમિતિઓ નીમી દઈશું.'

'દરેક સમિતિમાં મહિલા સભ્ય મને જ રાખજો' મહિલા સભ્ય બોલ્યા.

'આ તો બળાત્કાર કહેવાય,' સચિવ ધીમેથી બબડ્યા.

'અને હા, આ સમિતિનો રિપોર્ટ દળદાર થવો જોઈએ.' પ્રધાને આગ્રહ રાખ્યો.

'આ દરમ્યાન,' સચિવે વાત આગળ વધારતા કહ્યું, 'દરેક શાળા - કોલેજોમાં બળાત્કાર વિશે વક્તૃત્વ અને નિબંધ સ્પર્ધાઓ યોજવી. તેમાં બળાત્કારની તરફેણમાં અને વિરુધ્ધમાં ચર્ચાઓ કરાવવી. બળાત્કાર પર એક આંતરરાષ્ટ્રીય સેમિનાર પણ યોજવો. તેમાં જેના પર બળાત્કાર થયો હોય તેમને જ આમંત્રવા. તેમનું વિશિષ્ટ સન્માન કરવું. તેમના અનુભવો જાણવા. તેથી દેશને ફાયદો થશે.'

'આ સાથે એક 'ઈન્સ્ટિટ્યૂટ ઑફ બળાત્કાર' સ્થાપવી જે આવનાર વર્ષો દરમ્યાન જેટલા પણ બળાત્કારો થાય તેના રેકર્ડ રાખે' સમાજશાસ્ત્રી બોલ્યા.

'અને હા, આપણો રેકર્ડ કોઈ જ દેશ તોડી ન શકે તેનું ધ્યાન રાખશો' પ્રધાન બોલ્યા.

'પણ આ બધામાં બળાત્કારીઓને કશો જ લાભ નથી મળતો. આ બધું તેમના કારણે થાય છે. તેથી તેમને પણ ક્યાંક તો બોલાવવા જ જોઈએ.' શિક્ષણ અધિકારી બોલ્યા.

'અરે, તેમને તો ફટકા મરાય.' મહિલા સભ્ય ગુસ્સામાં બોલ્યાં.

'જુઓ બહેન, તમારી વાત સાચી છે, પણ આપણે અહિંસાવાદીઓ છીએ. ગમે તેટલો ભયંકર ગુનો થયો હોય તો પણ માનવતાવાદી વલણ જાળવવાનું છે' પ્રધાન બોલ્યા. 'બળાત્કારીને વિનંતી કરાય કે વારંવાર તે આવું ન કરે.'

'અને તેને બચાવવા તો આ બધી માથાકૂટ છે' સચિવ બોલ્યા.

'લોકશાહીમાં એક પાસે જ બધા અધિકાર ન અપાય. તે સરમુખત્યાર બની જાય' મનોવિજ્ઞાની બોલ્યા. 'બધાને સમાન અધિકાર હોય.'

'તેમાં પણ અનામત હોય?' સચિવ બોલ્યા.

'વિચારણીય મુદ્દો છે' પ્રધાન બોલ્યા.

'અનામત તો ન આપી શકાય. ટકા વધી જાય. પણ રોટેશનનો વિચાર કરી શકાય' સચિવે કહ્યું.

'તો પછી સમિતિઓ નીમવાનું શરૂ કરી દો. છ મહિનામાં બધી સમિતિઓ નિમાઈ જવી જોઈએ. તે બધી સમિતિઓને કડક રીતે કહી દેશો કે બે વર્ષમાં રિપોર્ટ આવી જ જવો જોઈએ.' પ્રધાને કહ્યું.

મીટિંગ પૂરી થઈ. બધા સભ્યો બહાર નીકળ્યા.

ત્યાં સુધી બીજા પાંચ બળાત્કાર થઈ ચૂક્યા હતા!

*ન્યુ મિન્ટ રોડ, ભુજ, કચ્છ - ૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૨૭૯૪૬*

## સફળતાનું રહસ્ય - લગની!

મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈનની સફળતાથી પ્રભાવિત થઈને કેટલાયે યુવાનો તેમને મળવા આવતા. એમની પાસે જીવનની સફળતા માટે માર્ગદર્શન મેળવતા.

એક દિવસ તેમની પાસે એક યુવાન આવ્યો અને બોલ્યો : 'સર, મહાન બનવાનો મૂળ મંત્ર મને આપો.'

આઈન્સ્ટાઈનને કહ્યું : 'લગની!'

પછી તેમણે વિગતવાર સમજાવતાં કહ્યું : 'હું તારી ઉંમરનો હતો ત્યારે ગણિતના વિષયમાં ખૂબ ડરતો. હું આ વિષયમાં કાયમ નાપાસ થતો. મારા મિત્રો મારી મજાક કરતા. હું તેથી બહુ દુઃખી થતો. તે વખતે મને એક વિચારનો ઝબકારો થયો. હું બધી રીતે સારો છું, મારામાં કશી ખામી નથી; તે છતાં ગણિતથી શા માટે ડરવું જોઈએ? બસ, આ વિચાર આવતા જ મેં સતત, એકધારી લગની રાખી ગણિતની અને વિજ્ઞાનમાં મેં કાબેલિયત પ્રાપ્ત કરી. આજે લોકો મારા આ બંને વિષયોના સિદ્ધાંતોને અનુસરે છે! બસ, સાચી લગની હોય તો સફળતાનાં શિખરો આસાનીથી સર કરી શકાય છે.'

મહાન બનવાનો મૂળમંત્ર 'લગની' મળતાં જ યુવાન ઉત્સાહિત થઈ ગયો.

- **બોધ વાક્યો :**

★ આંતરિક શક્તિ હોય તો બાહ્ય અવરોધ ક્યારેય નડતા નથી.

★ લગની હોય તો અઘરાં કાર્ય પણ સાવ સરળ થઈ જાય છે.

★ 'લગની' ને મૂળમંત્ર બનાવી સતત પરિશ્રમ કરશો તો જરૂર સફળતા પ્રાપ્ત કરી શકશો.

★ સફળતાનું સાચું રહસ્ય - લગની અને સતત પુરુષાર્થ.

★ અઘરી બાબતો માટે લગની રાખી મહેનત કરશો તો તે સાવ સરળ, સહજ અને સહેલી થઈ જશે.

***'સફળતાનાં સ્વાતિબિંદુ' માંથી.***

*જિંદગી પણ કેવી કમાલની છે. પહેલાં આંસુ આવતાં ને મા યાદ આવતી. હવે મા યાદ આવે છે ને આંસુ આવી જાય છે.*

# સાહિત્યચર્ચા નહીં, જીવનચર્ચા (ભોજનચર્ચા)

• શિરીષ પંચાલ •

*સામાન્ય રીતે મેગેઝિનોમાં સાહિત્ય અંગેની થોડી ગહન કૃતિઓ વાંચતા હોઈએ છીએ. અત્રે પ્રસ્તુત લેખમાં સ્વાદિષ્ટ વ્યંજનો સંબંધી વિગત વાંચીને હળવાશની ક્ષણો માણી શકાશે.*

*– તંત્રી મંડળ*

જેણે 'અન્નબ્રહ્મ' શબ્દપ્રયોગ કર્યો હશે તેણે માનવજાતની કેટલી મોટી સેવા કરી! સંસ્કૃત કાવ્યશાસ્ત્રી અભિનવગુપ્તે કહ્યું હતું કે ભૂખ્યા પેટે કાન્તાનું આલિંગન પણ આનંદ ન આપી શકે. સાથે સાથે એ પણ સાચું કે અકરાંતિયા બનીને, પશુની જેમ પેટમાં ઓરનાર ક્યારેય ભોજનનો આસ્વાદ લઈ શકતો નથી. રસાનુભવ, રસચર્વણા, આસ્વાદ - જેવા સાહિત્ય વિવેચનમાં પ્રયોજાતા શબ્દોનાં મૂળ પણ ભોજનરસ સાથે સંકળાયેલાં છે. કેટલાક પંડિતો માને છે કે ભોજનરસમાંથી પણ રસાનુભવ મેળવી શકાય - પણ એ જરા જુદી વાત થઈ. જાતભાતનાં વ્યંજનો લહેરથી આરોગવાની મારી આદત પાછળ જવાબદાર છે મારાં માતા-પિતા. પિતાજી તો દરરોજ સવારે આઠ - સાડા આઠ વાગે બહાર નીકળી જાય. બહાર જઈને **એક કપ ચા અને ભજિયાં, ભજિયાંઉસળ** જોઈએ એટલે જોઈએ. શરૂઆતમાં તો તેઓ મને કેટલીક વખત ટાવર ચાર રસ્તા પાસે આવેલી નવચેતન હિંદુ હોટલમાં લઈ જતા હતા. ત્યારથી મને આવી વાનગીઓનો ચસકો લાગ્યો. પછી તો ઘણી બધી હોટલોનાં ભજિયાંઉસળ ખાધાં, પણ નવચેતનનાં **ભજિયાંઉસળ**ની તોલે કશું ન આવે. ડિશનો ભાવ બે આના (બાર પૈસા). **ઉસળનો રસો** ખલાસ થાય તો કપ ભરીને વેઈટર આપી જાય. વધારાના કોઈ પૈસા આપવાના નહીં. આજે પરિસ્થિતિ બદલાઈ છે. હા - કેટલીક હોટલો જગ ભરીને **સંભાર** મૂકી જશે, **ચટણીઓના વાટકા** પણ.

મારી મા કંઈ બહાર નીકળી ન શકે, પણ ઘેર બેઠા જે કંઈ આવે તે લેતી રહે. તાકામાં (ગોખલામાં) **અંજીરનો હારડો** મૂકી રાખ્યો હોય - જ્યારે જ્યારે અવકાશ મળે ત્યારે ખાઈ લે. તેનું માનીતું ફળ **સીતાફળ.** મરણ પથારીએ પણ ઘરના આંગણે ઉગાડેલ સીતાફળના ઝાડને જોયા કરવાનું. ત્યાં થતાં સીતાફળનો પહેલો ઉતાર તો તેના જ ભાગનો. મારી એ માનો જાણે વારસો ચંદ્રિકાએ સાચવ્યો છે. સીતાફળ પાછળ તે ગાંડી છે. **સીતાફળનો શેક** બનાવે, **આઈસ્ક્રીમ** બનાવે.

બાલમંદિરે મારી જીભને ઉત્તેજિત રાખવામાં બહુ મોટો ભાગ ભજવ્યો. ટાવર વિસ્તારમાં આજે જ્યાં લોહાણા બિલ્ડિંગ છે ત્યાં અમારું બાલમંદિર હતું. સોમથી શનિ દરરોજ જુદો નાસ્તો. સોમવારે **સેવ મમરા,** મંગળવારે **બિસ્કિટ,** ગુરુવારે **કાજુ દ્રાક્ષ,** શુક્રવારે **ચણા,** શનિવારે **દૂધ.** બુધવારે શું અપાતું હતું તે ભૂલી ગયો છું. તે અરસામાં પોળમાં ખભે થેલો નાખીને કાળી ટોપી - ઝભ્ભો ધોતિયું પહેરેલા એક પ્રૌઢ ચણા - સીંગ - મમરા લઈને આવે. એમની સીંગનો સ્વાદ દાઢમાં ભરાયો. એવો ભરાયો - એવો ભરાયો કે ગોઠિયાઓએ મારી ચીઢ પાડી - **મગફળી.** આજે પણ વાડકીમાં સિંગ લઈને બેસું. એક વખત હસિત મહેતાએ અમદાવાદમાં એક્સપ્રેસ-હાઈવે શરૂ થાય છે ત્યાં આસપાસના વિસ્તારમાં સાવ નાના કદની સિંગ ખવડાવી. શું મીઠાશ હતી! ફરી એ ખાવાનો તો શું, દર્શન કરવાનોય વારો ન આવ્યો. નાનો હતો - સાવ નાનો નહીં. મેં નવસારીમાં બળદથી ચાલતા **શેરડીના કોલે રસ** પીધો. એક ગ્લાસ - બે ગ્લાસ - પછી તો એ સ્વાદની સ્મૃતિ મને જંપવા ન દે. એક દિવસ બહેનને મળવાનું બહાનું કાઢી નવસારી જઈ ચઢ્યો અને શેરડીનો રસ પીને એ જ દિવસે સાંજે ઘેર આવી ગયો. વર્ષો પછી જરા જુદી રીતે શેરડીનો રસ બકુલ ટેલરે પીવડાવ્યો. ગોરેગાંવમાં તે સરક્યુલેટિંગ લાઈબ્રેરી ચલાવે. હું અને ચંદ્રિકા ત્યાં જઈએ એટલે તે રસ મંગાવે, **અડધો રસ - અડધું દૂધ.** એની લિજ્જત ગઈ, હવે બકુલની આસપાસ એવું કોલું નથી. વળી હવે તો બરફવાળા શેરડીરસની બીક લાગે છે. ડિસેમ્બર - જાન્યુઆરી સિવાય રસ પીવો નહીં, કોઈને પીવા દેવો નહીં. હમણાં છેલ્લાં બે-ત્રણ વરસથી ગુજરાતનાં મોટાં મોટાં શહેરોમાં મહારાષ્ટ્રથી **શેરડીના સંચા** લઈને લોકો આવે છે. લાકડાનાં બે થડિયાંની વચ્ચેથી પિલાઈને રસ નીકળે. પુરુષ ઘાણીના બળદની જેમ ગોળ ગોળ ફરે અને એની સ્ત્રી રસ ભરતી જાય. મનમાં પંક્તિ સ્ફુરે : ફરી પ્યાલું ભરી દેને, લાગી છે મુજને તૃષા.

નાનપણમાં એક મીઠાઈને બનતી જોઈ હતી. ૧૯૫૦-૫૧નાં વરસો. ફોઈના દીકરાનું લગન લેવાયું. એ દિવસોમાં લગ્નની મીઠાઈમાં **મોહનથાળ**નું એકચક્રી શાસન. મીઠાઈનો ખર્ચ ઘટાડવા પિતાજી કંદોઈને ત્યાં નવું નવું શરૂ થયેલું ડાલડા ઘી લઈને ગયા. લીમડાપોળના નાકે શ્રી નાસ્તા હાઉસ (આજે તો એ દુકાન પણ વેચાઈ ગઈ). ઉત્તર પ્રદેશમાંથી આવીને વસેલા બે કંદોઈની મીઠાઈઓ બહુ વખણાય. પણ તેમણે બે હાથ

*પ્રેમને સાકાર થવાનું મન થયું અને માતાનું સર્જન થયું.*

જોડીને કહ્યું - આ ઘી મારે મન ગાયની માટી, તમે મને ચોખ્ખું ઘી લાવી આપો. ઉત્તર પ્રદેશના લોકો ત્યારે બોલતા કે આ બધી ઘાસલેટિયા મીઠાઈઓ - એને અડકાય જ કેમ? છેવટે ચોખ્ખું ઘી લાવી આપ્યું અને મોહનથાળ બનાવડાવ્યો. દિવસો સુધી દરરોજ સવારે એનો નાસ્તો કરવાનો. વર્ષો પછી કોઈ સ્વજનનના લગ્નમાં મેસૂર બનતો જોયો. એક કિલો લોટમાંથી મીઠાઈનો આખો મોટો ટાટ ભરાય. પ્રત્યેક મીઠાઈની સોડમ લેવાની મજા આવે. આજે **દૂધીનો હલવો, મગસ, વેઢમીનું પૂરણ, દૂધપાક** બનાવવા રસોડામાં મારે બેસવાનું. અલબત્ત ચંદ્રિકા સૂચનાઓ આપતી રહે. છેવટની પરીક્ષા કરવાની જવાબદારી તેની. પણ **ગરમ ગરમ સુખડી - મગસ** ખાધા વિના રસોડામાંથી બહાર નીકળાય જ કેવી રીતે? નળરાજાની જેમ ઉત્તમ રસોઈ બનાવતાં આવડી નહીં પણ એ રસોઈ જમતાં-માણતાં - ઊણપો પારખતાં તો આવડી.

આજના ભેળસેળિયા જમાનાની સામે સમયનું ભારે અચરજ થાય છે. ૧૯૫૦ની આસપાસ સાગર ટૉકિઝની બહાર એક **કુલફીવાળો** સિંધી ઊભો રહેતો. બે પૈસા, એક આનો (આજના છ પૈસા - આ પૈસા ક્યાં ગયા? માત્ર સરકારી આંકડાઓમાં, પેટ્રોલ - ડિઝલ - ગેસના ભાવોમાં જ પૈસા જોવા મળશે) આપો એટલે કુલફી મળે. એક આનાની **કુલફી દૂધવાળી,** બીબામાંથી કાઢીને **બદામ-પિસ્તાંના** ભૂકામાં ઝબોળીને આપે. પિસ્તાં એટલે પિસ્તાં, **સીંગદાણા**ના ટુકડાને લીલા રંગે રંગેલા પિસ્તાવેશી સિંગદાણા નહીં. એ કુલફીઓનો સ્વાદ આજે મોટી મોટી, પ્રખ્યાત બ્રાન્ડની કુલફીઓમાં નથી મળતો. એ સ્વાદ જોઈતો હોય તો ફ્રીઝમાં કઢેલું - **મલાઈવાળું દૂધ** મૂકીને મેળવવાનો રહે.

કેટલાક સ્વાદ જુદી રીતે કેળવાયા - સમજણ આવ્યા પછી માની ચાર સુવાવડો જોઈ. ઘણું કરીને તો સાસરે ગયેલી બહેન આવી ચઢે અને **સુવાવડીની સૂંઠ** એ બનાવે. **ગોળ-ઘીનો** પાયો કરી, **સૂંઠ-ખસખસ-કોપરું** નાખીને એ તૈયાર કરે. મને ભાવી ગઈ. એટલે દરરોજ સવારે માને સૂંઠ આપું ત્યારે એની સાથે મારોય ભાગ. તે દિવસોમાં ભૂરા લેબલવાળી કાચની શીશીમાં ગ્રાઈપ વોટર મળતું હતું. એની સોડમ લીધા કરું. જીભ પર સંયમ રાખ્યો પણ એ સંયમ ચંદ્રિકાની સુવાવડોમાં તૂટ્યો. બાળકોને પીવડાવતાં - પીવડાવતાં અડધી ચમચી હું પણ પી લઉં. પછી તો ઘરમાં જેટલી પીવાની દવાઓ આવે - ખાસ તો **લોહાસવ, અર્જુનારિષ્ટ, અશ્વગંધારિષ્ટ** — એ બધી ચાખવાની તો ખરી. હસતાં હસતાં ચંદ્રિકા કહેવત યાદ કરાવે - 'ઊંટ મેલે આંકડો...' ક્યારેક આવો શોખ ભારે પડે - નોકરી કરતો ત્યાં એક છોડ ઊગી નીકળેલો. છોડ પર પોખરાજી, **ચણોઠી આકારના ફળ...** મેં તો ચૂંટીને મોંમાં મૂક્યું અને જે તમ્મર ચડી ગયા, દસ મિનિટ સુધી ચક્કરભમ્મર. પછી તો ખો ભૂલી ગયો કે અજાણ્યું કશું ચાખવું જ નહીં.

દેશી પદ્ધતિથી જીવન જીવવાનું આવ્યું, એટલે શરૂઆતનાં વર્ષોમાં તો સગડી પેટાવતા હતા (હજુ આજે પણ શિયાળામાં સગડી પેટાવીને **રોટલી** થાય છે, **હાંડવો** થાય છે, **જુવાર - બાજરીના રોટલા** શેકાય છે). સગડીના નીચલા ભાગમાં માત્ર **શક્કરિયાં** જ શેકાતાં ન હતાં, **ડુંગળી, લસણ** પણ. ચોમાસામાં શરદી થાય ત્યારે લીંબુની ફાડમાં **ઝીણી ખાંડ, સંચળ, દીકામરી** નાખીને શેકાય અને પછી એ ચૂસવાનું. કોઈ **હાજમાહજમ**ની જરૂર રહેતી નહીં. સાદાઈથી જીવન જીવવાની ફરજ પડી હતી. એટલે **રોટલો** અને માત્ર **લસણની ચટણી, ખીચડી અને માત્ર ઘી (ટાઢી હોય તો તેલ), ગરમ ભાત અને ગોળ** ખાવાની આદત પડી અને એમાં એવી લિજ્જત આવી કે આજે કેટલીયવાર ઘણું બધું હોય તે છતાં આમ જ જમી લેતો હોઉં છું.

મારી સ્વાદેન્દ્રિયને ઉત્તેજન આપવામાં, એને બહેકાવવામાં મોટો ફાળો ચંદ્રિકાનો. લગ્ન થયાં ત્યાં સુધીમાં તો એને ભાગ્યે જ કશું બનાવતાં આવડતું હતું. લગ્ન પછી અમે બીલીમોરા ગયા અને ત્યાં એક દિવસ મને **વેઢમી** ખાવાનું મન થયું. એને કહ્યું બનાવ વેઢમી - આમ કરવાનું, તેમ કરવાનું અને ત્યારે ખબર નહીં, આજેય મને અચરજ થાય છે - એટલી સરસ વેઢમી બની. એ દિવસોમાં અમે ખાંડની વેઢમી ખાતા હતા. આજે પણ વેઢમી ખાતાં ખાતાં બીલીમોરાની વેઢમી યાદ કરું. ધીમે ધીમે એ જાતજાતની રસોઈ બનાવતી ગઈ. 'રસથાળ' નામના પુસ્તકે (સુરતી નરેન્દ્ર શ્રોફ અને બિંદુ શ્રોફનું સરસ પુસ્તક) એને બહુ મદદ કરી, પણ સૌથી વિશેષ મદદ પ્રત્યક્ષ નિદર્શનથી થઈ. ૧૯૬૮ના અંતે અમે વડોદરાના ઘડિયાપોળ વિસ્તારમાં આવ્યા. પ્રબોધ ચોક્સી અને પાદરા કોલેજમાં મારી સાથે નોકરી કરતા જ્ઞાનેશ ચોક્સીના મકાનમાં રહેવા લાગ્યા. પહેલે માળે એક શયનખંડ - બેઠક ખંડ, તેના એક ખૂણામાં રસોડું, બીજે માળે એક ઓરડો - પુસ્તકો, અનાજ ત્યાં પડી રહે. આ બંને ચોક્સી ભાઈઓનાં માતુશ્રી સુકન્યાબહેન. **મગસ - મઠિયાં, સેવચકલી ચેવડો, પડવાળાં જુદા જ પ્રકારનાં બિસ્કિટ, કાંગરીવાળા ઘૂઘરા** — આ બધું એ શીખી ગઈ અને જાતે જ એક દિવાળીમાં **મઠિયાં** બનાવ્યાં. ત્યાં એક પટલાણી રહે. એમનાં મઠિયાં સ્વાદિષ્ટ, પણ ચંદ્રિકાએ જાતે બનાવેલાં મઠિયાં પટલાણીનાં મઠિયાંને મહાત કરી ગયાં. હવે આજે બહારનું તૈયાર મઠિયાં, ચોળાફળીમાં કશો સ્વાદ આવતો નથી. થોડું બનાવવું પણ ઘેર જ બનાવવું. એવી જ રીતે **ઉત્તપ્પા, મસાલા ડોસા, ઈડલી**ના ચટાકા પણ કરતા રહ્યા; ક્યારેક તો માત્ર એમની સાથે જે ચટણીઓ થાય એ જ મારે મન તો છપ્પનભોગ બની જાય. અને હવે તો સુરતના પ્રખ્યાત **લોચા, સેવખમણી** પણ ઘેર કરતા થઈ ગયા; ખાઈએ છીએ - ખવડાવીએ છીએ.

*પેન્સિલ બની કોઈના સુખ ન લખી શકો તો કંઈ વાંધો નહીં, પરંતુ રબ્બર બની બીજાના દુઃખ તો જરૂર ભૂંસી શકાય.*

બહુ નાનો હતો ત્યારે કુટુંબીજનો સાથે વડોદરામાં તુલસીવાડીએ જતો. ત્યાં નરસિંહ ભગવાન પરણવા આવતા. એ માત્ર ધાર્મિક યાત્રા નહીં, ઉજાણી પણ બનતી. દિવાળી નિમિત્તે જે કંઈ બનાવ્યું હોય તેમાંથી વધ્યુંઘટ્યું લઈ જવાનું. પણ ત્યાં ખાણીપીણીની દુકાનો મંડાઈ હોય. એક મીઠાઈ મને બહુ લલચાવે. નામ તો ત્યારે ખબર નહીં, પછી ખબર પડી કે એ હતી **ઘારી.** પિતાજીએ ન જ લઈ આપી. સુરત સ્ટેશન પરથી પસાર થાઉં ત્યારે લારીઓમાં ઘારી જોયા કરું, ન ખાઈ શક્યો. એક વખત રાજેન્દ્ર નાણાવટીની ન્યાતે ખાસ ઘારી બનાવડાવી અને મિત્રે અમને ખવડાવી. પછી તો મીનળ દર વર્ષે શરદ પૂર્ણિમાએ મોકલે. જગદીપ સ્માર્ત, બકુલ ટેલર, શરીફા અને પાછળથી જવાહર પટેલ **ઘારી, સૂતરફેણી, ઘેબર** મોકલતાં રહ્યાં અને અમારા જલસા ચાલતા રહ્યા. ઘારીની લત એવી લાગી કે પુત્ર યુયુત્સુના લગ્નમાં ઘારી બનાવડાવી. કેટલાક હમદર્દોએ કહ્યું કે ઘારી માટે ડાલડા વાપરો. પણ ચંદ્રિકાએ કહ્યું કે જે આપણે ખાઈએ તે જ બીજાને ખવડાવીએ એટલે પછી રાજેશ પંડ્યા વતનમાંથી ઘીનો આખો ડબ્બો જ લઈ આવ્યો, ખૂબ ભાવી, ખૂબ ભાવી.

ઘારીની વાત નીકળી તો જરા જુદા પ્રકારની ઘારી યાદ આવી. જોકે એને ઘારી ન કહેવાય. સુરેશ જોષીનાં પત્ની દર દિવાળીએ એ બનાવે અને મને એકવાર ખાધા પછી એનો ચસકો એવો લાગ્યો કે પછી તો દર વરસે સામે ચાલીને માગું. વેઢમીની જેમ જ એનું પૂરણ થાય — પણ **પૂરણ મગસનું,** પછી એમાં **લીલું નાળિયેર, જાયફળ, ખસખસ, એલચી** ભેળવીને પોળી બનાવવાની, તવી પર થોડું ઘી મૂકીને સાંતળવાની. આજે તો ઉષા જોષી નથી અને એ પોળી પણ નથી. રાહ જોઉં છું કે ઉષાબહેનની ચેતના ચંદ્રિકામાં પ્રવેશે અને એ પોળી ખાવા મળે. એક બીજી વાનગી પણ એવી જ ભાવી ગઈ - **હલવાસન.** ખંભાતમાં બે પ્રકાર - **હલવાસન અને પાક.** ચંદ્રિકાએ પાક બનાવવાની આવડત મેળવી લીધી. અવારનવાર એની પ્રતીતિ મને કરાવી અને બીજાઓને પણ.

સ્વાદ કરવા તો બધા પ્રકારના, પણ હું શાકાહાર સિવાય કશું માણી ન શકું. જીભ સળવળે, કશું ન હોય તો **તુલસી, ફૂદીનો, મીઠો લીમડો -** મોંમાં જાય, અને એની સાથે હાસ્યનું ગુંજન સંભળાવા માંડે.

અને હા, પેલી **સુવાવડીની સૂંઠ**ની વાત કરી ત્યારે સુવાવવડીની **રાબ** ભૂલી ગયેલો. આવું બધું કરી આપવાની થોડી જવાબદારી મારા પર પણ હતી. બેચાર ચમચી ઘઉંનો લોટ ઘીમાં શેકીને, પાણી રેડું. પછી એમાં ગોળ, સૂંઠ, ગંઠોડા, કોપરું, ખસખસ, બદામની કતરણ નાખીને તૈયાર કરું. ચમચી વડે ચાખતોય જાઉં અને ખૂટતું કરતું નાખું. એ રાબ એવી તો સ્વાદિષ્ટ થતી કે ભત્રીજીઓને તેમની સુવાવડો પ્રસંગે ખાસ મારે કરી આપવાની આવી. એ તો કહેવાનું હોય જ નહીં કે વાટકી ભરીને મારા માટે હું કાઢી જ લઉં.

મને કેટલાક મિત્રોએ કહ્યું હતું કે તું લખવા માટે ક્યાંક બીજે સ્થળે જા — કશી જંજાળ નહીં હોય તો કામ વધારે કરી શકીશ. નીતિન (મહેતા) મારી નાડ બરાબર પારખી ગયેલો. એ તરત જ કહે - ઘરની બહાર શિરીષ કશું લખી જ નહીં શકે. મારું વાંચન - લેખન બધું જ રસોડાની આસપાસ જ થાય. તરત ખ્યાલ આવે કે આ **ફૂલેવરનું શાક** થયું, આ **વાલોળ-ડુંગળીનું** થયું કે આ **કોબી** વઘારાઈ. મારી પાછી કુટેવ - જેવું થાય તેવું જરા ચાખી લેવાનું. તાજાં સ્વાદ - સોડમને જતાં ન કરાય. છેક ત્રીજે માળે બેઠો હોઉં તોય રસોડાની સોડમ જેવી આવે કે ધબ ધબ કરતો નીચે આવી જઉં. ખાવાપીવાની બાબતમાં મારે જયદેવ (શુક્લ) સાથે ખાસ્સું બને. એકથી વધારે વખત અમે સુરત સ્ટેશનેથી ચાલતાં ચાલતાં નીકળીએ, દિવસોનો ભૂખમરો વેઠીને આવ્યા હોઈએ તેમ જાતજાતનું ફરસાણ ખાતા જઈએ - સુરતીઓ પાછા ફરસાણની સજાવટ સરસ કરે એટલે એ જોવાની, સુગંધ માણવાની અને દુકાનના પાછલા ભાગમાં થતા છમકાર સાંભળવાની જે મજા આવે - જે મજા આવે. પણ એ માટે સમદુઃખિયા જોઈએ. દિલ્હીમાં એક-બે વખત નીતિન મહેતા સાથે હતા, એ જીવને ખાવાપીવાનાં અનેક નિયંત્રણ, એટલે વાનગીઓની વચ્ચેથી પસાર થઈએ પણ એકલા એકલા શું ખાવું? ગઝલ યાદ આવે : **બાઝાર સે નિકલા હૂં, લેકિન ખરીદાર નહીં હૂં.**

અને માત્ર ખાવા - ખવડાવવા સિવાય પણ એની વાતો કરવાનીય લિજ્જત. ધ્વનિરૂપો સ્વાદરૂપોમાં ફેરવાતા જ જાય. એક વખત હું, ભાયાણી સાહેબ અને ગુલામ મોહમ્મદ શેખ અમદાવાદથી રાજકોટ ગયા હતા. આખે રસ્તે સાહિત્ય કળાની એકેય વાત નહીં. પાકશાસ્ત્રની ચર્ચામાં જ ચાર કલાક વિતાવી દીધા અને પછી ત્યાં **ગરમાગરમ ગાંઠિયા, ફાફડા** ખાયે ગયા. પાછા આવતાં ભાયાણીસાહેબ કહે - હવે આપણે આઈસ્ક્રીમ ખાઈએ. રાજકોટમાં પટેલનો આઈસ્ક્રીમ વખણાય - ત્રણ ત્રણ જાતના આઈસ્ક્રીમ ખાઈને તરબતર થઈ ગયા. એવી જ રીતે એક વખત વીનેશ અંતાણીના દીકરાના લગ્નમાં ગરમ ગરમ **અડદિયા પાક** ખાધો, એનાં સ્વાદ - સોડમ ન ભૂલાયાં - તે ન જ ભૂલાયાં.

ખટરસ અને નવરસને સાથે રાખતાં, માણતાં આવડ્યું એટલે ભયો ભયો. ■

☺ *પોતાના વકીલ પતિને પત્નીએ કહ્યું : તમે ફ્રિજ અને ટી.વી. ક્યારે લેશો?*

*વકીલ પતિ હસીને : થોડા દિવસ વધારે રાહ જો. એક છૂટાછેડાનો કેસ હાથમાં છે. જેવું તેમનું ઘર ઊજડશે, આપણું ઘર વસી જશે.*

*સ્વર્ગ - નરક આ દુનિયામાં જ છે અને કર્મ મુજબ મળે છે.*



# બાબુડેં જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પુત્તર બચુડા, અજ આંઉ પાંજો દાધરો ચડેને મથે આવ્યો તે તેર નીચે જે ફ્લેટ જે ધરવાજે તે હકડાભાઈ ઊભા વા ને પૂછ્યાં તે કરમશીભા ડસાંજે નતા? સે અનીંજી તબિયત તા ભરોભર આય ને તડેં અનીંજી પોત્રી જુકો અમેરિકાથી આવઈ આય સે ચેં 'દાદા ત ફોક્ષીસ આય અતરે ઊઢેં ને મંજ વઠા આંઈ.' સે મુંકે ખબર ન પઈ ક હી વરી કઈ નંઈ બીમારી આય? સે જરા તપાસ કરે ને ચો.

બચુડો : (તપાસ કેનેં ચે) કરમશી બાપા કે કોઈ નંઈ બીમારી નાંય થઈ પણ પોત્રીકે પૂછ્યો તડેં ચેં 'ફોક્ષ' અતરે અંગ્રેજીમેં શિયાળ ચોવાજે અતરે આંઉ 'ફોક્ષીસ' અતરે 'શિયાળો આય' અતરે ઉઢેંને મંજ વઠા આંઈ ઇ ચ્યોં વો.

અધા : ઇ ગાલ આય... આંઉ નંઈ બીમારી થઈ આય ઇં સમજ્યો વો....!

## ખિલજા મ ભલા

સૌરભ : દારૂ પીતા પીતા ગાડી ચલાવવાનું નુકસાનકારક છે.

સુરભી : એ તો બધા જાણે છે. પીતા પીતા ચલાવવાથી અકસ્માત થઈ શકે...

સૌરભ : ના એમ નથી. મેં તો પીતા પીતા સાઈડ બતાવવા બોટલ હાથમાં રાખી હતી તે કોઈક લઈને ભાગી ગયો...

☺ ☺ ☺ ☺ ☺

મલિંગા : હવે વર્લ્ડકપ શરૂ થવાનો છે એટલે જરા વ્યવસ્થિત વાળ કપાવી આવું છું.

મમ્મી : કપાવેલા વાળ પાછા લેતો આવજે.

મલિંગા : એનું તારે શું કામ છે?

મમ્મી : વાસણ ઘસવા માટે સરસ કામમાં આવશે.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : આત્મહત્યાના કેટલા પ્રકાર છે?

આદિત્ય : સાહેબ, બે પ્રકાર...

શિક્ષક : કયા કયા?

આદિત્ય : એક ઝડપી અને એક ધીમી.

શિક્ષક : એમાં સમજ ના પડી...

આદિત્ય : ઝડપી એટલે ગળામાં ફાંસો નાખવો અને ધીમી એટલે ગળામાં લગ્નનો હાર નાખવો....!

☺ ☺ ☺ ☺ ☺

મનુભાઈ : (ગાંધીજીને) બાપુ, તમે મારા જેવા ગરીબનો કેસ લડ્યા અને મને બચાવ્યો. તમે નહીં હો તો ગરીબના કેસ કોણ લડશે અને અમારા જેવાને કોણ બચાવશે?

ગાંધીજી : મારા ફોટાવાળી નોટો...!!

☺ ☺ ☺ ☺ ☺

મોન્ટુ : હવે હદ થઈ ગઈ... બસ એકનું એક સ્લોગન... 'અબકી બાર મોદી સરકાર...' કંઈક નવું શોધો....

ચીન્ટુ : તો આ રહ્યું નવું સ્લોગન – "જય મા ભવાની, કોંગ્રેસ હવે જવાની...."

☺ ☺ ☺ ☺ ☺

અમેરિકન : તમારા દેશના યુવાનોની ડ્રાઈવિંગ સ્ટાઈલ વિશે શું માનવું છે, કેવી હોય છે?

ભારતીય : એક હાથ હોન ઉપર, બીજો હાથ ગીયર ઉપર, એક કાન પર મોબાઈલ, બીજા કાનથી મ્યુઝિક... એક પગ એક્સિલેટર ઉપર, બીજો પગ ઘૂંટણ પર... એક આંખ ટ્રાફિક પોલીસ પર અને બીજી આંખ કારમાં બેઠેલી બાજુવાળી છોકરી પર....

☺ ☺ ☺ ☺ ☺

બી.જે.પી. : અમારા ભાજપમાં ખરું છે, એક જ વ્યક્તિનું ચાલે છે.

કોંગ્રેસી : અમારે ત્યાં તો એક વ્યક્તિનું પણ નથી ચાલતું, ભલે તે વડાપ્રધાન હોય...!

☺ ☺ ☺ ☺ ☺

રાજુ : (પ્રિયતમાને) ડાર્લિંગ, હું તને પ્રેમ કરું છું પણ તારી સાથે લગ્ન નહીં કરી શકું.

પ્રેમિકા : કેમ?

રાજુ : મારું આખું કુટુંબ તારી વિરુધ્ધ છે....

પ્રેમિકા : કોણ, તારા મમ્મી - પપ્પા?

રાજુ : ના... એ લોકો નહીં પણ મારી પત્ની અને ત્રણ બાળકો.


☺ ☺ ☺ ☺ ☺

મુકેશ : (ગીતમાં ચંદ્રને ઉદ્દેશીને....) મૈંને પૂછા ચાંદસે, દેખા હૈ કહીં.... મેરે યાર સા હસી....

ચાંદ : હું કાંઈ તારા બાપનો નોકર નથી તે અહીંથી ચારેબાજુ જોયા કરું. બીજું, અહીં આટલી ઊંચાઈએથી નીચે બરાબર દેખાતું નથી અને તું તારો પ્રશ્ન જાતે જ સુલજાવ... એમાં મને વચ્ચે લાવવાની જરૂર નથી.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*સંસારમાં બીજાઓને માટે જેવું કરશો, પરિણામમાં તેવું જ પોતાને માટે થઈ જશે.*




## ધર્માંતરનું ભૂત કે તૂત?

હમણાં કેટલાક સમયથી હિંદુ સમાજના સાધુ બાબાઓ ધર્માંતરનું ભૂત લઈને બેઠા છે.

ધર્માંતર કરનાર વ્યક્તિ જે ધર્મને વળેલી છે, તેનો બીજા અન્ય ધર્મમાં પ્રવેશ કરવો કે ધર્મ અંગીકાર કરવો, તે કઈ રીતે શક્ય છે?

ધર્મને વળેલી વ્યક્તિ તન-મન-ધનથી જે સ્વીકારી લીધેલ છે, તે અન્ય ધર્મમાં કેવી રીતે વિશ્વાસ કરી શકે? કે અન્ય ધર્મનો વિચાર કરી શકે? ધર્માંતર પોતાના અંતરાત્માથી થવું જોઈએ. કોઈના કહેવાથી ધર્મ બદલી કરવામાં આવે તો તેવા કિસ્સાઓમાં શ્રધ્ધા અને વિશ્વાસનો અભાવ હોઈ શકે છે.

**કોઈપણ ધર્મમાં માનવતા, દયા, કરુણા, નિખાલસતા વગેરે ધર્મ તો છે જ. બીજા ધર્મ અંગીકાર કરીને શું ફાયદો થશે?**

હવે નવું તૂત ઊભું થયું છે કે હિંદુની વસતિ વધારવા ચાર-પાંચથી કરીને દસ બાળકો હિંદુઓને ત્યાં થવા જોઈએ – તેમ કેટલાક સાધુઓ કહી રહ્યા છે. આવું કહેનારને સાધુ કહેવાય? તેઓને દેશદ્રોહી કહેવાય. અત્યારે તો વસતિનો વિસ્તાર એટલો થઈ ગયો છે કે એના લીધે દેશની હાલત ડામાડોળ થઈ ગઈ છે. આવા સાધુ તો ધૂતારા છે. એ લોકોને સંસારની સાથે નિસ્બત નથી. તો રાજકારણમાં કેમ પ્રવેશ અપાય છે? મને લાગે છે કે મફતનું ખાઈ-પી ને તગડા થવું, અઢળક સંપત્તિના માલિક બનવું અને મઠ બાંધીને જલસા કરવા એ સાધુ બાવાનો ધંધો થઈ ગયો છે. ઘણા રાજકારણીઓ પણ તેમાં સામેલ હોય છે.

હવે આપણા દેશમાં લશ્કરરાજની જરૂરિયાત ઊભી થઈ છે. આવા ગંદા વિચારવાળા સાધુઓ અને રાજકારણીઓ તો જ સીધા થશે. તેવા લોકોએ અનીતિથી પ્રાપ્ત કરેલી સંપત્તિ દેશના વિકાસના કામ માટે લગાડવી જોઈએ અને કપટી સાધુઓને દેશની સરહદ પર લડાઈ લડવાની ટ્રેનિંગ આપવી જોઈએ. જેથી દેશભક્તિ શું છે, એની એ લોકોને ખબર પડે અને તેની કિંમત પણ સમજાય.

**સાચો ધર્મ દેશભક્તિ જ હોવી જોઈએ.**

દેશ સલામત હશે તો જ આપણે સલામત હોઈશું.

***અલકા અરવિંદ સંઘવી - અમદાવાદ***

★

## સરસ્વતી સન્માન અને સ્નેહમિલન કાર્યક્રમો અંગે વધુ વિચાર

'મંગલ મંદિર' માસ જાન્યુઆરી-૨૦૧૫ના અંકમાં 'આંજો કાગર' વિભાગમાં ઉપરોક્ત વિષયે બે પત્રો પ્રસિધ્ધ થયા છે.

મને પુરસ્કાર સમિતિ દ્વારા જાણવા મળ્યું છે કે સરસ્વતી સન્માન માટે ૧૫૭ વિદ્યાર્થીઓના નામો આવેલ હતા, તે પૈકી ૮૮ વિદ્યાર્થીઓ હાજર હતા. તે ઉપરાંત વાલીઓ સમેત સમાજના ૧૭૪ સભ્યો ઉપસ્થિત હતા. આ કાર્યક્રમ ખાસ વિદ્યાર્થીઓ માટે આયોજિત થાય છે અને છાત્રોની કારકીર્દિના ઘડતર અંગે જરૂરી માર્ગદર્શન આપવા માટે જે તે વિષયના તજજ્ઞોને આમંત્રિત કરવામાં આવતા હોય છે. કાર્યક્રમમાં સમય ન સચવાય અને ચાલુ કાર્યક્રમ વખતે વચ્ચે સભ્યોની અવરજવરના કારણે કાર્યક્રમમાં વ્યાખ્યાનકર્તા બેધ્યાન થતાં અર્થહીન વિક્ષેપ થવાનો પૂરો સંભવ રહે છે. હકીકતમાં જમણ સમયની સંખ્યા કરતાં અગત્યના માર્ગદર્શનસભર વ્યાખ્યાનનો, કેટલા છાત્રો ફાયદો ઉઠાવે છે, તે વધુ મહત્ત્વનું છે. કાર્યક્રમના સમયે સમાજના હોદ્દેદારો કદાચ અંગત કારણોસર ઉપસ્થિત રહ્યા ન હોય. આ પ્રકારના સંજોગોમાં હોદ્દેદારો છાત્રોને પ્રોત્સાહિત કરતા નથી તેવું માની ન લેવાય. વિદ્યાર્થીઓ અને વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહે, એ જરૂરી છે.

અન્ય એક પત્રમાં ગયા વર્ષે સમાજના વર્ષ ૨૦૧૩ના સ્નેહ મિલન કાર્યક્રમમાં ૪૦૦/૪૫૦ની હાજરી હતી અને ગત વર્ષના કાર્યક્રમમાં ૩૦૦ની હાજરી હતી તેવું જણાવાયું છે. આ બાબતમાં મુખ્ય કારણ એ છે કે વર્ષ ૨૦૧૩નો પ્રોગ્રામ રાતના નવ વાગ્યા સુધી ચાલુ રાખવામાં આવેલ. જ્યારે આ વખતે કારોબારીના યુવા કાર્યકર્તાઓએ નક્કી કર્યું હતું કે પ્રોગ્રામ માત્ર બે કલાકનો જ હોવો જોઈએ. જેથી કાર્યક્રમ અને તેના નક્કી કર્યા મુજબના સમય પરત્વે સમાજમાં શિસ્ત જળવાય. આ રીતે સંખ્યાની સાથે અન્ય પરિબળોને ધ્યાનમાં લેવું ઉચિત થશે.

***ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

## વાઈબ્રન્ટ

ગુજરાત (અને હવે તો ભારતમાં પણ) વાઈબ્રન્ટ શબ્દની બોલબાલા છે. ધબકતું, ધીકતું, જીવંત એવા અર્થમાં વાઈબ્રન્ટ શબ્દનો અહીં ઉપયોગ થાય છે. ૧૭મી સદીમાં લેટિન ભાષાના શબ્દ વાઈબ્રેર પરથી આ શબ્દ આવ્યો છે. વાઈબ્રેરનો મતલબ આમથી તેમ (ડાબેથી જમણે) હલાવવું એવો થતો હતો. એ દરમિયાન અવાજ પેદા થાય તો તેને વાઈબ્રન્ટ વોઈસ કહેવામાં આવતો હતો. ૧૬૧૬માં તેનો પ્રથમ વખત ઉપયોગ થયાનું ભાષાશાસ્ત્રીઓએ નોંધ્યું છે. એટલે કે ચારસો વર્ષ પહેલાં. હવે આ શબ્દ પચરંગી પ્રજા માટે પણ વપરાય છે. ■

*શાંતિ માનવજીવન માટે એક પરમ પાવન અને ઈચ્છનીય ભંડોળ છે.*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## અમદાવાદ ખાતે કચ્છી છાત્રો માટે છાત્રાલય અને અતિથિઓ માટે અતિથિગૃહનું નિર્માણ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા કચ્છના છાત્રો તેમજ અતિથિઓ માટે અનુક્રમે હોસ્ટેલ અને અતિથિ ભવનનું, અમદાવાદ ખાતે નવરંગપુરા વિસ્તારમાં એક ૧૬ ફ્લેટવાળા સંકુલમાં નિર્માણ થઈ રહ્યું છે. જેનું મંડાણ ટૂંક સમયમાં થાય તેવા ચક્રો ગતિમાન થઈ રહ્યા છે.

ઉપરોક્ત સમાજ દ્વારા આકાર પામી રહેલા અનુરાધા એપાર્ટમેન્ટના બે માળમાં અતિથિ ભવન અને બે માળમાં હોસ્ટેલ શરૂ કરવાની કામગીરીનો પ્રારંભ થઈ ગયેલ છે. આ જ મકાનમાં "કચ્છ ઈન્ફોર્મેશન સેન્ટર" શરૂ થાય તેવી વિચારણા પણ ચલાવવામાં આવી રહેલ છે. આ રીતે કચ્છી પ્રજાજનને અમદાવાદ ખાતે એક વધુ સગવડ ચાલુ વર્ષ દરમ્યાન ઉપલબ્ધ કરાવવા માટે સમાજના વર્તમાન મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી અશોક મહેતા, મંત્રી શ્રી ભરત ઓઝા તેમજ ખજાનચી શ્રી મનુભાઈ કોટડિયા તનતોડ પરિશ્રમ ઉઠાવી રહ્યા છે. શહેરના મધ્યમાં આવેલ નવરંગપુરા જેવા વિસ્તારમાં ૧૦૦૦ ચો.વારના પ્લોટમાં ત્રણ બેડરૂમ, હોલ, કિચન ધરાવતા ૧૬ અદ્યતન ફ્લેટ્સનું આશરે ૧૫,૦૦૦ ચો.ફૂટનું બાંધકામ ધરાવતા અનુરાધા એપાર્ટમેન્ટને સમાજના હવાલે લેવા અર્થેની પ્રારંભિક કામગીરી પૂર્ણ થયેલ છે. પ્રોજેક્ટ હેતુસર સમાજના પૂર્વ પ્રમુખ શ્રી કૈલાસદાન ગઢવીના અધ્યક્ષપદે એક સમિતિનું ગઠન કરવામાં આવ્યું છે. આ પ્રકારની સેવાકીય યોજના માટે સ્થાનિક તેમજ અન્યત્ર અનેક કચ્છી દાતાશ્રીઓ પોતાનો સંપૂર્ણ આર્થિક સહયોગ આપવા સ્વયંભુ રીતે તૈયાર થયા છે. કચ્છ અને કચ્છી પ્રજાજન માટે કોઈપણ પ્રકારના ભેદભાવ વિના અદ્યતન પ્રકારની આ એક ઉત્તમ સગવડનું લોકાર્પણ થશે એટલે અમદાવાદના શ્રી કચ્છી સમાજના ઈતિહાસમાં એક સોનેરી પ્રકરણનું આલેખન થશે, તેમ સમાજની એક યાદીમાં જણાવાયું છે.

☺ *વકીલ : તારી આંગળી ટ્રેનના દરવાજામાં દબાઈને કપાઈ ગઈ અને તે માટે તું રેલવે પર રૂપિયા ૫૦ હજાર વળતરનો દાવો કરવા ઈચ્છે છે?*

*મહિલા : જી હા.*

*વકીલ : પણ એ કેવી રીતે સાબિત કરીશ કે તારી આંગળીની કિંમત રૂપિયા ૫૦ હજાર હતી?*

☺ *મહિલા : એમ કહીને કે તે આંગળી પર જ હું મારા પતિને નચાવતી હતી.*

## ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદાન આપવા બદલ ચંદ્રકાંત મહેતા : સાહિત્ય ગૌરવ પુરસ્કારથી સન્માનિત

ગુજરાતી અને હિંદી ભાષાના જાણીતા કવિ, લેખક, પત્રકાર, સમાજસેવી અને લોકપ્રિય વક્તા તરીકે ખ્યાતિ પામેલા ચંદ્રકાંત મહેતાનો જન્મ ધોળકા તાલુકાના સરોડા ગામે થયો હતો. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ રહી ચૂકેલા આ કવિના વિવિધ વિષયોના ૧૨૭ પુસ્તકો પ્રકાશિત થયા છે. 'ગુજરાત સમાચાર'માં 'ગુફ્તેગો', 'કેમ છે દોસ્ત?' અને 'એક જ દે ચિનગારી' કોલમનું તેઓ ૩૭ વર્ષથી નિયમિત લેખન કરે છે. સાહિત્યના ઉમદા પ્રદાન બદલ તેમણે સંસ્કૃત ઍવોર્ડ, સંસ્કાર ઍવોર્ડ, ભારતીભૂષણ ઍવોર્ડ, સૌહાર્દ ઍવોર્ડ, કાદંબરી ઍવોર્ડ જેના વિવિધ ઍવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. સાહિત્યના ક્ષેત્રે તેમનું સર્જન યુવા સાહિત્યકારોને પ્રોત્સાહન આપે છે. જે આજે ઉચ્ચ ક્ષેત્રના સાહિત્યમાં સ્થાન પામે છે. ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદાન આપવા બદલ તેમને તાજેતરમાં સાહિત્ય ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. શ્રી ચંદ્રકાંત મહેતાને અભિનંદન.

અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી ચંદ્રકાંત મહેતાની વિવિધ વિષયો પરની ઉમદા કૃતિઓ મુખપત્ર 'મંગલ મંદિર'માં અવારનવાર પ્રકાશિત થાય છે.

## પત્ર લખો અને 'સરદાર જ્યોત' ૧ વર્ષ માટે ફ્રી મેળવો

જો આપ સારા વાચક હો, આપને સરદાર પટેલના વિચાર, જનજાગૃતિ, શિક્ષણ અને ગ્રામ્ય સંસ્કૃતિમાં રસ હોય તો અને સારૂં વાંચન ગમતું હોય તો 'સરદાર જ્યોત' દ્વિમાસિક મેળવવા માટે નીચેના સરનામે આપના સરનામા સાથે એક પત્ર લખો અને 'સરદાર જ્યોત' એક વર્ષ માટે 'ફ્રી' (નિઃશુલ્ક) મેળવો. સારા સમજદાર પ્રતિભાવક વાચક વર્ગની અમને શોધ છે... એમ મેગેઝિનના તંત્રીશ્રીની એક પ્રેસનોટમાં જણાવાયું છે.

*તંત્રીશ્રી, સરદાર જ્યોત લોકસેવા ટ્રસ્ટ*
૩, સંગાથ એપાર્ટમેન્ટ, એસ.બી.આઈ.ની પાછળ,
સ્ટેડિયમ પાંચ રસ્તા પાસે,
સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ.
ઈ-મેઈલ : loksevatrust2004@gmail.com

*સફળતાનો તણાવ નિષ્ફળતા કરતાં વધુ ઉપદ્રવી હોય છે.*

## વૈષ્ણવજન.... પ્રવચન શ્રેણીનો પ્રારંભ

વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યૂટ - માંડવી દ્વારા અને કચ્છ ઈકોલોજી ફાઉન્ડેશન પ્રેરિત વૈષ્ણવજન તો તેને કહીએ.... ભજનની સંગીતમય પ્રસ્તુતિ અને વક્તવ્યના પ્રથમ મણકાનો પ્રારંભ ભાડઈ માધ્યમિક શાળાથી વૃક્ષપ્રેમી એલ.ડી. શાહના અધ્યક્ષપદે કરવામાં આવ્યો હતો.

પ્રારંભે શાળાના આચાર્ય કીર્તિભાઈ ઠક્કર, એલ.ડી. શાહ અને ગોરધનભાઈ પટેલ 'કવિ' અને મુખ્ય વક્તા અને કચ્છ યુનિવર્સિટીના ભાષા ભવનના અધ્યક્ષા ડૉ. દર્શનાબેન ધોળકિયાનું સ્વાગત કરાયું હતું. મહેમાનોના હાથે દીપ પ્રાગટ્ય કરી વ્યાખ્યાનમાળાના પ્રથમ મણકાનો પ્રારંભ કરાયો હતો.

આ પ્રકારના અનોખા કાર્યક્રમમાં ડૉ. દર્શનાબેને વૈષ્ણવજન કાવ્યનો રસાસ્વાદ કરાવ્યો હતો. ઉપસ્થિત લોકોએ આ વ્યાખ્યાનમાળાની પ્રશંસા કરી હતી.

## પાલિતાણા - જંબુદ્વીપના પટાંગણમાં વિરાટ પ્રતિમા

પાલિતાણા - જંબુદ્વીપમાં છેલ્લા કેટલાક દિવસોથી જે પુણ્યતમ અવસરની રાહ જોવાઈ રહી હતી તે પુણ્ય ઘડી રવિવાર, તા. ૧૮ જાન્યુઆરીના વિજય મુહૂર્તે આવી. ખૂબ પરિશ્રમ અને કુનેહથી ૧૦૮ ફૂટના આદિનાથ ભગવાનની વિરાટ પ્રતિમાનું નિર્માણ કાર્ય સફળ બન્યું હતું. પ્રતિષ્ઠાના સમયે હજારોની જનમેદનીથી આખું પ્રાંગણ ભરાઈ ગયું હતું. વિરાટ પ્રતિમાના મુખ્ય લાભાર્થી મેનકાબેન નીતિશભાઈ સરકાર પરિવાર તથા કમલાબેન બાબુલાલ શાહ તથા ભારતભરનાં વિવિધ જૈન સંઘોએ નિર્માણમાં લાભ લીધો હતો. કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ આ ભવ્ય પ્રતિમાને ગચ્છાધિપતિ આચાર્ય મહારાજના સાંનિધ્યમાં ૧૨૦૦થી વધુ સાધુ - સાધ્વીજીઓની ઉપસ્થિતિમાં ગાદીનશીન કરવામાં આવી હતી. સંગીતના સૂરો સાથે વિરાટ પ્રભુના ચરણોમાં ૐ સ્થાવરે તિષ્ઠ તિષ્ઠ સ્વાહા જેવા મંત્રથી પ્રતિષ્ઠાવિધિ થઈ હતી. ક્રેન તથા લિફ્ટ વડે પ્રભુના મસ્તકે કળશ - ધ્વજાદંડ તેમજ ધજા ચડાવાઈ હતી. પ્રતિષ્ઠાના દિવસે સમસ્ત પાલિતાણાની તમામ વ્યક્તિઓ માટે સમૂહ ભોજન યોજાયું હતું. પ્રતિષ્ઠાની પળે હેલિકોપ્ટર દ્વારા થયેલી પુષ્પોની વર્ષાએ જબ્બર માહોલ ઊભો કર્યો હતો. પ્રતિષ્ઠા બાદ અષ્ટોત્તરી શાંતિ સ્નાત્ર કરવામાં આવેલ. મહોત્સવના પુર્ણાહૂતિ કાર્યક્રમમાં હજારો જૈન ભાવિકો ઉમટી પડ્યા હતા. ચાર મુમુક્ષુઓની દીક્ષા વિધિ કરવામાં આવી હતી.

## ડૉ. એસ.કે. નંદાના ડાંગ વિષયક પુસ્તકનું વિમોચન

ગુજરાત રાજયના વરિષ્ઠ સનદી અધિકારી અને જી.એસ.એફ.સી.ના સી.એમ.ડી. ડૉ. એસ.કે. નંદાના પુસ્તક "ડાંગ : ભારતનું અલ્પ પરિચિત સ્વર્ગ"નું મુખ્યમંત્રી આનંદીબહેન પટેલના હસ્તે તાજેતરમાં વિમોચન કરાયું હતું. ૧૭૬૪ ચો.કિ.મી. વિસ્તારમાં ફેલાયેલા ગુજરાતના ડાંગ વિસ્તારના સૌંદર્ય અને એના પ્રવાસન તત્ત્વને આ પુસ્તકમાં સુંદર રીતે રજૂ કરાયેલા છે. તે ઉપરાંત, આ પુસ્તકમાં ડાંગની ભૌગોલિક વિગતો, ઐતિહાસિક, સાંસ્કૃતિક અને સામાજિક પરંપરાનું રસપ્રદ આલેખન કરાયું છે. તે સાથે હાઈ રિઝોલ્યુશન ફોટોગ્રાફ્સ પુસ્તકના આકર્ષણમાં વધારો કરે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, શ્રી નંદાએ સમાજના ગત વર્ષના વાર્ષિક સ્નેહમિલન કાર્યક્રમના દિવસે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી સ્થિત મેડિકલ સેન્ટરની શુભેચ્છા મુલાકાત લીધી હતી અને સમાજની પ્રવૃત્તિઓની જાણકારી પ્રાપ્ત કરી હતી.

## તારામતી વિશનજી ગાલા સાહિત્યકલા પુરસ્કાર

'શ્રીમતી તારામતી વિશનજી ગાલા' સાહિત્યકલા પારિતોષિક સમિતિનો આ વર્ષનો કાર્યક્રમ તાજેતરમાં મુંબઈ ખાતે યોજાઈ ગયો હતો. જેમાં પારિતોષિક પ્રાપ્ત કરનાર કલાકારો નીચે પ્રમાણે હતા :

★ **લાલજી મેવાડા સુથાર**
કચ્છી કવિ સાહિત્યકાર, કચ્છી ભાષાની આજીવન સેવા માટે.

★ **કીર્તિભાઈ ખત્રી**
કચ્છમિત્રના માધ્યમ દ્વારા કચ્છ અને કચ્છીયતની આજીવન સેવા માટે.

★ **કવયિત્રી મુક્તાબેન નાનજી ઠક્કર**
કચ્છી કાવ્ય સંગ્રહ હીંયેજી હટડી – ૨૦૧૩માં કચ્છી સર્જન માટે પ્રોત્સાહક પારિતોષિક.

★ **વાલજી ભટ્ટી**
કચ્છી લોકગાયકીમાં આજીવન પ્રદાન માટે.

★ **બીપિન રમણિકલાલ સોની**
ચિત્રકલા ક્ષેત્રે આજીવન સેવા.

કવિ - સાહિત્યકાર ડૉ. વિશન નાગડા, શ્રીમતી તારામતીબહેન, વિશનજી હરશી ગાલા તેમજ જેઓને પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યા હતા એવા કલાકારો અને સાહિત્યકારો વગેરે મળીને દીપ પ્રાગટ્ય કર્યું હતું. ગુલાબ દેઢિયાએ પુરસ્કૃત વ્યક્તિઓનો પરિચય આપ્યો હતો. કાર્યક્રમ દરમ્યાન વાલજી ભટ્ટીએ કલાવૃંદો ખુશ્બૂ અને ફોરમ દેઢિયા સાથે કચ્છી લોકસંગીત પ્રસ્તુત કર્યું હતું અને અન્ય કલાકારોએ સાથ આપ્યો હતો.

*ટાળવા જેવી કુટેવ – પારકી પંચાત.*

# નિશા બહેનએ દીક્ષા ગ્રહણ કરી

## ● પૂર્વભૂમિકા ●

શરીર પર પહેરેલાં કપડાં સારાં લાગતા હોય તો તમે સારા, અને જો કપડાં સારાં ના લાગતા હોય તો તમે ખરાબ માણસ છો. ફેશનની દુનિયા આ મૂળમંત્રના આધાર પર ટકેલી છે. **જો કપડાનો ટુકડો જ તમારું મૂલ્યાંકન કરવાનો હોય, તો આ તો ઘોર અજ્ઞાન કહેવાય.** આ શબ્દો અમેરિકાના ઝાકઝમાળભર્યા ન્યુયોર્ક શહેરમાં ૩ વર્ષ અને ઈટાલીના ફ્લોરેન્સ શહેરમાં ૧ વર્ષ એમ કુલ ચાર વર્ષ ફેશન મર્ચન્ટ ડાઇઝિંગ મેનેજમેન્ટની ડિગ્રી ધરાવતી નિશા કપાસીના છે. નવાઈની વાત તો એ છે કે તેમણે ફેશન ડિઝાઈનમાં ગ્રેજ્યુએટ થયા બાદ તેમણે જે ક્રુ નામની ફેશન રીલેટેડ એસેસરીઝ તૈયાર કરતી **એક કંપનીમાં ૧૦૦,૦૦૦ ડોલરના પેકેજની નોકરી છોડીને દીક્ષા ગ્રહણ કરશે.** સંસારની મોહમાયા છૂટી જતાં દીક્ષા તો ઘણા લેતા હોય છે પરંતુ ફેશન ડિઝાઈન જેવા અત્યંત ભૌતિકવાદી વાતાવરણમાં તૈયાર થયેલી છોકરી દીક્ષાની વાટ પકડે એ ખરેખર નવાઈ લગાડે તેવી ઘટના છે. એટલું જ નહીં, ૩૦ વર્ષની નિશાની હિંમત તથા દ્રઢ મનોબળને પણ દાદ આપીએ એટલી ઓછી છે.

## ● ફેશનમાંથી દીક્ષાભાવ મને આવી રીતે જાગ્યો :

અમેરિકાના ભૌતિકવાદી વાતાવરણમાં ઉછેર, ફેશન ડિઝાઈનિંગના ક્ષેત્રમાં પહેલાં અભ્યાસ અને ત્યારબાદ નોકરી કરવા છતાં પણ દીક્ષા લેવાનો કઠિન માર્ગ શા માટે પસંદ કર્યો છે? આ સવાલનો જવાબ આપતાં નિશાએ કહ્યું હતું કે ધર્મના માર્ગમાં આમ તો મને પહેલા તો ખાસ રૂચિ ન હતી. પરંતુ ન્યુયોર્કમાં આવેલા એક જૈન સેન્ટરના દેરાસરમાં એકવાર ગઈ તો સુસ્મિતાબહેન નામની મહિલા ધર્મ વિશેનું સમજાવતા હતા. **તમે આત્મા છો, શરીર નથી. જીવન, એ બહારની દુનિયા માટે છે જ્યારે આત્માનું સુખ મેળવવા માટે પૈસો, સંપત્તિ એ બધું જ નકામું છે.** આમ તો આ ઉપદેશ સમજવો અઘરો હતો તેમ છતાં તેની ધારી અસર થઈ હતી. મારું મન વિચારે ચડી ગયું કે આ વાત બિલકુલ સાચી છે.

આમ સુખ બાબતે હું પરાધીન હોઉં એવું સતત ફીલ થયા કરતું હતું. ત્યારબાદ જૈન સેન્ટર ઑફ ન્યુયોર્ક યુથ ગ્રુપના દેરાસરમાં નિશા અવારનવાર જવા લાગી હતી. જો કે ફેશન ડિઝાઇનિંગનું ક્ષેત્ર કે નોકરી છોડી દેવી એવા વિચારો આવતા ન હતા. પરંતુ તમે આત્મા છો પરંતુ શરીર નથી જ્યારે આપણે શરીરના રૂપને જ પોતાનું રૂપ સમજી બેઠા છીએ આ વાત ખૂબ જ સ્પર્શી ગઈ હતી.

## ● ૨૦૦૧માં ગુરૂની શોધમાં હું પહેલીવાર ન્યુયોર્કથી મુંબઈ આવી :

હવે ધર્મને સમજવાની મારી રૂચિમાં વધારો થતો ગયો પરંતુ જૈનોના ગુરૂઓ પરદેશ ગમન કરતા ન હોવાથી અમેરિકામાં ગુરૂ મેળવવા શક્ય ન હતા. તેથી તે ૨૦૦૧ના વર્ષમાં મુંબઈ ખાતેના વાલકેશ્વરમાં આવીને માતા મંજરીબહેન અને પિતા મનોજભાઈને સાથે લઈ જઈને આચાર્યદેવ શ્રીમદ્ વિજયકીર્તિ યશસૂરિશ્વરજી મહારાજનું માર્ગદર્શન લેવા ગઈ. ગુરૂએ આત્માના ગુણો કેળવવા માટેનો પુરૂષાર્થ કરવાનો ઉપદેશ આપ્યો. તેનાથી ધર્મ પ્રત્યેની મારી શ્રધ્ધામાં વધારો થયો હતો. ગુરૂની આજ્ઞાથી છેવટે મેં સાધ્વીશ્રી પ્રસ્મિતાશ્રીજી મહારાજ સાહેબના સાનિધ્યમાં સત્સંગ શરૂ કર્યો. સાધ્વીજી પાસે જ્ઞાન મેળવવા માટે હું સતત પાંચ વર્ષ સુધી હું ૪ થી ૬ મહિના મુંબઈ આવી જતી હતી. સાધ્વીજી એમ દીક્ષાની આજ્ઞા આપી દે તેવા ન હતા. તેઓ મારી કસોટી કરે તેવા હતા. બીજી બાજુ મને ફેશનની દુનિયામાંથી રસ ઊઠી ગયો હોવાથી મને આત્મકલ્યાણના વિચારો વધુ દ્રઢ બનતા ગયા.

## ● ફેશનની વસ્તુઓ માટે થતી જીવહિંસાના મારે નિમિત્ત બનવું ન હતું :

નિશા કહે છે કે ફેશનની દુનિયામાં કપડાનો ટુકડો જ તમારું મૂલ્યાંકન કરે કે તમે સારા છો કે નથી સારા! આ તો નર્યું અજ્ઞાન છે. આ તો માણસ નહીં, કપડાની કિંમત થઈ કહેવાય. **આ દુનિયા આત્મ કલ્યાણના માર્ગથી બિલકુલ ઊંધી ચાલે છે.** ફેશનની કંપનીઓમાં લેધરની વિવિધ વસ્તુઓ જેમ કે લેધર સુઝ, જેકેટ પર રીસર્ચ કરતા મને જણાયું કે આમાં તો પ્રાણીઓને ટોર્ચર કરીને, મારી નાખીને ચામડું મેળવવામાં આવે છે. આવી ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરીને જીવોને દુઃખી કરવાનું મારે નિમિત્ત બનવું ન હતું.

## ● અમને જ્ઞાની દીકરી મળી હોવાનું ગૌરવ છે – મનોજભાઈ કપાસી, મંજરીબહેન કપાસી (દીક્ષાર્થી નિશાના માતા-પિતા)

નિશાના માતા-પિતા તથા મોટાભાઈ રૂષભ અમેરિકામાં રહે છે. પિતા મનોજભાઈ કપાસી મુંબઈના વાલકેશ્વર વિસ્તારમાં રહેતા હતા ત્યારે નિશા હાયર સેકન્ડરી સુધી મુંબઈમાં જ ભણી છે. મનોજભાઈનો દીકરો રૂષભ કપાસી અમેરિકામાં સેટ થયો એ પછી નિશાએ પણ અમેરિકામાં રહીને અભ્યાસ કરવા મુંબઈ છોડ્યું હતું. છેવટે બંને ભાઈ-બહેને માતા-પિતાને પણ ન્યુયોર્કમાં બોલાવી લીધા હતા. ફેશન ડિઝાઈનના ક્ષેત્રમાં પડેલી નિશાને જાગેલા દીક્ષાભાવને માતા-પિતાએ પણ પારખી લીધો હોવાથી નિશાની દીક્ષાની તેમને નવાઈ લાગી નહીં. પિતા મનોજભાઈ તથા માતા મંજરીબહેન કહે છે અમને એ વાતનો આનંદ છે કે અમારે ત્યાં આવી દીકરી પાકી છે. હવે અમારું ભારત આવવાનું વધી જશે.

★

*જે વીતી ગયું તેની પરવા ન કરશો. આવનારું છે તેના સપના જુઓ, પોતાનું ધ્યાન વર્તમાન પર લગાવો.*

## નિશા બહેનએ દીક્ષા ગ્રહણ કરી

જૈન સમાજ માટે રવિવાર, તા. ૧૮-૧-૨૦૧૫નો દિવસ અનેરો હતો. આ દિવસે સમેત શિખરજી તીર્થ તળેટી ઉપાશ્રયમાં જૈનાચાર્ય મહારાજ સાહેબના વરદ્ હસ્તે અમેરિકામાં જન્મેલી સુશિક્ષિત નિશાકુમારી મનોજભાઈ કપાસીની જૈન સાધ્વી દીક્ષા સંવેદના - આનંદમય વાતાવરણમાં સંપન્ન થઈ હતી. દીક્ષા ગ્રહણ કરવાની સાથે તેઓ હવે સાધ્વી સંવેગપ્રજ્ઞાજીશ્રી બન્યા હતા. ૪૨ શ્રમણ ભગવંતો, ૧૦૦થી વધુ શ્રમણીઓ, ૮૦૦ ભાવિકોની ઉપસ્થિતિમાં આ દીક્ષા પ્રસંગ ભવ્ય રીતે યોજાયો હતો. આ ભાવિકો દેશભરમાંથી તેમજ હોંગકોંગ, લંડન, દુબઈ, અમેરિકા વગેરે દેશોમાંથી ઉપસ્થિત રહ્યા હતા. દીક્ષા સ્થળ ઉપાશ્રયની લોટસ મંદિર જેવી કૃતિ કરવામાં આવી હતી. સવારે ૭.૦૦ કલાકે દીક્ષાર્થી નિશાકુમારીનું વિજય તિલક કરવામાં આવ્યું ત્યારે દરેકના હૃદયને હચમચાવનાર વાતાવરણ સર્જાયું હતું. આચાર્યશ્રીની આજ્ઞા સાથે જ દીક્ષા વિધિનો પ્રારંભ થયો હતો. આ પ્રસંગે 'અવેકનિંગ ધ બાલ આત્મા' નામના એક અંગ્રેજી પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પુસ્તકમાં જૈન સાધુ - સાધ્વીજીનું જીવન કેવું હોય છે? બાળકોનું ઘડતર કેવી રીતે કરવું જોઈએ? વગેરે અનેક પ્રશ્નોના સમાધાન કરવામાં આવ્યા છે.

## ગૌરક્ષક ગીતાબેન રાંભિયાને 'હિંદુ ગૌરવ' એવોર્ડ બચુભાઈ રાંભિયાનું પશુરક્ષા સેવા કેન્દ્ર દ્વારા સન્માન

★ અમદાવાદના શાહપુર વિસ્તારમાં વિશ્વ હિંદુ પરિષદના આંતરરાષ્ટ્રીય પ્રમુખ ડૉ. પ્રવીણ તોગડિયાના હસ્તે શહીદ ગૌરક્ષક ગીતાબેન રાંભિયાને 'હિંદુ ગૌરવ' એવોર્ડ તાજેતરમાં ઘોષિત થયેલ હતો. આ સભામાં સંતો, કાર્યકર્તાઓ સાથે બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત હતા.

★ કચ્છના પ્રાગપર રોડ જંકશનના ભગવાન મહાવીર પશુરક્ષા કેન્દ્ર (એન્કરવાલા અહિંસાધામ) દ્વારા ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટના ટ્રસ્ટી અને સંસ્થાના સંચાલક બચુભાઈ પી. રાંભિયાનું સંસ્થાના તાજેતરના એક કાર્યક્રમ દરમ્યાન ઔપચારિક સન્માન થયું હતું, તેમ તેમના ટ્રસ્ટની એક યાદીમાં જણાવાયું હતું.

## લર્નિંગ

સિંગાપુરના માતા-પિતાઓ માટે નવી ઉપાધી આવી પડી છે. અહીંના પેરેન્ટ્સ હવે બાળકોને ગણિત શિખવી શકે એટલા માટે પહેલાં પોતે ટ્યુશન લઈ રહ્યાં છે! કેટલાક પેરેન્ટ્સ ક્લાસીસ તો આઠ કલાકના ગણિતના ટ્યુશન માટે ૭૦૦ ડોલર જેવો લાકડાછાપ ભાવ લે છે. અહીં બાળકોને લેશન કરાવતા માતા-પિતાઓને ન આવડતું હોય તો તેની અસર પણ બાળકોના અભ્યાસ પર પડ્યા વગર રહેતી નથી. કેટલાક ક્લાસીસ વળી પાકા ઘડે કાંઠા ચડાવવા માટે ગાણિતિક રમતોનો ઉપયોગ કરી મનોરંજક રીતે ગણિત શીખવવા પ્રયાસ કરે છે. ■

## કચ્છી સંગીતકાર કલ્યાણજીભાઈને વિશિષ્ટ એવોર્ડ અર્પણ




પૂણે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટીવલમાં ફિલ્મ સંગીતકાર આણંદજી શાહને સચિનદેવ બર્મન એવોર્ડથી નવાજવામાં આવ્યા. તે પ્રસંગે રાજ્યનાં સાંસ્કૃતિક કાર્યોના પ્રધાન વિનોદ તાવડે, આણંદજીભાઈ તેમજ અન્યો. કલ્યાણજી - આણંદજીની સંગીતકાર જોડીએ ૨૫૦ ફિલ્મોમાં સંગીત આપ્યું હતું. ■

કચ્છજો માડુ...
કચ્છજો માડુ ભુખ્ખ સૈંયેં ડુખ્ખ સૈંયેં, પણ કઢીયેં ન પિંઢજો કંધ;
માડુ મીળે હેંમથ વારા, તડેં રશ્મિન્ પુજેતાં પિંઢજે પંધ.
– રશ્મિન્ ખોના (મુંબઈ)

MAYUR PEER

NATIONAL ENTERPRISES
CLEARING, FORWARDING
SHIPPING & TRANSPORT AGENT

277, Sahid Bhagat Singh Road, 1st Floor,
Suite No. 16, Hansraj Damodar Trust Building,
Fort, Mumbai-400 038.
Tel. : (022) 2266 3097, 3254 7879
Fax : (022) 2267 3098
E-mail : mumbai@burleighintl.com
E-mail : mp@nealmp.com
Website : www.burleighintl.com
Website : www.nealmp.com

# સાર સમાચાર

*સંકલનકર્તા : શાંતિલાલ સંઘવી*

(૧) દુબઈમાં હાલે ૫ કિ.મી. લાંબી સોનાની ચેઈન બની રહી છે. એમાં ૨૨ કેરેટનું ૧૮૦ કિ.ગ્રા. સોનું વપરાશે. દુબઈના શોપિંગ ફેસ્ટીવલમાં આ ચેઈન પ્રદર્શિત કરવામાં આવશે. **(સાધના, તા. ૬-૧૨-૨૦૧૪)**

(૨) આપણા દેશમાં ૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ એકાકી જીવન ગુજારનારાઓમાં ૭૪% સ્ત્રીઓ છે. સંખ્યાની દૃષ્ટિએ ૩૬.૨ લાખ સ્ત્રીઓ અને ૧૩.૫ લાખ પુરુષો એકાકી જીવન ગાળે છે. તેમાંના ઘણાખરા ૬૦ વર્ષ ઉપરની વયના છે. **(નયા માર્ગ, તા. ૧-૧૨-૨૦૧૪)**

(૩) ગુજરાત વિધાનસભામાં અપાયેલા જવાબ મુજબ વર્ષ ૨૦૦૩થી ૨૦૧૧ સુધીમાં પાંચ વાઈબ્રન્ટ સમિટમાં બાર હજાર જેટલા MOUમાંથી ૩૭૪૬ MOU ફોક થયા છે. **(નયા માર્ગ, તા. ૧-૧૨-૨૦૧૪)**

(૪) વર્તમાન વડાપ્રધાન મોદીએ વારાણસીમાં ૩,૭૧,૭૮૪ મતોથી જીત મેળવી, ત્યાં હવે ૩,૧૧,૦૫૭ મતદારો બનાવટી મળેલ છે. હજુ ગણતરી ચાલુ છે. બોગસ મતદારોની સંખ્યા છ લાખથી પણ ઉપર પહોંચે એવું વહીવટદારોનું અનુમાન છે. **(નયા માર્ગ, તા. ૧-૧૨-૨૦૧૪)**

(૫) વિશ્વબેંક તથા આંતરરાષ્ટ્રીય નાણાંપંચ સતત ભારતને દબાણ કરે છે કે સબસીડીઓ બંધ કરો. પરંતુ હવે એ જાણવા મળેલ છે કે સબસીડીનો ૭૦% હિસ્સો તો અમીરોને મળે છે! જે સબસીડી બંધ કરવાની વાત છે તે ગરીબો માટેની ૩૦%ની છે! **(નયા માર્ગ, તા. ૧-૧૨-૨૦૧૪)**

(૬) તાજેતરમાં શાહીબાગ - અમદાવાદમાં યોજાયેલા એક તપસ્વીઓ અંગેના જમણવારમાં મોટી સંખ્યામાં બાઉન્સર્સ બોલાવવામાં આવ્યા હતા! કારણમાં એક તિથિ અને બે તિથિના ચાલી રહેલા વિવાદમાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે બાઉન્સર્સને બોલાવાયા હતા! **(દિવ્ય ભાસ્કર, તા. ૧૫-૧૨-૨૦૧૪)**
*(જૈનો અહિંસામાં માને છે?)*

(૭) 'માઈક્રોબાયોમી' મેડિકલ જર્નલમાં છપાયેલા રિસર્ચ પેપર અનુસાર માત્ર દસ સેકંડના ચુંબનમાં આઠ કરોડ બેક્ટેરિયાની આપ-લે થાય છે. **(દિવ્ય ભાસ્કર, તા. ૧૭-૧૨-૨૦૧૪)**

(૮) જગવિખ્યાત Tesla and SpaceX ના નિર્માતા Elon Musk કહે છે કે 'આર્ટીફિશિયલ ઈન્ટેલિજન્સ' (AI) રોબોટને વિકસાવવું એટલે યમરાજને નિમંત્રણ આપવું. **(દિવ્ય ભાસ્કર, તા. ૧૭-૧૨-૨૦૧૪)**

(૯) B.B.C. સંસ્થાને આધુનિક મહાન વૈજ્ઞાનિક સ્ટીફન હોકિંગે જણાવ્યું છે કે એકવાર પર્યાપ્ત બુધ્ધિ પામ્યા પછી 'આર્ટીફિશિયલ ઈન્ટેલિજન્સ' (AI) મશીનો - રોબોટો વધુને વધુ સતેજ મશીનોનું જાતે નિર્માણ કરશે. એ મશીનો સાથે માણસ હરીફાઈ નહીં કરી શકે અને અંતે AI દ્વારા માણસજાત નાશ પામશે. **(દિવ્ય ભાસ્કર, તા. ૧૭-૧૨-૨૦૧૪)**
*(હવે આમાં પાપ અને પુણ્યનો હિસાબ કોણ કરશે અને કેવી રીતે કરશે?)*

(૧૦) અંગ્રેજો ભારતમાં પ્રવેશ્યા ત્યારે ભારતનો વિકાસ દર (જી.ડી.પી.) ૨૪% હતો અને જ્યારે અંગ્રેજોએ ભારત છોડ્યું ત્યારે જી.ડી.પી. માત્ર ૪% હતું. – *શશી થરૂર* **(સાધના, તા. ૧૩-૧૨-૨૦૧૪)**

(૧૧) પશ્ચિમ ચીનના શિજિયાંગ પ્રાંતમાં તારીખ ૧-૧-૨૦૧૫થી તમામ સરકારી ઈમારતો, શાળાઓ અને ઓફિસોમાં મુસ્લિમોને પ્રાર્થના (બંદગી) કરવા અંગે પ્રતિબંધ લાદવામાં આવેલ છે. **(સાધના, તા. ૧૩-૧૨-૨૦૧૪)**

(૧૨) ડિરેક્ટર જનરલ ઓફ સિવિલ એવિએશનના આંકડા મુજબ ભારતીય એરલાઈન્સમાં કુલ કાર્યરત ૫૦૫૦ પાઈલોટમાંથી ૬૦૦ મહિલા પાઈલોટ છે. **(સાધના, તા. ૧૩-૧૨-૨૦૧૪)**

(૧૩) આઝાદી પૂર્વે જવાહરલાલ નહેરુએ પોતાનું નામ છૂપાવીને - ઉપનામથી એક લેખ લખેલો જેમાં લખેલું કે "પ્રજાજનો, જોજો, નહેરુથી ચેતજો, એ ઘણો લોકપ્રિય છે અને રોમન સમ્રાટ જેવું બળ ધરાવે છે. આ નહેરુ હિંદનો સરમુખત્યાર ન થઈ બેસે તે બાબતે તૈયાર રહેજો.' **(નિરીક્ષક, તા. ૧૬-૧૨-૨૦૧૪)**
*(આ હતા નહેરુ, આજે....?)*

(૧૪) હિંદુઓનું મહત્ત્વનું યાત્રાધામ બેટદ્વારકાની કુલ વસતિ દસ હજારની છે. પરંતુ તેમાં હિંદુઓની સંખ્યા માત્ર ૧૫૦૦ જેટલી જ છે. **(સાધના, તા. ૨૦-૧૨-૨૦૧૪)**

(૧૫) લગભગ ૨૨ લાખની વસતિ ધરાવતું ઇઝરાયેલ કે જેનો સ્વાતંત્ર્ય દિવસ તારીખ ૧૪ મે છે, તેણે પોતાના દેશને આગામી તા. ૧૪ મે ના રોજ 'યહૂદી રાષ્ટ્ર' જાહેર કરવાનો નિર્ણય લીધેલ છે. **(સાધના, તા. ૨૦-૧૨-૨૦૧૪)**

(૧૬) તાજેતરમાં એવું સાબિત થયું છે કે ચીનમાં તથા જાપાનમાં મહિલાઓને સ્તન કેન્સર તથા પુરુષોને પ્રોસ્ટેટની બીમારી ભાગ્યે જ થાય છે કારણકે આ બંને દેશના લોકો દૂધ તથા દૂધની બનાવટોનો ઉપયોગ કરતા નથી. **(પ્રબુધ્ધ જીવન, ડિસેમ્બર-૨૦૧૪)**

*પ્રભુને પામવા માટે પણ હૈયે ધીરજ રાખવી જરૂરી છે.*

(૧૭) છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન ગુજરાત સરકારે રણોત્સવ પાછળ ૩૩.૮૫ કરોડ, પતંગોત્સવ પાછળ ૧૨.૦૮ કરોડ, નવરાત્રિ ઉત્સવ પાછળ ૨૦.૨૯ કરોડ (પ્રજાના પૈસા) ખર્ચ્યા છે. *(નયા માર્ગ, તા. ૧૬-૧૨-૨૦૧૪)*

(૧૮) વીજળીના પ્રશ્ને ગુજરાતને વીજપુરાંતવાળું રાજ્ય હોવાનો દાવો કરાય છે. બીજી બાજું વીજળી માટે કનેક્શનની ચાર લાખ સાંઈઠ હજાર અરજીઓ પેન્ડિંગ છે. *(નયા માર્ગ, તા. ૧૬-૧૨-૨૦૧૪)*

(૧૯) ગુજરાતમાં શિક્ષિત બેરોજગાર લોકોની સંખ્યા નવ લાખ સિત્તર હજાર. તે પૈકી ૩૯,૩૯૩ જેટલા પોસ્ટ ગ્રેજ્યુએટ, ૨૪૭ જેટલા પી.એચ.ડી. અને ૧૫૩ એમ.બી.બી.એસ. ડૉક્ટરો છે. *(ગુજરાત ટુડે, તા. ૧૭-૧૧-૨૦૧૪)*

(૨૦) (એક સારા સમાચાર) કર્ણાટક રાજ્યના ઍક્સાઈઝ ખાતાના પ્રધાન સુરેશ જર્કીહોલીએ ભૂતપ્રેત વિ. વહેમ અને ભયની લાગણી તથા અંધશ્રધ્ધા નિવારણ અર્થે સેંકડો લોકોની સાથે આખી રાત સ્મશાનમાં વિતાવી. આ ઉપરાંત તેમણે જાહેર કર્યું કે તેઓ સત્તામાં નહીં હોય ત્યારે પણ અંધશ્રધ્ધા નિવારણનું જ કામ કરશે. *(નયા માર્ગ, તા. ૧૬-૧૨-૨૦૧૪)*

(૨૧) વરિષ્ઠ પત્રકાર પી. સાંઈનાથે જણાવ્યું છે કે ભારતના ઉદ્યોગોને એક યા બીજી રીતે દર વર્ષે રૂા. પાંચ લાખ કરોડની છૂટછાટ અપાય છે. ૨૦૦૫-૦૬થી અત્યાર સુધીમાં રૂા. ૩૬.૫ લાખ કરોડની રાહતો અપાઈ છે! *(નયા માર્ગ, તા. ૧૬-૧૨-૨૦૧૪)*

## સન સ્પોટ

દિવાળી, એ પ્રકાશ - જ્યોતિ - તેજનો તહેવાર છે જ્યારે સૂર્ય એ જગત આખાને અજવાળતો ને જગતમાં જીવન રેડતો કુદરતનો સૌથી વધારે કિંમતી દીવો છે. તો આજે આપણે સૂર્યની બેહિસાબ અજાયબીઓમાંથી એક સનસ્પોટ વિશે થોડી વાત કરીએ.

સનસ્પોટ એટલે કે સૂર્યકલંક એ સૂર્યમાં થતા ચુંબકીય ફેરફારોનું પરિણામ છે જે સામાન્ય રીતે દર અગિયાર વરસે વધુ એક્ટીવ હોય છે. હાલમાં કચ્છ અને તમામ દેશવાસીઓને ધ્રુજાવી જનાર 'નીલોફર'માં પણ સૂર્યકલંક એક મહત્ત્વનું પરિબળ છે.

સૂર્ય એ એક વિશાળથી અતિ વિશાળ ચુંબકીય ક્ષેત્રવાળો વાયુનો ધગધગતો ગોળો છે. સૂર્યના ગર્ભમાં એટલે કે તેના કેન્દ્રમાં અથવા મધ્યમાં લગભગ બે કરોડ ડિગ્રી સેલ્સિયસ તાપમાન હોય છે! (આપણા રૂમનું નોરમલ ટેમ્પરેચર ૨૫ ડિગ્રી!!! ૨૫ માંથી ૪૨-૪૪ ડિગ્રી તાપમાન થાય એટલે આપણે ત્રાહિમામ પોકારી જઈએ છીએ!!!) જ્યારે સૂર્યની બહારની સપાટી પરનું તાપમાન હોય છે લગભગ ૬૦૦૦ ડિગ્રી સેલ.

જ્યારે સૂર્ય અંદરનું ચુંબકીય ક્ષેત્ર કાર્યશીલ, ગતિશીલ કે એક્ટીવ થાય છે ત્યારે તેનું ચુંબકીય ક્ષેત્રમાં એકથી હજાર ગણો વધારો થાય છે અને સૂર્યની સપાટી ત્યાં ચિરાઈ જાય છે અને ત્યાંથી ધગધગતા વાયુ બહાર ફેંકાય છે. જે જગ્યાએથી આ વાયુ બહાર ફેંકાય છે તે જગ્યાએ લગભગ ૧૦૦૦ ડિગ્રી તાપમાન ઘટી જાય છે. જેને કારણે અન્ય ભાગની સરખામણીએ આ ભાગ ઠંડો હોય છે / ઓછો તેજસ્વી હોય છે. જેને લીધે તેટલા ભાગમાં ધબ્બા કે ડાઘા જેવું લાગે છે. જેને સનસ્પોટ એટલે કે સૂર્યકલંક કહેવાય છે.

આપણે આમ તો સૂર્ય સામે ન જોઈ શકીએ પણ સૂર્યોદય પછીની બે ચાર મિનિટ કે સૂર્યાસ્ત પહેલાંની બે ચાર મિનિટ કે જ્યારે સૂર્ય એકદમ ઠંડો હોય ત્યારે તેના સામે જોઈએ તો નરી આંખે ટપકાં જેવું દેખાય છે. જે દૂરબીન કે કેમેરા વડે ખૂબજ સારી રીતે ચોખ્ખું જોઈ શકાય છે. અલગ અલગ સમયે લીધેલી શક્તિશાળી કેમેરા અને આગવી સૂઝબૂઝથી લીધેલી તસવીરોમાં સૂર્યકલંક સ્પષ્ટ જોઈ શકાય છે. આ તસવીરોમાં દેખાતું સૂર્યકલંક એટલું મોટું છે કે તેમાં ત્રણ પૃથ્વી સમાઈ જાય!!!

હાલની કમોસમી ગરમીનું કારણ પણ આ સૂર્યકલંક છે. આપણી આવનારી પેઢીને ઈન્ટરનેટ, સોશિયલ વેબસાઈટ્સ, ટી.વી. કે ક્ષણિક આનંદ આપતી રમતોની ચુંગાલમાંથી બચાવીને કુદરત તરફ વાળીએ તો આવા કુદરતના હજારો કરિશ્મા માણી શકે.

કરોડો વરસથી સમગ્ર સૃષ્ટિને અજવાળનાર અને જીવંત રાખનાર સૂર્ય એ દુનિયાભરનો તેજસ્વી દીવડો છે. મારો એક ઉર્દૂનો શે'ર છે :

*ताक्यामत जो राह दिखलाये,*
*एक ऐसा दिया जलाना है.*

એટલે કે જે પ્રલય સુધી રસ્તો બતાવે એવો એક અખંડ દીવો જલાવવો છે.

તમામને હૃદયપૂર્વકની શુભેચ્છા કારણકે

*"પ્રશંસાઓ ઘણે ભાગે કદી સાચી નથી હોતી,*
*શુભેચ્છા ઉદભવે દિલથી, કદી ખોટી નથી હોતી."*

*જયસુખ પારેખ 'સુમન'*

*અમિતા : યાર, મારા વાળ ખૂબ ખરે છે.*
*સુનીતા : એ કેમ?*
*અમિતા : ડૉક્ટરે કહ્યું છે કે ચિંતાથી વાળ ખરે છે.*
*સુનીતા : ચિંતા શેની?*
*અમિતા : અરે યાર, વાળ ખરવાની, બીજી શેની.....*



*સકારાત્મક દૃષ્ટિ હશે તો જિંદગીમાં મસ્તી આવશે.*

## Nano Nine શબ્દ રમત-૧૦૨

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | ૪ | | ૫ | ૬ | | | ૭ |
| | | ૮ | ૯ | | ૧૦ | | | | | | |
| ૧૧ | ૧૨ | | ૧૩ | ૧૪ | | | | | ૧૫ | ૧૬ | |
| | ૧૭ | ૧૮ | | ૧૯ | ૨૦ | ૨૧ | | ૨૨ | | | |
| ૨૩ | | ૨૪ | ૨૫ | | ૨૬ | | ૨૭ | | ૨૮ | | |
| ૨૯ | ૩૦ | | ૩૧ | ૩૨ | | ૩૩ | | ૩૪ | | ૩૫ | ૩૬ |
| ૩૭ | | | ૩૮ | | ૩૯ | | ૪૦ | | | ૪૧ | |
| | ૪૨ | ૪૩ | | ૪૪ | | ૪૫ | | ૪૬ | ૪૭ | | |
| ૪૮ | | ૪૯ | | | ૫૦ | | ૫૧ | | ૫૨ | ૫૩ | |
| ૫૪ | | | | ૫૫ | | | ૫૬ | ૫૭ | | ૫૮ | ૫૯ |
| | | | ૬૦ | | | ૬૧ | | ૬૨ | ૬૩ | | |
| ૬૪ | | | | | | ૬૫ | | | ૬૬ | | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૮-૨-૨૦૧૫)*

### આડી ચાવીઓ

૧. લીલામ (૩)
૩. કેફી ચીજથી ચડતો કેફ (૨)
૫. લાગણીઓને વશ થાય એવું (૫)
૮. ચોળાની દાળની એક બનાવટ (૨)
૧૦. લાકડા કાપવાનું સાધન (૪)
૧૧. કાગળ પત્ર (હિં.) (૨)
૧૩. ધ્યાન, લાખની સંખ્યા (૨)
૧૫. હેત, સ્નેહ (૩)
૧૭. અણીદાર નખવાળું, આબુના તળાવનું નામ (૨)
૧૯. માર્ગ, રસ્તો (૩)
૨૨. ગણપતિ (૪)
૨૪. ____ એન્ડ ટફ (૨)
૨૬. બહાર જતું કે મોકલાતું, ખરચ, ઉધારેલી રકમ (૩)
૨૮. ચા ____ રકાબીમાં પીવાય (૨)
૨૯. ____ના કર્યા હૈયે વાગ્યા (૨)
૩૧. રામનો પુત્ર (૨)
૩૩. લીલાપણું (૩)
૩૫. સાધુ (૨)
૩૭. બંદૂક (અં.) (૨)
૩૮. ____ કઠણ ને કાયા સુંવાળી, કૃત્ય, કૃમિ (૩)
૪૦. ____ ભલા તો હોગા ભલા (૨)
૪૧. ઊંદરનું ઘર (૨)
૪૨. ____ સાંભળી ફૂટ્યા કાન તો પણ ન આવ્યું બ્રહ્મજ્ઞાન (૨)
૪૪. ખારવો (૩)
૪૬. દીવો, દીપક (૨)
૪૯. ____ પરમેશ્વર (૨)
૫૦. આસ્થા, શ્રધ્ધા, ધર્મ (૩)
૫૨. મૃત્યુનો દેવ (૨)
૫૪. બફારો, બફાવવું તે (૩)
૫૬. કાજળ (૨)
૫૮. ____ દાંડીએ સીધા ચાલ્યા જાવ (૨)
૬૦. હાર્મોનિયમ (૪)
૬૨. રીત, પધ્ધતિ (૨)
૬૪. શિવાજી ટર્મિનસનું જૂનું નામ (૫)
૬૫. ____ ઘૂંઘરું બાંધ, મીરા નાચી થી... (૨)
૬૬. વિશ્વની સૌથી મોટી ____ ચીનમાં છે (૩)

### ઊભી ચાવીઓ

૧. ____ નાં તેડાં (૩)
૨. પ્રાણી માત્રમાં ____ છે (૨)
૪. ખેદ, સંતાપ (૨)
૫. મહારાષ્ટ્રનું લોકનૃત્ય (૩)
૬. વીતી ગયેલું, ભૂતકાળનું (૨)
૭. બદમાશ, શેતાન (૪)
૯. બે વેપારી વચ્ચે થયેલા સોદાને કહેવાય (ઇં.) (૨)
૧૨. ____, મન, ધનથી સેવા કરો (૨)
૧૪. ____ વીરસ્ય ભૂષણમ્ (૨)
૧૫. મશ્કરી (૩)
૧૬. મનને ગમતું (૫)
૧૮. દૂધ અને ભાતની વાનગી (૨)
૨૦. રવિવારે બધાને હોય (૨)
૨૧. ગોવાળિયો (૩)
૨૩. સૌભાગ્ય (૩)
૨૫. આસમાન, સ્વર્ગ (૩)
૨૭. ૬૦ મિનિટ એટલે એક ____ (૩)
૩૦. નાચવાનો અવાજ (૩)
૩૨. સોના ચાંદીની પાતળી પતરી (૩)
૩૪. ઠંડી, સળેખમ (૩)
૩૬. તર્જ, ગાવાની ઢબ (૩)
૩૯. દૂધની તર (૩)
૪૩. હાથના પંજાનો પ્રહાર (૩)
૪૫. હદ, મર્યાદા (૨)
૪૭. પાણી, દૂધ (૨)
૪૮. ઠાઠમાઠ, ભપકો (૪)
૫૧. ____ તે સૌને ગમે (૨)
૫૩. બંધી, નિષેધ (૨)
૫૫. હાટ, ગુર્જરી (૩)
૫૭. પવન ભરાઈને વહાણને ગતિ મળે તે માટે બાંધવામાં આવતું કપડું (૨)
૫૯. કમળ, એક ફૂલ (૩)
૬૦. ચર્ચા (૨)
૬૧. હોટલમાં વેઈટરને જમ્યા પછી અપાય (૨)
૬૩. કુટેવ, નિંદા (૨)

*☺ પત્ની : લોકો કહે છે કે મને ખૂબ જ નવરાશના સમયે બનાવવામાં આવી છે.*

*પતિ : સાચું જ કહે છે. નકામા કામ નવરાશના સમયમાં જ કરવામાં આવે છે.*

*જે સેવા કરવા ચાહે છે તેને માટે હાલનો સમય ઘણો ઉત્તમ છે.*

## "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

જાન્યુઆરી - ૨૦૧૫ દરમ્યાન નીચે મુજબ લવાજમ પ્રાપ્ત થયેલ છે.

### નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

**૧ વર્ષનું લવાજમ**

- પ્રવીણભાઈ મચ્છોયા — લાકડિયા, કચ્છ
- લાખાભાઈ રબારી — લાકડિયા, કચ્છ
- જે.બી. રાઠોડ — લાકડિયા, કચ્છ
- શાંતાબેન નરશી ગાલા — લાકડિયા, કચ્છ
- પુષ્પાબેન નરશી ખોના — અંકલેશ્વર
- ઉર્મિલાબેન સી. શાહ — બોરીવલી (ઈસ્ટ), મુંબઈ
- મોહનલાલ રાઘવજી મહેતા — ભુજ, કચ્છ

**આજીવન**

- જયેશ દામજી વીસરિયા — સુરત
- નવલ શિવજી નીસર — સુરત
- ગુણવંતીબેન વિશનજી વીરા — નાની ખાખર, કચ્છ

### રીન્યુ થયેલ લવાજમો

**૧ વર્ષનું લવાજમ**

- વિજય ભાણજી છાડવા — એન.એમ. જોશી માર્ગ, મુંબઈ
- જયસુખભાઈ પારેખ (સુમન રેમેડીઝ) — ભુજ, કચ્છ

**૩ વર્ષનું લવાજમ**

- શ્રી કુલપાકજી તીર્થયાત્રી સંઘ — હૈદ્રાબાદ
- વિનોદ આર. મહેતા — રાઉરકેલા, ઓરિસ્સા
- હિતેન્દ્ર લીલાધર સંઘવી — ભુજ, કચ્છ
- મણિલાલ ડી. મલ્લ — વલસાડ

## કોચરબ આશ્રમ

ગાંધીજીના ભારત આગમનની શતાબ્દી ઉજવાઈ રહી છે. ઉજવાવી પણ જોઈએ. પરંતુ ગાંધીજીએ ભારત આવીને પહેલો આશ્રમ સ્થાપ્યો હતો, એ હવે કોચરબ નામે ઓળખાય છે. તેની પણ શતાબ્દી થઈ રહી છે. કોચરબનું ખરું નામ જોકે સત્યાગ્રહ આશ્રમ છે, પરંતુ પાછળ કોચરબ ગામ હોવાથી હવે આશ્રમ તેના નામે જ ઓળખાય છે. ૧૯૧૫માં ગાંધીજીએ જીવણલાલ શેઠનો બંગલો ભાડે લઈને ત્યાં આશ્રમની સ્થાપના કરી હતી. ભારતમાં સ્થાપેલા અનેક આશ્રમોમાં એ પહેલી કડી હતી. ■

## શબ્દ રમત-૧૦૧નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | જ | ર | ■ | સ | વા | લ | ■ | તા | પ | સ | ■ |
| ન | વા | સા | ■ | જા | ન | ■ | વા | પ | ર | ■ | ન |
| જ | ન | ■ | દ | વા | ■ | ખા | દી | ■ | ત | લા | વ |
| દી | ■ | ની | ■ | ર | ગ | ડો | ■ | મો | ■ | ત | લ |
| ક | સ | ર | ત | ■ | લી | ■ | ચી | મ | ની | ■ | કા |
| ■ | મી | ■ | સુ | દ | ■ | ભા | વ | ■ | ક | સ | ર |
| મ | ર | જી | ■ | ફ | ડ | ■ | ટ | સ | ■ | મા | ■ |
| ગ | ■ | વ | ચ | ન | ■ | સો | ■ | ર | ન | વ | ન |
| જ | મા | ■ | ર્ચ | ■ | ફ | સ | લ | ■ | વ્ય | ■ | વ |
| મા | ત | મ | ■ | મ | ના | ■ | જા | દુ | ■ | વા | ની |
| રી | ■ | ન | જ | મ | ■ | જા | મ | ■ | આ | દ | ત |
| ■ | બ | ખો | લ | ■ | ક | ર | ણી | ■ | મ | ન | ■ |

*માસ ડિસેમ્બર-૨૦૧૪ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૧૦૦ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. પ્રભા મહેન્દ્ર શેઠિયા - વલસાડ
૨. ધારા હિતેશ ગડા - અંકલેશ્વર
૩. હરખચંદ ખીમજી ગડા - અંકલેશ્વર
૪. સરોજ અનુપ ચંદુરા - સુરત
૫. નવીન શામજી લાલકા - ગદગ
૬. વર્ષા આર. પારેખ - અમદાવાદ
૭. અજિત મ. મહેતા - અમદાવાદ
૮. અરવિંદ જે. ભટ્ટ - અમદાવાદ
૯. નવીન લાલચંદ સંઘવી - અમદાવાદ
૧૦. ચંદ્રા મહેન્દ્ર શાહ - ભટ્ઠા, પાલડી, અમદાવાદ
૧૧. ચંદ્રા મહેન્દ્ર શાહ - સેટેલાઈટ, અમદાવાદ
૧૨. સ્મિતા વિશાલ શાહ - અમદાવાદ
૧૩. ભાનુ જયંતીલાલ શાહ - અમદાવાદ
૧૪. શાંતિભાઈ વ. શાહ - અમદાવાદ
૧૫. દીપા નિખિલ પરીખ - અમદાવાદ
૧૬. અલકા સંજય શાહ - અમદાવાદ
૧૭. ગીતા વિનોદ મહેતા - અમદાવાદ

**શબ્દ રમત-૧૦૦ના ઉકેલમાં સુધારા**

**ઊભી ચાવી (૧)**માં નિરંજન નિશકારના બદલે **નિરંજન નિરાકાર** વાંચવું અને **ઊભી ચાવી (૨૫)**માં મનદૂસ ના બદલે **મનહૂસ** વાંચવું.

*મદદની ભાવના નહીં રાખો તો તમને મદદ નહીં મળે.*

## Nano Nine Sudoku

**શરતો :**

૧. ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.

૨. ૧થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.

**ડિસેમ્બર-૨૦૧૪ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૫૬ના ઉકેલ મોકલનારના નામ**

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રભા મહેન્દ્ર શેઠિયા | - વલસાડ | બધા સાચા |
| ૨. | ચંદ્રિકા એ. શાહ | - રાઉરકેલા | બધા સાચા |
| ૩. | શ્રેણિક સુરેશ પારેખ | - સિકંદરાબાદ | બધા સાચા |
| ૪. | સ્મિતા વિશાલ શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૫. | ઉષ્મા વિશાલ શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૬. | અલકા સંજય શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૭. | ગીતા વિનોદ મહેતા | - અમદાવાદ | બધા સાચા |
| ૮. | અવંતી દેવેશ દંડ | - અમદાવાદ | બધા સાચા |
| ૯. | દીપા નિખિલ પરીખ | - અમદાવાદ | બધા સાચા |
| ૧૦. | ભાવેશ આર. પારેખ | - અમદાવાદ | બધા સાચા |
| ૧૧. | કલ્પના નીતિન પાલાણી | - અમદાવાદ | બધા સાચા |
| ૧૨. | રમેશ ઉમરશી સાવલા | - અમદાવાદ | બધા સાચા |

ઉપર્યુક્ત દરેક સાચા જવાબ મોકલનારાઓના લક્કી ડ્રો અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. જેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મેળવી લેવા વિનંતી છે.

### ★ વિજેતાઓ ★

- *અવંતી દેવેશ દંડ - અમદાવાદ*
- *ભાવેશ આર. પારેખ - અમદાવાદ*
- *ગીતા વિનોદ મહેતા - અમદાવાદ*

***માસ જાન્યુઆરી-૨૦૧૪થી ડિસેમ્બર-૨૦૧૪ સુધી સુડોકુ સ્પર્ધામાં કુલ ૧૧૨ વ્યક્તિઓએ ભાગ લીધો હતો. તે દરેકને ખૂબ ખૂબ અભિનંદન. વર્ષ ૨૦૧૫ દરમ્યાન તેની સંખ્યામાં બહોળા પ્રમાણમાં વધારો થાય તેવી અપેક્ષા છે.***

## Nano Nine Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૦૫૮ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૮-૨-૨૦૧૫ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ એપ્રિલ-૨૦૧૫ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૦૫૮

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | | | | ૮ | | ૯ | | |
| | ૮ | | ૩ | | ૨ | | | ૭ |
| | | ૧ | ૫ | | | ૮ | ૪ | |
| ૩ | | | | | ૮ | ૨ | ૫ | |
| | ૬ | | | ૫ | | | ૭ | |
| | ૧ | ૨ | ૯ | | | | | ૮ |
| | ૫ | ૩ | | | ૯ | ૭ | | |
| ૨ | | | ૮ | | ૩ | | ૯ | |
| | | ૮ | | ૧ | | | | ૩ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૬ | | ૮ | | ૯ | | ૫ | |
| ૨ | | | | | ૫ | ૬ | | |
| ૯ | | ૪ | | | ૨ | | ૧ | |
| | | ૬ | | ૨ | | ૩ | | ૫ |
| ૪ | | | | ૬ | | | | ૭ |
| ૭ | | ૨ | | ૫ | | ૯ | | |
| | ૪ | | ૨ | | | ૫ | | ૧ |
| | | ૯ | ૪ | | | | | ૬ |
| | ૧ | | ૫ | | ૬ | | ૪ | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૩ | ૭ | | ૯ | | | | |
| | ૮ | | | ૩ | | | ૨ | |
| | | | ૪ | | | ૭ | ૩ | ૬ |
| ૬ | | ૮ | | | ૪ | ૩ | | |
| ૧ | | | ૯ | | ૩ | | | ૭ |
| | | ૫ | ૧ | | | ૯ | | ૨ |
| ૭ | ૫ | ૩ | | | ૯ | | | |
| | ૨ | | | ૧ | | | ૭ | |
| | | | | ૨ | | ૫ | ૯ | ૪ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | | ૪ | | | ૧ | | |
| | | ૨ | ૮ | | | | ૫ | ૬ |
| ૭ | | ૪ | ૫ | | | | ૩ | |
| ૩ | | ૮ | | ૧ | | | ૬ | |
| | ૪ | | ૬ | | ૩ | | ૮ | |
| | ૨ | | | ૮ | | ૩ | | ૧ |
| | ૭ | | | | ૮ | ૬ | | ૫ |
| ૫ | ૬ | | | | ૭ | ૯ | | |
| | | ૧ | | | ૬ | | | ૩ |

### ઉકેલ : ક્રમાંક - ૧૦૫૭

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૯ | ૩ | ૧ | ૨ | ૬ | ૭ | ૫ | ૪ |
| ૧ | ૭ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૮ | ૯ |
| ૬ | ૫ | ૪ | ૮ | ૭ | ૯ | ૨ | ૧ | ૩ |
| ૨ | ૬ | ૭ | ૫ | ૧ | ૩ | ૯ | ૪ | ૮ |
| ૪ | ૩ | ૮ | ૬ | ૯ | ૭ | ૫ | ૨ | ૧ |
| ૯ | ૧ | ૫ | ૪ | ૮ | ૨ | ૩ | ૭ | ૬ |
| ૫ | ૨ | ૧ | ૯ | ૬ | ૪ | ૮ | ૩ | ૭ |
| ૩ | ૪ | ૯ | ૭ | ૫ | ૮ | ૧ | ૬ | ૨ |
| ૭ | ૮ | ૬ | ૨ | ૩ | ૧ | ૪ | ૯ | ૫ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૩ | ૫ | ૪ | ૮ | ૭ | ૯ | ૬ | ૧ |
| ૬ | ૯ | ૮ | ૧ | ૫ | ૩ | ૭ | ૪ | ૨ |
| ૭ | ૪ | ૧ | ૨ | ૯ | ૬ | ૮ | ૩ | ૫ |
| ૮ | ૬ | ૭ | ૯ | ૨ | ૧ | ૩ | ૫ | ૪ |
| ૯ | ૧ | ૪ | ૩ | ૭ | ૫ | ૨ | ૮ | ૬ |
| ૩ | ૫ | ૨ | ૬ | ૪ | ૮ | ૧ | ૯ | ૭ |
| ૪ | ૮ | ૯ | ૭ | ૬ | ૨ | ૫ | ૧ | ૩ |
| ૫ | ૭ | ૩ | ૮ | ૧ | ૪ | ૬ | ૨ | ૯ |
| ૧ | ૨ | ૬ | ૫ | ૩ | ૯ | ૪ | ૭ | ૮ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૪ | ૯ | ૭ | ૨ | ૬ | ૫ | ૮ | ૩ |
| ૨ | ૬ | ૮ | ૧ | ૩ | ૫ | ૯ | ૭ | ૪ |
| ૩ | ૫ | ૭ | ૪ | ૮ | ૯ | ૨ | ૬ | ૧ |
| ૬ | ૧ | ૫ | ૮ | ૯ | ૪ | ૩ | ૨ | ૭ |
| ૪ | ૯ | ૨ | ૩ | ૭ | ૧ | ૬ | ૫ | ૮ |
| ૮ | ૭ | ૩ | ૫ | ૬ | ૨ | ૪ | ૧ | ૯ |
| ૯ | ૮ | ૧ | ૨ | ૫ | ૩ | ૭ | ૪ | ૬ |
| ૫ | ૩ | ૪ | ૬ | ૧ | ૭ | ૮ | ૯ | ૨ |
| ૭ | ૨ | ૬ | ૯ | ૪ | ૮ | ૧ | ૩ | ૫ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૭ | ૯ | ૮ | ૪ | ૩ | ૫ | ૬ |
| ૫ | ૯ | ૩ | ૬ | ૭ | ૧ | ૨ | ૪ | ૮ |
| ૪ | ૮ | ૬ | ૨ | ૫ | ૩ | ૧ | ૯ | ૭ |
| ૩ | ૫ | ૮ | ૪ | ૧ | ૭ | ૬ | ૨ | ૯ |
| ૨ | ૭ | ૪ | ૮ | ૯ | ૬ | ૫ | ૧ | ૩ |
| ૯ | ૬ | ૧ | ૩ | ૨ | ૫ | ૮ | ૭ | ૪ |
| ૬ | ૧ | ૯ | ૭ | ૩ | ૨ | ૪ | ૮ | ૫ |
| ૭ | ૪ | ૫ | ૧ | ૬ | ૮ | ૯ | ૩ | ૨ |
| ૮ | ૩ | ૨ | ૫ | ૪ | ૯ | ૭ | ૬ | ૧ |

Nano 9™
Insulated Stainless Steelware

Mfg by:
Shree Balaji Metal Industries, Vasai
www. ninemetal.com | ninemetal@gmail.com

Ahmedabad Authorised Distributor :- Shahil Marketing - 9426177138
Mumbai Authorised distributor : Vasant Marketing - 9820672501 , K K Associates - 9323404736

# જાણવા જેવું

***સંકલન : રજનીકાંત પારેખ (મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧)***

★ સ્કોટલેન્ડના કિર્ક કાલ્ડીમાં ધ અલ્ટીમેટ શાઈન નામની કાર ક્લિનિંગ કંપની કારને સ્વચ્છ બનાવવા, ગોબા દૂર કરવા અને ચમકતી રાખવા માટે ૧.૫ લાખ ડોલર (અંદાજે નેવું લાખ રૂપિયા) લે છે.

★ આજકાલ યુરોપમાં બબલ ફૂટબોલ નામની રમત જોરદાર લોકપ્રિયતા મેળવી રહે છે. હેનરિક અને જોહાન ગોલ્ડનના મગજની આ પેદાશ છે.

★ બરાક ઑબામા પોતાની જિંદગીની શરૂઆતમાં હોનાલુલુ રોબિન્સમાં આઈસ્ક્રીમ વેચતા અને સેન્ડવીચ પણ બનાવતા.

★ અમેરિકાના રાષ્ટ્રપતિ રોનાલ્ડ રેગને લાઈફ ગાર્ડ બની એક અઠવાડિયા સુધી બાર કલાક કામ કરીને ૭૭ લોકોના જીવ બચાવ્યા હતા.

★ દક્ષિણ કોરિયાના સીઓલ ખાતેનો બાન પો બ્રિજને રેઈનબો ફાઉન્ટેન કહે છે. તે સૌથી મોટો બ્રિજ ફાઉન્ટેન છે. ૧૧૪૦ મીટર લંબાઈમાં ૧૦ હજાર લાઈટી નોઝલ બંને બાજુએ ફીટ કરેલા છે. તેમાંથી ૧૯૦ ટન પાણી દર મિનિટે પડે છે.

★ શ્રીલંકાની મેચમાં છેલ્લી ઓવરમાં ૧૫ રનનો ટાર્ગેટ ચૅઝ કરવા માટે ધોનીએ બે કિલો વજનનું બેટ વાપર્યું હતું.

★ ૧૯૪૦ના દાયકામાં બનેલા આર.કે. સ્ટુડિયોમાં તેની સ્થાપનાથી આજ દિવસ સુધી દર વરસે ગણપતિની પ્રતિમા સ્થાપવામાં આવે છે.

★ એક દાયકા પહેલાં પોલ બ્રોડર નામના વિજ્ઞાનીએ લાંબી લેખમાળાથી ઈલેક્ટ્રિક વાયરો દ્વારા ઠલવાતા ચુંબકોથી કેન્સર થાય છે તેવું અમેરિકાના લોકોના મનમાં ઠસાવ્યું હતું. તેના પરિણામે તેનાથી બચવા વિવિધ પ્રયત્નો કરવા અમેરિકનોએ ડરીને લગભગ ૨૫ અબજ ડોલરના વિવિધ ઉપકરણો વસાવ્યા, જે અર્થહીન હતા.

★ સુરતની હરેક્રિષ્ણા ડાયમંડ કંપનીએ આ દિવાળીમાં તેમના કારીગરોને તેમના કામના મૂલ્યાંકન કરીને ૪૯૧ કર્મચારીઓને કાર, ૨૦૭ કારીગરોને બે બેડરૂમના ફલેટ અને ૫૦૩ કારીગરોને જ્વેલરી — તેમના કામની કદર તરીકે આપી.

★ દરેક હિંદુ પરિવારમાં નૂતન વરસે પંચાંગ અને ડટ્ટાવાળા કેલેન્ડરનો વિશેષ મહિમા છે. આ બંને ચીજો પરંપરાગત રીતે જમાલપુરના મુસ્લિમ પરિવારો સૈકાઓથી બનાવી રહ્યા છે.

★ બ્રહ્માંડમાં સેગિટ્ટેરિસએસ બી નામનું અત્યંત વિશાળ કદનું પરમાણું વાદળ આપણી આકાશગંગાના મધ્યબિંદુથી લગભગ ૪૦૦ પ્રકાશ વરસ દૂર છે. આ વાદળ મુખ્યત્વે ગેસ અને રજકણોનું બનેલું છે.

★ કચ્છના નખત્રાણાના સુમરી રોહા ગામની ડુંગરોની વિશાળ હારમાળા પર કવિ કલાપીના પત્ની રાજબાના પિયરિયાએ અદ્‌ભુત કિલ્લો અને મહેલ બનાવેલ. જેને લાઠી દરબારના ઉતારા તરીકે ઓળખવામાં આવે છે.

★ દીવો શા માટે પ્રગટાવીએ છીએ? પૂજામાં ચોખાનું મહત્ત્વ શું? ૐ પછી ત્રણવાર 'શાંતિ' શા માટે બોલીએ છીએ? સાથિયો શા માટે? — આ બધા પ્રશ્નોના જવાબ માટે આદિત્ય વાસુ સંકલિત પુસ્તક 'આવું કેમ?' — આર. આર. શેઠે પ્રકાશિત કરેલું છે.

★ આજથી સો વરસ પૂર્વે રજૂ થયેલી સિનેમા 'ઈન્દ્રધનુષ'માં ૭૧ ગીતો હતા, જે આજે પણ વિશ્વ રેકોર્ડ છે. ■

---

☺ *પ્રેમી-પ્રેમિકાએ એકબીજાને લગ્નનું વચન આપ્યું. તો પ્રેમિકા બોલી : એક વાત પહેલાં જ સ્પષ્ટ કહી દઉં છું, મને જમવાનું બનાવતા નથી આવડતું.*

*પ્રેમી : હું પણ કહી દઉં કે હું કવિ છું અને મારા ઘરમાં જમવાનું બનાવવા માટે કંઈ નથી હોતું.* ☺

---

## ઔરંગઝેબે પોતાના પુત્રને લખેલ પત્ર

***મેરી જાને રુહ (મારા આત્માનો પણ આત્મા),***

હું તદ્દન એકલો છું. મારી અસહાયતા માટે આજે હું પોતે જ કારણભૂત છું. પણ હવે શું? મારા તમામ પાપ મેં કબૂલ કર્યા છે. મારા તમામ દુષ્કૃત્યો મને પારાવાર દુઃખ આપી રહ્યા છે.

હું મારી સાથે માત્ર મેં જાતે જ ઉત્પન્ન કરેલા વિવાદો અને વિરોધાભાસોનાં પોટલાઓ સિવાય કંઈ જ લઈ જઈ શકું એમ નથી. આ કેવું આશ્ચર્ય છે કે આ દુનિયામાં હું આવ્યો પણ મેં કંઈ જ સારું કે સાચું કર્યું નથી અને હવે એ કપરો સમય આવી ગયો છે જ્યારે મારી મૂર્ખતાઓ તથા મારા પાપ - ભંડારોને સાથે લઈને મારે જવાનું છે. હું જ્યાં જોઉં છું ત્યાં મને પરવરદીગાર અલ્લાહતઆલાના દીદાર થાય છે કે હું પાપી છું અને અનેક પ્રકારની સજાઓને પાત્ર છું. ■

સાંધવ-રત્ન સ્વ. પૂ.શેઠ શ્રી મુરજી રાઘવજી લોડાયાના સ્મરણાર્થે....

MRL GROUP

**MRL CLEARING AND FORWARDING PVT. LTD.**

(CHA No. 11/374)

13/B, Sucheta Niwas, 285, Shahid Bhagat Singh Road, Fort, Mumbai-400 001.
Tel. : +91 22 22661380 / 22661600 Fax : +91 22 22703624
E-mail : imp@mrlshipping.com Web : www.mrlshipping.com

**Clearing, Forwarding & Shipping Agents**

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકોની યાદી

*શ્રીમતી તારામતી વિશનજી ગાલા સાહિત્ય કલા લાઈબ્રેરી યોજના - મુંબઈ તરફથી અત્રેની લાઈબ્રેરીને કુલ ૭૧૨ પુસ્તકો ભેટ સ્વરૂપે પ્રાપ્ત થયેલા છે. જેની પ્રથમ યાદી (ક્રમાંક ૧ થી ૬૫) 'મંગલ મંદિર'ના માસ જાન્યુઆરી-૨૦૧૫ના અંકમાં પ્રકાશિત કરવામાં આવી હતી. યાદી નંબર-૨ (ક્રમાંક ૬૬ થી ૨૬૦) અત્રે પ્રસ્તુત છે.*

| ક્રમ | પુસ્તકનું નામ | લેખકનું નામ |
|---|---|---|
| ૬૬. | રાઈનો પર્વત | રમણભાઈ નીલકંઠ |
| ૬૭. | આપણે લોકો | ધીરેન્દ્ર મહેતા |
| ૬૮. | દશ્ય-અદશ્ય | ગુણવંતરાય આચાર્ય |
| ૬૯. | મા-બાપ બનતાં શીખીએ | ડૉ. ઉર્મિલા શાહ |
| ૭૦. | દાંપત્ય મહેકે મોગરાની જેમ! મન જો ગહેકે મોરલાની જેમ! | પ્રો.ડૉ. દોલતભાઈ દેસાઈ |
| ૭૧. | દાંપત્યસુખના સાત મનોવૈજ્ઞાનિક ઈલમ | પ્રો.ડૉ. દોલતભાઈ દેસાઈ |
| ૭૨. | ચિંતન કણિકાઓ | સ્વામી સચ્ચિદાનંદ |
| ૭૩. | વિશ્વ સાહિત્ય પ્રસાદમાળા - ૧ | યશવંત મહેતા |
| ૭૪. | મારી બાયપાસ સર્જરી | સ્વામી સચ્ચિદાનંદ |
| ૭૫. | છાવણી | ધીરેન્દ્ર મહેતા |
| ૭૬. | યુધ્ધ અને યુધ્ધનેતા | સ્વામી સચ્ચિદાનંદ |
| ૭૭. | રણની આંખમાં દરિયો | ધીરેન્દ્ર મહેતા |
| ૭૮. | બરાબસ | લાગર ક્વિસ્ટ |
| ૭૯. | લેહ, લદ્દાખ, કારગીલ, કાશ્મીર | સ્વામી સચ્ચિદાનંદ |
| ૮૦. | આમાં તમે પણ ક્યાંક છો | યોસેફ મેકવાન |
| ૮૧. | હું એને જોઉં એ પહેલાં | ધીરેન્દ્ર મહેતા |
| ૮૨. | ભારત સમ્રાટ સમુદ્રગુપ્ત-૧ | ધૂમકેતુ |
| ૮૩. | ઈજિપ્ત - ઈસ્રાઈલની ઝાંખી | સ્વામી સચ્ચિદાનંદ |
| ૮૪. | ટાન્ઝાનિયામાં ૧૭ દિવસ | સ્વામી સચ્ચિદાનંદ |
| ૮૫. | અમે મુસાફર | દિલીપ રાણપુરા |
| ૮૬. | હિંમતે મર્દા | જય ભિખ્ખુ |
| ૮૭. | જાન સટોસટ | શ્રીકાંત ત્રિવેદી |
| ૮૮. | માઈનો લાલ | જય ભિખ્ખુ |
| ૮૯. | ચપટીમાં ચમત્કાર | શ્રીકાંત ત્રિવેદી |
| ૯૦. | ભટ્ટનું ભોપાળું | ચંદ્રશંકર ભટ્ટ |
| ૯૧. | ચિંતનના ચમકારા | ધૈર્યચંદ્ર ર. બુધ્ધ |
| ૯૨. | કલાપીનો કાવ્યકલાપ | અનંતરાય મ. રાવળ |
| ૯૩. | મહાબળેશ્વર | જયંતી ડી. શાહ |
| ૯૪. | કોલંબસને કેડે | દુષ્યંત પંડ્યા |
| ૯૫. | સફળતાની દીવાદાંડી | ધૈર્યચંદ્ર ર. બુધ્ધ |
| ૯૬. | પશ્ચિમ થઈને રશિયા | સ્વામી સચ્ચિદાનંદ |
| ૯૭. | શેક્સપિયરના કથાનકો | રમણલાલ નાનાલાલ શાહ |
| ૯૮. | આપની સન્મુખ | જયંત અ. મહેતા<br>ગુણવંત બરવાળિયા |
| ૯૯. | નયનરમ્ય નૈનીતાલ | જયંતી ડી. શાહ |
| ૧૦૦. | માનવધર્મ ઈસ્લામ | ડૉ. મહેબુબ દેસાઈ |
| ૧૦૧. | વંચિતા | મોહમ્મદ માંકડ |
| ૧૦૨. | કાયર | મોહમ્મદ માંકડ |
| ૧૦૩. | ભારતીય યુધ્ધોનો સંક્ષિપ્ત ઈતિહાસ | સ્વામી સચ્ચિદાનંદ |
| ૧૦૪. | વિદેશયાત્રાના પ્રેરક પ્રસંગો | સ્વામી સચ્ચિદાનંદ |
| ૧૦૫. | સિધ્ધાર્થ | હરમાન હેસ |
| ૧૦૬. | તુલસી ક્યારો | ઝવેરચંદ મેઘાણી |
| ૧૦૭. | સત્યની શોધમાં | ઝવેરચંદ મેઘાણી |
| ૧૦૮. | સમરાંગણ | ઝવેરચંદ મેઘાણી |
| ૧૦૯. | પડઘા ડૂબી ગયા | ચંદ્રકાંત બક્ષી |
| ૧૧૦. | સોનાનાં પિંજરે તરસ્યા પંખી | ભૂપત વડોદરિયા |
| ૧૧૧. | સધ્ધર સસરા... અધ્ધર જમાઈ | તારક મહેતા |
| ૧૧૨. | શ્રેષ્ઠ હાસ્ય રચનાઓ જ્યોતીન્દ્ર દવે | વિનોદ ભટ્ટ |
| ૧૧૩. | અમેરિકા અમેરિકા | ચંદ્રકાંત બક્ષી |
| ૧૧૪. | તારક મહેતાનો ટપુડો | તારક મહેતા |
| ૧૧૫. | તેજ અને તિમિર | ચુનીલાલ મડિયા |
| ૧૧૬. | ભરેલો અગ્નિ | રમણલાલ વ. દેસાઈ |
| ૧૧૭. | રત્નકંકણ | મીનુ દેસાઈ |
| ૧૧૮. | ડૂબતો સૂરજ | પ્રિયકાંત પરીખ |
| ૧૧૯. | લીલુડી ધરતી – ૧, ૨ | ચુનીલાલ મડિયા |
| ૧૨૦. | ફીયર ઈઝ ધ કી | એલિસ્ટેર મેકલીન |
| ૧૨૧. | ધરતીનું લૂણ | સ્વામી આનંદ |
| ૧૨૨. | વિજ્ઞાનના અલબેલા પ્રયોગો | ભરત એલ. શાહ |
| ૧૨૩. | લક્ષ્મીકૃપા | શ્રી ધીરજલાલ ટોકરશી શાહ |
| ૧૨૪. | મહેતાના મોંઘેરા મહેમાન | તારક મહેતા |
| ૧૨૫. | માટીનો મહેકતો સાદ | મકરંદ દવે |
| ૧૨૬. | સાર્થ રૂઢિપ્રયોગ અને કહેવત કોશ | ડૉ. મફતલાલ એ. ભાવસાર |
| ૧૨૭. | ઈશુનું બલિદાન | સ્વામી આનંદ |
| ૧૨૮. | તરણા ઓથે ડુંગર | ઈશ્વર પેટલીકર |
| ૧૨૯. | ચંપુ સુલુની જુગલબંદી | તારક મહેતા |
| ૧૩૦. | વ્હેર ઈગલ્સ ડેર | એલિસ્ટેર મેકલીન |
| ૧૩૧. | આકાર | ચંદ્રકાંત બક્ષી |
| ૧૩૨. | વિશ્વની વિરલ વિભૂતિઓ | ઉષા મહેતા |
| ૧૩૩. | મિયાં ફુસકી ભાગ-૧ થી ૫ | જીવરામ જોષી |

**આપણી કોઈપણ ક્રિયાથી કોઈને પણ કિંચિત્ માત્ર દુઃખ થવું ન જોઈએ.**

| ક્રમ | પુસ્તકનું નામ | લેખકનું નામ |
|---|---|---|
| ૧૩૪. | ક્રમિક સંખ્યાઓની કમાલ | પ્રભુલાલ દોશી |
| ૧૩૫. | જમાઈરાજ | નાગરદાસ ઈ. પટેલ |
| ૧૩૬. | શીલ ભારતી | મીરા ભટ્ટ |
| ૧૩૭. | ભાગવતી સાધના | મકરંદ દવે |
| ૧૩૮. | સાવિત્રી વિદ્યા | મકરંદ દવે |
| ૧૩૯. | સાચું ધન | જીવરામ જોષી |
| ૧૪૦. | પ્રેમ કરવાની કળા | મીરા ભટ્ટ |
| ૧૪૧. | મહાજાતિ ગુજરાતી | ચંદ્રકાંત બક્ષી |
| ૧૪૨. | સમુડી | યોગેશ જોષી |
| ૧૪૩. | હાસ્ય નવનીત | વિનોદ ભટ્ટ |
| ૧૪૪. | હિમાલયના સિધ્ધયોગી | સ્વામી અજય |
| ૧૪૫. | સત્યના પ્રયોગો અથવા આત્મકથા | મો.ક. ગાંધી |
| ૧૪૬. | સંક્ષિપ્ત આત્મકથા | મો.ક. ગાંધી |
| ૧૪૭. | જનમટીપ | ઈશ્વર પેટલીકર |
| ૧૪૮. | વિનોદી જીવનચિત્રો | વિનોદ ભટ્ટ |
| ૧૪૯. | ગણિત કોયડા | ધીરજલાલ ટોકરશી શાહ |
| ૧૫૦. | લોકકથા વાર્તાવલિ - ફૂલબાળા | જીવરામ જોષી |
| ૧૫૧. | લોકકથા વાર્તાવલિ - મગરકુંડ | જીવરામ જોષી |
| ૧૫૨. | લોકકથા વાર્તાવલિ - ગધ્ધાના લાડું | જીવરામ જોષી |
| ૧૫૩. | લોકકથા વાર્તાવલિ - નવરતન | જીવરામ જોષી |
| ૧૫૪. | લોકકથા વાર્તાવલિ - કંચન નગરી | જીવરામ જોષી |
| ૧૫૫. | મડિયાની શ્રેષ્ઠ વાર્તાઓ | ચુનીલાલ મડિયા |
| ૧૫૬. | પરોઢ થતાં પહેલાં | કુંદનિકા કાપડિયા |
| ૧૫૭. | નિષ્ઠુર | પ્રિયકાંત પરીખ |
| ૧૫૮. | મહેકતા દીવડા | મીરા ભટ્ટ |
| ૧૫૯. | કાગળની હોડી | કુંદનિકા કાપડિયા |
| ૧૬૦. | યોગેશ જોષીની શ્રેષ્ઠ વાર્તાઓ | હર્ષ બ્રહ્મભટ્ટ, ઉર્મિલા ઠાકર |
| ૧૬૧. | નહિતર | યોગેશ જોષી |
| ૧૬૨. | અંતરા | વર્ષા પાઠક |
| ૧૬૩. | ઝીરોમાંથી સર્જન | મુકુલ કલાર્થી |
| ૧૬૪. | પ્રેરણામૂર્તિ સ્વામી વિવેકાનંદ | મુકુલ કલાર્થી |
| ૧૬૫. | આપણા રવિશંકર દાદા | મુકુલ કલાર્થી |
| ૧૬૬. | લોકમાન્ય ટીળકના જીવન પ્રસંગો | મુકુલ કલાર્થી |
| ૧૬૭. | મહાત્મા ગાંધીજીના જીવન પ્રસંગો | મુકુલ કલાર્થી |
| ૧૬૮. | અબ્રાહમ લિંકનના જીવન પ્રસંગો | મુકુલ કલાર્થી |
| ૧૬૯. | લિયો ટોલ્સટોયના જીવન પ્રસંગો | મુકુલ કલાર્થી |
| ૧૭૦. | સ્વામી રામતીર્થના જીવન પ્રસંગો | મુકુલ કલાર્થી |
| ૧૭૧. | જવાહરલાલ નેહરુના જીવન પ્રસંગો | મુકુલ કલાર્થી |
| ૧૭૨. | માદામ ક્યુરીના જીવન પ્રસંગો | મુકુલ કલાર્થી |
| ૧૭૩. | ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરના જીવન પ્રસંગો | મુકુલ કલાર્થી |
| ૧૭૪. | શેરલોક હોમ્સ - ફાંસલો અને બીજી વાતો | સર આર્થર કૉનન ડૉઈલ |
| ૧૭૫. | પીકવીક પેપર્સ | ચાર્લ્સ ડિકન્સ |
| ૧૭૬. | પુનરાવતાર | ટોલ્સ્ટોય |
| ૧૭૭. | કરણઘેલો | નંદશંકર તુળજાશંકર મહેતા |
| ૧૭૮. | જ્વાલા અને જ્યોત | અનુ. મહેન્દ્ર મેઘાણી |
| ૧૭૯. | વધરિંગ હાઈટ્સ | ભાવાનુવાદ - સુરેશ શુક્લ |
| ૧૮૦. | વડમામી | અમૃત બારોટ |
| ૧૮૧. | શેરલોક હોમ્સ - છટકું અને બીજી વાતો | સર આર્થર કોનન ડૉઈલ |
| ૧૮૨. | મનુભાઈ પંચોળી સાથે વાંચનયાત્રા | મહેન્દ્ર મેઘાણી |
| ૧૮૩. | ઝવેરચંદ મેઘાણી સાથે વાંચનયાત્રા | મહેન્દ્ર મેઘાણી |
| ૧૮૪. | ગાંધીજી સાથે સાથે વાંચનયાત્રા | મહેન્દ્ર મેઘાણી |
| ૧૮૫. | ફાધર વાલેસ સાથે વાંચનયાત્રા | મહેન્દ્ર મેઘાણી |
| ૧૮૬. | લોહીના આલિંગન | ઝવેરચંદ મેઘાણી |
| ૧૮૭. | કલમ અને કિતાબ | ઝવેરચંદ મેઘાણી |
| ૧૮૮. | આંખ કરતાં આંસુ મોટાં - ૧ | ડૉ. દેવ યોગી |
| ૧૮૯. | પન્નાલાલ પટેલની 'વીણેલી નવલિકાઓ'નો આસ્વાદ | જિગ્નેશ ઠક્કર<br>નીતિન રાઠોડ |
| ૧૯૦. | મા એ મા | રતિલાલ બોરીસાગર |
| ૧૯૧. | મને કેમ વીસરે રે | દોલતરાય મોરારજી દેસાઈ |
| ૧૯૨. | મેરૂથીયે મોટાં! | શ્રી વાત્સલ્યદીપસૂરિજી |
| ૧૯૩. | સમાજના શ્રેષ્ઠીઓ | દોલત ભટ્ટ |
| ૧૯૪. | અદ્યતન નવલિકા | રઘુવીર ચૌધરી, હરિકૃષ્ણ પાઠક |
| ૧૯૫. | કસ્તુરબા | નારાયણ દેસાઈ |
| ૧૯૬. | પ્રિય જિંદગી | જયવદન પટેલ |
| ૧૯૭. | ચિમ્પાન્ઝી ચાલીસા | મહેશ ધોળકિયા |
| ૧૯૮. | ગાંધીજી, ચેપ્લીન અને હું | જયંતી પટેલ |
| ૧૯૯. | હિંદુ લગ્નધારા અંતર્ગત છુટાછેડા | પ્રા. બીનલ સંજય પટેલ |
| ૨૦૦. | પર્યાવરણ (સુરક્ષા) ધારો, ૧૯૮૬ | પ્રા. સી.આર. દાવડા |
| ૨૦૧. | નરસૈયો : ભક્ત હરિનો | કનૈયાલાલ માણેકલાલ મુન્શી |
| ૨૦૨. | ચેસ શીખીએ રમતાં રમતાં | મયૂર પટેલ |
| ૨૦૩. | વિવા-વાજન | ડૉ. ઈંદુ રામબાબુ પટેલ |
| ૨૦૪. | અસૂર્યલોક | ભગવતીકુમાર શર્મા |
| ૨૦૫. | ગુજરાતનો નાથ | ક.મા. મુન્શી |
| ૨૦૬. | પાટણની પ્રભુતા | ક.મા. મુન્શી |
| ૨૦૭. | ગીતાંજલિ | ભાવાનુવાદ |
| ૨૦૮. | ઈન્ટરનેટ કોર્નર - આભૂષણ | વિકાસ ધનશ્યામ નાયક |
| ૨૦૯. | ગુજરાતમાં પ્રવાસન | ડૉ. મહેબુબ દેસાઈ |
| ૨૧૦. | ભારતીય ચેતના | ડૉ.એ.પી.જે. અબ્દુલ કલામ |

*એ ધન કમાવાનો કોઈ અર્થ નથી, જેને ભોગવવા તમારી પાસે સમય જ નથી.*

| ક્રમ | પુસ્તકનું નામ | લેખકનું નામ |
|---|---|---|
| ૨૧૧. | બંધારણ આમુખ, મૂળભૂત અધિકારો અને મૂળભૂત ફરજો | તૃપ્તિ કારીઆ |
| ૨૧૨. | ભારતીય બંધારણ - સંક્ષિપ્ત પરિચય | અશ્વિનકુમાર ન. કારીઆ |
| ૨૧૩. | આગંતુક | ધીરુબહેન પટેલ |
| ૨૧૪. | એક જ્યોતિષીની ડાયરી : ભાગ-૧,૨ | રઘુવીર વ્યાસ |
| ૨૧૫. | રાજાધિરાજ | ક.મા. મુન્શી |
| ૨૧૬. | સીધાં ચઢાણ | ક.મા. મુન્શી |
| ૨૧૭. | ધ્યાન વિચાર | ચંદ્રહાસ ત્રિવેદી |
| ૨૧૮. | હોમી જહાંગીર ભાભા | પ્રહલાદભાઈ છ. પટેલ |
| ૨૧૯. | વિચારોની રખડપટ્ટી | હરેશ ધોળકિયા |
| ૨૨૦. | મહાપ્રસ્થાન | ઉમાશંકર જોષી |
| ૨૨૧. | રૂઢિપ્રયોગ કોશ | રતિલાલ સાં. નાયક |
| ૨૨૨. | શ્વાસમાં વાગે શંખ | ડૉ. દર્શના ધોળકિયા |
| ૨૨૩. | ન્હાનાલાલનાં શ્રેષ્ઠ કાવ્યો | નિરંજન ભગત, ચીમનલાલ ત્રિવેદી, ભોળાભાઈ પટેલ |
| ૨૨૪. | રા.વિ. પાઠકનાં શ્રેષ્ઠ કાવ્યો | નિરંજન ભગત, ચીમનલાલ ત્રિવેદી, ભોળાભાઈ પટેલ |
| ૨૨૫. | ગ્રાહક સુરક્ષા કાયદો : ગ્રાહકોના હાથમાં | શીતલ કે. પટેલ |
| ૨૨૬. | ગાંધીજીની જીવનયાત્રા એમના જ શબ્દોમાં | મહેન્દ્ર મેઘાણી |
| ૨૨૭. | માનવ અધિકારો | તૃપ્તિ કારીઆ |
| ૨૨૮. | મેનેજમેન્ટના મસીહા મહાત્મા ગાંધીજી | ડૉ. ઉષા અરુણ ચતુર્વેદી |
| ૨૨૯. | ભગવાન કૌટિલ્ય | ક.મા. મુન્શી |
| ૨૩૦. | ભગવાન પરશુરામ | ક.મા. મુન્શી |
| ૨૩૧. | જય સોમનાથ | ક.મા. મુન્શી |
| ૨૩૨. | અખો - એક અધ્યયન | ઉમાશંકર જોષી |
| ૨૩૩. | ચીનમાં ૫૪ દિવસ | ઉમાશંકર જોષી |
| ૨૩૪. | કેન્સર મારો પરમ સખો! | પ્રજ્ઞા શાહ |
| ૨૩૫. | જગતના સફળ માણસોની વાર્તા અને સફળતાની મનોવૈજ્ઞાનિક ચાવી | પ્રો.ડૉ. દોલતભાઈ દેસાઈ |
| ૨૩૬. | દાંત સાથે દોસ્તી | ડૉ. માણેક પટેલ |
| ૨૩૭. | અમેરિકા એટલે... | વિનોદ ભટ્ટ |
| ૨૩૮. | અર્વાચીનોમાં આદ્ય નર્મદ | ક.મા. મુન્શી |
| ૨૩૯. | આંસુ પીધાનો આનંદ | જયવદન પટેલ |
| ૨૪૦. | આદિવચનો : ભાગ ૧-૨ | ક.મા. મુન્શી |
| ૨૪૧. | My Experiences | Swami Sachchidanand |
| ૨૪૨. | વ્યક્તિ ઘડતર | ફાધર વાલેસ |
| ૨૪૩. | જીવન મંગલ | ફાધર વાલેસ |
| ૨૪૪. | કુટુંબ મંગલ | ફાધર વાલેસ |
| ૨૪૫. | ગાંધીજી અને નવી પેઢી | ફાધર વાલેસ |
| ૨૪૬. | પ્રેરણા પરબ | ફાધર વાલેસ |
| ૨૪૭. | એની સુગંધનો દરિયો | ડૉ. શરદ ઠાકર |
| ૨૪૮. | સિધ્ધરાજ જયસિંહ | જય ભિખ્ખુ |
| ૨૪૯. | નવલિકાઓ | ક.મા. મુન્શી |
| ૨૫૦. | દુખિયારાં : ભાગ-૧, ૨ | વિક્ટર હ્યુગો |
| ૨૫૧. | કૃષ્ણાવતાર-૩ | ક.મા. મુન્શી |
| ૨૫૨. | યજુર્વેદ સામવેદ કથાઓ અને વેદના સૂક્તો | આચાર્ય વિષ્ણુદેવ પંડિત |
| ૨૫૩. | અર્થવેદ - સમાજકથાઓ | આચાર્ય વિષ્ણુદેવ પંડિત |
| ૨૫૪. | ઋગ્વેદ - નીતિકથાઓ | આચાર્ય વિષ્ણુદેવ પંડિત |
| ૨૫૫. | જૈન ધર્મ અને દર્શન - ૨ | પંડિત સુખલાલજી |
| ૨૫૬. | ઉમાશંકરના શ્રેષ્ઠ કાવ્યો | નિરંજન ભગત, ચીમનલાલ ત્રિવેદી, ભોળાભાઈ પટેલ |
| ૨૫૭. | ઈન્ટરવ્યૂ કળા | છગન ભૈયા |
| ૨૫૮. | જ્ઞાન જિજ્ઞાસા | રશ્મિન મહેતા |
| ૨૫૯. | બ્રહ્માંડ ગોષ્ઠિ | પંકજ શાં. જોષી |
| ૨૬૦. | ગણિતના જાદુપ્રયોગો | ઈન્દ્રજિત એચ. ડૉક્ટર |

# વર્ષો પહેલાં – વર્ષો પછી

## વર્ષો પહેલાં

હું અને મારા પિતાજી એકવાર એક ફિલ્મ 'સાહેબ, બીબી ગુલામ' જોવા ગયેલા. ફિલ્મ જોઈ ઘેર આવ્યા બાદ મેં મારા પિતાજીને પૂછ્યું : 'કેવી લાગી ફિલમ?'

'અરે લાજવાબ લાગી. એમાં પણ પેલી નિરૂપા રોયનો અભિનય તો કમાલનો લાગ્યો.'

'અરે પણ પિતાજી! એમાં નિરૂપા રોય ક્યાં આવી? એમાં તો મીનાકુમારી છે.'

'એમ? મને તો હાળી બધીયે હરખી જ લાગે છે!'

## વર્ષો પછી

હું અને મારો દીકરો સંદીપ બંને એક ફિલ્મ 'રામ લીલા' જોવા ગયા. ઘેર આવીને મારા દીકરાએ મને પૂછ્યું, 'પપ્પા, કેવી લાગી ફિલમ?'

'અરે! હાઈક્લાસ લાગી. એમાં પણ પેલી ઐશ્વર્યાના ગરબાનો તો જવાબ જ નથી. પૈસા વસુલ.'

'પણ પપ્પા! એમાં વળી ઐશ્વર્યા ક્યાં આવી? એમાં તો દીપિકા છે!'

'એમ? મને તો હાળી બધીયે હરખી જ લાગે છે!'

*સાહિત્યકાર : હરનીશ જાની*

*એટલું યાદ રાખો કે લોકોને તમારી સમસ્યાઓમાં સહેજ પણ રસ નથી.*



સંકલન : દિનેશ આર. મહેતા

★ **કચ્છના માલધારીઓ દ્વારા કાયદાની જાગૃતિ :** ઉદ્યોગો માટે રાજ્ય સરકાર જમીનો આપી રહી છે. પરિણામે પશુપાલન પર નભતા માલધારી પરિવારો ચિંતામાં છે. ગુજરાત વિદ્યાપીઠમાં આયોજિત એક કાર્યક્રમમાં કચ્છથી આવેલા બન્ની પશુ ઉછેરક મંડળીના માલધારીઓનું કહેવું હતું કે, પર્યાવરણના ભોગે વિકાસ થવો જોઈએ નહીં. અગર પશુ કે પર્યાવરણનો નાશ થશે તો માનવીએ તેનું માઠું પરિણામ ભોગવવા તૈયાર રહેવું પડશે. કચ્છમાં બન્નીના ઘાસના મેદાનોની અસલિયત જળવાઈ રહે, પશુપાલન વ્યવસાય નેસ્તનાબૂદ ન થાય તે માટે કચ્છી માલધારીઓએ વન અધિકાર કાયદાનું બીડું ઝડપ્યું હતું. માલધારીઓ ગામેગામ બેઠકો યોજીને વન અધિકાર કાયદા વિશેની જાણકારી આપી રહ્યા છે.

★ **ભુજ હવાઈ મથકે પરમિટ :** ગુજરાત સરકારે વિદેશી તેમજ ઘરેલુ પ્રવાસીઓને ભુજ અને વડોદરાના ઍરપોર્ટ પર આગમને જ શરાબની પરમિટ જારી કરવાનો નિર્ણય લીધો હતો. ગુજરાત પ્રવાસન વિભાગના કમિશનરે તાજેતરમાં જણાવ્યું હતું કે ભુજ અને વડોદરાના હવાઈ મથકે પ્રવાસન ખાતાના કાઉન્ટર મૂકવામાં આવશે. મુલાકાતીઓએ આ કાઉન્ટરોનો સંપર્ક કરવાનો રહેશે.

★ **કુલપતિની નિમણૂક જૂથવાદમાં :** કચ્છ યુનિવર્સિટીના કુલપતિની નિમણૂકની પ્રક્રિયાનો એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય દ્વારા હાઈકોર્ટમાં કરવામાં આવેલી અરજી પાછી ખેંચવા સાથે માર્ગ મોકળો થયાને ત્રણ મહિનાનો સમય વીતી ગયો છે. આમ છતાં રાજ્યની સરકારને કચ્છના ઉચ્ચ શિક્ષણ જેવા અતિ મહત્ત્વના મુદ્દે નિર્ણય ઝડપી લેવડાવવા માટે હજુ સમય નથી મળ્યો. હવે જૂથવાદથી ખુદ શાસક નેતાઓમાં જ ખેંચાખેંચ ચાલે છે.

★ **સ્વાઈન ફ્લુ :** રાજ્યના રોગચાળા નિયામક વિભાગનાં બે ઉચ્ચાધિકારીઓએ રાજ્યમાં સ્વાઈન ફ્લુના ૩૨ દર્દી પૈકી ૨૨ કચ્છમાં હોવાના આવેલા અહેવાલના બે દિવસમાં આ રોગે વધુ સાતને લપેટમાં લેતાં દર્દીઓની સંખ્યા ૨૯ જેટલી ઊંચકાઈ જતાં લોકોમાં ભય વધી રહ્યો છે. તાજેતરમાં વધુ ત્રણ દર્દીનો પોઝિટિવ રિપોર્ટ આવ્યા હોવાનું જિલ્લાના ચેપી રોગચાળાના નોડલ અધિકારીએ જણાવ્યું હતું. જેમાં ભુજ, અંજાર અને માંડવીના એક એક દર્દીનો સમાવેશ થાય છે.

★ **ભુજની દબાણ હટાવ ઝુંબેશ :** શહેરમાં નિર્વિઘ્ને આગળ વધતી દબાણ હટાવ ઝુંબેશની ઘોંસ તાજેતરમાં વાણિયાવાડ બજારમાં દબાણો પર બોલી હતી. માર્ગો આસપાસ કાચા-પાકાં દબાણો હટાવવા તંત્ર પહોંચતા જ અનેકે સ્વેચ્છાએ, તો અમુકે થોડો સમય આપવા માંગ કરી દબાણ હટાવ કામગીરીને સહયોગ આપ્યો હતો.

★ **યુવા વૈજ્ઞાનિકનો એવોર્ડ :** લખનૌ યુનિવર્સિટી ખાતે યોજાયેલ રાષ્ટ્રીય સેમિનારમાં દેશના ૨૦૦ જેટલા યુવા વૈજ્ઞાનિકો સાથે કચ્છ યુનિ.ના બે યુવા વૈજ્ઞાનિકોએ પણ પોતાના સંશોધન પત્ર રજૂ કર્યા હતા અને પોતાના પ્રેઝન્ટેશન થકી પ્રથમ ક્રમાંક મેળવતાં ઉત્તર પ્રદેશના શિક્ષણમંત્રી દ્વારા ઍવોર્ડ તાજેતરમાં પ્રાપ્ત કર્યો હતો. કુલ ૪૦ વિદ્યાર્થીઓએ સંશોધન રજૂ કર્યા હતા. સેન્ટર ફોર એડવાન્સ સ્ટડી ઈન જિયોલોજી લખનૌ યુનિ. ખાતે 'ક્લાઈમેન્ટ એન્ડ એન્વાયર્નમેન્ટલ સસ્ટેઈનેબિલિટી : જિયોલોજીકલ રેકોર્ડસ ફોર પોલ્સ ટુ ટ્રોપિક્સ' વિષય પર રાષ્ટ્રીય સેમિનારનું આયોજન થયું હતું. જ્યાં દેશભરમાંથી ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કચ્છ યુનિ.ના બે પી.એચ.ડી. વિદ્યાર્થીઓ ગૌરવ ચૌહાણ અને આર્જવ શુક્લ દ્વારા અનુક્રમે કચ્છના એક્ટીવ ટેકનોનિકમ અને નેચરલ હેઝાર્ડ તેમજ કચ્છના વિવિધ ભૂસ્તરીય રચના પર ભૂકંપની સંભવિત અસર પર પોતાના અભ્યાસ રજૂ કર્યા હતા. તેમના અભ્યાસને ઍવોર્ડ પ્રાપ્ત થતાં કચ્છ યુનિવર્સિટી માટે ગૌરવની બાબત છે.

★ **સ્વિટ્ઝરલેન્ડ ખાતે કચ્છ યુનિ.ની વિદ્યાર્થીએ સંશોધનપત્ર રજૂ કર્યું :** કચ્છ યુનિ.ના પી.એચ.ડી.ની વિદ્યાર્થિની દ્વારા સ્વિટ્ઝરલેન્ડમાં આંતરરાષ્ટ્રીય પરિષદ ખાતે સંશોધન પત્ર તાજેતરમાં રજૂ કરાયું હતું તેમજ આંતરરાષ્ટ્રીય સંશોધન સંસ્થાનું સભ્યપદ પણ મેળવ્યું હતું. કચ્છ યુનિવર્સિટીના અર્થ એન્ડ એન્વાયર્નમેન્ટલ સાયન્સ વિભાગની અર્ચના દાસ દ્વારા રૂકમાવતી નદીના વિસ્તારમાં ક્વાર્ટર્નનરી સમયના ક્લાઈમેટ તથા ટેકટોનિક વિષય પર પેપર રજૂ કરવામાં આવ્યું હતું.

★ **ડોસાભાઈ લાલચંદની પ્રતિમાના સર્કલ અંગે :** ભુજની વાણિયાવાડ બજારમાં ડોસાભાઈ લાલચંદની પ્રતિમા પાસેનું સર્કલ નાનું કરવાની વાત થતાં જૈન અગ્રણીઓ સ્થળ પર

*બે વ્યક્તિઓના સંબંધમાં એક વ્યક્તિએ ધીરજ રાખવી જરૂરી હોય છે.*

એકત્ર થયા હતા અને આ સર્કલ સમાજના ખર્ચે બનાવ્યું હોવાનો ગણગણાટ પણ થયો હતો. જો કે, આ બાબતે પ્રાપ્ત માહિતી અનુસાર જૈન સમાજે આ સંદર્ભે બેઠક યોજાયા બાદ કાર્યવાહીની રજૂઆત કરતાં અધિકારીઓએ તેનો સ્વીકાર કરી બેઠકમાં નક્કી થયા બાદ કાર્યવાહી કરવા સહમત થયા હતા.

★ **ફીઝિયોથેરાપી :** હાડકાં સ્નાયુના દર્દોની ગંભીર સારવાર કરાવતા પહેલાં અમુક રોગોમાં ફીઝિયોથેરાપીનો સહારો લેવામાં આવે તો ખોટા ખર્ચમાંથી બચી શકાય છે, પણ ધીરજ રાખવી જરૂરી છે તેવી વાત આ ક્ષેત્રના જાણીતા રોગ નિષ્ણાતોએ તાજેતરમાં બળદિયા ખાતે કેમ્પમાં કરી હતી.

★ **માનવસેવાના ભેખધારી ખંડોલનું નિધન :** માનવ સેવા તથા જીવદયા ક્ષેત્રે પ્રશંસનીય સેવા આપનાર તથા દીનોદ્ધાર માનવ કલ્યાણ ટ્રસ્ટના સ્થાપક મોહનલાલ મહાદેવ ખંડોલનું તા. ૧૮-૧-૨૦૧૫ના ભુજ ખાતે નિધન થતાં ત્યાં શોકની લાગણી ફેલાઈ હતી. સદ્‌ગતે માનવસેવા માટે દીનોદ્ધાર માનવ કલ્યાણ ટ્રસ્ટની સ્થાપના તા. ૧૭-૨-૧૯૭૪ના રોજ કરી હતી. તેઓ નિરંતર ૪૦ વર્ષ સુધી આ સેવામાં પ્રવૃત્ત રહ્યા હતા. ૨૦૦૩ની સાલમાં કચ્છી જૈન ગૂર્જર સમાજ - માટુંગા (પાખાડી) મુંબઈની સંસ્થા તરફથી મુંબઈ મધ્યે 'સમાજરત્ન'ના સંબોધનથી સન્માનવામાં આવ્યા હતા.

★ **ઘડુલી - સાંતલપુર માર્ગને સમાંતર નર્મદાની લાઈન :** અત્યંત લાંબી નહેર અને પછી પાઈપલાઈન વડે કચ્છને નર્મદાનું પીવાનું પાણી પહોંચાડવાનું ભગીરથ કાર્ય તાજેતરમાં સંપન્ન થયું છે પણ છેવાડાના લખપત અને અબડાસા સુધી પેયજળ પહોંચાડવામાં ખુદ તંત્ર પણ ક્યારેક હાંફી જાય છે ત્યારે પશ્ચિમ કચ્છની સમસ્યાના કાયમી ઉકેલ માટે મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટની અંદરખાનેથી ચાલતી તૈયારી હવે આગળ ધપી છે. ઘડુલીથી સાંતલપુર માર્ગની સમાંતર અલગ પાઈપ લાઈન વડે લખપત સુધી સીધું પાણી પહોંચાડવાના પ્રકલ્પની શક્યતા ચકાસવા કન્સલ્ટન્સી એજન્સીને આ કામ સોંપી દેવાયું છે.

★ **કચ્છમાં સ્વાઈન ફ્લુ :** કચ્છ જિલ્લામાં સ્વાઈન ફ્લુએ વધુ બે મહિલાનો ભોગ લીધાનું આરોગ્યતંત્ર માની રહ્યું છે. જો કે રિપોર્ટ આવ્યે સ્પષ્ટતા થશે. તાજેતરમાં જી.કે. જનરલ હોસ્પિટલ ખાતે બી.એસ.એફ.ના જવાનના ૩૫ વર્ષીય પત્ની અને આદિપુરના એક મહિલાએ દમ તોડ્યો હતો. આમ કચ્છમાં સ્વાઈન ફ્લુથી ત્રીજું મોત થયાની શંકા છે. ત્રણ સપ્તાહથી ભીંસ વધારી રહેલા સ્વાઈન ફ્લુના રિપોર્ટમાં વધુ છ દર્દી પોઝીટિવ જણાતાં આંક વધીને ૪૨ દર્દીએ પહોંચ્યો હતો. ચેપી રોગચાળા વિભાગની રાજ્યની બબ્બે ટીમોની જાત મુલાકાત બાદ તંત્રએ દવાઓ અને સારવારને પહોંચી વળવા લીધેલા પગલાં અંગે જિલ્લા કલેક્ટરે બેઠક યોજી વિગતો જાણી હતી. તાજેતરમાં અમદાવાદ અને કચ્છમાં સ્વાઈન ફ્લુના વધુ ૧૨ કેસો નોંધાયા હતા. આ કારણે રાજ્યના મુખ્ય સચિવે કચ્છની મુલાકાત લીધી હતી અને આરોગ્ય વિભાગના અધિકારીઓ સાથે જરૂરી ચર્ચા વિચારણા કરી હતી.

★ **વિધાનસભાની સમિતિ કચ્છના સ્થળોએ :** કચ્છના બે દિવસના પ્રવાસે આવેલી વિધાનસભા પંચાયતી રાજ સમિતિએ તાજેતરમાં મુંદ્રામાં શ્યામજી કૃષ્ણવર્મા કેન્દ્ર (સીડ્ઝ ફાર્મ), અદાણી પોર્ટ તેમજ માંડવી ખાતે શ્યામજી કૃષ્ણવર્મા ક્રાંતિ તીર્થની મુલાકાત લીધી હતી. કચ્છી માડુની દૂરદર્શિતા, માનવતાની ભાવના સૌને પ્રેરણારૂપ બની રહે તેવું સમિતિના સભ્યોએ જણાવ્યું હતું. સફેદ રણ, ધોરડો વગેરે સ્થળોની પણ મુલાકાત લેવામાં આવી હતી.

★ **કચ્છમાંથી ૨૦ માસમાં ૨૨૦૦ કરોડ વેટ :** મંદીના હાઉ વચ્ચે પણ કચ્છે છેલ્લા ૨૦ મહિનામાં જ વિક્રમી રૂા. ૨૨૦૧.૩૪ કરોડ રૂપિયાનો વેચાણવેરો (વેટ) ભર્યો છે. ઔદ્યોગિકીકરણથી ધમધમતા પૂર્વ કચ્છ (ગાંધીધામ ડિવિઝન)માં છેલ્લા આઠ મહિનામાં જ રૂા. ૬.૨૨ અબજની વેટની આવક નોંધાઈ હતી. બીજી તરફ ગોઝારા ભૂકંપ બાદ કચ્છમાં ખાસ વેરામુક્તિની યોજના તળે જિલ્લામાં વિવિધ ઉદ્યોગોએ રૂા. ૬૭૧૯ કરોડ જેવી માતબર રકમની માફી મેળવી છે. વર્ષ ૨૦૧૨-૧૩માં કચ્છની વેટની કુલ આવક રૂા. ૧૨૩૪.૫૪ કરોડ હતી.

★ **સી.એ. માં ઝળક્યું કચ્છી હીર :** મુશ્કેલ કંઈ જ નથી. આળસ ખંખેરીને ધગશ, આત્મવિશ્વાસ અને આયોજનપૂર્વકની મહેનત કરવાથી તેનું ફળ મળ્યાના સંતોષરૂપે સફળતા અચૂક મળશે તેવા વિચારો તાજેતરમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (સી.એ.)ની ફાઈનલમાં સમગ્ર દેશમાં ૧૪મા સ્થાને આવનાર ભુજના રાજ નવીનભાઈ દાવડાએ વ્યક્ત કર્યા હતા.

★ **ફોકિયા દ્વારા ઈન્ડસ્ટ્રીઝ એકેડેમિયા ફોરમ :** કચ્છમાં ઉદ્યોગોનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા ફેડરેશન ઑફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (ફોકિયા)એ ઉદ્યોગો અને શિક્ષણ ક્ષેત્ર વચ્ચે સંપર્ક સાધવા માટે ગુજરાતભરમાં દાખલો બેસાડતી એક નવી પહેલ કરી છે. જેમાં ઈન્ડસ્ટ્રીયલ એકેડેમિયા ફોરમ (આઈ.એમ.એફ.)ની રચના કરાશે.

★ **કાનમેરનું હડપ્પીયનગર પુનઃ ધબક્યું :** ગત સપ્તાહથી જ વાગડની કાનમેર વસાહતનું ઉત્ખનન કાર્ય આરંભાયું અને તેનાં આરંભ સાથે જ ૮૦ x ૮૦ મીટરની દિવાલ અને

*બીજાનું જે કાંઈ સારું જુઓ તેને પોતાના જીવનમાં ઉતારો.*

હડપ્પીય લિપિ ધરાવતી પોટરી મળી આવતાં હડપ્પીય વસાહતીઓના વધુ પદ્દ્ચિહ્નો મળી આવવાની આશા પ્રબળ બની છે. ગુજરાત સરકારના પુરાતત્ત્વ વિભાગ, રાજસ્થાન વિદ્યાપીઠ - ઉદયપુર તથા જાપાન સરકારની માનવ સંશોધન અને પ્રાકૃતિક સંપદા સંશોધન વિભાગના સંયુક્ત ઉપક્રમે ૨૦૦૮ના વર્ષમાં ઉત્ખનનનો આરંભ થયા પછી બે વર્ષ કામગીરી ચાલ્યા બાદ બંધ રહેલા કાર્યનો ચાલુ વર્ષે પુનઃ આરંભ થયો છે.

★ **કચ્છના નાના રણમાં કેનાલનું પાણી — અગરિયાઓને નુકસાન :** કચ્છના નાના રણના ખારાઘોઘા વિસ્તારમાં મીઠું પકવતા ૪૦૦૦ અગરિયાના મીઠાના ૫૦૦ પાટાઓ પર નર્મદા કેનાલના પાણી ફરી વળતા રણની વિષમ આબોહવામાં કાળી મજૂરી કરી રહેલાઓનું જીવન ખારુ ધૂંધ બની ગયું છે. આ કારણે મીઠાનું ૧૦ લાખ ટન જેટલું ઉત્પાદન ઘટે તેવી શક્યતા છે. મીઠું પકવતા એક અગરિયાના જણાવ્યા મુજબ મીઠાની એક પાટમાં સરેરાશ ૫૦૦ મેટ્રિક ટન મીઠું પાકે છે હવે ૧૦ ટન મીઠું મુશ્કેલથી પાકશે.

*(વર્તમાનપત્રો પર આધારિત)*

## વિદેશમાં ઉચ્ચ અભ્યાસાર્થે મળતી વિવિધ સ્કોલરશીપ

વિદેશમાં ભણવા માટેની સ્કોલરશીપ માટે રજીસ્ટ્રેશન શરૂ : વિદેશમાં ગ્રેજ્યુએશન ડિગ્રી કે પછી ડિપ્લોમા કરવાનું સ્વપ્ન જોતા સ્ટુન્ડસનો ઈન્તેજાર હવે પૂર્ણ થશે. વિદેશમાં અલગ અલગ ડિગ્રી માટે મળનારી સ્કોલરશીપ માટે રજીસ્ટ્રેશન પ્રોસેસ શરૂ થઈ છે. આ સ્કોલરશીપના માધ્યમથી વધારે રેન્ક પ્રાપ્ત કરનાર સ્ટુન્ડન્સને આર્થિક સમસ્યા નહીં નડે. આ સ્કોલરશીપ માટે નવેમ્બરથી રજીસ્ટ્રેશન પ્રોસેસ શરૂ થઈ રહી છે જે જાન્યુઆરી સુધી ચાલશે. આ દરમ્યાન વધુમાં વધુ સ્ટુડન્ટસ અરજી કરી શકે છે.

★ **કેસી મહિન્દ્રા સ્કોલરશીપ :** પોસ્ટ ગ્રેજ્યુએશનની સ્કોલરશીપ માટે ફર્સ્ટ કલાસ જરૂરી. **આ માટે મળશે :** સ્કોલરશીપ એન્જિ. નેચરલ સાયન્સ, હ્યુમેનિટી, મેડિસીન એન્ડ બિઝનેશ મેનેજમેન્ટ, મિલિટરી, નેવલ એન્ડ એવિએશન સાયન્સ માટે અપાય છે. **અરજી :** કેસી મહિન્દ્રા એજ્યુકેશન ટ્રસ્ટ, સ્પેશ્યલ કોર્ટ, થર્ડ ફ્લોર, મહાકવિ ભૂષણ માર્ગ, મુંબઈ. **વેબસાઈટ :** www.nanhikali.org

★ **ડો. મનમોહનસિંહ સ્કોલરશીપ :** કેમ્બ્રિજ યુનિવર્સિટીની સેન્ટ જોસ કોલેજ ભારતીય પ્રતિભાઓને મદદ કરે છે. **આ માટે મળશે :** સાયન્સ એન્ડ ટેકનોલોજી, સોશિયલ સાયન્સ, ઈકોનોમિક્સમાં ડોક્ટરલ ડિગ્રી માટે અપાય છે. **અરજી :** બ્રિટીશ કાઉન્સિલ, ૧૭ કસ્તુરબા ગાંધી માર્ગ, દિલ્હી. **વેબસાઈટ :** www.britishcouncil.org

★ **ઈનલેક્સ સ્કોલરશીપ :** આ સ્કોલરશીપ યુરોપ, એશિયા, બ્રિટન તેમજ અમેરિકામાં કોઈ પણ વિષય ભણવા માટે અપાય છે. તેના માટે ગ્રેજ્યુએટ હોવું જરૂરી છે. **આ માટે મળશે :** સ્કોલરશીપ માટે અરજદારની ઉંમર ૨૨ થી ૪૦ વર્ષ વચ્ચેની હોવી જોઈએ. આ સાથે પીજી કોર્સ માટે આ સ્કોલરશીપ અપાય છે. **અરજી :** ઈનલેક્સ ફાઉન્ડેશન, પોસ્ટબોક્સ નં. ૨૧૦૯, દિલ્હી.

★ **ઓસ્ટ્રેલિયન સ્કોલરશીપ :** આ સ્કોલરશીપ ઓસ્ટ્રેલિયાની યુનિવર્સિટીમાં શિક્ષણને ઉત્તેજન આપવા માટે અપાય છે. **આ માટે મળશે :** એન્જિ. વિષયમાં માસ્ટર ડિગ્રી ધરાવતા સ્ટુડન્ટસને અપાય છે. **અરજી :** આઈડીપી એજ્યુકેશન ઓસ્ટ્રેલિયા લિમિટેડ, ઈન્ટરનેશનલ ટ્રેડ ટાવર, નેહરૂ પ્લેસ, નવી દિલ્હી.


★ **હિન્દુ - હિટાચી સ્કોલરશીપ :** જાપાનમાં ટેકનિકલ એજ્યુ. માટે અપાય છે. અરજદાર ભારતીય હોવી જરૂરી. **આ માટે મળશે :** સ્ટુડન્ટસને જાપાનમાં ફ્રી બોર્ડિંગ, લોંજિંગ ઉપરાંત ટ્રેનિંગ અપાય છે. **અરજી :** ધ હિન્દુ, ૮૫૯, ૫૬૦ ચેન્નાઈ. **વેબસાઈટ :** www.scholarshipindia.com

★ **ફ્રેન્ચ સ્કોલરશીપ :** અર્થશાસ્ત્ર, પોલિટીકલ સાયન્સમાં માસ્ટર ડિગ્રી, પીએચડી માટે ફ્રાન્સ સરકાર તરફથી અપાય છે. તેમાં દર વર્ષે મોટી સંખ્યામાં અરજીઓ આવે છે. **આ માટે મળશે :** તેમાં એવા સ્ટુડન્ટસની પસંદગી કરાય છે. જે ફ્રાંસીસી સંસ્થાનમાં શિક્ષણ મેળવવા માંગે છે. **અરજી :** ફ્રાન્સ એમ્બેસી, ૨ ઔરંગજેબ રોડ, નવી દિલ્હી.

★ **યુનાઈટેડ વર્લ્ડ કોલેજ સ્કોલરશીપ :** યુકે., સિંગાપુર, કેનેડા, વેનેજુએલા, યુએસએ, ઈટલી, સ્વીટ્ઝર્લેન્ડ, હોંગકોંગ અને નોર્વેની ઉત્તમ યુનિવર્સિટી માટે. **આ માટે મળશે :** અરજદાર ભારતીય અને ૧૦માં ધોરણમાં કે ૧૧માં ધોરણમાં હોવો જોઈએ. **અરજી :** મહિન્દ્રા ટાવર, ગ્રાઉન્ડ ફ્લોર, વર્લી, મુંબઈ. **વેબસાઈટ :** www.uwg.org

★ **બ્રિટીશ શેવનિંગ સ્કોલરશીપ :** આ સ્કોલરશીપ માટે ગ્રેજ્યુએટ અને પ્રોફેશનલ હોવું જરૂરી છે. તે સિવાય સ્ટુડન્ટસની ઉંમર ૨૧ થી ૩૫ વર્ષની વચ્ચે હોવી જોઈએ. **આ માટે મળશે :** સ્કોલરશીપ માસ્ટર્સ લેવલના કોર્સ માટે અપાય છે. **અરજી :** બ્રિટીશ કાઉન્સિલ ડિવીઝન, બ્રિટીશ હાઈ કમીશન, ૧૭ કસ્તુરબા ગાંધી માર્ગ, નવી દિલ્હી. **વેબસાઈટ :** www.britishcouncil.org.in

***સૌજન્ય : જ્ઞાતિસેતુ (ઓક્ટોબર/નવેમ્બર-૨૦૧૪)***




## સરનામા ફેરફાર

- **ભરત નાનાલાલ શાહ**
  ડી-૮૦૩, વંદે માતરમ આઈકોન,
  શુકન ગોલ્ડની સામે, ન્યુ એસ.જી. રોડ, ગોતા,
  અમદાવાદ-૩૮૨ ૪૮૧.
- **નિરંજન ઠાકરશી સાવલા**
  અમર ટાયર, ૨૦, લક્ષ્મી કોમ્પ્લેક્સ,
  નવજીવન હોટલની સામે, સરખેજ - ગાંધીનગર હાઈવે,
  સાણંદ ચોકડી, અમદાવાદ-૩૮૨ ૨૧૦.
- **નીરલ મહેન્દ્રભાઈ શાહ**
  એસ-૮૦૧, ૮મો માળ, આરોહી ક્રેસ્ટ,
  આરોહી ઍલિગન્સ પાસે, ૨૦૦ ફૂટ ગાલા જિમખાના રોડ,
  સાઉથ બોપલ, અમદાવાદ-૩૮૦ ০૫૮.
  મો. ૯૮૭૯૪ ૯૯૧૯૧, ૯૫૩૭૭ ૫૪૯૫૫
- **દિલીપભાઈ પુનશી શાહ / નિશાંત દિલીપભાઈ શાહ**
  એ-૧/૨૦૪, શુકન સ્માઈલ સિટી,
  ખોડિયાર માતાજી મંદિર રોડ, સાવન બંગ્લોઝની પાછળ,
  જી.એસ.ટી. રેલવે ક્રોસીંગ, ન્યુ રાણીપ,
  અમદાવાદ.
  મો. ૯૮૨૫૦ ૭૬૮૮૯, ૯૮૨૫૦ ૨૬૩૭૫, ૯૮૨૫૧ ૨૬૩૭૫

## પુત્ર જન્મ

- **રવિવાર, તા. ૫-૧૦-૨૦૧૪**
  **ચિ. સ્મિત જીની અરિહંત મહેશ વીરા (રાયણ - અમદાવાદ)**
- **શનિવાર, તા. ૨૭-૧૨-૨૦૧૪**
  **ચિ. સ્પર્શ ઊર્જા જય ચેતન દામજી ધરોડ (પત્રી - અમદાવાદ)**

## શરણાઈ

- **ગુરુવાર, તા. ૨૫-૧૨-૨૦૧૪**
  **ચિ. અમિત ધીરજલાલ લાલજી મારૂ (ડોણ - અમદાવાદ)**
  **ચિ. ઈશીતા નીતિનભાઈ કેશવજી ગડા (મેરાઉ - અમદાવાદ)**

## અવસાન

- **સોમવાર, તા. ૧૦-૧૧-૨૦૧૪**
  **સુરેશ શિવજી નાગડા (ઉં.વ.-૫૩) (ગોચરસમા - અમદાવાદ)**
- **રવિવાર, તા. ૧૧-૧-૨૦૧૫**
  **નાનબાઈ પ્રેમજી મોણશી ગાલા (ઉં.વ.-૮૭) (સાડાઉ - અમદાવાદ)**
  (અત્રે ઉલ્લેખનીય છે કે માતુશ્રી નાનબાઈ, એ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઉપપ્રમુખ શ્રી મણિલાલ કુંવરજી ગોસરના સાસુજી હતા.)
- **સોમવાર, તા. ૧૨-૧-૨૦૧૫**
  **નીરવ ચંદ્રકાંત લીલાધર શાહ (મોતા) (ઉં.વ.-૩૫)**
  **(દેવપુર - અમદાવાદ / ઓસ્ટ્રેલિયા)**

*ચિંતન કરીને નવું નવું શોધી કાઢવાનો જે પુરુષાર્થ ચાલુ રાખે છે એ જ જ્ઞાન અને વિજ્ઞાનમાં આગળ વધતો રહે છે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો તરફથી પ્રાપ્ત થયેલ લવાજમની યાદી

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો તરફથી તા. ૨૫-૧-૨૦૧૫ સુધી નીચે મુજબ લવાજમ પ્રાપ્ત થયેલ છે.*

| ક્રમ | સભ્યનું નામ | ક્રમ | સભ્યનું નામ | ક્રમ | સભ્યનું નામ |
|---|---|---|---|---|---|
| ૧. | પ્રભુભાઈ ભવાનજી શાહ | ૧૨. | રમેશચંદ્ર હેમચંદ મહેતા | ૨૩. | નરેશ વાડીલાલ શાહ |
| ૨. | દેવાંગ બાબુલાલ ગાંધી | ૧૩. | કૌશિક ભાણજીભાઈ શાહ | ૨૪. | નીલેશ રતિલાલ છેડા |
| ૩. | મનીષ વિજયભાઈ છાડવા | ૧૪. | રક્ષિત ચંદ્રકુમાર શાહ | ૨૫. | જયેન્દ્ર માણેકલાલ મહેતા |
| ૪. | કાંતિલાલ ચુનીલાલ સંઘવી | ૧૫. | ભરત શાંતિલાલ ત્રેવાડિયા | ૨૬. | હરિલાલ ભાણજી મહેતા |
| ૫. | અરવિંદ અમૃતલાલ શાહ | ૧૬. | મધુકર મેઘજી મોતા | ૨૭. | દીપક જયેન્દ્ર મહેતા |
| ૬. | ચીમનલાલ ટોકરશી લોડાયા | ૧૭. | લક્ષ્મીચંદ વેલજી ધુલ્લા | ૨૮. | કમલેશ નલિન શાહ |
| ૭. | અભિષુ ગિરીશ શાહ | ૧૮. | હરીશ વીરચંદ નાગડા | ૨૯. | ધીરજલાલ ખીમજી સંગોઈ |
| ૮. | કિરણ પ્રકાશભાઈ સૈયા | ૧૯. | રેખાબેન મહેન્દ્રભાઈ શાહ | ૩૦. | દીપક વાલજી દૌલત |
| ૯. | ગિરીશભાઈ દામજી પોલડિયા | ૨૦. | હસમુખ ખીમજી મોતા | ૩૧. | રમણિકલાલ ધનજી છેડા |
| ૧૦. | હેમચંદ કુંવરજી ધરમશી | ૨૧. | કિરણ મનસુખલાલ શાહ | | |
| ૧૧. | વાડીલાલ ભોગીલાલ મોરબિયા | ૨૨. | નીરલ મહેન્દ્રભાઈ શાહ | | |

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સક્રિય વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### જલારામ અન્નક્ષેત્ર ખાતે

રૂા. ૧૧,૦૦૦/- શ્રી સુનિત હેમચંદ વીસરિયા (ભાંડુપ(વે) – મુંબઈ)

રૂા. ૬,૦૦૦/- હર્ષ એન્ટરપ્રાઈઝ - અમદાવાદ (હસ્તે : ઘનશ્યામભાઈ પ્રેમજીભાઈ ઠક્કર)

### શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર (શ્રી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગ)

- શ્રીમતી ચંદ્રિકાબેન રશ્મિભાઈ શાહએ ડાયાલિસિસ માટે કાયમી તિથિ નોંધાવેલ છે (હસ્તે દર્શિનીબેન લોકેશભાઈ શાહ).

### વૈયાવચ્ચ ખાતે

રૂા. ૫,૦૦૦/- શ્રી નવરંગપુરા જૈન શ્વેતાંબર મૂ.પૂ. જૈન સંઘ - અમદાવાદ

રૂા. ૧,૫૦૦/- શ્રી ઉમરશીભાઈ જેઠાભાઈ કુરુવાની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે

રૂા. ૧,૧૧૧/- માતુશ્રી નવલબેન ઠાકરશી લોડાયા - મુંબઈ

રૂા. ૧,૧૦૦/- શ્રી કેતનભાઈ લોડાયા - મુંબઈ

રૂા. ૫૦૦/- શ્રી જે.પી. શાહ - મુંબઈ

### મંગલ મંદિર ભેટ ખાતે

રૂા. ૧,૦૦૦/- શ્રી અજય શાંતિલાલ ઉજમશી સંઘવી - અમદાવાદ

રૂા. ૫૦૧/- શ્રીમતી રૂક્ષ્મણીબેન ધીરજલાલ લાલજી મારૂ (ડોણ)ના સુપુત્ર ચિ. અમિતના લગ્નની ખુશાલી પ્રસંગે ભેટ

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

## કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ

**નીચે જણાવેલ સ્થળે મ્યુઝિયમ નિહાળવા જાહેર જનતાને ભાવભર્યું નિમંત્રણ છે. આ મ્યુઝિયમની મુલાકાતથી અમદાવાદમાં રહીને કચ્છ - દર્શનની એક ઝલક જોઈ શકશો. દેશ-વિદેશથી આવતા આપના કોઈપણ મહેમાનો સાથે આપ આ મ્યુઝિયમની અવશ્ય મુલાકાત લેશો.**

***મ્યુઝિયમ જોવા માટે કોઈ એન્ટ્રી ફી નથી.***

***સ્થળ :*** શ્રી કચ્છી વિશ્રામગૃહ, અરિહંતનગર દેરાસરની સામે, રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ, અમદાવાદ.

***ફોન સંપર્ક :*** (૦૭૯) ૨૨૮૮૪૫૪૭

***સમય :*** સવારે ૧૦થી ૨ અને સાંજે ૫ થી ૭.

“વંદે માતરમ્”

## સારે જહાંસે અચ્છા.... હિન્દોસ્તાં હમારા....



**શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના પ્રાંગણમાં ધ્વજવંદન કરાવતાં ડૉ. હિમાંશુ શાહ**

ભારત અનેક સંઘર્ષોનો સામનો કરતાં કરતાં વિશ્વનો એક મજબૂત લોકતાંત્રિક દેશ બનીને ઊભરે તે માટે સમાજ - રાજ્ય અને સમગ્ર રાષ્ટ્ર અને તેની પ્રજાએ એક થઈને પ્રગતિ તથા વિકાસની મંઝિલ તરફ ધ્યાન કેન્દ્રિત કરવા હાલના વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં ખૂબ જરૂરી છે એમ યુરોલોજિસ્ટ ડૉક્ટર હિમાંશુ શાહે ભારતના પ્રજાસત્તાક પર્વ નિમિત્તે યોજાયેલા એક કાર્યક્રમ દરમ્યાન પોતાના શુભેચ્છા સંદેશમાં જણાવ્યું હતું.

૧૯૪૭માં ભારત આઝાદ થયું અને ૧૯૫૦ની ૨૬મી જાન્યુઆરીએ ભારતનું બંધારણ અમલમાં આવ્યું. ત્યારથી પ્રજાસત્તાક દિનની ઉજવણી સમગ્ર ભારતભરમાં અને વિદેશ સ્થિત ભારતના લોકો દ્વારા હર્ષ અને ઉલ્લાસભર્યા માહોલમાં પ્રતિવર્ષ થતી હોય છે. તે મુજબ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા પ્રજાસત્તાક દિનના અવસરે રાષ્ટ્રીય અખંડિતતા અને દેશપ્રેમના પ્રતીક રૂપે ત્રિરંગા ધ્વજને ભાવપૂર્વક સલામી આપવાનો કાર્યક્રમ તા. ૨૬-૧-૨૦૧૫ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સવારે ૯ કલાકે યોજાયેલ હતો. આ વર્ષે સમાજ સંચાલિત મેડિકલ સેન્ટરના યુરોલોજી વિભાગમાં કાર્યરત તેમજ સમાજના સંનિષ્ઠ અને હિતેચ્છુ એવા ડૉ. હિમાંશુ શાહના હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવ્યું હતું. તે પ્રસંગે ઉપસ્થિત સમાજના હોદ્દેદારો, કાર્યકર્તાઓ તેમજ સમાજ પરિવારજનોની બહોળી સંખ્યા સમક્ષ ડૉ. શાહે ઉપર મુજબ જણાવ્યું હતું. તે અગાઉ સમાજના પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડે આ અવસરે ઉપસ્થિત સર્વેનું અભિવાદન કરીને મુખ્ય મહેમાનશ્રી પ્રત્યે ખાસ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

***– દિનેશ મહેતા***

# નવનીત ગ્રુપના ગાલા ઈન્ફ્રાનું બાંધકામ ક્ષેત્રે એક નવીન સાહસ

## ટી.વી. ટાવરની સામે 'ગાલા ઈટર્નિઆ' તથા 'ગાલા એમ્પાયર'નું લોન્ચિંગ

ગાલા ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ – એ નવનીત ગ્રુપની કંપની છે અને તેણે અમદાવાદ તથા મુંબઈના ડેવલપર ગ્રુપમાં ખૂબ જ સારી નામના મેળવેલ છે.

ગાલા ઈન્ફ્રાએ અત્યાર સુધી ૪૬,૦૦,૦૦૦ ચો.ફુટ જેટલું બાંધકામ અને ડેવલપમેન્ટ, રેસિડેન્શિયલ તથા કોમર્શિયલ ક્ષેત્રનું કરેલ છે. તેઓના કામની ક્વોલિટી ખૂબ જ ઉચ્ચ પ્રકારની રહેવા પામેલ છે.

રવિવાર, તા. ૪-૧-૨૦૧૫ના રોજ તેમના દ્વારા ડ્રાઈવ-ઈન રોડ પર, ટી.વી. ટાવરની સામે "ગાલા ઈટર્નિઆ" તથા "ગાલા એમ્પાયર" એમ બે મલ્ટિસ્ટોરી બિલ્ડિંગની સ્કીમ લોંચ થઈ ત્યારે અનેક હિતેચ્છુઓ અને શહેરના જાણીતા મહાનુભાવો તેમને અભિનંદન આપવા ઉપસ્થિત રહેલ હતા. "ગાલા ઈટર્નિઆ" એ ૩ BHKના રેસિડેન્શિયલ ફ્લેટની અને "ગાલા એમ્પાયર" એ ઓફિસને અનુરૂપ કોમર્શિયલ બિલ્ડિંગની સ્કીમ છે. લોન્ચિંગ સમયે જ બંને સ્કીમમાં સારું એવું બુકિંગ થઈ ગયું હતું.

ગાલા ગ્રુપના હવે પછી આવનાર પ્રોજેક્ટમાં **"ગાલા સેલેસ્ટિઆ" વૈષ્ણોદેવી ટેમ્પલ પાસે તથા "ગાલા ગ્લોરી" સાઉથ બોપલ** એમ બંને સ્કીમો અમદાવાદ ખાતેની છે. જ્યારે **"આઈઓરા" એ દક્ષિણ મુંબઈ તથા "ગાલા આરંભ" એ વિલેપાર્લે** એમ બંને સ્કીમો મુંબઈ ખાતેની છે.

અત્યાર સુધી તેઓએ જે પ્રોજેક્ટ અમદાવાદ ખાતે પૂર્ણ કરેલ છે તે વસંત બહાર - ૧ થી ૬, ગાલા બિઝનેસ સેન્ટર - ૧ તથા ૨, ગાલા આર્ગોસ, ગાલા રેસિડેન્સી, ગાલા ઔરમ, ગાલા સ્વિંગ, ગાલા ગાર્ડનીઆ તથા ગાલા ઔરા જેવા પ્રોજેક્ટો છે.

નવનીત ગ્રુપે બાંધકામ ક્ષેત્રે થોડા સમયમાં જ જ્વલંત સિધ્ધિ હાંસલ કરેલ છે તે બદલ તેઓને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ વતી ખૂબ ખૂબ અભિનંદન.

તેમના તા. ૪-૧-૨૦૧૫ના લોન્ચ થયેલ નવા સાહસ બદલ પણ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ખૂબ ખૂબ અભિનંદન.


*M/s. Jethabhai Doongarshi Transport Pvt. Ltd.*



*M/s. J. D. Roadlines*

*M/s. J. D. Logistics*

*M/s. J. D. Transport Co.*



**TRANSPORT CONTRACTORS & FLEET OWNERS**

**DAILY SERVICE FROM**

**RAJKOT, JAMNAGAR, AHMEDABAD, SURAT, VAPI**

**TARAPURE, MUMBAI TO PUNE & CHINCHWAD**

**Full Truck Load Service All Over Maharashtra & Gujarat**

| PUNE | CHINCHWAD | MUMBAI |
| --- | --- | --- |
| 708/18, Bhavani Peth, Gurunanak Nagar, Pune-411 042 | 128/B, Mohan Nagar, Sanghvi Compound, Chinchwad, Pune-411 019. | Khajurwala Chambers, Gr. Floor, 313/315, N.N. Street, Mumbai - 400 009. |
| **Ph. : 26434611** | **Ph. : 27471378, 27475167** | **Ph. : 23426818, 23448705, 23400597** |

| | | | |
| --- | --- | --- | --- |
| • **VAPI** | : (0250) 3244993, 2023291 | • **VASHI** | : (022) 27889527, 69517538 |
| • **SURAT** | : (0261) 2367670, 2367287 | • **WAGOLI** | : (020) 27052309 |
| • **BHIWANDI** | : (02522) 270194, 271987 | • **FURSUNGI** | : (020) 26980361 |
| • **ANDHERI** | : (022) 28509760, 93703 19692 | • **VADGAON MAVAL** | : (02114) 225629, 9372074359 |

**E-mail : jdtcompany@gmail.com**


*સુખ કે દુઃખ આપણા પર રાજ કરે એવું ન થવા દો.*

## જાનેવાલે કભી નહીં આતે...
## જાનેવાલે કી યાદ આતી હૈ....



**સ્વ. શ્રી નીરવ ચંદ્રકાંત લીલાધર શાહ (મોતા)**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય શ્રી ચંદ્રકાંત લીલાધર મેઘજી શાહ (મોતા)ના પુત્ર ભાઈ નીરવ તેમના પોતાના પરિવારજન એટલે કે પત્ની અવની અને પુત્ર માનવ ચેલ્લા ચાર વર્ષથી ઑસ્ટ્રેલિયા ખાતે સ્થાયી થયેલ હતા. પોતાના પરિવારજનના સામાજિક પ્રસંગ નિમિત્તે તેમજ સગા સંબંધીઓને મળવા માટે તા. ૧૯-૧૦-૨૦૧૪ના રોજ અમદાવાદ આવ્યા હતા. ભારતમાં આવીને પોતાના પરિવારજનો સાથે મુંબઈ, પંચમઢી, ગોવા વગેરે સ્થળોએ ફર્યા હતા. ત્યારબાદ પરિવારજનના સામાજિક પ્રસંગે સિધ્ધચક્ર પૂજનમાં ભાગ લઈને પંચતીર્થીની યાત્રાએ પણ સૌ સાથે ગયા હતા. એટલું જ નહીં પરંતુ પોતાની લગ્ન જયંતીની પણ ઉજવણી કરી હતી. પરંતુ કુદરતના ખેલ અવનવા હોય છે. તેની કરામતના રહસ્ય જાણવા કઠિન છે. આ રીતે ભાઈ નીરવ પોતાના સગાસંબંધીઓ સાથે યાત્રા-પ્રવાસ કરીને તેમજ સામાજિક પ્રસંગોની ઉજવણી કર્યા બાદ તા. ૧૩-૧-૨૦૧૫ના રોજ પોતાના અંગત કારણોસર તેમજ સંજોગોવશાત્ બાઈકથી સવારી કરી રહ્યા હતા ત્યારે રાત્રિના ઈસનપુર પુલ પર એક કાર સાથેની ટક્કરમાં ભયંકર અકસ્માત સર્જાયો હતો. ભારત ખાતેના ટૂંકા રોકાણ દરમ્યાન પોતાના પરિવારજનોને મળવાનું તો થયું પરંતુ ન જાણે જાનકી નાથ... કાલે શું થવાનું છે... એક ખૂબ જ ગંભીર માર્ગ અકસ્માતમાં ભાઈ નીરવ (ઉં.વ.-૩૫) કાળનો કોળિયો બની ગયેલ.

ઉલ્લેખનીય છે કે ઉપરોક્ત ઘટના અગાઉ તેમના માતુશ્રી દમયંતીબેનના ત્રીજા વર્ષીતપ નિમિત્તે પારણાનાં પ્રસંગે ભાઈ નીરવ અન્ય પરિવારજનો સાથે શંખેશ્વર ગયા હતા ત્યારે પણ રસ્તામાં એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. પરંતુ કુદરતની કરામતથી તે સમયે ચમત્કારિક બચાવ થયો હતો.


જ્યારે આ પ્રકારની ઘટનાઓ સર્જાય છે ત્યારે કુદરતની શક્તિ અમાપ છે તેનો સહેજે ખ્યાલ આવે છે.

આ ઘટના દ્વારા દરેકે ધ્યાનમાં રાખવું જોઈએ કે રસ્તામાં ખૂબ જ સાવચેતપૂર્વક તેમજ ટ્રાફિકના નિયમોને અનુસરીને ચાલવું જોઈએ અને તે પ્રમાણે ડ્રાઈવિંગ કરવું જોઈએ. અકસ્માત કોઈ એક સમયે, એક ક્ષણમાં જ સર્જાતા હોય છે. જિંદગી અમૂલ્ય છે. એટલે દરેકે હંમેશાં માટે તકેદારી રાખવી ખૂબ જ આવશ્યક છે. ■



## શ્રધ્ધાંજલિ

- આગમન : તા. ૨૯-૫-૧૯૬૧
- વિદાય : તા. ૧૦-૧૧-૨૦૧૪



**સ્વ. સુરેશભાઈ શિવજીભાઈ નાગડા**
(ગામ : ગોયરસમા, હાલ : અમદાવાદ)

| | |
|---|---|
| માતા | : માતુશ્રી જશોદાબેન શિવજીભાઈ નાગડા |
| ધર્મપત્ની | : સુનીતાબેન સુરેશભાઈ નાગડા |
| પુત્રી | : જ્યોતિ સુરેશભાઈ નાગડા |
| | કાજલ સુરેશભાઈ નાગડા |
| પુત્રી-જમાઈ | : નીલમબેન વિશાલભાઈ રાઠોડ |
| | કિરણબેન ભાવેશભાઈ ભાવસાર |
| પુત્ર | : વિપુલ સુરેશભાઈ નાગડા |
| દોહિત્રી | : હીરલ જ્યોતિબેન નાગડા |
| ભાઈ-ભાભી | : લીલાવતીબેન ભરતભાઈ નાગડા |
| બેન-બનેવી | : હંસાબેન હસમુખભાઈ શાહ |
| | વિમલાબેન સુશીલભાઈ શાહ |
| | આશાબેન પોપટલાલ પટેલ |
| | લલીતાબેન હીરાચંદભાઈ લાપસીયા |


*Ramesh Savla*
*Manish Savla*
M. 94260 77479

AI

**ARIHANT INDUSTRIES**

Mfg. : Bakelite Moulding & Pannel Board Accessories, Push Buttons, Connector Strip & Cooker Handles

5/33, G.I.D.C. Ind. Estate,
Phase-1, Vatva,
Ahmedabad-382 445.
Ph. : (F) 25831205 (R) 25464948

# જીવદયા ક્ષેત્રે ઉત્કૃષ્ટ કાર્ય બદલ શ્રી હીરજી પાસુભાઈ શાહને સન્માનપત્ર એનાયત



કોઈની પણ વાતનો બિલકુલ રંજ - દ્વેષ રાખવો નહીં અને દરેક સાથે અતૂટ નાતો જાળવનાર એટલે શ્રી હીરજી પાસુભાઈ શાહ (દેઢિયા). ખૂબ જ સરળ હૃદયના અને હંમેશાં બીજાને ઉપયોગી થવાની ભાવના રાખવાવાળા. અમદાવાદમાં કેટલાક ફિરકાઓ સાથે મળીને એક ઉત્તમ સમાજની રચના કરે તેવી તેમની શરૂથી જ મહત્ત્વાકાંક્ષા હતી. શરૂથી જ સામાજિક સેવાના લગાવવાળા અને જીવદયા પ્રેમી શ્રી હીરજીભાઈ ૧૯૬૬માં અમદાવાદ ખાતે આવતાં જ સામાજિક કાર્યો શરૂ કરી દીધેલ હતા. શરૂમાં શ્રી કચ્છી વીસા ઓસવાળ તથા જૈન મિત્ર મંડળમાં જોડાઈને તબક્કાવાર આગળ વધતાં તેઓશ્રી 'કચ્છી જૈન સમાજ'ના પ્રમુખપદે રહ્યા બાદ ૧૯૮૫-૮૬માં શ્રી કચ્છી જૈન સેવા સમાજના સ્થાપક પ્રમુખપદે રહ્યા હતા. ત્યારથી આજ દિન સુધી તેઓશ્રી આ સમાજ સાથે સતત સંકળાયેલા રહ્યા છે.

**અહિંસા, સેવાકીય અને જીવદયા ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે** શ્રી હીરજીભાઈને તા. ૧૧-૧-૨૦૧૫ના રોજ ભગવાન મહાવીર પશુરક્ષા કેન્દ્ર (એંકરવાલા અહિંસાધામ) પ્રાગપર - મુંદ્રા દ્વારા વિશિષ્ટ સન્માનપત્ર એનાયત કરવામાં આવેલ છે.

**જરૂરિયાતવાળા પાંજરાપોળ માટે એક મોટો સહારો એટલે શ્રી હીરજીભાઈ શાહ.** બીજા લોકો સુખી વ્યક્તિઓની સમીપ જવા પ્રયત્ન કરતા હોય છે જ્યારે શ્રી હીરજીભાઈનો સિધ્ધાંત એ છે કે જ્યાં અહિંસા અથવા જીવદયાનો પ્રશ્ન હોય, જે વ્યક્તિ દુઃખી હોય, અભાવગ્રસ્ત હોય, લોકો અથવા તો અબોલ જીવ મુશ્કેલીમાં હોય.... એમના માટે મદદરૂપ બનવું. આ પ્રકારના સેવાકીય કાર્ય માટે તેઓ જુદી જુદી સંસ્થાઓ, સરકારી કચેરીઓ અથવા તો સક્ષમ વ્યક્તિઓનો સંપર્ક સાધીને જરૂરિયાતવાળી વ્યક્તિ - પરિવાર અથવા તો પાંજરાપોળ જેવી સંસ્થાઓને મદદ કરવા હંમેશાં પ્રયત્નશીલ રહે છે. સવિશેષ તો લગ્નોત્સુક યુવાવર્ગને તેમની પસંદગીના પાત્રો મેળવવા અનેક રીતે સહાયરૂપ થતા હોય છે. કોઈપણ પ્રકારની જીવદયા માટે તેઓ અથાગ પુરુષાર્થ કરે છે અને એમાં સફળતા મળે પછી જ જંપે છે. **આવી ભૂમિકા હોવા છતાં તેમને કોઈ પણ સન્માનની વધારે ખેવના હોતી નથી.**

આ પ્રકારની સેવાના ભેખધારી શ્રી હીરજીભાઈને ૧૯૯૭માં 'કચ્છ શક્તિ' મુંબઈએ 'કચ્છ રત્ન' એવોર્ડ પ્રદાન કરેલ છે.

**'અહિંસા પરમો ધર્મ'ના સૂત્રને જીવનમાં ચરિતાર્થ કરનાર શ્રી હીરજીભાઈ જીવદયા તેમજ માનવસેવાની પ્રવૃત્તિઓમાં પોતાનું યોગદાન આપવા હંમેશાં પ્રયત્નશીલ રહે છે.**

હાલે તેઓશ્રી પ્રમુખ તરીકે અહિંસા મહાસંઘ (ગુજરાત), ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ, અમદાવાદ ખાતેના શ્રી કચ્છી સમાજ તેમજ શ્રી કચ્છી જૈન સેવા સમાજની પ્રવૃત્તિઓમાં ટ્રસ્ટી તરીકે કાર્યરત છે.

*અહેવાલ રજૂકર્તા : દિનેશ આર. મહેતા*

# તબીબી સાધનો વપરાશ માટે આપવાની યોજના

**શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર નીચે મુજબના તબીબી સાધનો દૈનિક ભાડાના ધોરણે મળી શકશે. જેઓને આ સાધનોની જરૂરિયાત હોય તેઓ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર ફોન : ૨૬૫૭૮૮૯૨ / ૨૬૫૮૧૫૦૧ પર સંપર્ક સાધી શકશે.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. એર બેડ | રૂા.૧૦/- | ૫. વૉકર | રૂા. ૨/- | ૯. બેડ પાન | રૂા. ૨/- |
| ૨. વ્હીલ ચેર | રૂા. ૩/- | ૬. વોકિંગ સ્ટીક | રૂા. ૧/- | ૧૦. ફાઉલર બેડ | રૂા.૧૦/- |
| ૩. ઓક્સિજન સિલિન્ડર (નાનો) | રૂા. ૫/- | ૭. કમોડ ચેર | રૂા. ૩/- | ૧૧. ટેબલ ટોપ (ફાઉલર બેડ માટે) | રૂા. ૨/- |
| ૪. નેબ્યુલાઈઝર | રૂા. ૫/- | ૮. સેલાઈન સ્ટેન્ડ | રૂા. ૨/- | ૧૨. બેક રેસ્ટ | રૂા. ૨/- |

નોંધ : **(૧)** સ્ટોકમાં હશે ત્યાં સુધી આ સાધનો ડીપોઝિટ આપીને ભાડેથી મેળવી શકાશે. **(૨)** સાધનો પાલડી ભવન પરથી લઈને ત્યાં જ પરત કરવાના રહેશે.

*કે. આર. શાહ - માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

*પ્રબળ આત્મવિશ્વાસ જ મહાન કર્મોનો જનક છે.*

# શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ

## કરિયર ગાઈડન્સ વર્કશોપ

## કોના માટે? તેમાં શું હોય? આ વર્કશોપ શા માટે?

★ ***કરિયર ગાઈડન્સ વર્કશોપ :*** સંભવિત તારીખ ૧ થી ૧૦ એપ્રિલમાં કોઈ ૭ દિવસ

★ ***કોના માટે? :*** આ વર્કશોપ, ખાસ કરીને જે વિદ્યાર્થીઓ આ વર્ષે (૨૦૧૫ માર્ચ કે એપ્રિલમાં) કોઈપણ બોર્ડમાં, કોઈપણ માધ્યમમાં ધોરણ-૧૦ની પરીક્ષા આપી રહ્યા છે, તેમના માટે છે.

★ ***આ વર્કશોપમાં શું હોય છે? :***

☞ આ વર્કશોપમાં અલગ અલગ કરિયર અંગે ભણાવતા ફેકલ્ટી આવીને જે તે એરિયામાં કેવી રીતે તેમાં એડમિશન મળે, એન્ટ્રન્સ પરીક્ષા હોય તો એની વાત, તેની તૈયારીની વાત, તેમાં કેવું ભણવાનું આવે, તેની વાત કરે છે. આ જ રીતે વિવિધ વ્યવસાયમાં કામ કરતાં વ્યક્તિઓ પણ પોતાના ક્ષેત્રમાં કેવું કામ કરવાનું આવે અને તેમાં ભવિષ્યમાં કેવી તક છે તેના વિષે આવીને વાત કરે છે.

*ઉદાહરણ તરીકે :* કોમ્પ્યુટર અને આઈ.ટી., એન્જિનિયરિંગ, મેડિકલ, ડિપ્લોમા, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, કંપની સેક્રેટરી, આર્ટસ, મીડિયામાં થતાં અભ્યાસ વગેરે.

☞ બીજા અગત્યના ભાગ તરીકે આ વર્કશોપમાં જુદા જુદા એજ્યુકેશનલ કેમ્પસની વિઝિટ હોય છે. તેમાં જે તે સંસ્થા વિષે વિદ્યાર્થી જાણે છે. તેના ક્લાસરૂમ, લાઈબ્રેરી, ત્યાંની વિશેષ જગ્યાની મુલાકાત લે છે.

*ઉદાહરણ તરીકે :* IIM, NID, MICA, EDI, CEPT, EDI, NIFT, DAIIC (નોંધ : આ બધામાંથી જેમના દ્વારા પરવાનગી મળે તેમાં વિઝિટ ગોઠવાતી હોય છે.)

☞ અને ત્રીજા ભાગમાં વ્યક્તિગત વિકાસ થાય તે માટે જરૂરી આવડતને લગતી ટ્રેનિંગ હોય છે.

*ઉદાહરણ તરીકે :* પબ્લિક સ્પીકિંગ, ક્રિએટીવિટી, સ્ટ્રેસ મેનેજમેન્ટ, આત્મવિશ્વાસ વધારવો વગેરે.

★ ***આ વર્કશોપ શા માટે?***

૧. આ વર્કશોપમાં ભાગ લેવાથી મળતી માહિતી એકસાથે અને યોગ્ય વ્યક્તિ પાસેથી મેળવવી સામાન્ય રીતે ખૂબ મુશ્કેલ છે.

૨. આ વર્કશોપમાં આવ્યા પછી વિદ્યાર્થી પોતાની કરિયર અંગેના નિર્ણયમાં ખૂબ જ સ્પષ્ટ થઈને જાય છે.

૩. આ વર્કશોપમાં લઈ જવાતી એજ્યુકેશનલ સંસ્થાની મુલાકાત, વ્યક્તિગત રીતે મુશ્કેલ છે અને આ બધી વર્લ્ડ ક્લાસ સંસ્થામાં જવાથી વિદ્યાર્થી મહત્ત્વાકાંક્ષી અને જુદી રીતે વિચારતો બને છે.

આ પ્રકારનો વર્કશોપ આખા ગુજરાતમાં એક જ છે અને તે વર્ષમાં એક જ વાર થાય છે. જેમાં આ વર્ષે માત્ર ૪૦ વિદ્યાર્થીઓને જ લેવાના છે અને પ્રવેશ વહેલા તે પહેલાના ધોરણે રહેશે.

અગર સમાજના પરિવારમાંથી વિદ્યાર્થીઓની જરૂરી સંખ્યા સમયસર મળશે નહીં તો અન્ય સમાજ પરિવારના વિદ્યાર્થીઓને આ ખૂબ જ મહત્ત્વના વર્કશોપમાં પ્રવેશ આપવામાં આવશે. આ રીતે સૂચિત વર્કશોપ તેનાં નિર્ધારિત સમયે અચૂક યોજવામાં આવશે, જેની નોંધ લેવા અનુરોધ છે.

***— કન્વીનર***

# વયસ્ક સમિતિ

સમિતિ દ્વારા સભ્યશ્રીઓ માટે તા. ૨૭ અને ૨૮મી ફેબ્રુઆરીના રોજ સાઉથ ગુજરાતમાં પિકનિક યોજવામાં આવેલ છે.

ઉછળતા મોજા સાથે ઉભરાટ દરિયા અને તીથલ દરિયાની મુલાકાત. તે ઉપરાંત બલેશ્વર તીર્થ અને તીથલ ખાતે મંગલ પાર્શ્વનાથ તથા ચિંતામણિ પાર્શ્વનાથ દેરાસરજીની મુલાકાત. તેમાં શ્રી પદ્માવતીજીની અલૌકિક મૂર્તિ અને નયનરમ્ય શ્રી સરસ્વતી દેવીજીની મૂર્તિના દર્શન - પૂજાનો અલભ્ય લાભ સાથે સાંઈબાબા તેમજ ખૂબ જ સુંદર સ્વામિનારાયણ મંદિરની મુલાકાત.

***પ્રસ્થાન :*** *પાલડી ભવનથી તા. ૨૭-૨-૨૦૧૫ના સવારે ૬.૦૦ વાગે*

રૂા. ૧૫૦૦/- વ્યક્તિ દીઠ ભરીને આપના નામ નોંધાવશો. વહેલા તે પહેલાના ધોરણે માત્ર ૪૦ વ્યક્તિઓ આ પ્રવાસમાં જોડાઈ શકશે.

***કન્વીનર : રજનીકાંત પારેખ***

## સ્ટાફ સભ્યના પરિવારજનનું દુઃખદ નિધન

શ્રી કચ્છી જૈન ભવન - પાલડી કાર્યાલયની હિસાબી શાખામાં લાંબા સમયથી એકાઉન્ટન્ટ તરીકે કામગીરી બજાવનાર શ્રી કિશોરભાઈ ઠક્કરના માતુશ્રી મંજુલાબેન હરિલાલ ઠક્કર (ઉં.વ.-૭૧)નું તા. ૧૩-૧-૨૦૧૫ના રોજ અમદાવાદ ખાતે દુઃખદ નિધન થતાં કાર્યાલયના સ્ટાફ સભ્યોએ આ કારણે દુઃખની લાગણી વ્યક્ત કરીને ઈશ્વર સદ્ગતના આત્માને શાંતિ બક્ષે તેવી પ્રાર્થના કરી હતી. ■

*શંકા કાયમ ડૂબાડે છે, વિશ્વાસ હંમેશાં બચાવે છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## ડિસેમ્બર - ૨૦૧૪ / જાન્યુઆરી - ૨૦૧૫

- **રવિવાર, તા. ૨૮-૧૨-૨૦૧૪**

★ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિની તથા ઉચ્ચ શિક્ષણ લોન સમિતિની એક મીટિંગ મળેલ. વિદ્યાર્થીઓની માહિતી તૈયાર કરવા જરૂરી પ્રોગ્રામ અને વર્કશોપ અંગે ચર્ચા થઈ. તે ઉપરાંત થોળ કે ઇડર જેવા સ્થળે પ્રવાસનું આયોજન કરવાનું નક્કી થયું.

★ મેડિકલ કાર્ડ સમિતિની એક મીટિંગ મળેલ. જેમાં મેડિકલ કાર્ડ માટે આવેલ અરજીઓની ચકાસણી કરવામાં આવેલ.

- **રવિવાર, તા. ૪-૧-૨૦૧૫**

★ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિની એક મીટિંગ મળેલ. જેમાં શૈક્ષણિક પ્રવાસ અંગે ગાંધીનગર, ઈડર, સુંદરવન, ઈન્ફોસિટીની મુલાકાત લઈને પ્રવાસ અંગે સ્થળ પસંદ કરવાનું નક્કી કરવામાં આવ્યું. આગામી એપ્ટિટ્યૂડ ટેસ્ટ તથા વિદ્યાર્થીઓના બાયોડેટા માટેનું સોફ્ટવેર તૈયાર કરવાનું નક્કી કરવામાં આવ્યું. અગાઉ યોજાયેલ એપ્ટિટ્યૂડ ટેસ્ટમાં હાજર રહેલ બાળકોને ગ્રુપ ડિસ્કશન માટે બોલાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

- **ગુરુવાર, તા. ૮-૧-૨૦૧૫**

★ સાધર્મિક સહાય સમિતિની એક મીટિંગ મળેલ હતી. જેમાં શ્રી આણંદજીભાઈ વીરા, શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકલાલ ગોસર હાજર રહેલ હતા. અત્યારે જે દુકાનેથી કરિયાણું લેવામાં આવે છે ત્યાં અનુકૂળતા ન હોતાં અન્ય કરિયાણાની દુકાન નક્કી કરવા ચર્ચા વિચારણા કરવામાં આવેલ.

- **શનિવાર, તા. ૧૦-૧-૨૦૧૫**

★ ભવન રિનોવેશન સમિતિની એક મીટિંગ શ્રી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગ ખાતે મળેલ. જેમાં ભવનના રિનોવેશન અંગે ચર્ચા કરવામાં આવી હતી. ખાસ કરીને ફર્નીચર તથા ઈલેક્ટ્રિકલ લે-આઉટ પ્રમાણે આગળનું કામ કરવા માટે કોન્ટ્રાક્ટરને સૂચના આપવામાં આવી હતી. બેઠકમાં શ્રી પ્રતાપભાઈ દંડ સાથે સમિતિના અન્ય સભ્યો હાજર હતા.

★ પાલડી ભવનના બેઝમેન્ટનો અન્ય સ્વરૂપે ઉપયોગ કરવા માટે ત્યાં હાલે એકઠા થયેલા કાટમાળની યોગ્ય વ્યવસ્થા કરીને જરૂરી સફાઈ કામ કરાવી લેવા માટે શ્રી રમણિકભાઈ ગોસર અને શ્રી કે.ડી. શાહ દ્વારા કાર્યાલયના સ્ટાફ સભ્ય શ્રી કિશોરભાઈ ઠક્કરને જવાબદારી સોંપવામાં આવી હતી.

- **રવિવાર, તા. ૧૧-૧-૨૦૧૫**

★ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિની એક મીટિંગ મળેલ. જેમાં કન્વીનર શ્રી હીરેન શાહ સાથે સમિતિના અન્ય સભ્યો હાજર હતા. તા. ૨૧-૧૨-૨૦૧૪ના રોજ યોજાઈ ગયેલ સરસ્વતી સન્માન કાર્યક્રમનું વિહંગાવલોકન કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત શ્રી અશોકભાઈ મહેતાના આવેલ પત્રની વિગતે ચર્ચા થઈ હતી.

- **સોમવાર, તા. ૧૨-૧-૨૦૧૫**

★ મેડિકલ કાર્ડ સમિતિની એક મીટિંગ મળેલ. જેમાં મેડિકલ કાર્ડ માટે આવેલ અરજીઓની ચકાસણી કરવામાં આવી હતી.

★ ભવન રિનોવેશન સમિતિની એક બેઠક શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે મળેલ. જેમાં રૂમોના ઈલેક્ટ્રિકલ તથા ફર્નિશિંગ કામકાજ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. તે ઉપરાંત રિનોવેશન અંગે આગળનું પ્લાનિંગ કરવામાં આવ્યું હતું.

★ વયસ્ક સમિતિની એક મીટિંગ મળેલ હતી. જેમાં તા. ૭-૨-૨૦૧૫ના રોજ આયોજિત કાર્યક્રમ અંગે તેમજ તા. ૨૮-૨-૨૦૧૫ના રોજ આયોજિત પ્રવાસ કાર્યક્રમ અંગે ચર્ચા વિચારણા કરી હતી. સમિતિના કન્વીનર સાથે અન્ય સભ્યશ્રીઓ આ બેઠકમાં ઉપસ્થિત હતા.

- **રવિવાર, તા. ૧૮-૧-૨૦૧૫**

★ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિની એક મીટિંગ મળેલ. જેમાં સમિતિની પ્રવૃત્તિઓનો સંપૂર્ણ ચિતાર ટ્રસ્ટી શ્રી અશોકભાઈ મહેતાને આપવામાં આવેલ. સમાજના વધુને વધુ સભ્યો સર્વાંગી વિકાસના કાર્યક્રમમાં હાજર રહે તેવા કાર્યક્રમો તથા વેલ્થ મેનેજમેન્ટ તેમજ ઈન્વેસ્ટમેન્ટ અંગે સેમિનારનું આયોજન વિચારવામાં આવેલ. એક નવી મોબાઈલ ઍપ બનાવી, સમાજના સભ્યોને તેમાં સાંકળવાનું પણ નક્કી કરવામાં આવ્યું હતું.

- **સોમવાર, તા. ૧૯-૧-૨૦૧૫**

★ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે ભવન રિનોવેશન સમિતિની એક મીટિંગ મળેલ. જેમાં રિનોવેશન થઈ રહેલા બે રૂમોના ઈન્ટિરિયર, ઈલેક્ટ્રિફિકેશન વગેરે અંગે જરૂરી નિર્ણય લઈ કામને ઝડપથી પૂર્ણ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. ■

*શુભ ભાવના અને સારા વિચારોનું સેવન માણસના તન અને મન ઉપર સચોટ અસર કરે છે.*

*અતિશય દુઃખ અને અતિશય ખુશી બંને હાનિકર્તા છે. છતાં ખુશી માટે જ સહુ દોડે છે.*

## ઊડતી નજરે....

**માસ ડિસેમ્બર-૨૦૧૪ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | **માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ............** | |
| | (અ) | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.** | |
| | ● | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ............ | **૧૧,૨૬૨** |
| | | જેમાંથી – | |
| | ● | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ............ **૪૬૦** | |
| | ● | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ............ **૭૭** | |
| | ● | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) ............ **૩૦** | |
| | ● | સોનોગ્રાફી ............ **૧,૦૨૪** | |
| | ● | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) ............ **૩૩** | |
| | ● | બોડી ચેક-અપ ............ **૩૮૮** | |
| | ● | અન્ય ............ **૯,૨૫૦** | |
| | (બ) | **માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, પાલડી, અમદાવાદ** | |
| | | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ............ **૯૪૮** | |
| | | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ......... **૩,૪૯૧** | **૪,૪૩૯** |
| ૨. | | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ** | |
| | ● | શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ............ **૨,૧૪૦** | |
| | ● | કેન્ટીનમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ............ **૫,૬૫૫** | |
| | ● | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ............ **૪૭૨** | |
| | ● | કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ ............ **૧,૩૩૩** | |
| | ● | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ.. **૪૧૫** | **૧૦,૦૧૫** |
| ૩. | | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ** | |
| | | લાભ લેનાર કુલ વ્યક્તિઓ ............ **૫૫૧** | **૫૫૧** |
| | | માસ ડિસેમ્બર - ૨૦૧૪ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ........... | **૨૬,૨૬૭** |

## મેરેજ બ્યુરો

**શ્રી કચ્છી જૈન ભવન પર કોઈ પણ જ્ઞાતિના યુવક - યુવતી માટે મેરેજ બ્યુરો કાર્યરત છે. આપશ્રી આપનું નામ રજિસ્ટર કરાવીને મેચીંગ સંબંધી જરૂરી વિગતો મેળવી શકશો. રૂબરૂ મુલાકાત માટે દર શનિવારે બપોરે ૩.૦૦થી ૬.૦૦નો સમય નક્કી કરવામાં આવેલ છે. જરૂરિયાત અનુસાર આપશ્રી મેરેજ બ્યુરો સમિતિના કન્વીનર શ્રી હીરજી પાસુ શાહનો મોબાઈલ નંબર ૯૮૨૫૩ ૮૦૮૬૬ પર સંપર્ક સાધી શકશો.**

*હીરજી પાસુ શાહ, કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*


COOKWELL HEALTH CARE PRODUCT
COOKWELL®
Masala Grinder
Cum
Mini Flour Mill
PATENTED BY GOVT. OF INDIA
Instagrind
QUALITY CONTROL ORDER 1981.89.93
HOUSE HOLD ELECTRICAL APPLIANCES MAH/10/009/0694
GOVERNMENT OF MAHARASHTRA
100% Pure Copper
25/29 Gaze Wire Motor Universal
Heavy Duty Dynamically Balance
COOKWELL®
COOKING SYSTEM
100% Cooking & Safety
Upto 50%
Less Power Consumption
COOKWELL
Microbiologically Tested
PURIFICATION PROCESS
FILTRON™
100% Safe Water
High Performance Mineral Water System
Big 17 Ltrs. CAPACITY
TESTED By
MADE IN INDIA
APPROVED BY GOVT. OF INDIA
NANO Ceramic Candle
Silica Sand
Silver Activated Carbon
Activated Alumina Balls
Zeolite
Mineral Sand
Mineral Stone
COOKWELL®
Manufactured by :
CookWell Domestic Appliances,
Plot 213, Shelar Compound, Subhash Nagar,
Nahur (W), Mumbai-400078. Customer Care : 022-25666711
Email : info@cookwellindia.com Website : www.cookwellindia.com
ડિલર્સ ડિસ્ટ્રીબ્યુટર્સ
આવકાર્ય

**નવભારત સાહિત્ય મંદિર**

૨૦૨, પેલિકન હાઉસ, આશ્રમ રોડ, અમદાવાદ
ફોન : (૦૭૯) ૨૬૫૮૦૩૬૫, ૨૬૫૮૩૭૮૭

પતાસા પોળની સામે, ગાંધી રોડ, અમદાવાદ
ફોન : (૦૭૯) ૨૨૧૩૨૯૨૧, ૨૨૧૩૯૨૫૩

mail : info@navbharatonline@gmail.com
website : www.navbharatonline.com

– ગુજરાતી ભાષાના જાણીતા લેખકો દ્વારા લખાયેલાં
– તમામ વિષયોનાં પુસ્તકો
– તમામ પ્રકાશકોનાં પુસ્તકો
– ગુજરાતી ભાષાની ક્લાસિક કૃતિઓ
– વિપુલ બાળસાહિત્ય
– ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી ભાષાનાં પુસ્તકો
– બે વિશાળ એ.સી. શો-રૂમ
– જીવનને બદલી નાખનાર ઉત્તમ વિપુલ સાહિત્ય

**ગુજરાતી ભાષાનાં ઉત્તમ પુસ્તકો
એક જ સ્થળેથી મેળવવા માટે પધારો છો ને?**

**આપને મનગમતાં
કોઈ પણ
પુસ્તક માટે સંપર્ક કરો
તથા
અમારા બે સેન્ટ્રલ
એ.સી. શો-રૂમની
મુલાકાત લો.**

TOYCRA
play to grow

TOYCRA, 2nd Floor,
Indraprashth Corporate House,
Opp. Relaince Petrol Pump,
Prahlad Nagar Road,
Satellite, Ahmedabad-380015

Ph: (079) 66170265, Mo. : 98791 10650

mail : toycra@gmail.com
facebook link : facebook.com/toycra

– ઈન્ટરનેશનલ બ્રાન્ડના અવનવાં અદ્‌ભુત ટોય્ઝ
– વિશ્વની ૪૦ જાણીતી બ્રાન્ડનાં રમકડાં
– વૈવિધ્યસભર રમકડાંઓ ડેમો સહિત
– વિશ્વની જાણીતી ગેમ્સ
– એજ્યુકેશનલ - નોલેજ બુક્સ
– ગુજરાતી તથા અંગ્રેજી ભાષાનાં ઉત્તમ પુસ્તકો
– પુસ્તકો, ટોય્ઝ, ગેઈમ્સ જોવા, બેસવાની ઉત્તમ સુવિધા
– ૧૨૦૦૦ ક્વેર ફૂટમાં પથરાયેલ વિશાળ એ.સી. શો-રૂમ
– તમામ ઉંમરના લોકો માટેની બ્રાન્ડ્સ

**અમદાવાદના સૌથી ટોય્ઝના સૌપ્રથમ આવા
વિશાળ એ.સી. શો-રૂમમાં પધારો છો ને?**

**વિશ્વની જાણીતી
બ્રાન્ડનાં
ટોય્ઝ, ગેઈમ્સ મેળવવા
અમારા વિશાળ
એ.સી. શો-રૂમની
આજે જ
મુલાકાત લો.**



# GILL & CO. PVT. LTD.

**IMPORTERS - EXPORTERS & COTTON MERCHANT**

"5", Aishwarya-1, 68, B.M.M. Society, Old Sharda Mandir Railway Crossing,
Ellisbridge, Ahmedabad - 380 006.
Phone : 079 - (O) 2658 6088 (R) 2658 1733 Telefax : 079 - 2658 6088
Mobile : 98253 28836 / 93742 08010 / 93742 08011

**Registered Office :** NTC House, Narottam Morarjee Marg,
Ballard Estate, P.O. Box. No. 86, Mumbai - 400 038.
Phone : (022) 2261 5001 (4 Lines)
Fax : (022) 2262 0598, 2265 5069 Telegram : "GILLCO, MUMBAI"
Email : gillco@gillcot.com

**: BRANCHES :**

**ADONI / AHMEDABAD / AMRAVATI
BHATINDA / NEW DELHI / UJJAIN**



પ્લોટ્સ અને વિલા ૧૫ લાખથી શરૂ
બુકીંગ ચાલુ છે.
સેમ્પલ વિલા તૈયાર છે.
Kalpavriksha
abode
Plots & Villas
@ પંચાસર
શંખેશ્વર
પ્લોટ સાઈઝ- ૫૦૦ વાર અને વધુ ના પ્લોટ્સ
● ૧ BHK - વિલા - ૯૬.વાર
● ૨ BHK - વિલા - ૧૧૫.વાર
સાઈટ એડ્રેસ :
કલશ કુબેરની બાજુમાં, પંચાસર ગામ, શંખેશ્વર, ગુજરાત
ઓફીસ એડ્રેસ :
ચોથો માળ, અંજલી હાઉસ, લાલ બંગલોની સામે, સી.જી. રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯
Contact :
M : +91 99099 44034 | Ph. : 079 2642 7001/7
Web : www.kalpavrikshaabode.com
ડેવલોપર :
DIAMOND
realty




Gala®
NO DUST BROOM
iska bhusa nahi nikalta!
No 'new broom dust'
3X Longer lasting
Washable
Superior Cleaning Guaranteed

Since 1958

Leading. Innovating. Growing.







Winner of Excellence Awards
CEAT 2010 & 2011
CFBP - 2011
Apollo CV - 2012

ISO 9001 : 2008

# V-Trans offers unmatched service edge to all its customers

- Specialized in swift, safe movement of parcels from a small 10 kg parcel to bulk sundry, Full truck Loads, ODC and Projects at most cost effective rates
- Expertise in multi point door pickup and door delivery
- Next Day Delivery Service on select 25 routes and scheduled dispatches to major locations
- Geographical presence across India at 400 locations in 26 states - further expanding
- Unique V-Trans advantages: Full transit insurance, centralized Customer Service Cell with Toll Free Nos. Specialized Key Accounts Management for multi location servicing, fully computerized operations, all logistic solutions under one roof

## Our Divisions

**V-Trans**
Reliable Hard Freight Transport

**V-Xpress**
Timebound Multimodal Express Cargo Service

**V-Logis**
Warehousing & Inventory Management

**Corporate Office : V-Trans (India) Limited**
5-A, Navre Apartments, S. V. Marg, Sion (West),Mumbai - 400 022. Tel: 022 - 2402 0880. Fax: 022-24043144
Email: info@vtransgroup.com Web: www.vtransgroup.com

**V-Trans Toll Free no. : 1800-220-180**

**V-Xpress Toll Free no. : 1800-220-240**

# ROMAN
GROUP

## Give Your Society The Best!













*Pest Control*

*Water Purifier*

*Water Proofing*

*Building Facilities*

*Silicon Acrylic Paint*

*Water Treatment Plant*

*Rain Water Harvesting*

*Solar Water Heating Systems*

*Tank And Ringwell Cleaning*

*Property Redevelopment And solutions*

*Landscaping And Play Equipment For Gardens*

**Roman Group of Companies**
Sant Villa, Road No. 2, Juhu Scheme, Vile Parle (W), Mumbai - 400056
Tel: +91 22 6152 2400 / 6692 6166 / 67 / 68
Email Id: info@romangroup.in
**www.romangroup.in**

"Mangal Mandir" - "Regd. under Postal Registration No. GAMC-315/2015-2017 Valid upto 31st December, 2017 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month."
R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month


# A World Class Exterior & Interior Acrylic Paints




*You Can't Buy Better Even At Higher Price !*

**INDOCEM (INDIA) PVT. LTD.**

**(An ISO 9001: 2000 Certified Company)**

**Ahmedabad** : 27541226, 27544161, 25743401, Fax : 079-27544199, **Bangalore** : 080-26758800, 26758028, **Baroda** : 0265-2412446, 2434041, **Bhopal** : 0755-2556785, **Bhuj** : 02832-223290, 250959, **Goa** : 0832-2752582, **Hubli** : 0836-2251415, **Hyderabad** : 040-24740401, 55598874, **Mangalore** : 0824-2410320, 4252325, **Mumbai** : 022-26858636, 26858639, **Nasik** : 0253-2511247, **Pune** : 020-26110951, **Rajkot** : 0281-2222766, **Surat** : 0261-2543332,